
# સમૂળી ક્રાંતિ



સ્વ. શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળા જન્મશતાબ્દી

# સમૂળી ક્રાન્તિ

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા

NAVJIVAN TRUST

સમૂળી ક્રાન્તિ Copyright © by કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા. All Rights Reserved.

# Contents

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ ix

પરિચય 1

નિવેદન iii

**ભાગ પહેલો : ધર્મ અને સમાજ**

1. બે વિકલ્પો 7
2. ધાર્મિક ક્રાન્તિનો પ્રશ્ન 10
3. ક્રાન્તિની મુશ્કેલીઓ 15
4. પાંચ પ્રતિપાદનો પૈકી પહેલું 18
5. બીજું પ્રતિપાદન 23
6. ત્રીજું પ્રતિપાદન 26
7. ચોથું પ્રતિપાદન 30
8. પાંચમું પ્રતિપાદન 35
9. પ્રચલિત ધર્મોનું એક સામાન્ય લક્ષણ 42

10. ધર્મીએ ઊભાં કરેલાં વિઘ્નો 45

11. ભાષાના પ્રશ્નો – પૂર્વાર્ધ 53

12. લિપિના પ્રશ્નો – પૂર્વાર્ધ 57

13. એકતા અને વિવિધતા 61

**ભાગ બીજો : આર્થિક ક્રાન્તિના પ્રશ્નો**

1. ચોથું પરિમાણ 69

2. ચારિત્રનિર્માણ 72

3. લાંબીટૂંકી યોજનાઓ 76

4. અર્થવૃદ્ધિનાં સાધનો 80

5. ચારિત્રનાં સ્થિર અને અસ્થિર અંગો 85

6. વાદોની કાથાકૂટ 90

7. ફુરસદવાદ 96

8. આર્થિક ક્રાન્તિના મુદ્દા 107

**ભાગ ત્રીજો : રાજકીય ક્રાન્તિ**

1. કૂવો અને હવાડો 113

2. રાજકીય ચળવળો અને પ્રથાઓ 117

3. ચૂંટણીઓ 121

4. જાહેર હોદ્દાઓ અને નોકરીઓ 125

**ભાગ ચોથો : કેળવણી**

1. સિદ્ધાંતોનો નિશ્ચય 135

2. ભાષાના પ્રશ્નો – ઉત્તરાર્ધ 141

3. લિપિનો પ્રશ્ન – ઉત્તરાર્ધ 147

4. ઇતિહાસનું જ્ઞાન 151

5. ઉપસંહાર 156

## ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit:

www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# પરિચય

## લેખક-પરિચય

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા (જ. ૫, ઑક્ટોબર ૧૮૯૦ – અવ. ૯, સપ્ટેમ્બર ૧૯૫૨) : મૌલિક અને નિર્ભિક વિચારક તરીકે જાણીતા હતા. ગાંધીજીના એક અંતેવાસી જેવા અને ગાંધીના કેટલાક વિચારોના ભાષ્યકાર જેવા હોવા છતાં એમની ગાંધીજીથી સ્વતંત્ર એવી નિજી વિચારણા પણ હતી. વિજ્ઞાનના સ્નાતક, રાષ્ટ્રિય શાળાના શિક્ષક, સ્વાતંત્ર્ય-સેનાની, 1946થી ‘હરિજન’ પત્રના તંત્રી મશરૂવાળાનું ખરું વ્યક્તિત્વ તો વિશ્લેષક ચિંતક-વિચારક તરીકેનું જ.

લેખક અને અનુવાદક તરીકે એમણે આપેલાં પુસ્તકોમાંથી વધુ મહત્ત્વનાં તારવીએ તો, ‘રામઅનેકૃષ્ણ’, ‘જીવનશોધન’, ‘સમૂળીક્રાન્તિ’, ‘કેળવણીનાપાયા’, ‘સ્ત્રીપુરુષમર્યાદા’, ‘કાગડાનીઆંખે’, એ મૌલિક પુસ્તકો તથા અનુવાદ-પુસ્તકો ‘વિદાયવેળાએ’ (ખલીલ જિબ્રાનકૃત ‘ધ પ્રોફેટ’), ‘ઊધઈનું જીવન’(મેરિસમૅટરલિંક કૃત’ધ લાઈફ ઑફ ધ વ્હાઇટ ઍન્ટ્સ’) મુખ્યગણાય. ‘ગીતાધ્વનિ’ નામે એમણે કરેલો ભગવદ્ગીતાનો સમશ્લોકી અનુવાદ પણ નોંધપાત્ર છે.

## સમૂળી ક્રાન્તિ(૧૯૪૮) :

મશરૂવાળાની આગવી અને મૂળભૂત વિચારણાને ખૂબ સઘન રીતે નિરૂપતું આ નાનકડું પુસ્તક એમની ખરી ઓળખ આપનારું બન્યું છે. એના પાયામાં ગાંધીવિચાર

હોવા છતાં લેખકે એથી આગળ પોતાનો સ્વતંત્ર માર્ગ નીપજાવ્યો છે. ધર્મ-સમાજ-આર્થિક-રાજકીય ક્રાન્તિ-કેળવણી એવા ક્રમે એમણે સ્વતંત્ર વિચારશક્તિની પ્રેરકતા ચીંધી છે – જેમકે ઇશ્વરનો સ્વીકાર પણ કોઈ પયગંબરનો અસ્વીકાર. એથી આ વિશદ નિરૂપણવાળું પુસ્તક વિચારોત્તેજક બન્યું છે. એમાં પ્રવેશવું પણ એટલું જ ઉત્તેજક નીવડશે.

**આ પુસ્તકના લેખકનો અને પુસ્તકનો પરિચય રમણ સોનીનાં છે એ માટે અમે તેમનાં આભારી છીએ.**

# નિવેદન

## ખુલાસો

આ પુસ્તક મેં 9મી ઑગસ્ટ 1947ને દિવસે શરૂ કર્યું. વિચારો તો મનમાં ભરેલા હતા. કેટલાક અનેક લેખો દ્વારા સૂચવાયેલા પણ હતા પણ આ રીતે પુસ્તકરૂપે લખી નાખીશ એમ ધાર્યું નહોતું. ઑગસ્ટની પાંચમી કે છઠ્ઠી તારીખે શ્રી શંકરરાવ દેવ વર્ધા આવ્યા હતા. એમની ઇચ્છાથી દેશના અનેક રાજકીય, સામાજિક વગેરે પ્રશ્નો પર એમની જોડે ચર્ચા કરવા માટે અહીંના આગેવાન કાર્યકરોની એક બેઠક થઈ હતી. એ ચર્ચા દરમ્યાન મેં કેટલાક વિચારો એમાં રજૂ કર્યાં. પણ પંદરેક મિનિટમાં હું બધું બરાબર કહી શકું એ શક્ય નહોતું. તેથી મેં મારા વિચારો લખી નાખવાનો વિચાર કર્યો અને 9મી ઑગસ્ટથી તે શરૂ કર્યું. મેં ધાર્યું હતું કે એકાદ ફૉર્મની પુસ્તિકાથી એ વધારે લાંબું નહીં થાય, અને એકાદ અઠવાડિયામાં પૂરું કરી નાખી શકીશ. પણ કરોળિયાની જાળની જેમ એ વધતું જ ગયું, અને એક ખાસું પુસ્તક થઈ ગયું. એ રીતે એને પ્રથમ ખરડો 28મી નવેમ્બર, 1947ને દહાડે પૂરો થયો. તે વખતે એમાં કેળવણી વિશે કશું લખ્યું નહોતું. પછી આખો ખરડો ફરીથી તપાસતાં એ વિશેનાં પ્રકરણો લખવાનું સૂઝયું, અને એ રીતે ચોથો ખંડ ઉમેરાયો. એ ખંડ કેટલેક અંશે ત્રુટક જેવો છે, અને એ પૂરી ચર્ચા કરનારો નથી. તા. 30મી જાનેવારી 1948ના યાદગાર દિવસે બપોરે એનું છેલ્લું પ્રકરણ પૂરું થયું હતું. તે વખતે મને ક્યાંથી કલ્પના હોય કે ઇતિહાસના કહેવાતા જ્ઞાનથી મંડાતી મોકાણ વિશે મેં એમાં લખ્યું છે, તેની સાબિતી તે જ દિવસે મળવાની હતી! તેમ 28-11-’47ને દિવસે

લખેલા ઉપસંહાર વેળાએ પણ હું ક્યાંથી જાણું કે ગાંધીજીને પં. જવાહરલાલજી પર બધો ભાર નાખી આટલી જલદી લેવી પડશે? ભાવિના ગર્ભમાં શું રહેલું છે એ તો કોણ કહી શકે? પણ આ વજ્રાપાત જેવી ઘટના છતાં જે આશા મેં ઉપસંહારને અંતે બતાવી છે તે ગઈ નથી. એટલું ખરું કે ગાંધીજીને માર્ગે બીજાઓનેય જવું પડે. જિબ્રાનું એક વચન નોંધાયું છે :

“જો તમે અને હું નર્યું સત્ય અને કેવળ સત્ય જ પાંચ મિનિટ સુધી કહીશું તો આપણા સઘળા મિત્રો આપણને છોડી જશે; જો દસ મિનિટ સુધી, તો આપણને દેશમાંથી હાંકી કાઢવામાં આવશે; જો પંદર મિનિટ સુધી, તો આપણને ફાંસીએ ચડાવશે.”

(મિસ બારબરા યંગના ‘ધિસ મેન ફ્રોમ લેબેનોન’માંથી).

અને છતાં માનવજાતિ અને માનવતા પર મારી શ્રદ્ધા છે. તે કોઈ એક જ દેશના કે સમયના લોકો વિશે મર્યાદિત નથી. મેં ઘણી વાર કહ્યું છે તેમ પૂર્વની સંસ્કૃતિ અને મહત્ત્વના લાગતા નથી. માનવપ્રજામાં બે જ સંસ્કૃતિઓ છે : ભદ્ર સંસ્કૃતિ અને સંત સંસ્કૃતિ. બંનેના પ્રતિનિધિઓ આખી દુનિયામાં છે. જેટલે અંશે સંત સંસ્કૃતિના ઉપાસકો નિષ્ઠાથી અને નિર્ભયતાથી વ્યવહાર કરશે તેટલે જ અંશે માનવજાતિની સુખની માત્રા વધશે.

વર્ધા, 9મી ફેબ્રુઆરી 1948

કિશોરલાલ ઘ. મશરૂવાળા

# ભાગ પહેલો : ધર્મ અને સમાજ

# ૧. બે વિકલ્પો

લાંબા વખતથી હું માનતો આવ્યો છું અને ઘણી વાર કહી પણ ચૂક્યો છું કે આપણા અનેક વિચારો અને માન્યતાઓનું આપણે મૂળથી જ સંશોધન કરવાની જરૂર છે. આપણા ક્રાંતિના વિચારો મોટે ભાગે ઉપર ઉપરની મરામતના છે, મૂળ સુધી પહોંચતા નથી. આ વિચારોના કેટલાક અંશોને વ્યવસ્થિત રીતે મૂકવા અહીં પ્રયત્ન કરું છું.

તેમાં સૌથી પહેલાં આપણી ધાર્મિક અને સામાજિક રચના બાબત : આપણે બેમાંથી એક રીતે નિશ્ચિત થઈ જવાની જરૂર છે.

૧. કાં તો સંજાણા વગેરે ટીકાકારો કહે છે તેમ આપણે સમજી લેવું જોઈએ કે હિંદુ સમાજમાંથી જ્ઞાતિભાવના એ કદી ન ટળનારો સંસ્કાર અને સંસ્થા છે. જ્ઞાતિવિરહિત હિંદુ સમાજની રચના થાય એમ કદી બની શકવાનું નથી. માટે દેશની રાજકીય તથા બીજી વ્યવસ્થાઓ એ હકીકત સ્વીકારીને જ વિચારવી જોઈએ. મનુ વગેરે સ્મૃતિકારોએ એમ જ કરેલું. સૌને જુદા જુદા રાખીને એક પ્રકારની એકતા આણવાનો તેમનો પ્રયત્ન હતો. મુસલમાનોના આક્રમણ પહેલાં એમ થવામાં મુશ્કેલી નહોતી આવી. તેનાં બે કારણો હતાં : એક, દેશ સૌને જુદા જુદા રાખીને જીવવાની સગવડ આપે એવો વિશાળ અને સમૃદ્ધ હતો. આજનો જેટલો લોકસંખ્યામાં આબાદ અને નિચોવાયેલો નહોતો; અને બીજું, મુસલમાન પહેલાંના સર્વે સમાજો પરદેશી કે દેશી અનેક દેવદેવીઓ અને યજ્ઞોની ઉપાસના કરવાવાળા હતા. આથી પચાસ દેવમાં એકાવનમાં દેવને માન્ય કરવામાં અને એક કે બીજા મુખ્ય દેવમાં તેને કોઈક રીતે સમાવેશ કરવામાં બહુ મુશ્કેલી આવતી નહોતી. દેશ એટલો વિશાળ હતો કે બધી જાતિઓ પોતપોતાનાં પાકિસ્તાનો કરીને વસી શકતી હતી.

અનેક દેવોની ઉપાસના અને જ્ઞાતિભેદ એ બંને એકબીજાની જોડે સંકળાયેલાં છે. અનેક દેવોમાં એક જ દેવ જોવાનો અને અનેક જ્ઞાતિઓમાં એક જ હિંદુ ધર્મ અથવા ચાર જ વર્ણ જોવાનો પ્રયત્ન બુદ્ધિનું સમાધાન – મનને મનાવી લેવાનો પ્રયત્ન – છે. એનો વ્યવહારમાં અમલ નથી. બુદ્ધે આ વ્યવસ્થા મૂળથી જ બદલવા પ્રયત્ન કર્યો, પણ બૌદ્ધ ધર્મમાં મહાયાન પંથ ઊભો કરી હિંદુસ્તાને બૌદ્ધ ધર્મને જ ઓગાળી નાખ્યો.

કાં તો આ વસ્તુ આપણા રોમેરોમમાં રહેલી છે એમ સમજી એમાંથી જ માર્ગ કાઢવાનો નિશ્ચય કરો. એટલે એક નહીં, પણ અનેક, સામાજિક વ્યવહારોમાં એકબીજાથી દૂર અને અલગ રહેનારી નાની નાની કોમો અને જ્ઞાતિઓને ટાળી ન શકાનારી વસ્તુ માનો, અને બધાંની આકાંક્ષાઓ સંતોષાય એ માટે અનેક જાતનાં પાકિસ્તાનો, જુદાં જુદાં મતદાર મંડળો, સંખ્યા પ્રમાણે પ્રતિનિધિઓ વગેરે રચો.

આમ ન જ થઈ શકે એમ નથી. પણ એનાં પરિણામો માટે પણ તૈયાર રહેવું જોઈએ, એમાંથી બહુ બળવાન સંગઠિત દેશ ન થઈ શકે અને નાનાં નાનાં રાજ્યોમાં દેશને વિભક્ત રહેવું પડે એ સમજી લેવું જોઈએ. ઉપરાંત તેમાંથી કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓનું ભાવિ યહૂદીઓના જેવું જ કાળાંતરે થાય. મોડી વહેલી નીચ ગણાતી જ્ઞાતિઓ ઇસ્લામ કે ખ્રિસ્તી ધર્મમાં ભળી જવામાં જ પોતાનું હિત જોશે. ઉચ્ચ જ્ઞાતિઓ રાજકીય મહત્ત્વાકાંક્ષા છોડી દઈ કેવળ બુદ્ધિબળ પર કેટલીક મોટી નોકરીઓ કરવામાં અને વેપાર ખેડવામાં સંતોષ માનશે તો સુખેથી પોતાના અલગ ચોકામાં અને દેવપૂજાઓમાં બીજાઓની કનડગત વિના જીવી શકશે, જેમ ઈરાન, અરબસ્તાન વગેરેમાં આજે પણ કેટલાક હિંદુઓ રહે છે તેમ. અને તેમ નહીં કરે તો યહૂદીઓ જેમ તિરસ્કાર પામતા સમાજ તરીકે ભટકશે. જેમ જેમ નીચેના થરો જાગ્રત થતા જશે તેમ તેમ જાતિઅભિમાની લોકોને પાછળ હઠવું જ પડવાનું છે.

અથવા, ઉચ્ચ જ્ઞાતિઓને માટે બીજો માર્ગ રહેશે, બળવાન પ્રયત્ન કરી ફાસિસ્ટ સંસ્થા બનવાનો. બીજી સર્વ કોમો, જ્ઞાતિઓ, ધર્મો વગેરેને દાબી દઈ ત્રિવર્ણશાહી સ્થાપવાનો. ઊંડે ઊંડે આવી વૃત્તિ રાખનારો વર્ગ આપણામાં છે એમ હું માનું છું. રાજાઓ, બ્રાહ્મણ, પંડિતો, વેપારીઓ અને મોટા ખેડૂતો એ ચારેનું ચાલે તો આવું જરૂર કરે.

જે આ સ્થિતિ પસંદ કરવા અને તેને બંધ બેસે એવા જ હિંદુસ્તાનની રચના કરવા

તૈયાર છે, તેમનો માર્ગ તે રીતે સ્પષ્ટ છે. એમને એ ધ્યેય પ્રત્યે નેમ રાખી બીજા કશાનો વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરવી સૂઝી શકે એમ છે.

૨. પણ જેને આ સ્થિતિ પસંદ ન હોય, અને તેનાં પરિણામો પર પહોંચવું માન્ય ન હોય, તેમણે બીજી રીતે પણ એટલા જ નિશ્ચિત થઈ જવાની અને તેના ઉપાયોમાં સ્થિર પગલે લાગી જવાની જરૂર છે. તે, આપણા લોહીથી જ્ઞાતિભાવનાનો સંસ્કાર અને સમાજમાંથી જ્ઞાતિસંસ્થા નાબૂદ કરવાનો; અને સમગ્ર હિંદી જનતા પોતાને એક અને સમાન માનવજાતિ માનતી થાય અને તેવી રીતે વ્યવહાર કરતી થાય એવી ક્રાન્તિ નિર્માણ કરવાનો.

આવી ક્રાન્તિ લાવવા શું કરવું અનિવાર્ય છે તે વિચારી લેવું ઘટે છે.

9-8-'47

# ૨. ધાર્મિક ક્રાન્તિનો પ્રશ્ન

ઘણાં વર્ષોથી હું કહેતો આવ્યો છું, અને મારી માન્યતા વધારે ને વધારે દૃઢ થતી જાય છે કે આજનો એક પણ ધર્મ–હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, જૈન વગેરે – માનવસમાજના આ જમાનાના કોયડાઓનો ઉકેલ લાવી શકવાને લાયક રહ્યો નથી. બધા નિષ્પ્રાણ થયેલા છે, અને કોઈનોયે તેના મૂળ રૂપમાં ફરીથી જીર્ણોદ્ધાર કરવામાં આવે તોયે આજના પ્રશ્નોને તે ઉકેલી શકે એમ નથી. અને, આ બાબતમાં હિંદુ ધર્મ સૌથી વધારે નિષ્પ્રાણ છે અને ભ્રમોનો ઉચ્છેદ કરવા માટે અયોગ્ય છે.

હું માનું છું કે મનુષ્યના જીવનમાં કે સમાજની રચનામાં અને વ્યવહારની રૂઢિઓમાં સમૂળી ક્રાન્તિ આણવી હોય તો તેની ધાર્મિક માન્યતાઓમાં સૌથી પહેલું પરિવર્તન થવાની જરૂર રહે છે. તમે કોઈ માણસને લગભગ ધાર્મિક લાગતી સામાજિક રૂઢિઓ તોડવા કહો તો તે પોતાના જૂના ધર્મને વળગી રહી તેમ કરી શકતો નથી. પણ એ મુસલમાન કે ખ્રિસ્તી બની જાય, કે કોઈ નવા ગુરુ કે સંપ્રદાયનો શિષ્ય બને તો બીજી જ ક્ષણે તે જૂના વિચારો અને બંધનોને તોડી નાખી શકે છે. જૂના સનાતન ધર્મ વિષે જેટલી આપણી પોતાની અશ્રદ્ધા થઈ છે, તેટલા જ પ્રમાણમાં આપણેયે અસ્પૃશ્યતાનિવારણ, સહભોજન, આંતર-જાતીય, આંતર-પ્રાંતીય કે આંતર-ધાર્મિક વિવાહ વગેરે માટે તૈયાર થઈ શક્યા છીએ. અને જેટલે અંશે તે જ ઘરેડમાં આપણી માન્યતાઓ ચાલે છે, તેટલે અંશે આપણે કોમી એકતા ઉત્પન્ન કરવા વગેરેની બાબતમાં તથા બીજા ઘણા સામાજિક તથા આર્થિક ફેરફારો કરવા બાબતમાં બળવાન પગલાં લઈ શકતા નથી. કેવળ સર્વધર્મસમભાવની કે સર્વવર્ણસમભાવની ભાવના કરી, હું હિંદુ છતાં મુસલમાન પણ છું, ખ્રિસ્તી પણ છું, બ્રાહ્મણ છતાં ભંગી છું, મુત્સદ્દી છતાં વણકર કે ખેડૂત છું – એ

કેવળ ઉપર ઉપરનો જ પ્રયત્ન રહી શકે છે. એ જ મનુષ્ય જ્યારે સાચે જ મુસલમાન કે ખ્રિસ્તી બની જાય અથવા ભંગીને પરણીને ભંગીનો ધંધો કરવા માંડે, ત્યારે એને 'જોડો ક્યાં ડંખે છે' તેનો જે અનુભવ થાય, તે આપણને થઈ શકે નહીં. આપણો બધો પ્રયત્ન આપણું હિંદુત્વ, બ્રાહ્મણત્વ વગેરે સુરક્ષિત રાખી પેલાની જોડે બેસાડવાનો થાય છે. પેલાનું અહિંદુત્વ અને અબ્રાહ્મણત્વ આપણા મગજમાંથી મટી શકતું નથી.

નાગપુર જેલમાં એક દિવસ શ્રી બાબાજી મોઘે પછાત કોમોની સેવા અને ઉદ્ધાર વિષે મારી જોડે ચર્ચા કરી રહ્યા હતા. એમના મોંમાંથી નીચેના અર્થનું વાક્ય મરાઠીમાં ચર્ચા દરમ્યાન નીકળી પડયું : 'આ લોકોના વહેમો અને અંધશ્રદ્ધાઓ કાઢવા માટે તેમને મુસલમાન થવાની સલાહ આપવી જોઈએ એમ મને ઘણી વાર લાગે છે.' બાબાજીના મોંમાંથી આ વિચાર નીકળવો એ બહુ વિચારવા જેવી વસ્તુ છે. આનો અર્થ એ થયો કે ભ્રમો અને વહેમોનો ઉચ્છેદ કરવાની હિંદુ ધર્મ કરતાં ઇસ્લામ વધારે શક્તિ ધરાવે છે એવી એમની પ્રતીતિ થઈ છે. અને આ વાત ઘણી સાચી છે. પરંતુ એ પણ સાચો ઉકેલ નથી. કેમ કે તે પણ ભ્રમો-વહેમો-અંધશ્રદ્ધાઓ અને સંકુચિતતાથી પર નથી, અને માણસજાતના આજના પ્રશ્નોનો ઉકેલ લાવી શકે એમ નથી, વળી, સમગ્ર કુરાન જેવું છે તેવું સ્વીકારી શકાય એમ નથી. જો આપણે પોતે ઇસ્લામ સ્વીકારવા તૈયાર ન હોઈએ, તો આપણે બીજાને એ સલાહ કેમ આપી શકીએ? અને ઇસ્લામ સહેલો અને સીધી દૃષ્ટિવાળો છે છતાં એમાં ઘણું એવું છે જે આપણી વિવેકબુદ્ધિ સ્વીકારી શકે એમ નથી. એ જ સ્થિતિ ખ્રિસ્તી વગેરે ધર્મોની છે.

આપણે હિંદુઓ જીવનભર એક વિચિત્ર પ્રકારની બુદ્ધિની કસરત કરવાની ઘરેડમાં પડી ગયા છીએ. એક બાજુથી આપણી ફિલોસૉફી ઠેઠ અદ્વૈત વેદાંતની છે. એ ચીલામાં બુદ્ધિને રાખીને વિચાર કરીએ છીએ, ત્યારે જગત મિથ્યા, દેવ મિથ્યા, ગુરુ-શિષ્ય મિથ્યા, વિધિનિષેધ મિથ્યા, પાપ-પુણ્ય મિથ્યા, નીતિ-અનીતિ, હિંસા-અહિંસા, સત્ય-જૂઠ બધું મિથ્યા મિથ્યા કહી નાખીએ છીએ. અને એ ચીલામાંથી નીકળી બીજા ચીલા પર ચડીએ છીએ, ત્યારે ગોત્રદેવતા, ગ્રામદેવતા, ગુરુદેવતા, પિતૃપૂજા, ગ્રહપૂજા, અવતારભક્તિ, જુદા જુદા તહેવારોની જુદી જુદી દેવપૂજા, શ્રુતિ-સ્મૃતિ પુરાણ-અગમ-નિગમ-મંત્ર-તંત્ર-કુરાન-બાઇબલ વગેરે બધાનું સમર્થન કરવા માંડીએ છીએ. એમાં માત્ર પરમતસહિષ્ણુતાથીયે આપણને સંતોષ નથી થતો. સર્વમતસમભાવ – અને કાકાસાહેબ કાલેલકરની ભાષામાં તો સર્વમતસમભાવ – સુધી પહોંચીએ છીએ.

અનેક દેવતાઓવાળા સમાજને અનેક જાતિઓ અને જિલ્લા જેટલા નાના નાના દેશોમાં વહેંચાઈ રહેવું સ્વાભાવિક છે. બહુ વિચાર કરતાં મને લાગ્યું છે કે આપણા સમભાવ કે મમભવાનો અર્થ 'શ્રદ્ધાળુ નાસ્તિકતા' એટલો જ થાય છે. એક વસ્તુના સદ્ભાવ-અસ્તિત્વમાં શ્રદ્ધા ન હોય, એને મનુષ્યકલ્પિત – કૃત્રિમ રચના માનતા હોઈએ, છતાં તેને છોડવામાં ડર કે તેની પરંપરા સાચવવા કે કળાની કદર કરવા પકડી રાખવાનો મોહ એ આપણી ઉપાસનાનું સ્વરૂપ થયું છે. આમાં સત્યની ઉપાસના નથી, કે નિષ્ઠાની સરળતા અને અનન્યતા નથી.

જો આપણે હિંદુ સમાજને અને જનતાને ઊંચે ચડાવવી હોય તો નીચેના સિદ્ધાંતો સ્વીકારવાની આપણે હિંમત કરવી જ જોઈએ :

1. એક સર્વવ્યાપક, સર્વનિયંતા પરમેશ્વર સિવાય બીજા સર્વ દેવદેવતા, ગ્રહ, પિતૃ, અવતાર, ગુરુ વગેરે કે તેની પ્રતિમા કે પ્રતીકની ઉપાસના-પૂજા-મંદિરસ્થાપના વગેરેનો નિષેધ, પરમેશ્વર સાથે કોઈ બીજા નામરૂપાત્મક સાચા કે કાલ્પનિક સત્ત્વને બેસાડી શકાય જ નહીં એવો આગ્રહ.
2. કોઈ પણ શાસ્ત્ર – વેદ, ગીતા, કુરાન કે બાઇબલ પણ – ઈશ્વરપ્રણીત કે ઈશ્વરવાણી નથી. વિવેકબુદ્ધિ પર જેનાં વચનોની કસોટી કરી શકાય નહીં, એવી રીતે કોઈ વચનને પ્રમાણરૂપે સ્વીકારવું કે બતાવવું નહીં.
3. કોઈ મનુષ્યને પરમેશ્વર કે પેગંબર (પરમેશ્વરે ખાસ મોકલેલા)ની કોટિમાં મૂકવો નહીં. કોઈને અસ્ખલનશીલ, જેના વિચાર કે વર્તનમાં ભૂલ હોઈ જ ન શકે એવો માનવો નહીં, અને તેનું એકેએક ચરિત્ર શુદ્ધ, દિવ્ય, શ્રવણ-કીર્તનયોગ્ય જ છે એમ સમજવું નહીં. સામાન્ય જગતના હિતમાં જે કમમાં કમ સદાચારના નિયમો માન્ય હોય, તેને ભંગ કરવાનો અધિકાર કોઈને ન હોય. તે વ્યક્તિની વિશેષ પવિત્રતાના સબબસર તો ન જ હોય. અશુદ્ધ વૃત્તિના મનુષ્યો સદાચારના નિયમોનો ભંગ કરે એમાં નવાઈ નથી. એ માટે સમાજ પોતપોતાની રીતે એનો નિષેધ કરવાનો અને તેને શિક્ષા પણ કરવાનો. શુદ્ધ વૃત્તિના મનુષ્યો તે નિયમોનું વધારે ચીવટથી પાલન કરે, તેમાંથી નીકળવાની ઇચ્છાયે ન કરે. માટે મહાત્મા પુરુષોએ સમાજહિતવિરોધી આચારો કર્યા હોય તો તેને છાવરવાનો પ્રયત્ન ન કરવો; તે એમની ઊણપો જ હતી એમ સ્પષ્ટ કહેવું. તેથી એવાં ચરિત્રોની

પ્રશંસાનાં કીર્તનપદ-ભજન વગેરે ન કરવાં; એવાં રૂપકો પણ ન યોજવાં. જેમ કે, કૃષ્ણની શૃંગારલીલા વગેરે.

4. છેવટે તે જ સમાજ અને તે જ કુટુંબો પેઢી-દર-પેઢી ઉત્કર્ષ અને સુખ પામે છે, જે નિરલસ અને કંચનકામિનીની બાબતમાં સંયમ-નિયતા-ચારને સેવે છે અને આહાર તથા શૌચના નિયમો પાળે છે. રાજનીતિના સામાદામાદિક ઉપાયો, ધર્મનાં વ્રતતપો અને ઉપાસના, સમાજના વિવાહાદિકના અને વારસના નિયમો, આર્થિક રચના અને લેવડદેવડના કાયદાઓ – સર્વેનું અંતિમ લક્ષ્ય પ્રજાને નિરલસ, નિયતાચારી, નીરોગી અને પવિત્ર જીવતરવાળા બનવાને અનુકૂળતા કરી આપવાનું હોવું જોઈએ. એ જ ધર્મનો પાયો છે. એ ગુણોને પોષનારા નિયમો, સંસ્થાઓ અને સંજોગો નિર્માણ કરવા, એને લગતાં સત્યોને ખોળવાં એ જ સર્વ પ્રવૃત્તિઓનું ધ્યેય હોવું જોઈએ. એને લગતા નિયમોના પાલન દ્વારા પછાત કોમો આગળ આવશે, અને એ વર્ગમાંથીયે જેટલી વ્યક્તિઓ જેટલી પેઢી સુધી તેને પાળશે તેટલી જ ઉત્કર્ષ પામશે. ભૂતકાળમાં આગળ વધેલી કોમોની પડતી તેના ભંગમાંથી જ થઈ છે. જે પેઢીઓ એ ગુણોનો હ્રાસ નહીં થયો હોય તેના હાલહવાલ થવાના નથી.

5. બુદ્ધે ‘બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ, ધર્મં શરણમ્ ગચ્છામિ અને સંઘમ્ શરણમ્ ગચ્છામિ’ કહ્યું. હું એમ કહીશ કે એક પરમેશ્વરનો આશ્રય (વિશ્વાસ) રાખવો, ધર્મનો આશ્રય (સેવન) કરવો, અને અન્ય મનુષ્યોના સદાચાર – ધર્મયુક્ત કર્મો – નો આશ્રય (આધાર-પ્રમાણ) લેવો. પરમેશ્વર સિવાય બીજા સર્વ દેવ-દેવતા-દૈવતનો અનાશ્રય રાખવો. કોઈ પણ પેદા થયેલ કે મનોકલ્પિત ગુરુ, માતા કે પિતા કે બીજા પૂજ્ય જન કે પ્રાણીઓમાં પરમેશ્વરબુદ્ધિ કે પરમેશ્વરના પુત્ર – પેગંબરપણાની બુદ્ધિ ન કરવી; અધર્મનો અનાશ્રય કરવો; અને કોઈ પણ પુરુષના (ગમે તેવા મોટાના) સંશય પેદા કરનાર આચારોનો આશ્રય(આધાર) ન લેવો અને બચાવ પણ ન કરવો.

આપણે વિચાર કરી લેવાનો છે તે એ કે આપણે કેવળ હિંદુ ધર્મમાં મરામત કરવા

– સુધારવા – ઇચ્છીએ છીએ, કે માનવધર્મનું નવસંસ્કરણ – હિંદુ સમાજની ક્રાન્તિ ઇચ્છીએ છીએ.

10/11-8-'47

# ૩. ક્રાન્તિની મુશ્કેલીઓ

છેલ્લા પરિચ્છેદમાં દર્શાવેલા વિચારોના માર્ગમાં જે ઘણી ભારે મુશ્કેલીઓ છે, તેનોયે ખ્યાલ કરી લેવાની જરૂર છે.

પહેલાં તો, જે પાંચ પ્રતિપાદનો છેવટે રજૂ કર્યાં છે, તેની સત્યતા અને યોગ્યતા વિષે આપણી પોતાની ખાતરી થવી એ સહેલું નથી. કેટલાકને એમાં 'તત્ત્વમસિ' વગેરેમાં મહાવાક્યોનો નિષેધ લાગશે; કેટલાકને યથારુચિ ઉપાસના-સ્વાતંત્ર્ય પર આઘાત થતો લાગશે; વિવિધતામાં એકતાની ઉદાર દૃષ્ટિનો એમાં વિરોધ જણાશે; સગુણ-નિર્ગુણ, અદ્વૈતસિદ્ધિ, સમદૃષ્ટિ વગેરેના અનેક વાંધાઓ રજૂ કરી શકાશે. આ બધી બાબતો લોકોને સમજાવવી અને સ્પષ્ટ કરવાની રહેશે.

એમ માની લઈએ કે આ સમજાવવામાં ફાવીએ તોયે પછી આચારની મુશ્કેલી ઊભી થાય છે. હજારો કબાટ ભરાય એટલું આપણું વિશાળ દેવગુરુપૂજા અને ભક્તિનું સાહિત્ય, પૂજા અને યજ્ઞોની આકર્ષક વિધિઓ, હજારો મંદિરો, તેની અઢળક સંપત્તિ વગેરેનું વિસર્જન કરવાનું કહેવાની આ વાત છે. આ બધામાં રહેલો મોહ, તેના વિષે પોષાયલી શ્રદ્ધાની, કળાની, સુંદરતાની ભાવના કેમ છૂટે? પોતાને હાથે પોતાની ચામડી ઉતરડી કાઢવા જેવી આ કઠણ વસ્તુ છે. પં. જવાહરલાલ જેવા બુદ્ધિથી ઈશ્વર વિષે નાસ્તિકભાવ રાખનારનેયે કમળા નેહરુ ઈસ્પિતાલના ખાતમુહૂર્ત વખતે તથા ઇંદિરાના વિવાહમાં બધો વૈદિક કર્મકાણ્ડ કરાવવામાં રસ લાગ્યો. મક્કાની મસ્જિદમાંથી ૩૬૦ દેવોનું વિસર્જન કરાવતાં મહમ્મદને પડેલી મુશ્કેલી કરતાં આ હજારોગણી વધારે મુશ્કેલ વસ્તુ છે.

છતાં, જ્યારે માણસની ધર્માન્તરમાં શ્રદ્ધા થાય છે, ત્યારે તેમ કરવાની તેનામાં શક્તિ આવી જાય છે.

પણ એ તો થાય ત્યારે. આવા વિચારોનો જે જોરથી પ્રથમ પ્રચાર કરે તેણે તો ભારે સામાજિક કલહનો સંભવ કલ્પી લેવો રહ્યો. ઈશુએ કહ્યું છે તેમ માતાપિતા અને પુત્રો વચ્ચે, પતિપત્ની વચ્ચે, ભાઈભાઈ વચ્ચે ક્લેશ થાય. ક્રાન્તિકારી અહિંસક રહે, ક્ષમાવૃત્તિથી બધું સહન કરે, પણ જેને સ્વાર્થની હાનિને કારણે કે પ્રચલિત માન્યતા વિષે તીવ્ર સત્યપણાની શ્રદ્ધાને કારણે એ વાત ગળે ન ઊતરે તે અહિંસક રીતે જ વિરોધ કરે એમ ખાતરી ન રખાય. બૌદ્ધ, ઇસ્લામી, ખ્રિસ્તી કે આપણા દેશના એથી ઓછી કોટિના ક્રાંતિકારી સંપ્રદાય પ્રવર્તકોને જેવા જુલમો અને હાડમારીઓનો સામનો કરવો પડયો તેવો કરવો પડે.

ક્રાંતિકારના નસીબમાં આ લખેલું જ છે, એમ સમજાય તો જ આ ઘૂંટડો ગળે ઊતરી શકે.

પણ મુશ્કેલી એટલેથી જ અટકતી નથી. બધી વિટંબણાઓનો મુકાબલો કરવા છતાંયે, આવો પ્રયત્ન હિંદુસ્તાનમાં કદી સફળ થઈ શકે એમ છે કે કેમ, એ શંકા પણ લઈ શકાય એમ છે.

બૌદ્ધ ધર્મને કેવી તિલાંજલિ મળી તે જાણીતું છે. ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામનો બહુ પ્રચાર થયો એમ ન કહેવાય; અને હિંદુ ધર્મના સહવાસમાં એનું સ્વરૂપ થોડેઘણે અંશે પણ હિંદુ ધર્મમિશ્રિત બની ગયું. ખોજા વગેરે સંપ્રદાયો તો એક પ્રકારના ખીચડી સંપ્રદાયો જ ગણાય. બધાનાં એક જાતનાં મહાયાન સ્વરૂપો નિર્માણ થયાં. શીખ ધર્મનીયે એ જ ગતિ થઈ છે. એ એક જાતનો ન્યાતજાતના ભેદોથી ભરેલો હિંદુ ધર્મનો જ પંથ છે. કબીર વગેરેના પ્રયત્નોના નાના નાના પંથો બનીને રહ્યાં; અને તેય એના શુદ્ધ રૂપમાં નહીં. હિંદુ ધર્મ એવો મહાન સાગર છે કે સેંકડો મીઠા જળની નદીઓ પણ એની ખારાશ દૂર કરી શકતી નથી, ઊલટું મુખ આગળ પહોંચતાં પોતે જ ખારાશ પ્રાપ્ત કરે છે, અને 'સબ નદિયાં જલ ભર ભર રહિયાં, સાગર કિસબિધ ખારી!' એવો આશ્ચર્યોદ્‌ગાર કાઢવાનું પ્રાપ્ત થાય છે.

એવો એક નાનકડો નવો પંથ જ નીકળીને રહે એવું પરિણામ આવે તે કરતાં જે ચાલે છે તેમ ચાલવા દેવું અને નાનીમોટી દુરસ્તી કરવાનો જ ઉદ્દેશ રાખવો એમાં વધારે ડહાપણ હોય તેમ સંભવ છે.

પણ એમ માનનારે પરમતસહિષ્ણુતાની વૃત્તિથી સંતોષ માનવો. સર્વધર્મસમભાવ, મમભાવ, વગેરે મોટાં સૂત્રો ન રજૂ કરવાં, તેમ બીજા ધર્મીઓ પાસે અપેક્ષા ન રાખવી. જુદા જુદા ધર્મોનાં થોડાં વાક્યો લઈ તેનો પાઠ કરી ખીચડી ઉપાસના કરવાનોયે પ્રયત્ન કરવો. તેની જરૂર જ નથી. તેણે કમમાં કમ એટલું તો કરવું કે એક દેવ, એક ગુરુ અને એક શાસ્ત્રનો આશ્રય રાખવો. બીજાની ભાંજગડમાં ન પડવું. 'એકો દેવઃ કેશવો વા શિબો વા.' 'એક ગુરુકા આસરા, એક ગુરુ સે આસ' 'ચાહે કોઊ ગોરે કહો, ચાહે કોઊ કારે, હમ તો એક સહજાનંદ રૂપકે મતવારે' – એવી વૃત્તિ રાખવી. બીજાનો સ્વીકાર નહીં, નિંદા પણ નહીં. જેને જે ફાવે તેને માને; મને આ ફાવે છે, એટલું જ. વૈષ્ણવાચાર્યોની આ અનન્યોપાસનાની વિચારસરણી સનાતની ખીચડી ઉપાસના કરતાં વધારે સારી છે, એમ મને લાગે છે.

એની મર્યાદાઓ પણ સમજી જ લેવી ઘટે. એની સાથે કોઈ ને કોઈ રૂપમાં જ્ઞાતિસંસ્થાનાં મૂળ રહેશે જ. જ્ઞાતિભાવનાવિરહિત સમાજ સ્થાપી નહીં શકાય. ઢીલું તથા બહુ બળવાન નહીં એવું એક સમૂહતંત્ર (Federation) એ એનું વધારેમાં વધારે એકીકરણ થશે. જે બહુ બળવાન કેદ્રીય સત્તામાં માનતા નથી – અને બાપુજીનો તેમાં સમાવેશ કરી શકાય – તેમની દષ્ટિએ આ ઈષ્ટાપત્તિ ગણાય. પણ તો પછી જ્ઞાતિ તોડવાની વાત છોડી દેવી જોઈએ. આજની જ્ઞાતિઓ તોડી નવી જ્ઞાતિઓ રચવાનું ભલે કહો. પણ હિંદુ સમાજ કોઈ ને કોઈ પ્રકારનાં જ્ઞાતિતંત્ર રાખીને જ રહેવાનો છે એમ સમજી રાખવું જોઈએ. અને તે સ્થિતિમાં કોઈ ને કોઈ પ્રકારના ધર્મ અને જાતિભેદ પર રચાયેલા રાજકીય પક્ષો અને પ્રતિનિધિત્વનો સ્વીકાર પણ કરવો પડશે, અને કોઈ ને કોઈ જાતનાં પાકિસ્તાનો માટે પણ તૈયાર રહેવું પડશે.

એટલે શરૂઆતમાં કહ્યું તેમ આપણે બે વિકલ્પો પૈકી એકને સ્થિર ચિત્તે સ્વીકારી લેવો જોઈએ. પહેલો વિકલ્પ રાખીએ તો બીજાથી નીપજનારાં ફળો નહીં મળે; અને બીજાનું ફળ ઇચ્છીએ તો પહેલાને સાચવી નહીં શકીએ.

હિંદુ સમાજે અને સેવાભિલાષી એવા આપણે આનો વિચાર કરી જે યોગ્ય લાગે તે સ્વીકારવાનો નિર્ણય કરવો જોઈએ, અને તેમાં પછી ડામાડોળ વૃત્તિ રાખવી ન જોઈએ.

12-8-'47

# 4. પાંચ પ્રતિપાદનો પૈકી પહેલું

બીજા પરિચ્છેદમાં જે પાંચ પ્રતિપાદનો કર્યાં તે માન્ય કરી શકાય એમ છે કે નહીં, તેનો અહીં વિચાર કરવા ધારું છું.

પહેલું પ્રતિપાદન

'માનોપરમાત્માએકકેવલ ||

નમાનોદેવ-દેવતા-પ્રતિમાસકલ ||

નમાનોકોઈઅવતાર-ગુરુ-પેગમ્બર ||

સર્વેસદ્ગુરુ-બુદ્ધ-તીર્થંકર ||

માનોજ્ઞાનીવિવેકદર્શીકેવલ ||

નકોસર્વઅસ્ખલનશીલ,

ભલેઊંચારહબર ||'

જેઓ પરમાત્માના અસ્તિત્વ કે આલંબનની જ જરૂરિયાત જોતા કે સ્વીકારતા નથી, તેમનો પ્રશ્ન અહીં વિચારવાની જરૂર નથી. કારણ તેમને 'માનો પરમાત્મા એક કેવલ' સિવાયનાં સર્વે પ્રતિપાદનો માન્ય જ રહેશે. પણ જેઓ પરમાત્માને માને છે, તેમને બાકીનાં ચરણો માન્ય જ રહે એવું નથી. અને એ માન્ય કરવામાં ધાર્મિક ક્રાન્તિ – ધર્માંતર જેવું થાય છે.

'1 સર્વ ખલ્વિંદ બ્રહ્મ, 2 તત્ત્વમસિ, 3 અયમાત્મા બ્રહ્મ, 4 સોહમ્, 5 શિવોત્તહમ્, 6તદ્ બ્રહ્મ નિષ્કલમહમ્, 7 વાસુદેવ:સર્વમ્, 8 ગુર: સાક્ષાત્ પરબ્રહ્મ, 9 યદા યદા હિ ધર્મસ્ય..... સંભવામિ યુગે યુગે. 10 સિદ્ધિ, 11 સર્વજ્ઞ, 12 તથાગત, 13 ઈશ્વર-પ્રેષિત, 14 ઈશ્વરપુત્ર' વગેરે વિચારોનો આમાં વિરોધ થતો માલૂમ પડે છે.

વિચાર કરતાં જણાશે કે આ પૈકી પહેલાં આઠ વાક્યો બધાં એકદેશી સત્ય છે. એટલે કે અમુક ક્ષેત્રમાં અથવા મર્યાદિત અર્થમાં સાચાં છે; પણ તે ક્ષેત્રની બહાર એને લાગુ કરવા જઈએ તો ભુલાવામાં નાખે છે અને ભ્રમ પોષનારાં થાય છે. અને આવો ભ્રમ સારી પેઠે ઉત્પન્ન થયેલો છે.

'સત્યપિભેદા પગમેનાથ! તવા હંનમામકીનસ્ત્વમ્ |

સામુદ્રોહિતરંગઃક્વચનસમુદ્રોતારંગઃ ||'

[ભેદ બુદ્ધિ ટળ્યા છતાં હેનાથ, હું તારો છું, નહીં કે તુંમારો; મોજું સમુદ્રનું છે; સમુદ્ર મોજાનો નહીં.]

આદમ કો ખુદા મત કહો, આદમ ખુદા નહીં,

મગર ખુદા કે નૂર સે આદમજુદા નહીં.

વગેરે વચનો ઉપરનાં વાક્યોને ગૌણ (હળવાં) કરનારાં અને સુધારનારાં છે, અને એ ગૌણતા અવતાર-સદ્ગુરુ-સિદ્ધિ-પેગંબર વગેરે પદનું પોતામાં આરોપણ કરનાર કે તેવી શ્રદ્ધાને પોષનાર, તેમ જ તેના અનુયાયી બંનેએ યાદ રાખવાની જરૂર છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ 'અવતાર', 'બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ' 'સિદ્ધ', 'બુદ્ધ' વગેરે પણ પરમાત્માથી ગૌણ છે. એક મોટો ફરક તો બ્રહ્મસૂત્રકારે જ બતાવી દીધો છે. માણસ ગમે તેવો મોટો યોગીશ્વર, વિજ્ઞાનવેત્તા, સિદ્ધ, વિભૂતિમાન, અને પ્રકૃતિનાં તત્ત્વો પર કાબૂ મેળવનારો થાય, પરંતુ તે સમગ્ર વિશ્વનું નિયંત્રણ કે ઉત્પત્તિ-સ્થિતિ-લય કરી શકતો નથી. વિશ્વની શક્તિઓને એણે અધીન રહેવું જ પડે છે. વળી, એ બ્રહ્મની સર્વ શક્તિઓને એકીવખતે પોતામાં પ્રગટ કરી શકતો નથી. એની સગુણતા કદી સર્વગુણતા થઈ શકતી નથી, અધૂરી જ રહે છે. જેમ સોય અને કુહાડો બંને લોઢું જ હોવા છતાં સોયરૂપે રહેલું લોઢું કુહાડાની શક્તિ દર્શાવી શકતું નથી, અને કુહાડારૂપે રહેલું લોઢું સોયની શક્તિ દર્શાવી શકતું નથી, તેમ ગમે તેવી ઊંચામાં ઊંચી અને વિવિધ પ્રકારની શક્તિઓને મનુષ્ય પામે, માનવરૂપમાં રહેલું બ્રહ્મ માનવેતર રૂપમાં રહેલા બ્રહ્મની શક્તિઓ ન દર્શાવી શકે, અને જ્યારે એક પ્રકારની શક્તિ દર્શાવે ત્યારે કોઈ બીજા પ્રકારની શક્તિ લોપ પામે, ગીતાકાર જેવા ભવ્ય કલ્પના કરનાર કવિનો વિરાટપુરુષ પણ કેવળ પોતાની ભયકારી, કાળરૂપ વિભૂતિઓનું જ દર્શન કરાવે છે. પણ સત્ય વિશ્વમાં તો જે ક્ષણે ભયંકર સંહાર ચાલતો હોય છે, ઘોર અધર્મ અને હિંસાનું સામ્રાજ્ય વર્તતું હોય છે, તે જ ક્ષણે સુંદરતા, ધર્મ, પ્રેમ આદિનું સર્જન અને પોષણ પણ ચાલતું હોય છે. આથી, ગમે તેવી જ્ઞાનદશાને, શુદ્ધતાને

કે યોગસિદ્ધિઓના ઉત્કર્ષને પામેલા માનવચિત્તને સાક્ષાત્ પરબ્રહ્મની બરાબરીમાં ન બેસાડવાના ઇસ્લામ અને યહૂદી ધર્મના આગ્રહમાં ઘણું ડહાપણ રહેલું છે. હિંદુઓએ એ સત્ય સ્વીકારવું અને તેને વિરોધી માન્યતાઓનો ત્યાગ કરવો જ જોઈએ. આમ પરમેશ્વર-વાચક અવિશિષ્ટ નામોની બરાબરીમાં દેવો, દેવીઓ, અવતારો, ગુરુઓ, સંતો વગેરેની ધૂનો કરવામાં જો કોઈ દોષ જુએ કે એમાં ભાગ લેવા ના પાડે, તો તેમાં એમનામાં સમધર્મસમભાવનો અભાવ છે એવો દોષ મૂકવો યોગ્ય નથી. જેમ અહિંસા ધર્મમાં માનનાર મનુષ્ય પશુયજ્ઞોમાં અથવા માંસ, દારૂ વગેરેનું નિવેદન થતું હોય એવી પૂજાવિધિઓમાં જોડાવા ઇનકાર કરી તેમ જ આ સમજવું જોઈએ.

વાત એવી છે કે હિંદુઓમાં પરમેશ્વરવાચક અથવા ગુણવાચક શબ્દો માણસોનાં નામો પાડવામાંયે યોજાય છે. બીજા ધર્મોમાં કોઈ માણસનું નામ અલ્લાહ, ખુદા, ગૉડ પાડવામાં ન આવે, હિંદુઓમાં ઈશ્વર, ભગવાન, રામ, કૃષ્ણ, શંકર, ગોવિંદ, ગોપાળ એવાં નામો હોઈ શકે. આ સાથે અવતારવાદની પણ માન્યતા હોવાથી અવતારરૂપે મનાયેલા પુરુષનું નામ ભગવાન અપાયું છે કે ભગવાનનાં અનંત નામોમાંથી એક એ પુરુષનું નામ હતું, તે કેમ ઠરાવવું? ‘રઘુપતિ રાઘવ રાજારામ; પતિતપાવન સીતારામ’ કહીએ ત્યારે અવતારમાં શ્રદ્ધા રાખનાર કહેશે કે એ દશરથપુત્ર રૂપે અવતરેલા રામનું સ્મરણ છે. સુધારક અથવા જ્ઞાની કહેશે કે એનો અયોધ્યાના રામ સાથે સંબંધ નથી. એ નામથી માત્ર પરમેશ્વર જ સમજવાના છે. એટલે સરળ મનના વિધર્મીને થાય કે જે બાબત હિંદુઓમાં જ મતભેદ છે તે નામને હું ઈશ્વર કે અલ્લાના નામ સાથે લેવાની ભાંજગડમાં ન પડું. માટે મને રામ, કૃષ્ણ, શિવ એવાં નિશ્ચિત આકાર અને ચરિત્ર સૂચવનારાં ખાસ નામો ન જોઈએ. મારી ઉપાસનાને હું એમ ગરબડગોટાળાવાળી કરવા નથી ઇચ્છતો. ‘નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુક્તાબાઈ, એકનાથ, નામદેવ, તુકારામ’ જેમ સંતોની નામાવલી સમજાય છે એ પ્રમાણે જો ‘રામ, કૃષ્ણ, નરસિંહ, શંકર’ એવા અવતારી પુરુષોનાં કે સ્ત્રીઓનાં નામોનાં જોડકણાંવાળી ધૂન સમજીને કોઈ કોઈ વાર ગાવામાં આવે તો તે જુદી વાત ગણાય. પણ પરમાત્મા, ઈશ્વર, ભગવાન, એવાં કોઈ વ્યક્તિવાચક ન હોય એવાં નામો જોડે એ મૂકવામાં મારું મન શંકામાં પડી જાય છે.

આનો અર્થ એ નથી કે અહીં સગુણોપાસનાનો નિષેધ છે, અથવા મહાપુરુષો પ્રત્યે આદરભાવ, ભક્તિ કે એમનાં સચ્ચરિત્રોના ગુણાનુવાદનો પણ સર્વથા નિષેધ છે. આ નિર્ગુણ ઉપાસના નથી. યહૂદી અને ઇસ્લામમાં પરમેશ્વર વિષે આકારના આરોપણનો

નિષેધ છે, પણ એ નિર્ગુણ ઉપાસના નથી, રામાનુજની ભાષામાં કહીએ તો 'સકલ કલ્યાણકારી ગુણો'નું આરોપણ કરનારી એ સગુણોપાસના છે. રહીમ, રહેમાન, માલિક, રબ્બ, સર્વેનો પેદા કરનાર, દીનાનાથ, ક્ષમા કરવાવાળો, ન્યાયી, દુષ્ટોને શિક્ષા કરનારો, કરુણાસાગર, ભક્ત વત્સલ, સન્માર્ગદર્શક, સર્વશક્તિમાન, નિયામક વગેરે ગુણોનું આરોપણ એમનેયે માન્ય છે. પણ રામાનુજે એની સાથે લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ વગેરે સાકાર મૂર્તિઓ પણ કલ્પેલી છે. તેવી કલ્પનાનો એમણે ત્યાગ કર્યો છે.

વેદાંતમાં નિર્ગુણ, નિરાકાર શબ્દે મોટો ગોટાળો ઉપજાવ્યો છે. યોગ્ય શબ્દો સર્વગુણબીજ, સર્વગુણાશ્રય, સર્વનામરૂપનું કારણ અને આશ્રય થાત. શુભ અને અશુભ સર્વે ગુણોનું, વિભૂતિઓનું અને સૃષ્ટિનું એ જ બીજ, આશ્રય, કારણ ગતિ ઈ# છે. પણ તે પૈકી શ્રેયાર્થી મનુષ્યો માટે અશુભ અને અલ્પ ગુણો, વિભૂતિઓ અને તેમનું સર્જન ઉપાસ્ય કે ધ્યેય થઈ શકતાં નથી. માટે ચિંતન અને ઉપાસના કરવા યોગ્ય ગુણો અને શક્તિઓને જ સાધક પસંદ કરે અને આધ્યાત્મિક ઉન્નતિ માટે કલ્યાણકારી ગુણો અને શક્તિઓને જ ભગવાનને મહાનિધિ કલ્પે છે.

કલ્યાણકારી અને પ્રાપ્ત કરવા યોગ્ય ગુણો અને શક્તિઓ કયાં એ વિષે કોઈ પણ દેશના ભક્તો અને શ્રેયાર્થીઓ કે વિચારી પુરુષોમાં બહુ મતભેદ થઈ શકતો નથી. પણ કોઈ આકારને સુંદરતા કે કલ્યાણમયતાનો આદર્શ ઠરાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો અનેક મતો ઊભા થાય છે. શુભ ગુણો અને શક્તિ કયાં અને અશુભ ગુણો અને શક્તિ કયાં એ વિષેનો નિર્ણય સર્વે દેશના સત્પુરુષોના અનુભવમાંથી ઉત્પન્ન થાય છે. શ્રેષ્ઠ આકાર કયો તેને માટે અનુભવનો આધાર મળતો નથી. કેવળ કલ્પનાશીલતા અને પરંપરાગત સંસ્કારનો જ એને આધાર છે. આકાર અને તેમાંથી નિર્માણ થતી પૂજાઓમાં વિસંગત ઉપાસનાઓ અને પંથો પેદા થાય છે. યહૂદી અને ઇસ્લામ ધર્મોએ આકારોનો છેદ ઉડાડી નાખી જુદી જુદી ઉપાસનાઓ અને પૂજાઓ નિર્માણ થવાની શક્યતા ઓછી કરી. હિંદુ ધર્મે એનું બહુમાન કરી ઘર ઘરના જુદા દેવચોકા વધાર્યા.

આટલું આ પરિચ્છેદની શરૂઆતમાં મૂકેલા ચૌદ વાક્યો પૈકી આઠ વિષે થયું. હવે કોઈને વિષે અવતાર-સિદ્ધ-સર્વજ્ઞ-પેગંબરપણા વગેરેની માન્યતા બાબત. દેખીતું છે કે આ બધી કલ્પનાઓ જ છે. જગતમાં લોકોત્તર વ્યક્તિઓ જન્મે છે; તેના અનેક પ્રશંસકો અને અનુગામીઓ થાય છે. તેમણે નિર્માણ કરેલી અને પરંપરાથી પોષાયેલી શ્રદ્ધાઓના સંસ્કાર સિવાય એની પાછળ કોઈ સર્વમાન્ય થઈ શકનારા અનુભવનો આધાર નથી.

પણ એ કલ્પનાઓએ જગતમાં અનેક પ્રકારના ઝઘડાઓ અને પંથો નિર્માણ કર્યા છે. પરમેશ્વર અને માનવો વચ્ચે એ પેશવાઓ અથવા મુખ્ય પ્રધાનો બને છે. ઇંગ્લંડનો રાજા કોણ તે વિષે ઝઘડો નથી, તેમ પરમેશ્વર વિષે મનુષ્યોમાં ઝઘડો નથી. પણ રાજમાં કોનો હુકમ ચાલે, કોણ મુખ્ય પ્રધાન બને અને રાજાને નામે વહીવટ કરે તેના ઝઘડાઓ થાય છે, તેમ કયા અવતાર-પેગંબર-ગુરુ-સિદ્ધ-બુદ્ધ વગેરેની પ્રણાલિકાઓ ચાલે તે માટે ઝઘડા છે. માણસોએ ઘણુંખરું પોતપોતાની રાજકીય પ્રણાલિકા પ્રમાણે જ ઈશ્વરના વહીવટ વિષે પ્રણાલિકાઓ કરી છે. આપણે ત્યાં મોટા મોટા હોદ્દાઓ છે અને જેલો અને પોલીસ છે, તેવી જ રીતે ભગવાનના દેવો, ફિરસ્તાઓ, સ્વર્ગ, વૈકુંઠ, ગોલોક વગેરે ધામો, ઉત્પાદન, સર્જન, પ્રલય વગેરે માટે જુદા જુદા મંત્રીઓ, યમદૂતો અને નરકકુંડો પેદા કર્યાં છે.

માટે આ સર્વ કાલ્પનિક ઉપાસનાઓનો દૃઢતાપૂર્વક ત્યાગ કરવો જોઈએ, અને

માનો પરમાત્મા એક કેવલ;
ન માનો દેવ-દેવતા-પ્રતિમા સકલ;
ન માનો કોઈ અવતાર-ગુરુ-પેગંબર.
સર્વે સદ્‌ગુરુ-બુદ્ધ-તીર્થંકર,
માનો જ્ઞાની-વિવેકદર્શી કેવલ;
ન કો સર્વજ્ઞ-અસ્ખલનસીલ,
ભલે ઊંચા રહબર.

13-8-'47

# ૫. બીજું પ્રતિપાદન

'ન કો શાસ્ત્રનો વક્તા પરમેશ્વર |
નકીવિવેકનાક્ષેત્રથીપર ||'

પહેલા પ્રતિપાદનને સ્વીકાર્યા પછી બીજાને સ્વીકારવામાં બહુ મુશ્કેલી લાગવી ન જોઈએ. છતાં, થોડો સંભવ છે. કેટલીક વાર મનુષ્યોના મુખમાંથી, અને વિશેષ કરીને પરમેશ્વર-પરાયણ મનુષ્યોના મુખમાંથી, એવાં લોકોત્તર વચનો નીકળી પડે છે કે જે એણે ગોઠવીને કહ્યાં હોય એમ ન કહી શકાય. એવું શી રીતે એને બોલતાં આવડ્યું તે એ પોતે પણ ન કહી શકે, અને બીજાને પણ આશ્ચર્યકારક લાગે. એને પોતાને તેમ જ એ વચનો સાંભળનારને એમ જ  લાગે કે એ વાક્યોનું કર્તાપણું એનું નથી. કોઈ અંતર્યામી જાણે એને બોલાવી રહ્યો છે. એ વાક્યો ઈશ્વરતત્ત્વ વિષે, મનુષ્યોના ધર્મો વિષે, અથવા કોઈ ખાસ પ્રશ્ન વિષે હોય, અને તે સાંભળતાં જ તે કાળના મનુષ્યોની કોઈ ગૂંચ એમાંથી ઊકલતી હોય, તો તે ઈશ્વરનો આદેશ કે ઈશ્વરપ્રેરિત વાણી છે, એમ માનવાનું મન પણ થઈ જાય છે. જો એ કોઈક ભવિષ્યવાણી હોય અને તે બરાબર સાચી પડે તો તેનો ઈશ્વર સાથે સંબંધ જોડતાં વાર નથી લાગતી.

જો ઊંડે ઊતરીને તપાસીએ તો જણાશે કે લોકોત્તર વાણી અથવા પ્રતીતિ ઉપજાવી દે એવું સત્યવચન કેવળ પરમેશ્વર-પરાયણ મનુષ્યોના મુખમાંથી જ નીકળે છે એવું હંમેશાં જોવામાં નથી આવતું. કેટલીક વાર અજ્ઞાન બાળકોનાં મુખમાંથી, કોઈક વાર ગાંડા જેવા માણસોનાં મોંમાંથી, અને કોઈક વાર બેશુદ્ધ થયેલા માણસોનાં મોઢાંમાંથીયે લોકોત્તર સત્યો નીકળી પડે છે. પોતાના ચિત્તની અને વિવેકની શુદ્ધિને માટે સતત પ્રયત્નશીલ, તેમ જ મનુષ્યના કોયડાઓનો તળથી અભ્યાસ કરનાર અને તે વિષે વિચાર કરનાર,

પરમેશ્વરના કે તે તે વિદ્યાના ઉપાસક માણસોનાં મોંમાંથી જાણ્યે તેમ જ અજાણ્યે લોકોત્તર સત્ય અભિપ્રાયો વધારે પ્રમાણમાં નીકળે એમાં આશ્ચર્ય નથી. પણ એવી રીતે અપાયેલા અભિપ્રાયોમાં કદી ભૂલ જ નથી થતી, હમેશાં છેવટ સુધી સાચા જ ઠરે છે એવો નિરપવાદ અનુભવ નથી.

માટે અભિપ્રાય આપનાર અથવા ઉદ્ગાર કાઢનાર ગમે તેવી મહાન વ્યક્તિ હોય, તેનું વચન વિવેકની કસોટી વાપર્યા વિના શ્રદ્ધાથી જ સ્વીકારી લેવા જેવું ગણાય નહીં. જે પરમેશ્વરની જ વાણી હોય તેની સત્યતા વિષે સૌ કોઈને સાંભળતાં અથવા અનુભવ લેતાં જ ખાતરી થવી ઘટે. જેને વક્તા વિષે શ્રદ્ધા હોય તેને જ જો તે માનવા યોગ્ય લાગે અને બીજાને દોષરૂપ પણ લાગે, તો તે પરમેશ્વરની વાણી ન જ હોઈ શકે. એ ઈરાદાપૂર્વક વિચારીને બોલાઈ હોય, અજાણ્યે બોલાઈ હોય, કે કોઈક યોગાવસ્થા અથવા ચિત્તની ખાસ પ્રકારની દશામાં બોલાઈ હોય, એને પરમેશ્વરની વાણી સમજવાની જરૂર નથી. બધાં વચનો તે મનુષ્યની બુદ્ધિમાંથી નીકળેલાં કે ભાવનાવશતામાંથી નીકળેલાં જ સમજવાં જોઈએ. અને જેટલે અંશે તે અનુભવ તથા વિવેકની કસોટીમાં ખરાં ઊતરે તેટલે જ અંશે ગ્રાહ્ય સમજવાં જોઈએ.

અલબત્ત, આ વ્યવહારની પાયરી પરથી જ સમજવાનું છે. કેવળ સિદ્ધાંતદૃષ્ટિથી તો એમ પણ કહેવાય કે જે કાંઈ અર્થવાળા કે અર્થ વિનાના, સાચા ઠરનારા કે ખોટા ઠરનારા અવાજો નીકળે છે, તે બધા પરમેશ્વર-પ્રેરિત જ છે. પરમેશ્વર સિવાય કોઈનું કર્તૃત્વ-વક્તૃત્વ છે જ નહીં. પણ આમ સમજીને મનુષ્યોના – જ્ઞાનીઓનાયે – વ્યવહાર થતા નથી, ચાલી શકતા નથી. વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી તારતમ્ય સમજવું જ પડે છે.

કર્મ, વાણી વગેરે માટે જવાબદારી પ્રાણીની કેટલી અને પરમેશ્વરની કેટલી, વગેરેની તત્ત્વચર્ચામાં અહીં પડવાની જરૂર નથી. મનુષ્યોના વ્યવહારો મનુષ્યને જ કર્મ તથા વાણીના કરનાર અને બોલનાર માનીને ચલાવી શકાય એમ હોવાથી, સર્વે કર્મો અને વચનોને પોતપોતાને મળેલી વિવેકબુદ્ધિથી કસીને તપાસવાનો સૌ કોઈનો અધિકાર છે, કર્તવ્ય પણ છે. જ્યાં પોતાની બુદ્ધિ ન ચાલે ત્યાં પોતે જેને પોતાના કરતાં વધારે વિવેકી સમજતો હોય તેના નિર્ણયને આધારે તે ચાલે છે. પણ તેમ ચાલતાં પહેલાં એણે પોતાના વિવેકથી કે પરંપરાગત સંસ્કારથી તે બીજાને વધારે વિવેકી ઠરાવેલો હોય છે. જ્યાં પરંપરાગત સંસ્કારથી જ તેમ બન્યું હોય, ત્યાં કેવળ શ્રદ્ધાનું જ પરિણામ હોવાથી તેને માટે ઉપરનું પ્રતિપાદન ઉપયોગી છે.

જો ઉપરનું પ્રતિપાદન માન્ય થાય, તો એક બીજી પણ બૌદ્ધિક કસરતમાંથી મનુષ્યોનો – ખાસ કરીને પંડિતોનો – છુટકારો થાય. શાસ્ત્રવચનોને ઈશ્વરપ્રણીત માનવામાંથી એ બધામાં એકવાક્યતા બેસાડવાનો પ્રયત્ન થાય છે. જો આ માન્યતામાં ન હોત તો પ્રસ્થાનત્રયી રચવાના ખટાટોપમાં આચાર્યોને પડવું પડ્યું ન હોત. જુદે જુદે કાળે કદાચ એકબીજાનું નામે ન જાણનાર વિચારકોએ ઉપદેશેલાં ઉપનિષદો, બ્રહ્મસૂત્રો, ગીતા, પુરાણો, વગેરેમાં એક જ અર્થ, સિદ્ધાંત ઈ# રજૂ કરવાનો આશય છે એમ ઠરાવવા જે તાણાતોડ કરવી પડે છે તે કરવી પડે નહીં. વૈદિક, બૌદ્ધ, જૈન, ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે સર્વે ધર્મોમાં એકાર્થતા બેસાડવાનો પ્રયત્ન કરવાની જરૂર લાગે નહીં. દરેકમાં કેટલુંક સરખું છે, કેટલુંક જુદું છે, કેટલુંક પરસ્પરવિરોધીયે છે. એક જ ધર્મના એક જ શાસ્ત્રમાંયે પરસ્પરવિરોધી વિધાનો મળી શકે છે. કેટલાક વિધિનિષેધો અમુક દેશ-કાળ અને સંસ્કારોના ખ્યાલ રાખીને જ સમજી શકાય એવા છે. આ બધાની એકવાક્યતા કરવાનો પ્રયત્ન નકામી મહેનત છે; અને તે ઉપલા પ્રતિપાદનથી ઊલટી શ્રદ્ધાને લીધે જ ઊભી થાય છે. માટે,

ન કો શાસ્ત્રનો વક્તા પરમેશ્વર;<br>
ન કો વિવેકના ક્ષેત્રથી પર.

14-8-’47

# 6. ત્રીજું પ્રતિપાદન

'સાર્વજનિકધર્મસદાચાર-શિષ્ટાચાર ||

મુક્તંબ્રહ્મનિષ્ઠનેયેભંગનોઅધિકાર ||

ભલેબુદ્ધિશુદ્ધ, ચિત્તસદાનિર્વિકાર ||'

આ એક ત્રીજું મહત્ત્વનું પ્રતિપાદન છે. સાચું પૂછતાં, કોઈ માડીજાયો અસ્ખલનશીલ નથી એ પ્રતિપાદનમાંથી એ સીધું નીકળે છે. પણ સર્વ ધર્મોમાં અને તેમાંથી ઉત્પન્ન થયેલા વિવિધ પંથોમાં, અને ખાસ કરીને હિંદુ ધર્મના પંથોમાં તે બાબતમાં વિચારોનો ગોટાળો છે, અને ધર્મને, સાધનાને અને અધિકારવાદને નામે એમાંથી અનેક વામાચારો પણ નિર્માણ થયા છે. તેથી તે વિષે વધારે ખુલાસો કરવાની જરૂર છે.

સદાચાર-શિષ્ટાચારના પાયારૂપ તત્ત્વો કયાં તેનો વિચાર આપણે ચોથા પ્રતિપાદનમાં કરીશું. અહીં એટલું જ કહેવું બસ થશે કે દરેક સમાજે સર્વેને બંધનરૂપ ગણાય એવા સદાચાર-શિષ્ટાચારના નિયમો ઠરાવવા જ પડે અને તેને અનુસરીને સર્વેએ પોતાનું વર્તન રાખવું જ જોઈએ. સામાન્ય તથા અપવાદરૂપ સંજોગો માટેય એ નિયમો વિચારાયેલ હોય. જુદા જુદા સમાજોમાં તેમ જ બદલાતી પરિસ્થિતિમાં એની વિગતોમાં ફેરફાર પણ હોય અને થાય. પણ ખાસ સમયે અને ખાસ સમાજમાં તેની બહુ ચોક્કસ રીતે વ્યાખ્યા ન થઈ હોય છતાં સામાન્ય રીતે કાંઈક મર્યાદાઓ હોવી જોઈએ, અને સમાજના સુજ્ઞ પુરુષોએ પોતાના લેખન, વચન અને વર્તનથી તેનો નિર્દેશ કર્યો હોવો જોઈએ. જ્યાં આવા કશા નિયમોનો સ્વીકાર કે વિચાર ન હોય, તે માનવસમૂહને સમાજ ન કહી શકાય.

એ નિયમોનો છડેચોક કે ચોરીછૂપીથી ભંગ કરનાર માણસો દરેક સમાજમાં હોવાના

જ. એવા માણસો સમાજદ્રોહી ગણાય, અને સમાજ પોતાના સંસ્કારો અને આવડત મુજબ તેને રોકવાનો તથા ભંગ કરનારાને સજા કરવાનો કે વાળવાનો પ્રયત્ન કરે.

સામાન્ય માણસો એવા નિયમોનો અક્ષરાર્થ પાળે, કેવળ એના સ્થૂળ ભાગનું પાલન કરે એમ બને. એટલું જ થાય તોયે તે સમાજ સુરક્ષિત રહે. ધાર્મિક કે સાધકવૃત્તિના માણસો તે નિયમોને વધારે ચીવટથી પાળે. એ નિયમોના ઉદ્દેશનો પણ વિચાર કરી પોતા માટે એ નિયમને વધારે કડક પણ બનાવે અને સમાજે જે છૂટો મંજૂર રાખી હોય તેમાંનીયે ઘણીનો સ્વેચ્છાએ ત્યાગ કરે એમ બને. એવી રીતે સર્વમાન્ય નિયમો કરતાં વધારે કડક નિયમો બનાવનાર અને પાળનાર માણસોની સંસ્થાઓ પણ બને. એ તે સમાજના ખાસ પંથો કે સંપ્રદાયો ગણાય. નિયમોને વધારે કડક બનાવવા અને પાળવાના પ્રયત્નોમાં કોઈક વાર અતિરેક થતો હોય, તારતમ્ય તૂટતું હોય, એમાં હાસ્યાસ્પદ સ્વરૂપ આવી જતું હોય, તથા આખો સમાજ એને કદી સ્વીકારી કે પાળી ન શકે એમ બને. એ સંસ્થામાં દાખલ થયેલો, ઊછરેલો અને તેને લાંબો વખત સુધી પાળતો આવેલો માણસ તેમાં રહેલા અતિરેકનો ત્યાગ કરે, અને કેવળ સામાન્ય સમાજમાં સ્વીકારાયેલી મર્યાદાની હદમાં જ વર્તે તો તેણે સંસ્થાની મર્યાદા તોડી એમ ભલે ગણાય, પણ સમાજદ્રોહી, અસદાચારી કે અશિષ્ટાચારી ન ગણાય. સંસ્થાની મરજાદ તેમાં રહેનારને બંધનકારક મનાય, આખા સમાજને નહીં. પણ સમાજની પોતાની મરજાદ સૌને બંધનકારક છે.

પણ જ્યારે કોઈ વ્યક્તિને આપણે અવતાર, પેગંબર, બ્રહ્મનિષ્ઠ જીવન્મુક્ત, સિદ્ધ, બુદ્ધ, અત્યંત શુદ્ધ વગેરે રૂપમાં માનતા થઈએ છીએ, ત્યારે તેના આચારો વિષે આપણે જુદી જ શ્રદ્ધા રાખતા થઈએ છીએ. તેના જન્મ અને કર્મોને 'દિવ્ય', એટલે અમાનુષી, અલૌકિક, અસાધારણ સમજવાં અને તેને સમાજના વિધિનિષેધો, સદાચાર-શિષ્ટાચારના નિયમોથી પર ગણવાં, તેની શુદ્ધતા વિષે શંકા ન લેવી, તેને અનુકરણીય ન માનવામાં આવે તોયે ભજન-કથાને યોગ્ય માનવાં, તેનું જે રીતે તર્ક દોડાવી સમર્થન કરી શકાય તેમ સમર્થન કરવું, ન જ સમર્થન કરી શકાય ત્યાં તે વાતોની પ્રમાણભૂતતા વિષે શંકા કાઢવી અથવા તેનો કોઈક રૂપકાત્મક અર્થ બેસાડવો, એવી એક શ્રદ્ધાની કસરત ઊભી થાય છે. જેને એ વ્યક્તિને વિષે શ્રદ્ધા હોય, તેને એમાં કશી મુશ્કેલી આવતી નથી. એટલું જ નહીં પણ ખુલ્લી કે છાની તેના મનમાં એવી અભિલાષા રહે છે કે કોઈ એવો મંગળ દિવસ આવે જ્યારે તે પોતે પણ સમાજના વિધિનિષેધોનાં બંધનોથી પર બને. અને જ્યારે એ અભિલાષા બળવાન થઈ જાય છે, ત્યારે પોતાને પણ પોતાના ગુરુ કે

આદર્શ પુરુષના જેવો જ શુદ્ધબુદ્ધ સ્થિતિ તરફ પહોંચતો અને છેવટે પહોંચ્યાની કલ્પના કરતો થઈ જાય છે. ધીમે ધીમે એ છૂટો લેવા માંડે છે, અને વામાચારનું કેંદ્ર નિર્માણ કરે છે. લગભગ બધા જ એક બાજુથી અતિ કડક નિયમો પર ભાર મૂકનારા અને બીજી બાજુથી સ્થાપકને કે ઇષ્ટ દેવતાને તેથી પર માનનારા સંપ્રદાયોમાં આ રીતે વામમાર્ગી નિર્માણ થાય છે. બીજાઓને ઉપલા જ કારણસર તે વ્યક્તિ અને પંથો અમાન્ય અને નિંદ્ય થાય છે, એટલું જ નહીં પણ તેનાં સ્તુત્ય કર્મોની કદર કરવાની પણ વૃત્તિ થતી નથી.

વિશ્વમાં અનેક પ્રકારની આશ્ચર્યકારક ઘટનાઓ, કલ્પનામાં ન આવે એવી શક્તિઓ ધરાવનારાં પ્રાણીઓ અને વનસ્પતિઓ અને કુદરતની અને ચિત્તની અદ્‌ભુત શક્તિઓ વારંવાર જોવામાં આવે છે. મનુષ્યની બીજાં પ્રાણીઓ કરતાં એ વિશેષતા છે કે એની ચિત્તશક્તિ અને વૃત્તિઓ અનંતશાખાળી છે. એકાદ બિલાડી બીજી બિલાડીઓ કરતાં ઘણી બળવાન અને મોટી હશે, પણ તેનામાં કૂતરાની વૃત્તિનું કદી દર્શન નહીં થાય. તેમ કૂતરામાં બિલાડીની પ્રકૃતિનું કદી દર્શન નથી થતું. પણ મનુષ્યમાં સ્વભાવ અને બુદ્ધિ અનંત રૂપોમાં વિકસેલી છે, અને કોઈ એક ક્ષેત્રમાં તો કોઈ બીજા ક્ષેત્રમાં અસાધારણતા બતાવી શકે છે. કોઈ મનુષ્ય બિલાડીવૃત્તિનો તો કોઈ કૂતરાવૃત્તિનો, કોઈ સિંહવૃત્તિનો, કોઈ શિયાળવૃત્તિનો, કોઈ ગાયવૃત્તિનો તો કોઈ ઘોડાવૃત્તિનો હોઈ શકે છે. એ જાણે, ‘પ્રાણીનાં પ્રાણી, જીવાનાં જીવઃ’ છે. આથી, એમાં તરેહ તરેહના લોકોત્તર પુરુષો નિર્માણ થાય એમાં આશ્ચર્ય નથી. સિકંદર, નેપોલિયન, હિટલર, પરશુરામ વગેરે એક પ્રકારની લોકોત્તર વ્યક્તિઓ હતી; રામ, કૃષ્ણ, મહમ્મદ, મનુ વગેરે બીજા પ્રકારની; બુદ્ધ, મહાવીર, ઈશુ, કૉન્ફ્યુશિયસ વગેરે ત્રીજા પ્રકારની; સૉક્રેટિસ, શંકરાચાર્ય વગેરે ચોથા પ્રકારની; કદાચ એ સૌના અંશ ધરાવનાર ગાંધી, પાંચમા પ્રકારની; ઉત્તર અને દક્ષિણ ધ્રુવના તથા એવરેસ્ટના યાત્રીઓ, ડેવિડ લિવિંગ્સ્ટન જેવા મુસાફરો, મહાન સૈનિકો તથા નૌકા, વિમાન વગેરેના વીરો એ છઠ્ઠા પ્રકારની; મહાન વૈજ્ઞાનિકો સાતમા પ્રકારની; અને આમ અનંત પ્રકારો ગણાવી શકાય. એ સૌમાં ગમે એટલી અસામાન્ય શક્તિઓ હોય, હજારો વર્ષમાં એકાદ જ એવી વ્યક્તિ પેદા થતી હોય, એમનાં પરાક્રમો અને યશો ગમે તેવાં અદ્‌ભુત હોય, છતાં કોઈને અતિપ્રાકૃત કે અપ્રાકૃત ‘દિવ્ય’ માનવાં ન ઘટે. સૌ પ્રકૃતિનાં જ કાર્યો છે. કારણ કે કોઈ એવું નથી કે એમના વિશિષ્ટ ક્ષેત્રની બહારના ક્ષેત્રમાં સામાન્ય માણસોના ગુણદોષોથી અને વૃત્તિ-સ્વભાવોથી મુક્ત હોય. સૌમાં માનવ-સ્વભાવ જ રહેલો છે; એટલે કે પ્રાણીઓના સામાન્ય સ્વભાવ અને ધર્મો પણ રહેલા છે;

અને સૌમાં મનુષ્યની વિશિષ્ટતા પણ રહેલી છે. તેથી પ્રાણીધર્મોના નિયમન માટે અને મનુષ્યની વિશિષ્ટતાને સમાજના હિતમાં વાળવા માટે જે સદાચારો અને શિષ્ટાચારો જરૂરી માનવામાં આવે તેનાથી કોઈને પર માનવો ન ઘટે. અને કોઈએ પોતાને પર સમજવો ન ઘટે. એમ માનનાર તેમ જ મનાવનાર બંને દોષિત છે.

સાર્વજનિકધર્મસદાચાર-શિષ્ટાચાર;
મુક્તબ્રહ્મનિષ્ઠનેયેનભંગનોઅધિકાર;
ભલેબુદ્ધિશુદ્ધ, ચિત્તસદાનિર્વિકાર.

16/18-8-'47

# 7. ચોથું પ્રતિપાદન

'જિજ્ઞાસા, નિરલસતા, ઉદ્યમ |
અર્થનેભોગેચ્છાનુંનિયમન ||
શરીરસ્વસ્થનેવીર્યવાન |
ઇંદ્રિયોકેલવાયેલી, સ્વાધીન ||
શુદ્ધ, સભ્યવાણીઉચ્ચારણ |
સ્વચ્છશિષ્ટવસ્ત્રધારણ ||
નિર્દોષ, આરોગ્યપ્રદ, મિતઆહાર ||
સંયમી, શિષ્ટસ્ત્રી-પુરુષ-વ્યવહાર ||
અર્થવ્યવહારેપ્રામાણિકતાનેવચનપાલન |
દંપતીમાંઈમાન, પ્રેમનેસવિવેકવંશવર્ધન ||
પ્રેમલ, વિચારીશિશુપાલન |.
ચોખ્ખાં, વ્યવસ્થિત, દેહ-ઘર-ગામ |
નિર્મલ, વિશુદ્ધજલ-ધામ |
સુચિ, શોભિતસાર્વજનિકસ્થાન ||
સમાજધારકઉદ્યોગનેયંત્રનિર્માણ |
અન્ન-દૂધવર્ધન-પ્રધાન
સર્વોદયસાધકસમાજ-વિધાન ||
મૈત્રી-સહયોગયુક્તજન-સમાશ્રય |
રોગી-નિરાશ્રિતનેઆશ્રય ||

આસૌમાનવ-ઉત્કર્ષનાંદ્વાર |

સમાજ-સમૃદ્ધિનાસ્થિરઆધાર ||'

સદાચાર કહો, શિષ્ટાચાર કહો, નીતિ કહો, કે માનવધર્મ કહો, સમાજ અને વ્યક્તિનાં ધારણ-પોષણ અને સત્ત્વશુદ્ધિ માટે આ નિયમો અથવા શરતો છે. જે વ્યક્તિઓ, કુટુંબો, જાતિઓ કે પ્રજાઓ આ નિયમો પાળે તે સમૃદ્ધ થઈ શકે; એનો ભંગ થવા માંડયા પછી તે પોતાની સમૃદ્ધિ ઘણો લાંબો કાળ ટકાવી શકે નહીં. આ નિયમોનો ભંગ અથવા શિથિલતા ગમે તે હેતુથી કરવામાં આવે, તેમ કરનાર સમાજને નુકસાન જ કરે.

સમાજ પ્રત્યેનાં કર્તવ્યો વિષે બેપરવા, ભોગરત, સ્વાર્થી કે બાળક જેવાં અજ્ઞાની સ્ત્રીપુરુષો આ નિયમોના પાલનમાં શિથિલતા દાખવે એમ બનવાનું જ. માટે એ નિયમોનું પાલન કરાવી લેવા માટે સમાજના અગ્રણી અને શાસકોએ દક્ષ રહેવાનું. ઉપરની લીટીઓમાં કહેલાં ધ્યેયોની સિદ્ધિ માટે ઓછામાં ઓછા કેવા પ્રકારના સ્થૂળ વર્તનના નિયમો હોય, તથા તેને અનુકૂળ ટેવો લોકોમાં નિર્માણ થાય તે માટે કેવી જાતની અનુકૂળ તાલીમ તથા બાહ્ય પરિસ્થિતિ રચવી જોઈએ, તે એ સમાજના અનુભવી, વિજ્ઞાનવેત્તા અને જ્ઞાની-વિવેકી પુરુષોએ કરાવવું ઘટે અને તેમાં જરૂર મુજબ વારંવાર સંશોધન પણ કરવું ઘટે. પણ જે વખતે જે કાંઈ મર્યાદાઓ ઠરાવેલી હોય, તે એ સમાજમાં રહેતા સર્વેને સરખી બંધનકારક હોય. રાજા, મજૂર કે સંતથી માંડી પામરજન પર્યંત કોઈ તેનાથી પર ન થઈ શકે. જે સામાન્ય મર્યાદાઓ રાખી હોય, તે કરતાં વધારે કડક સંયમો અને નિયમો ભલે કોઈ વ્યક્તિ કે સમૂહ પોતા માટે ઠરાવે, પણ કોઈને તેનો આધાર વધારે શિથિલ કરવાનો અધિકાર ન હોય.

ધર્મ અને સમાજની વ્યવસથા આજે આ પ્રકારની નથી. એક બાજુએ સત્તા, ધન અને જ્ઞાનનો અધિકારવાદ. કેટલાકને ઉપરના સાર્વજનિક સદાચારો અને શિષ્ટાચારોના એક અંશની અવગણના કરવાની છૂટ આપે છે. તો બીજી બાજુએ ત્યાગ-વૈરાગ્ય અને મોક્ષના આદર્શ બીજા અંશની અવગણના કરવાનો અને તેની અવગણના ન કરી શકનાર સામાન્ય જનતાને પામર સમજવા અને મનાવવાનો સંસ્કાર પેદા કરે છે. દા.ત. સત્તાધારી, ધનિક, જ્ઞાની અને ત્યાગી સૌને આજની ધર્મ અને સમાજવ્યવસ્થામાં નિરલસ રહેવાના અને ઉદ્યમ કરવાના કર્તવ્યમાંથી મુક્તિ મળે છે. સત્તાધારી તથા શ્રીમંતને ધન અને સુખોપભોગો પર મર્યાદા હોવાની જરૂર નથી; ધન અને સ્ત્રી

વિષેના વ્યવહારમાં એ બેઈમાન અને અનિયંત્રિત બની શકે; તથા ગુરુઓ અને જ્ઞાનીઓ બેપરવા અને સામાન્ય મર્યાદાઓથી પર અને સ્વતંત્ર થઈ શકે. શુદ્ધ અને સભ્ય વાણીઉચ્ચારણનો ભાર અધિકારીઓ, માલિકો અને ગુરુઓ ઉપર હોવો આવશ્યક નથી. વસ્ત્રની સ્વચ્છતા અને શિષ્ટતાની બાબત સત્તા, ધન અને કદાચ જાતિ ઉપર આધાર રાખે છે. ગરીબ, સામાન્ય જનતા એ હલકી મનાયેલી જાતિઓને વસ્ત્રમાં સ્વચ્છતા અને શિષ્ટતાની બાબત સત્તા, ધન અને કદાચ જાતિ ઉપર આધાર રાખે છે. ગરીબ, સામાન્ય જનતા અને હલકી મનાયેલી જાતિઓને વસ્ત્રમાં સ્વચ્છતા તથા શિષ્ટતાનો અધિકાર નહીં; ત્યાગી-વેરાગીઓને માટે મલિનતા, ફૂવડતા તથા નગ્નતા કે લગભગ નગ્નતા ભૂષણરૂપ પણ ગણાય. એને માટે સ્વચ્છતા તથા શિષ્ટતા નિંદાપાત્ર પણ થઈ શકે. પણ ગુરુપદે પહોંચ્યા પછી એ ચાહે તો પોતાને એ બાબતમાં સત્તાધારીઓ અને ધનિકોના વર્ગમાં મૂકી શકે. નિર્દોષ, આરોગ્યપ્રદ અને મિતાહારનો ધર્મ કેવળ યોગાભ્યાસીઓ જ સ્વેચ્છાએ પાળે; બીજા રોગવશ દશામાં પરાણે પાળે તો પાળે. એક તરફ, દાંપત્યવ્યવહાર, વંશવર્ધન, અને અંગત તથા સાર્વજનિક સ્વચ્છતાની બાબતમાં સામાન્ય જનતામાં અરાજકતા જેવું છે. શાસ્ત્રમાં ઘણી શાણપણની તેમ જ અતિ શાણપણનીયે શિખામણો છે, પણ વ્યવહારમાં સર્વે મર્યાદાઓ તૂટી ગઈ છે કે તૂટવા તરફ છે. બીજી તરફ, પંથો અને સંપ્રદાયોમાં એવા નિયમોનું બંધારણ હોય છે, જે ખાસ સગવડો અને અસામાન્ય – જનતાના જીવનથી છૂટી પડતી – જીવનરચના વિના ન પાળી શકાય. ભેળું કરીને ખાવું, સ્વાદહીન ખોરાક ખાવો, બાફેલો જ ખાવો, અલૂણો જ ખાવો, અણસીઝવેલો જ ખાવો, દુગ્ધાહાર કે ફળાહાર જ કરવો, કાં તો અતિ ખોરાક અને કાં તો ઉપવાસ એવા વારાફેરા થાય એવા એવા પ્રકારનાં વ્રતો નિર્દોષ, આરોગ્યપ્રદ, મિતાહારના નિયમનું સ્થાન લે છે. સ્ત્રીપુરુષ-વ્યવહારની બાબતમાંયે વિવાહની મર્યાદામાં રહેનાર પતિપત્ની ભોગમાં સંયમ કે વિવેકમુક્ત વંશવર્ધનની આવશ્યકતાને સમજતાં નથી. અને વિવાહની બહારના ક્ષેત્રમાં સંપ્રદાયોના નિયમોમાં બંને તરફનો અતિરેક છે. એક તરફ ખુલ્લા કે ગુપ્ત વામાચારી પંથો છે, બીજી તરફ સ્ત્રીઓનો પડદો તો છે જ, પણ લગભગ પડદો કહી શકાય એવી પુરુષો માટે પણ મર્યાદાઓ નાંખનાર સંપ્રદાયો છે. પહેલામાં સૌને ભોગ સાથે મોક્ષ આપવાનો મનોરથ છે; બીજામાં સમગ્ર માનવસમાજને પ્રકૃતિની અસરમાંથી મુકાવવાનો મનોરથ છે.

જેમ સ્ત્રીની બાબતમાં તેમ જ ધનસંગ્રહની બાબતમાં અતિરેકો છે, એક બાજુથી

અપરિગ્રહના આદર્શ નીચે ધાતુ અને ધનનો સ્પર્શ પણ ન કરાય એવા કડક નિયમો હોય છે. પણ તે સાથે જ એ આદર્શ ધરાવનારા પંથોની પાસે પાવડાથી ઉસેડવું પડે એટલું ધન અને બીજી સંપત્તિ ભેગી થાય છે. અને તે ધન તે જ આદર્શનું રટણ કરનાર અનુયાયીઓ તરફથી મળે છે. અર્થાત્, તે અનુયાયીઓના જીવનને એ અપરિગ્રહનો આદર્શ સ્પર્શ કરતો નથી માટે જ તેમ બને છે. ધનનો જાતે સ્પર્શ પણ ન કરાય છતાં સંઘ માટે અમર્યાદ સંગ્રહ વધારવાની છૂટ રખાય – એવા પરસ્પરવિરોધી પ્રયત્નને પરિણામે નિયમોના અર્થો કરવામાં વિલક્ષણ ફાંટાઓ પડે તેમાં નવાઈ નથી. જેમ કે, ધાતુનું નાણું ધન ગણાય, પણ નોટ ન ગણાય; દેવનાં ઘરેણાં વગેરેની ધાતુને હરકત ન ગણાય. નાણું પોતાના હાથમાં ન લેવાય, પણ તે માટે નોકર રાખી શકાય, અથવા ખાસ પ્રકારના શિષ્યો બનાવાય વગેરે.

જળ, સ્થળ અને શરીરની ચોખ્ખાઈની બાબતમાં પણ આવ જ અતિરેકો છે. એકના પંથમાં શરીર ધોયા કરવું, વાસણ માંજ્યા કરવાં, ઘર આંગણું લીંપ્યા કરવું, અને પાણી ઉકાળ્યા કે ગાળ્યા કરવું એ જ આખા દિવસનું કામ થઈ રહે એવી નિયમરચના છે; તો બીજા પંથમાં અસ્વચ્છ, અમંગળ, અઘોરી જીવન રૂડું માનેલું છે. સાર્વજનિક ચોખ્ખાઈ વિષે તો દૃષ્ટિ જ ઉત્પન્ન થવાની બાકી છે.

આમ નિયમો વિષે કાં તો વિવેક, સદાચાર, યોગ્યાયોગ્યતા વગેરેની અવગણના છે, અથવા પ્રકૃતિવશ માનવપ્રાણી પાસે કેટલા પાલનની અપેક્ષા રાખી શકાય, તથા સમાજના ધારણ-પોષણ અને સત્ત્વસંશુદ્ધિ શી રીતે ચાલી શકે તેની અવગણના છે. ચાર માણસો જે સ્વેચ્છાએ જ કરી શકે – અને કદાચ સાથે રહે તો તેયે ન કરી શકે – તે સેંકડો શિષ્યોને દીક્ષા આપી તેમની પાસે કરાવવાની અપેક્ષા રાખવામાં આવે છે. અને તે જ નિયમો આદર્શ છે એમ સમાજને સમજાવવા પ્રયત્ન થાય છે.

આમ આ બધું લંબાવી શકાય, ટૂંકામાં આ બાબતમાં જેનો કોઈ ભંગ ન કરી શકે, પણ જેને જરૂર હોય તે વધારે કડકાઈ કરી શકે પણ ભંગ ન કરી શકે એવા નિયમો ઉપજાવવાની અને તેને અનુકૂળ વાતાવરણ તથા ક્રાંતિ નિર્માણ કરવાની જરૂર છે.

શ્રેય શું, ધર્મ શું, સમાજ અને રાજ્યવ્યવસ્થાનું સ્વરૂપ શું હોય, વ્યક્તિ અને સમાજનો સંબંધ શો હોય, એ બધી બાબતમાં જુદા જુદા ધર્મો અને પંથોએ સ્વીકારેલા કે પોષેલા સિદ્ધાંતોમાં અને કલ્પનાઓમાં ધરમૂળથી ફેરફાર થયા વિના આ થઈ શકે નહીં. આજના સર્વે ધર્મો અને પંથો વ્યક્તિને મોક્ષ આપવા માટે સમાજ પર વધારે બંધન, પાપ,

દુ:ખ કે શ્રમનો ભાર નાખે છે; અને તેવો ભાર તે ઉપાડે છે તેના બદલામાં તેને અજ્ઞાની, માયામાં ફસેલો, પામર ઇત્યાદિ વિશેષણો બક્ષે છે.

21-8-'47

# ૪. પાંચમું પ્રતિપાદન

પહેલાં ચાર પ્રતિપાદનના વિસ્તાર પછી પાંચમા વિષે વધારે કહેવા જેવું રહેતું નથી. એ ચારેના ઉપસંહાર જેવું છે. એમાં જણાવ્યું છે કે

‘રાખવોપરમેશ્વરનોજઆશ્રય |

નકોઈસર્જિત-કલ્પિતમાંપેગંબર-ઈશ્વરપણાનોનિશ્ચય ||

માનવોતેજવિવેકયુક્તસદાચાર |

જેથીનપોષાયકદીયેઅનાચાર ||

લેવોસત્પુરુષોનાંસત્કર્મોનોજઆધાર |

કરવોકથાઓ-શાસ્ત્રોનોવિવેકથીત્યાગકેસ્વીકાર ||

નપ્રમાણોકોઈસંશયયુક્તઆચાર |

ભલેગમેતેવોમોટોઆચરનાર |

કેગમેતેવોશાસ્ત્રનોયઆધાર ||

ધર્મોભલેનિત્ય, નૈમિત્તિક, વિશેષકેસાધારણ

કરવુંઘટેસૌએસમાનપણેપાલન ||’

આના ખુલાસામાં થોડીક બાબતો રજૂ કરી શકાય. ધર્મ-અધર્મની વ્યાખ્યા કરવામાં કઈ દૃષ્ટિ હોય, અને તે કોણ ઠરાવે?

બહુજનસમાજમાં ધન અને ભોગપ્રાપ્તિનો અભિલાષ પ્રગટ કે બીજરૂપે હોવાનો એમ માનીને ચાલવું જોઈએ. કોઈ અપવાદરૂપ વ્યક્તિના તે ન હોય, તો તેનાં અનેક કારણો હોય. તે તેની જન્મસિદ્ધ લોકોત્તરતા કે અંગત સાધના પણ હોય, અથવા શરીરપ્ર્મગજ વગેરેની કાંઈ ખામી પણ હોઈ શકે; કોઈ વાર બંને ભેગાંયે હોય. તેવા

માણસેએ સહજ કે સાધનાથી કેળવેલો સ્વભાવ બધાને સિદ્ધ થઈ શકે એવો આદર્શ રાખીને ધર્મના નિયમો ઠરાવવામાં ભૂલ થાય. સાંપ્રદાયિક નિયમોમાં મોટે ભાગે આવા પ્રકારની ભૂલ થયેલી હોય છે. દા.ત. કોઈક પુરુષને ધનસ્ત્રી વગેરેની બાબતમાં અત્યંત ઉદાસીનતા અથવા વૈરાગ્ય સિદ્ધ થયાં હોય, તેથી તેની ચિત્તશુદ્ધિ અને ઉન્નતિ અસાધારણ થઈ હોય એમ બને. એને એ વૈરાગ્ય જન્મસિદ્ધ હોય કે કાંઈક જન્મસિદ્ધ અને કાંઈક સાધનાસિદ્ધ હોય. અનેક માણસોમાં સાત્ત્વિકતાનો કંઈક અંશ તો હોય જ. એ અંશને પોષણ મળે એવું ધર્મોપદેશનું અને ધર્મમાર્ગનું ધ્યેય હોવું સ્વાભાવિક છે. પણ એ સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે સાત્ત્વિક અંશને પોષણ મળવું એ એક વાત છે, અને ધનસ્ત્રી કે બીજા ભોગાની વાસના નિર્મૂળ થવી એ બીજી વાત છે. એ એટલી ક્વચિત જ નિર્મૂળ થઈ શકે છે કે તે બિલકુલ નિર્મૂળ થતી જ નથી અને બહુજનસમાજને માટે તો તે ભોગોની તૃપ્તિ માટે યોગ્ય અવકાશ રાખ્યા વિના છૂટકો જ નથી, એમ માનીને ચાલવું જોઈએ. કેવળ સ્થૂળ કડક નિયમોના પાલનથી એમાંથી તદ્દન બચી જવાય એમ બનવું નથી; પણ બનતું હોય તોયે બહુજનસમાજ એ માર્ગે ચાલી શકતો નથી. એટલે એવા કડક નિયમ બહુજનસમાજ સ્વીકારી અને આચરી શકે એવો ધર્મ બની શકતો નથી. આ રીતે શિયળની નવ વાડ, કે અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય, સ્ત્રી કે પુરુષનો ફરજિયાત અ-પુનર્વિવાહ કે ફરજિયાત યાવજ્જીવન બ્રહ્મચર્ય, કે ફરજિયાત કંથાકૌપીન-ધારણ કે અપરિગ્રહવ્રત વગેરેના કડક નિયમો, અથવા વિવાહ એટલે પતન, ગૃહસ્થાશ્રમ એટલે પામર જીવન, ઉદ્યમ એટલે સંસારબંધન વગેરે સંસ્કારો બહુજનસમાજને માટે નકામા અને હાનિકર નીવડે છે. પરિણામે, પહેલાં તો, તે પંથમાં સાધુ અને સંસારી એવા બે પ્રકારના અનુયાયીઓના વર્ગ પડે છે. સંસારી અનુયાયીઓ નિયમોની યોગ્યતા સ્વીકારે છે, પણ પોતે પાળી શકવાની અશક્તિ માને છે અને તેમાં પોતાની સગવડ પ્રમાણે કાટછાંટ કરે છે. પરંતુ નિયમોની યોગ્યતા માનતા હોવાથી તેમનામાંની કોઈક કોઈક વ્યક્તિઓને જીવનની શરૂઆતના અથવા પાછલા ભાગમાં સાધુ થવાની વૃત્તિ થઈ આવે એ સ્વાભાવિક છે. જે પાછલા ભાગમાં સાધુ થાય છે તે ઘણુંખરું સ્થિર થઈ ચૂકેલા હોય તો તેમને બહુ મુશ્કેલી નડતી નથી. પણ શરૂઆતના ભાગમાં થયેલાને જ્યારે વૈરાગ્યમાં ઓટ આવે અને બીજરૂપે રહેલી વાસનાઓ વારંવાર પ્રગટયા કરે ત્યારે મોટી મૂંઝવણ થાય છે. સાધુ થઈ બેઠા, કડક નિયમોનું પાલન પણ કદાચ કરે, પણ વાસનાને લીધે જીવનને શાંતિ ન મળે! શું કરવું? સાધુ-સંઘમાંથી નીકળવામાં શરમ લાગે અને

વાસના દબે નહીં. પછી ખોટી રીતે વાસના-શમન કે બળતરાનું સહન બે જ માર્ગ રહે. આમ ‘ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના’વાળા ભજનમાં કહ્યા જેવી સ્થિતિ થાય છે. જે બહુજનસમાજનો આદર્શ થઈ શકે નહીં, જેમાં કોઈને પરાણે જોડવા ન ઘટે, કે જોડાવા લલચાવવા ન ઘટે, જે સ્થિતિ પ્રત્યે સહજ વળાય તો જ લાભદાયી થઈ શકે, તેને સર્વે માટે આદર્શ છે એમ સમજાવી તેને માટે ખાસ નિયમો ઘડી તેમાં અનેકને લાવવાનો પ્રયત્ન આવી ફજેતી કરાવે છે.

બીજી બાજુથી નિયમો કરવામાં અતિરેક થયેલો હોય છે, અથવા દેશકાળ તથા વિચારના ફેરફારથી જૂના નિયમો ચાલી શકે એમ નથી, અથવા સ્થૂળ નિયમોના પાલનથી મન શુદ્ધ રહે છે જ એવો અનુભવ થતો નથી. પરિણામે ‘મન ચંગા તો કથરોટમેં ગંગા’ એ કહેવત મુજબ સાચી શુદ્ધિ મનની હોવી જોઈએ, મનની શુદ્ધિપૂર્વક જે નિયમ પળાય તે જ સાચો, બાકી બધો મિથ્યાચાર એવો અભિપ્રાય બંધાય છે. અને તેથી સદાચાર કે સમાજવ્યવસ્થા માટે કોઈ સામાન્ય નિયમો હોય જ નહીં, સર્વે નિયમોની વાડો તોડવા લાયક જ સમજવી, દરેક વ્યક્તિને પોતાને જે ઠીક લાગે તેવો નિયમ બનાવી જ્યાં સુધી ઠીક લાગે ત્યાં સુધી પાળવો, અને ધીમે ધીમે સર્વે નિયમોનાં બંધનોથી પર થવાનો આદર્શ રાખવો. આવા વિચાર પર કેટલાક ઊતરે છે. આ બીજી તરફની ભૂલ છે.

અનેક અર્ધસત્ય સૂત્રોની જેમ આ ‘મન ચંગા’વાળું સૂત્ર પણ ઘણો અનર્થ કરનારું છે. કારણ, મન કોઈ એવી વસ્તુ નથી કે જેને એક વાર ધોઈને શુદ્ધ કરી નાખીએ તો કદી તે પર મેલ ચડી જ ન શકે. એ તો કપડા જેવું છે. રોજ સારી પેઠે ધોઈ નાખો તોયે પાછું મેલું થાય. અથવા પાણી જેવું છે; એને ઉકાળી, વરાળ કરી, પાછું ઠારો તોયે પાછું હવાના સંસર્ગમાં આવી દૂષિત થાય. પરમપદનું દર્શન કર્યા પછી તે એવું શુદ્ધ થઈ જઈ શકે છે કે પાછું દૂષિત થઈ શકતું નથી એમ શાસ્ત્રવચન છે. પણ જેમની પરમપદનું દર્શન કર્યા બદલની ખ્યાતિ છે, તેમણે જો છેવટ સુધી સમાજની નિયમ-મર્યાદાઓ પાળી હોય, તો તેમને, જેઓએ તે મર્યાદાઓ તોડી હોય, તેઓ પૂર્ણતાને પહોંચેલા માનવા તૈયાર હોતા નથી; અને જેમણે મર્યાદાઓ તોડી હોય તેમને પરમપદની પ્રાપ્તિ થઈ છે એમ મર્યાદામાં રહેનારા બ્રહ્મનિષ્ઠો કબૂલ કરવા તૈયાર હોતા નથી. કેવળ એક પ્રકારની ભીરુતાથી જ શંકર કે કૃષ્ણને તેઓ માનવસમાજથી પર, પૂર્ણાવતારની કોટિમાં મૂકી ચર્ચાના ક્ષેત્રની બહાર રાખે છે. શિવ અને કૃષ્ણ માટે જે અત્યંત ભક્તિ રૂઢ થયેલી છે તેને આઘાત ન પહોંચાડાય માટે જ આમ થયેલું છે. એવાનાં ચરિત્રો તેઓએ અનુકરણીય નથી ગણ્યાં.

જેમ ગતાનુગતિકતામાં એ ક્રાન્તિ કે પ્રગતિ નથી, તેમ અનવસ્થા અને સર્વે નિયમોનો ભંગ પણ ક્રાન્તિ કે પ્રગતિ નથી. ફેરફાર – ભલે મૂળમાંથી જ હોય, તોયે તે વિવેકયુક્ત જ હોવો જોઈએ.

વ્યક્તિ અને સમાજની જરૂરિયાતની બાબતમાં એક ફરક યાદ રાખવો જોઈએ. મન કુમાર્ગે ભટકે અને કેવળ શરીર જ બાહ્ય નિયમો અને આચારોનું પાલન કરે, તેથી વ્યક્તિનો નૈતિક ઉત્કર્ષ થતો નથી, એ સાચું છે. પણ સમાજની રક્ષા માટે ઘણી વાર એટલું જ પૂરતું થાય છે. એક માણસની પાડોશની ઘડિયાળ કે બાળા પર કુદૃષ્ટિ રહેતી હોય, તો તે તેના ઉત્કર્ષની દૃષ્ટિએ ચોર કે વ્યભિચારી બને છે ખરો. પણ જો કોઈ સંયમના સંસ્કારથી તે પોતાની અશુદ્ધ ઇચ્છાનો કશોયે અમલ ન કરે, તો તેનો પાડોશી સુરક્ષિત રહે છે, અને પાડોશીને માટે એટલું પૂરતું છે.

એથી ઊલટું, અતિ શુદ્ધ હેતુથીયે જો તે સમાજની રક્ષા જોખમાય એવું કંઈક કામ કરે, તો તેના હેતુની શુદ્ધિ સમાજ માટે તેને નિર્દોષ ઠરાવવા બસ નથી. દા. ત. ધારો કે એક ગરીબ માણસને ઘડિયાળની બહુ જ જરૂર છે. પેલા પાડોશીને ત્યાં એ વધારે પડતાં ઘડિયાળો જુએ છે. તેમાંથી એક ઉપાડીને તે પેલા ગરીબને પહોંચાડી દે તો તેમાં એના હેતુની શુદ્ધતા એને ચોર ગણતાં અટકાવી શકે નહીં. એ જ રીતે પાડોશીના ઘરને કે સામાનને તે ઘણા સેવાભાવથી આગ લગાડી દે કે તેની દીકરીનું હરણ કરે કે તેને પોતાની પાસે સુવાડે તો તેના હેતુની નિર્મળતા તેને સમાજદૃષ્ટિએ અપરાધી ગણતાં અટકાવશે નહીં. એની શુદ્ધ દાનતને લીધે સમાજ એને ક્ષમા કરે કે ઓછી શિક્ષા કરે એ જુદી વાત. પણ નિરપરાધી ન ગણી શકે.

કોઈ વાર એમ કહેવામાં આવે છે કે ભગવાન માણસના ભાવની-હેતુને શુદ્ધતાએ જુએ છે. બાહ્ય-સ્થૂળ મર્યાદાઓનાં પાલન કે ઓછાવત્તાપણું એની એને કિંમત નથી. ઘણાં અર્ધસત્ય સૂત્રોમાંનું આ એક સૂત્ર છે. 'ભગવાન એટલે શું, એનું જોવું-ન-જોવું એટલે શું' એની તાત્ત્વિક ચર્ચા છોડી દઈએ, અને ભગવાનની લોકમાન્ય કલ્પના જ સ્વીકારીએ તોયે ભગવાનના આવા સિદ્ધાંત પ્રમાણે વર્તે છે એ શી રીતે સમજવું? 'ભગવાન ભાવનો ભૂખ્યો છે, એ ગરીબનાં 'પત્રમ્ પુષ્પમ્ ફલમ્ તોય'થી જેવો રીઝે છે તેવો ધનવાનથી લાખો રૂપિયાની ભેટથી નથી રીઝતો. 'દુર્યોધનકો મેવા ત્યાગ્યો, સાગ વિદુર ઘર ખાઅ◌ી – સબસે અ◌ૂ◌ંચી પ્રેમ સગાઅ◌ી' વગેરે શાસ્ત્રો તથા

ભક્તોનાં વચનો એ આપણી શ્રદ્ધાનો આધાર છે; તથા સજ્જન પુરુષ પણ એ રીતે વર્તતા હોય છે, માટે ભગવાન એમ કરે એમાં કહેવું જ શું, એ ન્યાય એની પાછળ છે.

આ સૂત્રો સાચી રીતે આ પ્રમાણે મૂકવાં જોઈએ:

1. ભગવાન કેવળ સ્થૂળ વર્તન કે અર્પણને નથી જોતો, ભાવ પણ જોઈએ. વર્તન અને અર્પણની સાથે ભાવ – હેતુ પણ શુદ્ધ હોવો જોઈએ.
2. ભગવાન ભાવપૂર્વક 'સર્વાપણ' માગે છે. પણ તે સર્વાર્પણની કોઈ ઓછામાં ઓછી મર્યાદા નથી અને ભાવની વધારેમાં વધારે મર્યાદા નથી. જો પત્ર-પુષ્પ જ તમારું સર્વસ્વ હોય અને તે કોઈ પણ જાતની ભાવની કસર વિના આપો તો તેની કદર પાંચ લાખ કે બે લાખમાંથીયે એક લાખ રૂપિયાના દાન કરતાં ભગવાન જ શું – મહાપુરુષોયે – વધારે કરે છે.

આમ અશુદ્ધ મનથી થયેલું સમાજધર્મનું પાલન સમાજ માટે પૂરતું ગણાય છે તથા શુદ્ધ હેતુથી થયેલો ભંગ દોષરૂપ ગણાય છે. તેથી સમાજના ધારણ-પોષણ અને રક્ષા માટે જે નિયમોનું પાલન આવશ્યક હોય, તેમાં આચરનારના મનની શુદ્ધિ-અશુદ્ધિ ગૌણ બને છે, આચરણ જ મહત્ત્વની વસ્તુ છે. અપવાદરૂપ પ્રસંગો નિયમોમાં આવી જ જાય.

આ નિયમો ઠરાવવામાં નીચેની દૃષ્ટિ હોવી જોઈએ:

1. સમાજનો ઘણો મોટો ભાગ મન અને ઇંદ્રિયોના ભોગો અને તેને પ્રાપ્ત કરવાના સાધનરૂપે અર્થના, વંશવર્ધનના અને કાંઈક કરી બતાવવાના અભિલાષોથી બિલકુલ ખાલી હોય નહીં, બલકે તેથી ભરેલો હોય. ખાલી હોવું એ માનવસમાજના ધારણ-પોષણ અને અભ્યુદયને માટે હાનિકર પણ ગણાય. માટે નિયમો એવા હોવા જોઈએ કે જે તે અભિલાષોની સિદ્ધિ માટે અનુકૂળ હોય.
2. તે સાથે જ જો એ અભિલાષો નિરંકુશ થાય, તો તે પણ સમાજના તેમ જ વ્યક્તિના અભ્યુદયને અને અંતે ધારણ-પોષણને હાનિકર થાય. એ અભિલાષોની સિદ્ધિ આવશ્યક છે છતાં એ જ માનવજીવનનું અંતિમ સાધ્ય નથી. એનું સાધ્ય તો માનવમાં રહેલી ઉદાત્ત ભાવનાઓનો વિકાસ અને ઉત્કર્ષ છે. માનવસમાજને દુઃખમાં રગદોળનારાં કારણો – જેવાં કે અજ્ઞાન, ભૂખમરો, દરિદ્રતા, રોગ, લડાઈ, ઈર્ષા, વેર, વિષમતાઓ ઈત્યાદિ – નો નાશ થાય, અને માનવનું જ્ઞાન તથા પ્રવૃત્તિઓ માનવ

માનવ વચ્ચે સંપ, સહયોગ, પ્રેમ, યોગ્ય સમૃદ્ધિ, સમાનતા, ભ્રાતૃભાવ વગેરે વધારવા માટે વપરાય, તથા દરેક વ્યક્તિને તેની શક્તિઓનો સારી દિશામાં વિકાસ કરવા અને સમાજને અર્પણ કરવા અવકાશ મળે – તે એ વિકાસ અને ઉત્કર્ષના દેખીતાં પરિણામો છે. જો આને જ વ્યક્તિ તથા સમાજનાં ધારણ-પોષણ અને સત્ત્વસંશુદ્ધિ કરાવનારો ધર્મ કહીએ, તો આ ધર્મની સિદ્ધિ એ માનવજીવનનું અંતિમ ધ્યેય છે. તે માટે અભિલાષાઓનું વિવેકપૂર્વક નિયમન પણ જોઈએ. જેમ મોટર ચલાવવાને એન્જિન જોઈએ, તેમ તેની ગતિને ઓછીવત્તી કરવાના અને જરૂર પડે ત્યારે ઊભી રાખવાના નિયામકો અને દાબો પણ જોઈએ.

૩. કેટલાક નિયમોની બાબતમાં બેવડી મર્યાદા હોય : ઓછામાં ઓછું અમુક હોવું જોઈએ, અને વધારેમાં વધારે આટલું હોઈ શકે : જેમ કે ઓછામાં ઓછાં આટલાં કે આવાં કપડાં પહેર્યાં હોય, અને વધારેમાં વધારે આટલાં કે આવાં. ઓછામાં ઓછો દરેક આટલો પરિશ્રમ કરવો ઘટે, અને આટલાથી વધુ કોઈ પાસે લઈ શકાય નહીં. કેટલાક નિયમોમાં નીચેની મર્યાદા હોય, કેટલાકમાં ઉપરની હોય : જેમ કે, મજૂરી ઓછામાં ઓછી આટલી હોય, આવક વધારેમાં વધારે આટલી. સ્વાસ્થ્ય, નીતિ અને સભ્યતા ત્રણે દૃષ્ટિઓ નિયમ ઠરાવવામાં હોય.

જ્યાં ઓછામાં ઓછું અમુક પાળવું જોઈએ એવો નિયમ હોય, ત્યાં એથી વધારે કડકાઈથી પાલન કરવાની વ્યક્તિને છૂટ હોઈ શકે, પણ ઢીલો કરવાની નહીં. જેમ કે, કોઈ જગ્યાએ સ્ત્રી અને પુરુષ માટે જુદી વ્યવસ્થા રાખેલી હોય અને તે બંધનકારક ઠરાવી હોય, તો તેનો ભંગ કોઈ ન કરી શકે. જ્યાં એવી વ્યવસ્થા કેવળ સ્ત્રીની સગવડ માટે જ રાખી હોય, પણ પુરુષની જગ્યામાં સ્ત્રીને જવાની છૂટ હોય, ત્યાં કોઈ સ્ત્રી આગ્રહપૂર્વક પુરુષની જગ્યામાં ન જવાનો નિયમ રાખી શકે.

આમ પરિગ્રહ તથા જીવનનાં અનેક ક્ષેત્રોમાં સંયમ વધારવા માટે નિયમોમાં વધારોઘટાડો કરવા સામાન્યપણે વ્યક્તિને અધિકારી હોય, સંયમ તૂટે એવી સગવડ ઉત્પન્ન થાય એવો વધારોઘટાડો કરવાની છૂટ ન હોય.

આવા નિયમો કોણ ઠરાવે, એ બીજો સવાલ છે. મને લાગે છે કે જેને સામાન્ય કાયદાઓ ઘડવાનો અધિકાર હોય, તેનો નિતિધર્મનાયે કાયદાઓ ઘડવાનો અધિકાર

સમજવો જોઈએ. એ બધા ધર્મચિંતક, સ્થિતપ્રજ્ઞ નહીં હોય, અને હાથની સંખ્યા ગણવાથી કાંઈ શાણપણનું માપ નીકળી શકતું નથી, એ વાત સાચી, છતાં, જો આપણે એ લોકોને ભયંકર યુદ્ધ જેવા સમાજના જીવનમરણનાં અનેક ગંભીર કામો કરવાનો અધિકાર આપીએ છીએ, તો આ કાયદાઓ ઘડવાનો અધિકાર પણ આપી શકાય. અંતે તઓ પણ વિવિધ કામોમાં પોતાની મર્યાદા સમજતા હોય છે, અને જે કામ માટે જે લાયક મનાયા હોય તેમની સલાહને અનુસરીને જ આવાં કામો કરે છે. એટલું એમનામાં રહેલું ડહાપણ પૂરતું છે. અનુભવથી સુધારાવધારા કરવાનો અવકાશ રહે છે જ.

નીતિધર્મ અને સંસાર-વ્યવહારના કાયદા વચ્ચે ફરક પાડી શકાય એવી કોઈ સ્પષ્ટ મર્યાદાઓ નથી. જીવનનું કોઈ પણ કાર્ય એવું નથી કે જેને નીતિધર્મથી સંબંધ ન હોય, અને સંસારના જીવન સાથે સંબંધ ન હોય એવો કોઈ નીતિધર્મ કે ધર્મની સાધના સાચી રીતે હોઈ શકતી નથી. કાલ્પનિક જીવન સાથે સંબંધ રાખનારી કેટલીક સાધનાઓ કે નીતિધર્મના નિયમો હોય છે, એ ખરું. જો તે સંસારના જીવનને માટેના નીતિધર્મને તોડનારાં હોય તો તે ખોટાં જ સમજવાં જોઈએ.

સમાજે ઠરાવેલા નિયમોમાંથી કેટલાક કોઈકને પ્રતિકૂળ લાગે, કોઈકને પ્રામાણિકપણે ખોટા લાગે એમ બનવાનું જ. તેઓ સત્યાગ્રહવૃત્તિથી કે બળાત્કારથી તેનો ભંગ કરશે. ભંગ કરવાનાં પરિણામ પણ ખમશે. તેમના ભંગ પાછળ તથ્ય હશે, તો સમાજને તે નિયમો મોડાવહેલા સુધારવા પડશે. સમાજની સર્વે વ્યવસ્થામાં સુધારાનો એ જ માર્ગ છે. તે અનિવાર્ય છે.

26-8-'47

# ૭. પ્રચલિત ધર્મોનું એક સામાન્ય લક્ષણ

સર્વધર્મસમભાવના વિવેચનમાં એક વાત એ કહેવામાં આવે છે કે સર્વે ધર્મોમાં આધ્યાત્મિક, પારમાર્થિક અને સાત્ત્વિક જીવનના સંબંધમાં મહત્ત્વનાં સિદ્ધાંતો સરખા જ છે. સર્વે ધર્મો પરમેશ્વરની ભક્તિ અને આશ્રય, સત્ય–અહિંસા–દયા–ક્ષમા–સંયમ વગેરે સંત ગુણોનું અનુશીલન વગેરે પર સરખો ભાર મૂકે છે. વિગતોમાં થોડોઘણો દેશકાળાદિના ફેરફારને લીધે ફરક દેખાય, પણ તેને કોઈ ધર્મના સંતપુરુષો બહુ મહત્ત્વ આપતા નથી. માટે સર્વે ધર્મો સમાન આદરને પાત્ર છે.

સર્વે ધર્મોમાં એક બીજો સિદ્ધાંત પણ સમાન છે, અને કમનસીબે તે સિદ્ધાંત આજના પ્રશ્નોનો ઉકેલ શોધવામાં મુશ્કેલીઓ ઊભી કરે છે. સમાજધર્મના પાલનમાં એ સિદ્ધાંત બાધક થાય છે, અને મનુષ્યને – વિશેષ કરીને શ્રેયાર્થી વૃત્તિના મનુષ્યને ખ્સમાજધર્મની અવગણના કરતાંયે શીખવે છે. તે સિદ્ધાંત વ્યક્તિની અમરતા અને મોક્ષનો છે. મનુષ્યને જીવંત કાળ દરમ્યાન અનુભવાતું પોતાનું વ્યક્તિત્વ અનાદિ–અમર છે; મરણ પછી તે પુનર્જન્મ દ્વારા, કે સ્વર્ગનરકના વાસ દ્વારા ચાલુ રહે છે, અને મનુષ્યનું સાચું કાર્ય આ સંસારને સુધારવાનું નથી, પણ પરલોક (એટલે ભવિષ્યમાં સારા જન્મની અથવા નરકનું નિવારણ કરી અખંડ સ્વર્ગ અથવા નિર્વાણની) પ્રાપ્તિનું છે; ઐહિક જીવનમાં જેટલું દુઃખ તેટલું પારલૌકિક જીવનમાં સુખ એ સંસ્કારો આમાંથી ઉત્પન્ન થયા છે. ઘરમાં છાપરું ચૂતું હોય, તો પોતે છત્રી ખોલીને બેસી જવું, અને એ જ રીતે ઘરના માણસોએ પોતપોતાની સગવડ કરી લેવી એવો સંસ્કાર અતિ તીવ્ર શ્રેયાર્થી પર પડેલો હોય છે. રાત અને દિવસના જેવો પરલોક અને આ લોક વચ્ચે, સમાજના – સંસારના ધર્મો અને મોક્ષના ધર્મો વચ્ચે વિરોધ મનાયો છે. મોક્ષધર્મમાં ચાલવાની અશક્તિને પરિણામે

સમાજજીવનમાં પ્રવૃત્તિ : એ દ્વારા ચિત્તશુદ્ધિ સધાય તેટલું એમાં હિત : પણ છેવટનું ધ્યેય નિવૃત્તિ, વ્યક્તિગત સાધના, પોતાનો સ્વર્ગ કે મોક્ષરૂપી પરલોક. આથી સમાજને સુખી કરવા મથનારા, સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં પડનારા, સમાજના ધર્મોને અનુસરનારા લોકો અંતિમ દૃષ્ટિએ અજ્ઞાની, માયામાં ફસાયેલા જ ગણાય છે.

આથી તીવ્ર શ્રદ્ધાળુ માણસને સંસારનાં કર્મો વિશે અનાસ્થા અને તેમાંથી નાસી છૂટવાની વૃત્તિ ઊઠ્યા કરે એ સ્વાભાવિક છે. જો તે સંસારનાં કર્મોમાં રસ લે તો એ તીવ્ર સાધક ન થઈ શકે, અને સાધુપુરુષોએ સંસારનાં કર્મોમાં રસ લેવો એ પતન પણ ગણાય. પરિણામે, સંસારની પ્રવૃત્તિઓ સ્વાર્થી, ખંધા પુરુષોના જ હાથમાં રહે એવું બને છે.

આ માટે આત્મતત્ત્વ (ચૈતન્ય શક્તિ અથવા બ્રહ્મ) અને તેના વ્યક્તિરૂપે દેહ–દેહમાં દેખાતા પ્રત્યગાત્મભાવ વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે. ચૈતન્યશક્તિ અથવા પરમેશ્વર અનાદિ–અમર છે માટે તેમાંથી સ્ફુરેલું અને તેને આધારે રહેલું વ્યક્તિત્વ પણ અનાદિ–અમર જ છે એમ નિશ્ચિતપણે કહેવાય નહીં. એ હોય પણ અને નયે હોય. એ છે જ એમ માની લેવાને પરિણામે સમાજધર્મ વિશે અનાસ્થા અને પોતાના વ્યક્તિત્વના જ વિકાસ અને મોક્ષમાં શ્રદ્ધા ઉદ્ભવે છે. સમાજધર્મ, સેવા બધું પોતાના અંગત મોક્ષની સિદ્ધિ પૂરતું જ મહત્ત્વનું બને છે. એ કલ્પના જ હોય તો સમાજધર્મનો ત્યાગ એ સમાજનો દ્રોહ જ થાય છે.

બીજી બાજુથી વિચારીએ તો વ્યક્તિઓ મરી વિશ્વમાંથી નઃશેષ થઈ જાય તોયે વિશ્વ–જીવનનો ક્રમ અને વિકાસ અટકતાં નથી. પૂર્વજોએ સાધેલા વિકાસ કે હ્રાસ કરેલાં તપો કે પાપો, મેળવેલી સિદ્ધિઓ કે પરાજય વગેરેનો લાભ પાછલી પઢીઓને મળે છે, અને તે રીતે સમાજની થયેલી ચડતીપડતીનો ઇતિહાસ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. પૂર્વજોનો ધાગો વંશજોમાં દેખાય છે, અને એ રીતે આખા સમાજમાં દેખાય છે. વ્યક્તિની ઉન્નતિ દ્વારા સમાજની ઉન્નતિ થાય છે, અને સમાજની ઉન્નતિ વ્યક્તિની ઉન્નતિને મદદરૂપ થાય છે. સમાજની મદદ વિના કોઈ પણ વ્યક્તિ પોતાનો સર્વથા વિકાસ કરે એ બની શકતું નથી. 'જન્મ–મૃત્યુ–બીચ ક્ષણ નહીં તાતા | જબ ન સમાજ હોત સુખદાતા || (કૃષ્ણાયન)' કેટલીક વ્યક્તિઓની મદદ વિના સમાજને પોતાનો વિકાસ કરવો પડે એમ બને. એવી વ્યક્તિઓ સમાજ પ્રત્યેનું ઋણ અદા કરતી નથી એમ કહેવું જોઈએ.

એટલે વ્યક્તિત્વ અનાદિ–અમર હોય તોયે સમાજધર્મને છોડીને અંગત શ્રેય

સાધવાની ઉપાસના દોષરૂપ છે. સમાજના કલ્યાણને માટે પ્રયત્નશીલ રહેવું અને એ હેતુથી જ પોતાની શક્તિઓનો ઉપયોગ અને વિકાસ કરવો એ જ સાધના હોવી જોઈએ. એ વિચારને અભાવે સંસાર એને પીડા કરી શકનારા માણસોના હાથમાં જ રહ્યો છે અને રહે છે. જેટલે અંશે એ વિચાર, પરમેશ્વરમાં નિષ્ઠાપૂર્વક, છૂટયો છે તેટલે જ અંશે સંસારને સત્પુરુષોની મદદ મળી છે અને મળે છે. વ્યક્તિએ પોતાના મરણ પછીના પોતાના ભવિષ્યની ચિંતા કરવાની જરરૂ નથી. સમાજના જ શ્રેયની ચિંતા કરવી ઘટે છે.

# ૧૦. ધર્મોએ ઊભાં કરેલાં વિઘ્નો

ઐહિક કે પારલૌકિક ધર્મોનો હેતુ મનુષ્ય–મનુષ્ય વચ્ચે પ્રેમ, એકતા, સદાચાર, ન્યાય, નીતિ, સુખમય સમાજજીવન તથા અનેક સદ્‌ગુણો અને સારી ટેવો નિર્માણ કરવાનો હોવો જોઈએ. તે મનુષ્યની સ્વતંત્ર રીતે વિવેક અને વિચાર કરવાની શક્તિનો વિકાસ કરનારો હોવો જોઈએ. કલ્પનાઓ, વહેમો વગેરેમાંથી બહાર કાઢનારો હોવો જોઈએ. અજ્ઞાનમાંથી જ્ઞાન પ્રત્યે, પરાવલંબનમાંથી સ્વાવલંબન, અશક્તિમાંથી શક્તિ પ્રત્યે જવાની જે પ્રાણીમાત્રની સ્વાભાવિક ગતિ છે તેને એ મદદ કરનારો હોવો જોઈએ. એ સ્વભાવની સાથે જ પ્રાણીઓની પ્રકૃતિ દૈન્યમાંથી ઐશ્વર્ય પ્રત્યે, ભોગના અભાવમાંથી ખૂબ ભોગ પ્રત્યે જવાનીયે છે. એ પ્રકૃતિ એના અને સમાજના વિનાશનું કારણ થાય છે. છતાં એ પ્રકૃતિનો સંપૂર્ણ નિગ્રહ કરી શકાતો નથી, અને બળાત્કારે કરેલો નિગ્રહ એને કે સમાજને લાભદાયી કે ઉત્કર્ષસાધક પણ થતો નથી. ધર્મનો હેતુ તેને માટે બે અંતિમ છેડાઓ – દીનતા અને ઐશ્વર્ય, ભોગનો અભાવ અને વિપુલ ભોગ – છોડી વચલો માર્ગ વારંવાર બતાવ્યા કરવાનો છે. ગમે તેવી પૂર્ણતાએ પહોંચેલો ધર્મસ્થાપક હોય, છતાં આ હેતુ સિદ્ધ થાય એવો સદાને માટે માર્ગ રચી શકતો નથી. સમયે સમયે અને દરેક સ્થાન અને પ્રજાઓની વિશિષ્ટતાઓને તથા સંજોગોને અનુસરી તેમાં વારંવાર વધઘટ અને મોટાં પરિવર્તનો પણ કર્યા કરવાં પડે છે. ધર્મના મૂળ આધારસ્તંભો – સિદ્ધાંતો પૈકી કેટલાક સનાતન હોઈ શકે છે, પણ તેના વિગતવાર વિધિનિષેધો સનાતન હોઈ શકતા નથી. આ વસ્તુને ન સમજાવાથી, ભુલાવાથી, ધર્મો મનુષ્યોના માર્ગદર્શક થવા માટે હોવા જોઈએ, તેને બદલે તેને ભમાવનારા, અથડાવનારા અને વિપત્તિઓમાં ધકેલનારા

થઈ પડ્યા છે. પ્રચલિત સર્વે મોટા ધર્મો આ આક્ષેપને પાત્ર છે. કહેવાતા ઈશ્વરપ્રણિત (રિવીલ્ડ અથવા અપૌરુષેય) ધર્મો વધારે પ્રમાણમાં.

આપણા દેશના આજે રાજકીય થઈ પડેલા કેટલાયે સવાલો અને ઝઘડાઓના મૂળમાં ઊતરશું તો જણાશે કે પ્રચલિત મોટા ધર્મો વિશેની ખોટી શ્રદ્ધાઓ તથા તે વિશેનાં મિથ્યા અભિમાનોએ તે નિર્માણ કર્યા છે. એ હવે ધર્મના માર્ગો રહ્યા નથી, પણ એવા તૂટી ગયેલા, ભૂંસાઈ ગયેલા અવશેષો છે કે એ પરથી જવાનો પ્રયત્ન ઘોર અરણ્યમાં જ માનવસમાજને લઈ જાય છે. અને મહોવશ થઈ આપણે સૌ પોતપોતાના ચીલાને જ સાચો માની ખોટી કેડીને દુરસ્ત કરવાનો પ્રયત્ન કરી પાકી કરવા મથીએ છીએ.

સ્મૃતિકારોએ કોઈ કાળે ધંધાઓ અને વર્ણોની ઉચ્ચનીચતા કલ્પી, તે પ્રમાણે વિવાહ, વારસા, સ્પૃશ્યાસ્પૃશ્યતા, સંકરતા–શુદ્ધતા, સજા–ક્ષમા વગેરેના કાયદાઓ ઘડ્યા, અને જાતિભેદોનો પાયો નાખ્યો. તે કાળે કદાચ એ જ થઈ શકે એવું હશે. પણ એ આપણે માટે સનાતન સિદ્ધાંતો થઈ પડ્યા. એ શાસ્ત્રો હવે અપ્રમાણ બન્યાં છે એમ કહેવાની કોણ હિંમત કરે? હવે ભલે લાગે કે સ્ત્રીઓના અધિકારો વિશાળ કરવાની, વંશ–વારસાની, વર્ણાન્તર–ધર્માન્તર વિવાહ માન્ય રાખવાની જરૂર ઊભી થઈ છે. ભલે રાજની મદદથી એમ કરવામાં ફાવીએ પણ. પરંતુ, સનાતન હિંદુ ધર્મીની દૃષ્ટિએ આ બધો ધર્મનો લોપ, અથવા કળિયુગનો જ પ્રભાવ ગણાય. સુધારક હિંદુ આટલી હદે ન જાય તોયે તે આદર્શરૂપે તો આવું આવું તો કાંઈક માનતો રહે : જેમ કે, કોઈક રૂપમાં પણ વર્ણવ્યવસ્થાના જીર્ણોદ્ધારની ઇષ્ટતા; પુનર્વિવાહ અને છૂટાછેડાનો કાયદાએ માર્ગ કરી આપ્યો હોય પણ એ પ્રશસ્ત નથી; કેવળ કાયદાનું લગ્ન એ પૂર્ણ વિધિ નથી, એ સાથે કાંઈક જૂનાં શાસ્ત્રો અને વિધિઓની પ્રતિષ્ઠા જળવાય એવું રાખવું જ ઘટે, વગેરે. એ ગણપતિને ન માને, તોયે ગણેશોત્સવ જાળવે; નાગપૂજાને ન માને, તોયે નાગપાંચમ ઊજવે; એ અવતારો તથા દેવોની વિડંબના કરે, તેનાં સિનેમા અને નાટક ભજવે, તોયે તેના દિવસો અને મહિમા ભૂલવા દે નહીં.

એ જ વાત મુસલમાનો, શીખો વગેરેની. કુરાને ચાર સ્ત્રીઓ કરવાની પરવાનગી આપી છે. કઈ માનવસત્તા તે પરવાનગી લઈ લેવાની હિંમત કરે? કુરાને ગોવધનો નિષેધ નથી કર્યો, એને અટકાવવાનો કોઈ માનવસત્તાને અધિકાર જ ન હોય! ગુરુ ગોવિંદસિંહે

પાંચ 'ક' રાખવા ફરમાવ્યું છે; જે તે છોડે તે શીખ નહીં; જે છોડવા ફરમાવે તે શીખ ધર્મ પર આક્રમણ કરનાર ગણાય. અને આ બધા માનવોના ઝઘડા – પક્ષો વગેરેનાં કારણો!

આ બધાનું કારણ શું? કારણ, વેદો અપૌરુષેય છે, સ્મૃતિકારો ત્રિકાલજ્ઞ હતા; બાઈબલ તથા કુરાનમાં ઈશ્વરની વાણી છે, ગુરુવાક્યો અવિચારણીય છે – વગેરે શ્રદ્ધાઓ.

વિવિધ રૂપમાં મૂર્તિપજા અને તેના અનેક નવા નવા પ્રકારો નિર્માણ કરવાનું અને તેને માટે પછી લોહીની નદી ઓ વહેવડાવાનું અનિષ્ટ પણ પ્રચલિત મહાન ધર્મોનો જ છેલ્લાં પચીસ–ત્રીસ વર્ષોમાં જ કલહનું કારણ થઈ પડેલો વારસો છે. હજારો વર્ષોથી રાજાઓ તથા મોટા વીરો અને સેનાપતિઓના પોતપોતાના ખાસ વાવટાઓ તો રહેતા, મહાભારતના યુદ્ધમાં વાંચીએ છીએ કે પાંચે પાંડવો, દ્રુપદ અને તેના દીકરાઓ, કૌરવ અગ્રણીઓ વગેરે સૌ પોતપોતાના ખાસ વાવટા રાખતા. યુરોપમાંયે આમ હતું તે વીરને દૂરથી ઓળખી શકાય એ જ એનો એક ઉદ્દેશ હતો અને હોવો જોઈએ. એ વાવટાને તોડવાનો હેતુ એને ઓળખાતો અટકાવવો અને એ રીતે પોતાના લશ્કરથી કે મિત્રોથી દૂર કરી નાખવાનો હતો. એમાં એ વાવટાનું અપમાન કે પૂજા વગેરેની ભાવના નહોતી. એ રીતના ધ્વજવંદનનો હિંદુસ્તાનમાં કઈ રિવાજ હોય એમ વાંચવામાં આવતું નથી. એ વસ્તુ ખ્રિસ્તી યુરોપમાં પહેલી દાખલ થઈ કારણ ખ્રિસ્તી પ્રજાઓએ પોતાના ધર્મનું પૂજ્ય ચિહ્ન ક્રૉસ વાવટા ઉપર દાખલ કર્યું. જૂના ખ્રિસ્તાઓમાં મૂર્તિપૂજાનો સંસ્કાર બળવાન હોવાથી, ક્રૉસનું ચિહ્ન ગમે ત્યાં તે કારણસર દેખાય કે તે વંદનીય બની જાય. તેમાં દેવત્વની ભાવના આરોપાય. આમ વાવટો એ પૂજ્ય બન્યો, અને જે વીરોનો એ વાવટો હોય તેના શત્રુઓને તે વીરને અપમાન પહોંચાડવાને કે છંછેડવાનો સહેલું સાધન બન્યો.

મુસલમાનો અને ખ્રિસ્તીઓ વચ્ચેનાં ધર્મયુદ્ધો (ક્રુસેડો)માં વાવટો સહેલાઈથી રક્તપાતનું કારણ બન્યો. એમાં પોતાના રાજાની, રાજ્યની, ધર્મની એમ વિવિધ પ્રકારની આબરૂ સમાઈ.

મુસલમાનોનો મૂર્તપૂજાવિરોધી ધર્મ પણ આ વાવટાપૂજાના ચેપથી અદૂષિત ન રહ્યો. રાજ્યો હોય ત્યાં વાવટો તો હોવાનો જ. દૂરથી ઓળખવા માટે એ જ અનુકૂળ વસ્તુ ગણાય. પણ મુસલમાન બાદશાહોનોયે વાવટો મુસલમાન ધર્મ સાથે સંકળાઈ ગયો. મૂળ પેગંબર કે પહેલા ખલીફાનો વાવટો લીલો અને ચંદ્ર–તારાના ચિહ્નવાળો હશે એટલે તે

જ જેવો ખ્રિસ્તીનો ક્રૉસ તેવો ઇસ્લામનું બુત બન્યો. છતાં, અમુક દિવસે અને રીતે ધ્વજ ચડાવવો, ઉતારવો, તેને સલામી આપવી વગેરે કોઈ કર્મકાંડ મુસલમાન રાજ્યોમાં હોય એમ લાગતું નથી. કોઈ જીતવાના કે જીતેલા સ્થાન સાથે કે પ્રત્યક્ષ લડાઈમાં વાવટાનો સંબંધ ન હોય એવી રીતે કેવળ વાવટાની આબરૂ કે મમત રાખવા કે તોડવા માટે બ્રિટિશ રાજ્ય પૂર્વ હિંદુસ્તાનમાં કદી ક્યાંય રક્તપાત થયાનું વાંચવામાં નથી.

બ્રિટિશ રાજ્યે હિંદુસ્તાનમાં વાવટાના રૂપમાં મૂર્તિપૂજાનો નવો પ્રકાર દાખલ કર્યો. મૂર્તિપૂજાપરાયણ દેશમાં હિંદુ રાજાઓ ઘણા હતા, મુસલમાન બાદશાહો પણ ઘણા હતા. કોઈનો એક વાવટો નહોતો. કોઈ વાવટો કેવળ હિંદુ ધર્મનું જ ચિહ્ન ગણાય એવો નહોતો. જેમ બીજા રાજાઓના પોતાના વાવટા હતા, તેમ શિવાજીએ પણ એક પસંદ કર્યો. એ ભગવા રંગનો બીજા કોઈ ચિહ્ન વિનાનો હતો. પણ ભગવા ઝંડાનો કે કોઈ પણ મંદિર પરથી ધજાનોયે વંદનવિધિ કોઈએ કલ્પ્યો નહોતો.

કોઈ મૂર્તિપૂજાપરાયણ કાɣગ્રેસ સભાસદને વાવટાપૂજાનો ચેપ લાગ્યો, તેણે એ ચેપ ગાંધીજીને અડાડયો, અને તેમાં તે ઝડપાયા. પછી એ સમગ્ર કાɣગ્રેસને ઊડયો, અને તેના વિરોધીઓને પણ રૂપાન્તર કરીને ઊડયો. ચરખા–ચિહ્નવાળો ત્રિરંગી ઝંડો ઉત્પન્ન થયો; તેના વિરોધમાં યુનિયન જેક તો હતો જ, લીગનો લીલો – ચંદ્ર–તારા ઝંડો, હિંદુ મહાસભાનો ભગવો ઝંડો, અને બીજા નાનામોટા પક્ષોના વિવિધ ઝંડાઓ થયા. કોઈ સ્થળ તવાનાં નહોતાં; જીતેલાં નહોતાં, કોઈ યુદ્ધ ચાલતું નહોતું કે કોઈ લશ્કર નહોતું કે જેને મોખરે એ રાખવામાં આવે. છતાં એણે પક્ષનો – મમતનો ઝઘડો ઊભો કર્યો. નાગપુરના મૂર્ખ હાકેમોએ તેને માટે નિમિત્ત આપી એને મહત્ત્વ આપ્યું. ઝંડો પૂજનીય મૂર્તિ બન્યો. તેની ઉપર સ્ત્રીપુરુષોનાં લોહી રેડાયાં! એ આગળ આવે તો લીગનો વાવટો કેમ પાછળ રહે? હિંદુ મહાસભા એ શાનો જ માને? આમ લાલ (કે કેસરી), ધોળા, લીલા, ભગવા રંગો, રેંટિયો કે ચક્ર, કે ચંદ્ર–તારાનાં નિશાન માણસોને એકબીજાનાં માથાં ફોડવાનાં નિમિત્તો બન્યાં. કેસરી એટલે બલિદાન, ધોળો એટલે શાંતિ, લીલો એટલે અમુક વગેરે તો માણસે આપેલો કલ્પિત અર્થ છે. એ ભાવનાઓ કદીયે તે રંગોથી જળવાયેલી જાણી નથી. એનો રેંટિયો તાંતણો કાઢી શકતો નથી, એનું ધર્મચક્ર ધર્મ સ્થાપી શકતું નથી. પણ તે સૌ મિથ્યા મોહ–મમત અને ખૂનરેજીની ભાવનાને પોષે છે અને એમાંથી હિંદ અને પાકિસ્તાન બે રાજકીય પ્રદેશો ઊભા થયા એ તો પ્રત્યક્ષ

અનુભવની વાત છે. જો વાવટો કેવળ એક ઓળખાણનું ચિહ્ન હોત અને તેટલા જ પૂરતો તેનો ઉપયોગ સમજવાનો સંસ્કાર હોત તો ઘણો નિકારણ ખૂનરેજી અટકી શકી હોત.

એક વિચારવા જેવી વાત એ છે કે 'રિલિજિયન' અથવા 'મજહબ' અર્થમાં ધર્મ શબ્દનો ઉપયોગ હાલ હાલમાં ઉત્પન્ન થયો છે. સંસ્કૃત ભાષામાં મત, પંથ, સંપ્રદાય, દર્શન, શાસ્ત્રવાદ વગેરે છે, તે દરેકને માન્ય હોય એવા ધર્મો અથવા આચારો છે, અને એ રીતે સ્મૃતિધર્મો, રૂઢિધર્મો, પુરાણોક્ત ધર્મો વગેરે છે, પણ વૈદિક ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, હિંદુ ધર્મ એવો ભાષાપ્રયોગ હાલમાં ઉત્પન્ન થયેલો છે. પોતપોતાના સંપ્રદાય કે દર્શને માન્ય રાખેલાં શાસ્ત્રોનો સમન્વય અને એકવાક્યતા કરવાનો દરેક મતવાળાનો પ્રયત્ન પણ થયેલો છે. પણ ભિન્ન ભિન્ન મતો કે પંથોનો કે તેમનાં શાસ્ત્રોનો સમન્વય કે એકવાક્યતા કરવાનો પ્રયત્ન થયો નથી. વેદ મત, જૈન મત, બૌદ્ધ મતની એકવાક્યતા કરવાની શક્યતા મનાઈ નથી. શ્વેતાંબર પંથ અને દિગંબર પંથ, શૈવ સંપ્રદાય અને વૈષ્ણવ સંપ્રદાય, સાંખ્ય દર્શન અને વેદાંત દર્શન, વગેરે વગેરેમાં એકવાક્યતા છે એમ કોઈ કહેતું નથી. વધારેમાં વધારે એ બધામાં વિચારની ક્રમિક પ્રગતિ કે સામ્ય દેખાડવાનો પ્રયત્ન થાય છે. જુદા જુદા મતો, દર્શનો વગેરેની માન્યતાઓ ધરાવનારા પ્રત્યે સહિષ્ણુતા રાખ્યા છતાં તેની આલોચના કરવામાં કદી સંકોચ રખાયો નથી, અને તેમ ન કરી શકાય એમ મનાયું નથી. 'શાસ્ત્રાર્થો', 'ખંડનમંડન', ઇત્યાદિ કરવાનો અધિકાર સૌ કોઈને છે એમ ગૃહીત કરેલું છે.

ખરું જોતાં, જેવા વિવિધ વૈદિક મતો, જૈન મત, બૌદ્ધ મત અને તે દરેકમાં અનેક સંપ્રદાયો, દર્શનો, પંથો કહી શકાય, તેવા જ ઇસ્લામ અને ખ્રિસ્તી મતો કહી શકાય. દરેક મત તેના માનનારાને સોળ આના સાચો લાગતો હોય, પણ જુદા મતવાળાને કંઈક સાચો અને કાંઈક ખોટો અથવા પૂરેપૂરો ખોટો લાગે એમ બને. ખોટો લાગ્યા છતાં તે પ્રત્યે સહિષ્ણુતા રાખે, વિનય, આદર બતાવે, વિનય–આદરથી તેને જાણવા પ્રયત્ન કરે, પણ તેના વિચારો અને આચારોની સત્યાસત્યતાની આલોચના ન કરે – કરવાનો અધિકાર ન હોય – એમ સ્વીકારી ન શકાય. એમ સ્વીકારવામાં આવે તો સત્યની શોધ અને અસત્યના ત્યાગનો માર્ગ જ બંધ થઈ જાય. પણ મતોને માટે ધર્મ – મજહબ શબ્દનો પ્રયોગ કરી, તે ઈશ્વરપ્રણીત એટલે સત્ય જ છે એવી તેની ઉત્પત્તિ વિશે તે મતના

અનુયાયીની શ્રદ્ધા અન્ય મતના લોકોએ પણ માન્ય રાખવી જોઈએ એવો સત્યશોધનને વિરોધી આગ્રહ ઉત્પન્ન થયો છે.

વિચાર કરીએ તો માલૂમ પડે કે ખોટા શબ્દો દ્વારા કેટલા અનર્થો ઉત્પન્ન થાય છે. ઉપર કહ્યા પ્રમાણે 'મજહબ', 'રિલિજિયન'નો સાચો અર્થ મત છે. પણ એ માટે 'ધર્મ' શબ્દ યોજાયો. પછી સહિષ્ણુતાને બદલે 'સમભાવ'ની યોજના થઈ. આમ પરમતસહિષ્ણુતાના અર્થમાં સર્વધર્મસમભાવ શબ્દ બન્યો. અને સમભાવ એટલે સહાનુભૂતિ, આદર એવો નહીં, પણ 'એકભાવ' (= બધા ધર્મો એક જ છે) અને તેથી વધી 'મમભાવ' (= બધા મારા છે) સુધી પહોંચ્યો.

એક બાજુથી એમ લાગે એવું છે કે આ હિંદુઓએ યોજેલી એક યુક્તિ જ છે, અને તેનો ઉદ્દેશ વધતી જતી ધર્માન્તરની પ્રવૃત્તિથી આત્મરક્ષા કરવાનો છે. દરેક ધર્મ સાચો છે, મોક્ષદાયી છે, એમ કહીએ એટલે ધર્માન્તરનું પ્રયોજન ન રહે. જે ધર્મમાં જે જન્મ્યો હોય તેને તે સાચા દિલથી પાળે એટલું બસ છે. 'સ્વધર્મે નિધનમ્ શ્રેયઃ પરધર્મો ભયાવહઃ – ' પણ, અહીં ધર્મ શબ્દનો અર્થ મત–સંપ્રદાય થતો નથી એવું ભાગ્યે જ કહેવાની જરૂર હોવી જોઈએ. જૈનથી વૈષ્ણવ કે વૈષ્ણવથી જૈન મત સ્વીકારી ન શકાય, અદ્વૈતવાદીમાં ઊછરેલાથી દ્વૈતવાદી ન બની શકાય એવો આનો અભિપ્રાય નથી. સામાજિક ધર્મો – જેને સામાન્ય રીતે વર્ણાશ્રમ–ધર્મને નામે ઓળખવામાં આવે છે – પોતપોતાના સ્વભાવ, શિક્ષણ, સંસ્કાર વગેરેથી કર્યા હોય તેનો ત્યાગ ન કરવાનો એમાં ઉપદેશ છે. મતાંતર થઈ શકે છે, માટે જ તો અનેક સંપ્રદાયો અને ગુરુ–ગાદીઓ ચાલે છે, અને તેનો પ્રચાર થાય છે. જેમ જૈન, બૌદ્ધ, શીખ, ઇત્યાદિ મતો છે અને તેનો ત્યાગસ્વીકાર કરી શકાયો છે તેમ જ મુસલમાન–ખ્રિસ્તી મતોનોયે ત્યાગ–સ્વીકાર થઈ શકવાને અને તેના પ્રચાર કે ખંડનમંડન કરવાને હરકત ન હોય. એમાંથી રાજકીય કોયડો બને; એવું બનવાની જરૂર ન હોય.

પણ એવું થયું છે, અને મતાંતર પ્રવૃત્તિ, જેને ધર્માંતર પ્રવૃત્તિનું નામ મળ્યું છે, મોટો કોયડો બની છે. આ કોયડાનું સાચું સ્વરૂપ સમજવામાં ધર્મ શબ્દના ખોટા ઉપયોગથી આપણી પોતાની દિશાભૂલ થઈ છે.

હકીકત એ છે કે ઇસ્લામ તથા ખ્રિસ્તી ધર્મો માત્ર મતાન્તર કરાવતા નથી પણ સમાજાન્તર પણ કરાવે છે. જૈન વૈષ્ણવ બનીને કંઠી બાંધે તથા કૃષ્ણમંદિરમાં જાય

અને ગીતા–ભાગવત વાંચે, અથવા વૈષ્ણવ જૈન બનીને કંઠી તોડે, અપાસરામાં જાય અને જૈન પુરાણો સાંભળે તોયે તેથી એના સામાજિક અને ઘરગતું ધર્મ–કર્મો તથા સ્થાન, વંશ–વારસો–વિવાહ વગેરેના અધિકારો વગેરેમાં ફેરફાર થતો નથી. એનાં નામ–ઠામ બદલાતાં નથી. પણ મુસલમાન કે ખ્રિસ્તી થવાથી એ બધું બદલાઈ જાય છે. એની પત્ની એની પત્ની રહેતી નથી, પતિ પતિ રહેતો નથી, એના એકત્ર કુટુંબના, વંશવારસાના તથા મિલકતના અધિકારોમાં ફરક પડી જાય છે. આમ મતાંતર સાથે સમાજાન્તર થતું હોવાથી, પ્રજામાં સમાજભેદ નિર્માણ થાય છે – થયો છે. અને એ રીતે સમાજની એકતામાં વિચ્છેદ થવાનું પરિણામ બે પ્રજાઓ – નેશન્સ ખ્નો વાદ અને તેનાં ફળ છે. જે ઝઘડો છે તે અલ્લા, ગૉડ કે ઈશ્વરનો નથી, એક દેવ કે બહુ દેવોનો નથી, પણ કુરાન–બાઈબલ તથા સ્મૃતિઓએ નિરૂપેલા જુદી જુદી જાતના સામાજિક અધિકારો, કર્તવ્યો અને સામાજિક જીવનને લગતા વિધિનિષેધોનો છે. જો સમાજને લગતા કાયદાઓ એક પ્રદેશમાં વસતી સર્વ પ્રજાને માટે એકસરખા જ રાખવાનો ફરજિયાત નિયમ હોય અને પરમતસહિષ્ણુતા હોય તો અનેક જાતના મતપંથો હોવાથીયે મુશ્કેલી ઊભી ન થાય.

આ રીતે ધર્માંતર = મતાંતર + સમાજાન્તર; અને વિવિધ ધર્મો (=મજહબ) = વિવિધ આધ્યાત્મિક મતો + વિવિધ સામાજિક કાયદાઓ. આ પૈકી યોગ્ય મર્યાદામાં રહી વિવિધ આધ્યાત્મિક મતોનો પ્રચાર થાય અને ગમે તે સંખ્યામાં એક મતના માણસો બીજા મતમાં જાય તેથી હરકત આવે જ એમ ન કહેવાય. સર્વધર્મસમભાવ નહીં પણ પરમતસહિષ્ણુતા જ હોય, તોયે સૌ સુખપૂર્વક રહી શકે. પણ મતાંતર સાથે તે તે મતવાળાને સમાજના ખાસ કાયદાઓ કરવાની કે માન્ય રખાવવાની છૂટ ન હોવી જોઈએ. આ બાબતના કાયદાઓનો 'લઘુમતી'ઓનો – એટલે વિશિષ્ટ ધર્મ–મતવાળાઓનો – અધિકાર માન્ય રાખવાથી ભિન્ન ભિન્ન એકબીજાથી એકરૂપ થઈ ન શકનારા સમાજોનું અસ્તિત્વ ટાળી શકાશે નહીં, અને એના કોયડાઓ ઊભા થયા જ કરશે. ઈશ્વર, સદ્‌ગુણો અને પવિત્ર જીવન વિશેની સર્વે ધર્મોની એકમતી બતાવ્યાથી એ કોયડાઓનો ઉકેલ આવશે નહીં, કારણ કે એ ઝઘડા ઈશ્વર, સદ્‌ગુણો કે પવિત્ર જીવન વિશેના મતો વિશે નથી હોતા, પણ મારા અને બીજાના સમાજના જુદાપણાથી ઉત્પન્ન થતી રાજકીય, આર્થિક વગેરે હરીફાઈઓના હોય છે.

જેટલે અંશે આવા સમાજાન્તરનું કારણ આજના ધર્મો છે, તેટલે અંશે તે પ્રજાના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં વિઘ્નરૂપ છે.

# ૧૧. ભાષાના પ્રશ્નો – પૂર્વાર્ધ

પાકિસ્તાન પ્રકરણ હિંદુ સમાજબંધારણ અને સ્વભાવનું પરિણામ છે એ આપણે સારી પેઠે યાદ રાખવાની જરૂર છે. આપણો ચોકો બીજાઓથી તદ્દન જુદો હોવો જોઈએ, એમાં કોઈ બીજાનો મેળ ન થવો જોઈએ, આંધળોયે જોઈ શકે એવી આપણી વિશિષ્ટતા દેખાઈ આવવી જોઈએ, એ હિંદુ જનતાનો – બલકે જનતાનો નહીં, પણ હિંદુ પંડિતો, આગેવાનો તથા ઉચ્ચ કહેવાતી જાતિઓનો સ્વભાવ અને આગ્રહ બન્યો છે.

આવો સમાજ સુધરતો કે પ્રગતિ કરતો જ નથી એમ નહીં, પણ સુધારા કે પ્રગિતને બુદ્ધિપૂર્વક અપનાવતો નથી. જબરદસ્તીથી તે ઠોકી બેસાડવામાં આવે અને પૂરતો કાળ જાય એટલે તેને એ વશ થાય છે. વશ થાય છે એટલું જ નહીં, પણ એ જાણે અસલથી જ પોતાનું અંગ હતું એમ સમજી તેનું મમત્વ પણ રાખવા માંડે છે. સુધારા પ્રત્યેની આપણી વૃત્તિ આગગાડીના મુસાફરો જેવી છે. જગ્યા હોય તોયે નવો મુસાફર બેસવા આવે તો પહેલાં તેને રોકવા પ્રયત્ન કરવો. પણ એ પરાણે ઘૂસી જાય તો પહેલાં થોડી વાર રોષ બતાવવો અને પછી તેને મિત્ર બનાવવો. વળી કોઈ ત્રીજો મુસાફર આવે તો જૂના અને નવા બન્નેએ મળી તેવો જ વ્યવહાર એ ત્રીજા પ્રત્યે બતાવવો.

આર્થિક, સામાજિક, સાહિત્યિક, સાંસ્કારિક, વગેરે જીવનની કોઈ પણ બાજુ આપણે તપાસીશું તો આપણો આ સ્વભાવ દેખાઈ આવશે. તે પૈકી આ પ્રકરણમાં ભાષાનો પ્રશ્ન વિચારવો છે.

આપણી હાલની પ્રાન્તીય ભાષાઓ બહુ મોટે ભાગે સંસ્કૃત ભાષાનું ખાતર ચૂસીને ઊછરેલી વિવિધ વેલીઓ છે એમાં શંકા નથી. પણ બહુ મોટે ભાગેનો અર્થ સોએ સો ટકાના જેવો સમજવા માંડીએ છીએ ત્યારે બે–ત્રણ પ્રકારની દિશાભૂલ થાય છે. પહેલી

એ કે સંસ્કૃત ખાતરનો ભાગ બહુ મોટો હોય, તોય તેમાં બીજી ભાષાનાં ખાતરો પણ છે જ, અને સંસ્કૃત એના સાહિત્યિક સ્વરૂપમાં નથી, પણ પ્રાકૃત અથવા વિકૃત (એટલે વિલક્ષણકૃત) રૂપેમાંયે છે, એ ભૂલી જઈએ છીએ. આ કારણથી એક જ સંસ્કૃત શબ્દ જુદી જુદી ભાષાઓમાં જુદા જુદા અર્થોમાં વપરાય છે, તેમ જ એક જ અર્થમાં જુદી જુદી ભાષો જુદા જુદા સંસ્કૃત શબ્દો પણ વાપરે છે એ ભૂલી જઈ છીએ. બીજી ભૂલ એ થાય છે કે આપણે એવું માનતા થયા છીએ કે મુસલમાનો તથા અંગ્રેજોના આવ્યા પહેલાં સંસ્કૃત કુળથી સ્વતંત્ર ભાષાઓ બોલનારા જાણે કોઈ પ્રજાજનો આ દેશમાં નહોતા જ, અથવા હતા તોયે તેમની બોલીઓનો આપણી હાલની ભાષાઓમાં કશો જ ફાળો નથી. સાચી વાત તો એ છે કે આપણી પ્રચલિત ભાષાઓ સંસ્કૃત (તત્સમ કે તદ્ભવ) + સ્થાનિક, તેમ જ પુરાણી કે નવી આવેલી પ્રજાઓની ભાષાઓથી સારી પેઠે મિશ્રિત છે, અને કેવળ મુસલમાની (ફારસી–અરબી) કે અંગ્રેજી ભાષાઓથી જ મિશ્રિત થયેલી નથી. ત્રીજું, આપણે એ વાત ભૂલી જઈએ છીએ કે ખુદ સાહિત્યિક સંસ્કૃતમાં પણ અન્ય ભાષાઓનો ઉમેરો થયેલો છે. કેટલાય દ્રાવિડી ભાષાઓના શબ્દો તત્સમ કે તદ્ભવ (એટલે સંસ્કૃત–કૃત) રૂપમાં, તથા કેટલાયે ગ્રીક વગેરે ભાષાઓના શબ્દો પણ છે. આપણી દૃષ્ટિએ આપણે એને સંસ્કૃત બનાવેલા ગણીએ છીએ; એ ભાષાઓ બોલનારાઓની દૃષ્ટિએ તે વિકૃત કે તદ્ભવ બનેલા ગણાય. આમ સંસ્કૃત કે પ્રચલિત કોઈ પણ ભાષા અસંકર નથી. પણ એ પાછલા સંકરોને આપણે પચાવી લીધા છે, અને એનું સમત્વ પણ ઉત્પન્ન થયું છે, એથી આપણી ભાષા બગડી નથી, વધી છે, સમૃદ્ધ થઈ છે, એને પ્રાન્તીય વિશિષ્ટતાઓ પ્રાપ્ત થઈ છે, શુદ્ધ સંસ્કૃત કરતાં એવા તળપદા (સ્થાનીય) શબ્દો વધારે પસંદ કરવા લાયક છે, એમ પણ માનવા લાગ્યા છીએ. સંભવ છે કે જે જે જમાનામાં આવી ભેળસેળ થઈ ત્યારે એનો સત્કાર નહીં થયો હોય, પણ અનિવાર્ય થઈ પડયા પછી એને વિશે મમત્વ બંધાયું હશે. આવી કેટલી ભાષાની નદીઓ આપણી હાલની ભાષાઓમાં ભળેલી હશે, તે ગણાવવું પણ મુશ્કેલ છે.

મુસલમાનો અને અંગ્રેજોના આગમન પછી તેમની ભાષાઓના શબ્દો, પ્રયોગ, પરિભાષાઓ વગેરે આપણી ભાષાઓમાં દાખલ થાય તેમાં કાંઈ જ આશ્ચર્ય પામવા જેવું નથી. તેમણે આપણને જીત્યા, આપણા પર રાજ્ય કર્યું, આપણને શરમિંદા કર્યા, તેનું ભલે આપણને દુઃખ લાગે તેથી ભાષાઓની કે સંસ્કૃતિઓની ભેળસેળ વિશે કશું

રોષ લગાડવા જેવું નથી. પ્રજાઓ પ્રજાઓ વચ્ચે સંબંધો બંધાવવાને અનેક નિમિત્તો થાય છે. પાડોશ, વેપાર, પ્રવાસ, સાહિત્યશોખ વગેરે દ્વારા જેમ સંબંધો બંધાય છે, તેમ હિંસાપરાયણ જગતમાં આક્રમણ અને હારજીત દ્વારા પણ સંબંધો બંધાય છે. બધાંનાં ઈષ્ટાનિષ્ઠ પરિણામો આવે છે. બધાંની એકબીજાની ભાષા અને સંસ્કૃતિ ઉપર સારી માઠી અસર થાય છે, જેની જે વિશિષ્ટતા હોય, તેની ભાષામાં તેને લગતા ખાસ શબ્દો પણ હોય, બીજી ભાષામાં તેને બરાબર પ્રગટ કરનારા કોઈ શબ્દ ન હોય એમ બને. તેવે વખતે પોતાની ભાષાનો કોઈ નવો શબ્દ બનાવવો સામાન્ય જનતાને સૂઝે નહીં; કારણ કે એમ કરવું સ્વાભાવિક નથી. કોઈ વાર એના પર્યાયરૂપ બીજો શબ્દ હોય, તોયે તે નવો શબ્દ વાપરવામાં સગવડ રહી હોય એમ બને. એને પરિણામે કાં તો બંને શબ્દો ચાલે અથવા પોતાનો ભુલાઈ પણ જાય એમ બને. એ અસમાન પ્રવાહો ભેળા થાય ત્યારે મોટો અથવા જોરદાર પ્રવાહ નાના કે નિર્બળ પ્રવાહને અટકાવી દે છે એવું જેમ જળ અને વાયુ વિશે બને છે, તેમ ભાષાઓ વિશે પણ બને છે.

ભાષાનું પ્રયોજન એકબીજાને પોતાનું મનોગત સમજાવવાનું છે. એમાં બોલનાર કરતાં સાંભળનારની સગવડ વધારે મહત્ત્વની વસ્તુ છે. ‘આંખના ખાસ દાક્તર’માં સંસ્કૃત, અરબી અને અંગ્રેજી ભષાઓના તદ્ભવો છે. છતાં ‘અક્ષિ ચિકિત્સા વિશેષજ્ઞ’ કે એવું કાંઈ પાટિયું કોઈ લગાડે તો તે સામાન્ય માણસને દુર્બોધ્ય અને અગવડભર્યું થશે. ધંધો કરવાની ઇચ્છાવાળો કોઈ માણસ એવું નહીં કરે. દાક્તરને બદલે એ વૈદ્ય કે હકીમ પણ નહીં લખે. કારણ એથી એની વિશેષ ચિકિત્સાપદ્ધતિ વિશે ભ્રમ થાય. ભાષાશુદ્ધિની દૃષ્ટિએ આ મોટો સંકર છે, પણ ભાષાશુદ્ધિ એ કાંઈ સ્વતંત્ર સાધ્ય નથી. ભાષા પોતે જ જીવનનું સાધ્ય નથી પણ સાધન છે, તો તેની શુદ્ધિ વિશે તો શું કહેવું?

પરંતુ, મુસલમાનો અને અંગ્રેજો આક્રમણ કરી આપણને હરાવીને આવ્યા છે, એમાંથી ઉત્પન્ન થયેલા હીનતાગ્રહથી આપણે એમની ભાષા, સંસ્કૃતિ, લિપિ વગેરે સર્વે પ્રત્યે અણગમો કેળવ્યો છે. જમતાં જમતાં ‘યાવની’ ‘મ્લેચ્છ’ ભાષાનો શબ્દ સંભળાય તો ઊઠીને નાહવું એટલે સુધી અણગમો કેળવનાર પંડિતો આપણે ત્યાં થઈ ગયા છે. એથી એ ભાષાઓને આપણામાં દાખલ થતી અટકાવી શકાઈ નથી. પણ એ અણગમાની ભાવના હજુ આપણે છોડી શકતા નથી. એમની ભાષાના જે શબ્દો કેટલીયે પેઢીઓથી આપણી પ્રજા વાપરતી થઈ ગઈ છે, તે બદલવા આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ, અને

તે પ્રયત્ન જ્યાં બે સમાન અને સામાન્ય શબ્દો જાણીતા હોય તેટલા પૂરતો જ મર્યાદિત નથી, પણ તે તે પ્રજાઓએ દાખલ કરેલી વિશિષ્ટ વિદ્યાઓ અને પ્રણાલિકાઓને લગતા ખાસ શબ્દોનેય વ્યાપે છે. 'કંપની'ને માટે 'ભાગીદારી' શબ્દ બરાબર ચાલે એમ હતો એમ માનીએ, અને ભાગીદારી એ અંગ્રેજોએ દાખલ કરેલી સંસ્થા નહોતી, એ પણ સાચું. પણ પેઢીના નામ સાથે 'ભાગીદારી' શબ્દ જોડવાની રૂઢિ આપણા દેશમાં નહોતી. એ રૂઢિ અંગ્રેજો પાસેથી લીધી, એટલે વધારે ઝીણવટમાં ન ઊતરતાં અંગ્રેજોની 'કંપની સરકાર' શબ્દ વાટે પરિચિત થયેલો 'કંપની' શબ્દ આપણે પણ ઉપાડી લીધો. એ સો–દોઢસો વર્ષ વાપર્યો. હવે એને બદલે 'ભાગીદારી' શબ્દ પણ નહીં, પણ 'પ્રમંડલ' શબ્દ દાખલ કરવાના પ્રયત્નને મિથ્યાભિમાન સિવાય શું કહેવું? એ જ રીતે transfer-entry માટે 'હવાલો' શબ્દ રૂઢ છે; પણ એ તો મુસલમાની ભાષાનો છે. એ આપણા મિથ્યાભિમાનને પોષી શકતો નથી. માટે 'સ્થાનાંતરણ–પ્રવિષ્ટિ' એવો શબ્દ સૂચવાયો છે. એ જ વિચારસરણી agreement અને 'કરાર' ને બદલે 'સંવિદા' અને agreement-deed 'કરારનામું' બદલે 'સંવિદા–લેખ' અથવા 'સંલેખ' એવા એવા શબ્દો સૂચવવામાં આવ્યા છે. સાહિત્ય અને ભાષાના ક્ષેત્રમાં એકેએક જીવનના વિષયમાં આ રીતે અરબી–ફારસી–અંગ્રેજી રૂઢ શબ્દો કાઢીને સંસ્કૃતનો જીર્ણોદ્ધાર કે નવો અવતાર કરવાની 'ભદ્રંભદ્ર' વૃત્તિ પેદા થઈ છે.

પહેલા જ લેખમાં કહ્યું તેમ આપણા વિચારો આજે બે પરસ્પર વિરોધી દિશામાં કામ કરી રહ્યા છે. એક બાજુથી આપણે હિંદુ–મુસલમાન–શીખ–પારસી–ખ્રિસ્તી વગેરેને એક પ્રજામાં સંગઠિત કરવી છે; ન્યાત–જાત તથા સંપ્રદાયના ભેદો અને વૈમનસ્યો તોડવાં છે; અને બીજી બાજુથી આપણી પોતપોતાની પ્રાચીનતાનો પુનરુદ્ધાર કરવો છે. એક બાજુથી આપણે આખી દુનિયાની એકતા, આખા એશિયાનું સંગઠન, અખંડ હિંદુસ્તાન વગેરે સાધવાની ઇચ્છા રાખીએ છીએ, બીજી બાજુથી પરદેશી ગણેલા સંસ્કાર, ભાષા વગેરેની આભડછેટ કેળવીએ છીએ. અને તે સૈકાઓ સુધી સાથે રહ્યા બાદ!

આ દૃષ્ટિ બીજી ગમે તેની હોય, ક્રાન્તિની નથી, એકતાની નથી, સુલેહશાંતિ–સંપની નથી, માટે અહિંસાની નથી, વિદ્યા તથા પ્રગતિની નથી, મારી દૃષ્ટિએ સંકુચિત મિથ્યાભિમાનની છે.

કેળવણીની દૃષ્ટિએ આ પર ચોથા ખંડમાં વધારે વિચાર કર્યો છે.

# ૧૨. લિપિના પ્રશ્નો – પૂર્વાર્ધ

ભાષા કરતાંયે વિધિ વધારે બાહ્ય વસ્તુ છે. ભાષાને લખાણમાં પ્રગટ કરવાનું એ સાધન છે. એને લખનારા કે બોલનારાની ન્યાત, જાત, ધર્મ, પ્રાન્ત, રાષ્ટ્ર વગેરે સાથે સંબંધ નથી. ટેવ–મહાવરો એ સાથે સંબંધ છે ખરો. એ ટેવો આનુવંશિક પ્રકારની નથી. એને વિશે એવું અભિમાન – મમત્વ હોવાની જરૂર નથી કે એમાં ફેરફાર કરવામાં વટલાઈ જતા હોઈએ એવી લાગણી ઊભી થવી ઠીક ગણાય. ભાષા તથા લિપિ પૈકી બેમાંથી એકને જતાં કરવાનો પ્રસંગ આવે, તો લિપિનો ત્યાગ કરવો ઘટે.

હિંદુસ્તાનમાં આજે અનેક લિપિઓ લખાય છે. વર્ણમાળાના વિચારથી એ લિપિઓના ત્રણ વર્ગ પાડી શકાય, સંસ્કૃત વર્ણમાળાવાળી, ફારસી વર્ણમાળાવાળી, અને અંગ્રેજી વર્ણમાળાવાળી, (અંગ્રેજી કહું છું, કારણ કે રોમન લિપિના અંગ્રેજી અનુક્રમ અને ઉચ્ચારપદ્ધતિ જ હિંદુસ્તાનમાં ચાલે છે. રોમન કે યુરોપની બીજી ભાષાઓનાં નહીં.)

અંગ્રેજી વર્ણમાળાની લિપિ એક પણ કહી શકાય અને ચાર પણ કહી શકાય એવી સંકળાયેલી છે. લખવાની અને છાપવાની પદ્ધતિઓમાં થોડા ફરકને લીધે, અને કૅપિટલ અને નાના અક્ષરોના થોડા થોડા ભેદોને લીધે એ ચતુર્વિધ બને છે, અને છતાં એ ભેદો મરાઠી (બાળબોધ) અને હિંદી દેવનાગરી વચ્ચે તથા ગુજરાતી, મોડી, કૈથી જેવી પત્રલેખનની અને નાગરી જેવી ગ્રંથલેખનની લિપિઓ વચ્ચે જેવા છે તેથી વધારે તીવ્ર ન હોવાથી એક જ છે એમ કહી શકાય છે.

ફારસી વર્ણમાળાવાળી લિપિના બે પ્રકાર છે : અરબી મરોડની (કુરાન તથા બીબાંમાં વપરાતી) અને ફારસી મરોડની (હાથલખાણ તથા શિલાછાપમાં વપરાતી). બે વચ્ચેનો ભેદ તેલુગુ અને કાનડી લિપિ વચ્ચેના ફરક જેવો કહી શકાય. હિંદુસ્તાની બહારના

ઇસ્લામી દેશોમાં હવે અરબી મરોડ જ વપરાય છે એમ મેં સાંભળ્યું છે. હિંદુસ્તાનમાં બન્ને ચાલે છે, પણ મુસલમાન પ્રજા ફારસી મરોડ વધારે પસંદ કરે છે. છાપવાની દૃષ્ટિએ એમાં અતિશય સગવડ રહેલી છે. જેઓ વાંચી શકે છે તેમને કુરાન વગેરેને કારણે પહેલી લપિનો પૂરતો મહાવરો હોય છે. છતાં ફારસી મરોડમાં લખવાની ટેવ પાડવામાં આવેલી હોવાથી, અરબી મરોડના અક્ષરો પ્રત્યે એટલી અરુચિ કેળવાઈ છે કે અરબી મરોડમાં છાપનારા પ્રકાશકોને છેવટે હાર ખાવી પડે છે. આજે લખીવાંચી શકનારા માણસોની સંખ્યા ઘણી જૂજ હોવા છતાં આ સ્થિતિ છે. શિક્ષણના વિસ્તાર સાથે એ જ ટેવ ચાલુ રાખવામાં આવે તો એમાં ફેરફાર કરવો વધારે કઠણ થશે.

સંસ્કૃત વર્ણમાળાની મુખ્ય લિપિઓ – જેમાં પુસ્તકો વગેર છાપી શકાય છે – દેવનાગરી (બે જાતની – હિંદી તથા મરાઠી), ગુજરાતી, બંગાળી, પંજાબી (ગુરુમુખી), ઊડિયા, કાનડી, તેલુગુ, મલયાલમ, તામિલ – એટલી હિંદુસ્તાન માટે ગણાવી શખાય. આ પૈકી આધુનિક તામિલ સિવાય બીજી બધી લિપિઓની વર્ણમાળા એક જ છે એમ કહેવાને હરકત નથી. આ ઉપરાંત પત્ર વગેરેના લેખનમાં કેટલીક ઉપ–લિપિઓનો પ્રચાર પણ છે : જેમ કે, કૈથી, મોડી ઈ#

આ બધી લિપિઓને ઉપર ઉપરથી જોઈએ તો તેમાંની ઘણી એકબીજીથી સાવ સ્વતંત્રપણે જ બની હોય તેવી નિરાળા પ્રકારની દેખાય છે. પણ પ્રાચીન લિપિસંશોધકોએ સારી પેઠે બતાવ્યું છે કે આ બધી લિપિઓ મૂળ એક જ લિપિમાં કાળાન્તરે પડી ગયેલા અને સ્થિર થયેલા જુદા જુદા મરોડોનું પરિણામ છે. એ મૂળ લિપિને બ્રાહ્મી લિપિ કહી છે. એ લિપિનો કાળાંતરે દેવનગર (કાશી)માં સ્થિર થયેલો મરોડ તે આધુનિક દેવનાગરી. કાશીના પ્રાચીન સાંસ્કૃતિક મહત્ત્વને લીધે એ લિપિ સૌથી વધારે પ્રચાર પામી તથા આદરને પામી. ગુજરાતી, કૈથી, જેવી લિપિઓ દેવનાગરીનાં જ રૂપાન્તરો છે એ સહેલાઈથી જોઈ શકાય છે. બંગાળી, ઊડિયા કે દ્રાવિડી લિપિઓ વિશે એટલું સહેલાઈથી જોઈ શકાતું નથી. એ બ્રાહ્મી લિપિનાં સીધાં રૂપાન્તરો પણ હોઈ શકે છે.

તે તે પ્રાન્તમાં પ્રથમ લેખનકળા લઈ જનાર પંડિતના પોતાના હસ્તાક્ષર, લખવાનું અધિષ્ઠાન (કાગળ, ભૂર્જપત્ર ઈ#), લખવાનું સાધન (શાહી, કલમ, લોઢાની લેખણ ઈ#) વગેરે કારણોથી, જુદી જુદી જગ્યાની લિપિમાં જાણ્યેઅજાણ્યે નવા મરોડો ઉત્પન્ન

થયેલા માલૂમ પડે છે. કેટલાક અક્ષરોની પહેલાં જરૂર નહીં જણાઈ હોય, પણ પાછળથી દાખલ કરવામાં આવ્યા હોય એમ જણાય છે. આ બધું દરેક પ્રાન્તમાં એકસાથે કે એક જ રીતે થયું નથી. છતાં એક મૂળ પાયારૂપ યોજના બધાની પાછળ સ્પષ્ટ દેખાઈ આવે છે. સ્વરયોજના, સ્વરોને વ્યંજનો સાથે ભેળવવાની યોજના, અક્ષરો કે ચિહ્નોને ઉપર, નીચે, જમણી કે ડાબી બાજુ લખવાની રીત બધે એકસરખી જણાય છે. છાપવાની કળા દાખલ થયા પછી કેટલાક પ્રાન્તોમાં તેમાં ફેર પડી ગયા છે.

આ લિપિઓ કેવળ રૂઢિવશ અને અજાણ્યે જ બદલાતી ગયેલી છે એમ ન કહેવાય. એમાં વખતોવખત બુદ્ધિપૂર્વક ફેરફારો થયેલા પણ દેખાય છે.

આ રીતે આ લિપિઓનું અધ્યયન એક બહુ રસિક વિષય છે. એનું સ્વરૂપ તપાસતાં ઊંધી બાજુથી લખાનારી અરબી–યહૂદી લિપિઓ તેમ જ તદ્દન જુદી દેખાનારી રોમન–ગ્રીક લિપિઓમાં પણ બ્રાહ્મી લિપિની સાથે સગપણ દેખાઈ આવે છે, અને એ સર્વે લિપિઓ મૂળ એક જ લિપિમાંથી પેદા થઈ હોય એવું અનુમાન થાય છે.

જેમ બાપદીકરો તદ્દન સરખા લાગે, બે જોડિયા ભાઈઓ ભુલાવામાં નાખે એવા સરખા લાગે છતાં તદ્દન સરખા નથી હોતા, જેમ દર વર્ષે ઋતુઓનું ચક્ર આવ્યા કરે છે, છતાં એક વર્ષની ઋતુ બરાબર બીજા કોઈ વર્ષના જેવી નથી હોતી, તેમ જીવંત ભાષા, લિપિ અને વેશ એકસરખાં રાખવા માગો તોયે, તદ્દન એકસરખાં રહી શકતાં નથી. જાણીને ફેરફાર ન સ્વીકારો તોયે અજાણ્યે એમાં ફેરફાર પડી જાય છે. આ મારી બાપીકી ભાષા, લિપિ કે વેશ એ મિથ્યાભિમાન જ છે. ક્યારેક બીજી જ ભાષા બોલનારા, લિપિ લખનારા અને વેશ રાખનારા એના પૂર્વજો હતા જ. કોઈ માણસ પોતાની બાપીકી એક પણ રીતને સંપૂર્ણપણે વળગી રહી શકતો નથી. સારું છે માટે ન છોડવાનો આગ્રહ હોવો ઠીક છે, પણ બાપીકું છે માટે સારું ન હોય તોયે વળગી રહેવાનો આગ્રહ ક્રાન્તિની વાતોની સાથે સુસંગત નથી.

બે વ્યક્તિઓમાંયે પોતપોતાની વિશિષ્ટતાઓ હોય છે અને એક થવાનો પ્રયત્ન કરે તોયે જતી નથી, તેમ બે પ્રજાઓમાં પ્રજાના જુદા જુદા વર્ગોમાં વિશિષ્ટતાઓ રહેવાની, પણ રહેવાની તેથી તે રાખવી જ, તેનું મિથ્યાભિમાન હોવું, તેને ધર્મનું રૂપ આપવું એ બરાબર નથી. માણસ–માણસ વચ્ચે હૃદયની જેમ જ બાહ્ય એકતાયે લાવવાનો પ્રયત્ન ઇષ્ટ છે. વિશિષ્ટતા અથવા ભેદો માટે આવશ્યક કારણ હોય, અમુક ભેદ રાખવાથી

મનુષ્યનું હિત વધારે સાધી શકાતું હોય ત્યાં ભેદ રાખવાની જરૂર માનવી જોઈએ. જ્યારે ન સમજાવી શકીએ ત્યાં ભેદ સહન કરવા એ અહિંસક માટે અનિવાર્ય છે. પણ પોતાના ભેદની પૂજા કરવી એ બરાબર નથી.

મુસલમાન ધર્મને કારણે ઉર્દૂનો આગ્રહ રાખે, પ્રાન્તવાળાઓ પ્રાન્તીય અસ્મિતાથી પોતપોતાની લિપિઓનો આગ્રહ રાખે, નાગરી હિંદુસ્તાનની અસ્મિતા માટે જાળવવાનો આગ્રહ થાય, રોમન લિપિ પરદેશી માટે જ ત્યાજ્ય લાગે – આ બધી દલીલો ક્રાન્તિની નથી. બધાના ગુણદોષોનો સ્વતંત્ર અને માનવહિતની દૃષ્ટિએ વિચાર કરવાની વિવેકી પુરુષની તૈયારી હોવી જોઈએ.

આ પ્રશ્નોયે કેળવણી ખંડમાં વધારે વિચાર કરેલો છે.

15-9-'47

# ૧૩. એકતા અને વિવિધતા

ભાષા, લિપિ, વેશ, વંશ–વારસો–વિવાહ–મિલકત વગેરેના નિયમો, શિષ્ટાચાર–સદાચાર–માન–પૂજા–સત્કાર વગેરેની રૂઢિઓ, ઘર–ગલી–ગ્રામ–સભામંડપ આદિની રચના, આસન–ભોજન–સ્નાન વગેરેના રિવાજો ઇત્યાદિ એકતા અને વિવિધતાનો ક્યાં અને કેમ વિવેક કરવો તેનો વિચાર કરવાની જરૂર ઊભી કરે છે.

જગતમાં વિવિધતાઓ તો રહેશે. બધે બધું સોળ આની એકસરખું કરી ન શકાય, એ બરાબર છે. કેટલીક વિવિધતાઓ કુદરત–નિર્મત છે. જુદાં જુદાં સ્થાનોની જુદી જુદી આબોહવા, નૈસર્ગિક સંપત્તિ, સગવડ–અગવડ વગેરેને લીધે વિવિધતા પેદા થાય છે. એને લીધે ખાન–પાન, વેશ–ઘર–ગામ વગેરેની રચના, ધંધા વગેરેની વિશિષ્ટતાઓ, શિષ્ટાચાર–સદાચારની કેટલીક રૂઢિઓમાં ફરક પડે છે અને રાખવો પડે છે.

કેટલીક વિવિધતાઓ સંપર્કના અભાવથી નિર્માણ થાય છે અને કેટલીક નવા સંપર્કોથી થાય છે. મૂળ એક જ ભાષા, રિવાજ વગેરેને અનુસરનારા એકબીજાથી બહુ દૂર વસે અને પરસ્પર સંપર્ક છૂટી જાય, તો તેમની મૂળની એક જ ભાષા (ઉચ્ચારણ), લિપિ, વેશ, રૂઢિ વગેરે પણ ધીમે ધીમે બદલાઈ જઈ તદ્દન જુદી હોય એવી બની જાય છે. રેલવે વગેરે પ્રવાસની સગવડને લીધે હવે એવો સંપર્ક પહેલાં કરતાં ઓછો તૂટે છે. તેને અભાવે 'બાર ગાઉએ બોલી બદલાય' એવું થતું અને કેવળ બોલી જ નહીં પણ પાઘડી અને જોડાના આકાર પણ બદલાતા, અને લગ્નની રૂઢિઓ પણ જુદી પડતી.

કેટલીક વાર એક જ જનવિભાગનો એક અંશ એક પ્રકારના લોકોના સંપર્કમાં આવે અને બીજો અંશ બીજા પ્રકારના લોકોના, ત્યારે પણ વિવિધતા ઉત્પન્ન થાય છે.

કેટલીક વાર જાણ્યેઅજાણ્યે ફરક થઈ જાય છે, અને તે ફરકો કાયમના બની જાય છે, અને જેમણે તે નથી કર્યો હોતો તેઓ જુદા પડી જાય છે.

આમ પ્રકૃતિ, દેશ, કાળ, ક્રિયા, સંગ, દીક્ષા, શિક્ષા, નિત્ય–નૈમિત્તિક પ્રસંગો, સગવડ–અગવડ વગેરેથી વિવિધતાઓ ઉત્પન્ન થયા કરવાની.

પણ એ વિવિધતાઓ ઉત્પન્ન થાય માટે એ સૌને રાખવી જ જોઈએ, એને ટાળવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, ફરીથી એકતા લાવવા ન મથવું જોઈએ, એ વિવિધતાઓમાં જ પોતાની અસ્મિતા અને અભિમાન ભરી દેવાં જોઈએ, અને વિવિધતામાં જ એકતા જોવી જોઈએ – એ એક ભૂલ છે. વિવિધતાનાં કારણોને તપાસ્યા વિના એક જ સંચામાં બનેલા માલની જેમ બળાત્કારે એકતા નિર્માણ કરવા પ્રયત્ન કરવો એ બીજી જાતની ભૂલ છે.

પ્રકૃતિના ભેદો (જેમ કે, સ્ત્રી–પુરુષના, ચામડીના રંગના), કુદરતના ભેદો (જેમ કે, લાલ, કાળી, ધોળી, પહાડી, મેદાની, રણ વગેરેની જમીનના સમુદ્રકિનારેથી ઊંચાઈના, રેખાંશ–અક્ષાંશના, તથા જુદી જુદી ઋતુઓના), પરિસ્થિતિના ભેદો (જેમ કે, શાંતિકાળના, યુદ્ધકાળના, સુકાળ–દુકાળના, ઉંમરના, માતાપિતાના, ભાવ–અભાવના વગેરે), જે વિવિધતા નિર્માણ કરે છે તે ઓછીવત્તી અનિવાર્ય છે. એ કારણે ઉત્પન્ન થતા પ્રજાઓના જીવનધારણના ભેદો સહન કરવા જોઈએ, અને તે રાખ્યા છતાં તેમની વચ્ચે સુસંબંધો ઉત્પન્ન થવા જોઈએ.

પણ શિક્ષા–દીક્ષાના ભેદોથી ઉત્પન્ન થયેલા ભેદો અને ઉપરના ભેદો જે જગ્યા કે કાળમાં અનિવાર્ય છે તેથી જુદી જગ્યા કે કાળમાં તેભેદો પ્રત્યેની દૃષ્ટિ અનિવાર્યપણાની ન હોવી જોઈએ. ગુજરાતનો માણસ બંગાળમાં જઈને વસે તો તેણે પોતાની સાથે ગુજરાતનાં ભાષા, લિપિ, વેશ, રીતરિવાજો, વંશ–વારસાના અધિકાર, લગ્નાદિકની વિધિઓ, આદર–સત્કાર–પૂજા વગેરેની પદ્ધતિઓને લઈ જઈ તે કાયમ રાખવાનો આગ્રહ કરવો કે અધિકાર માગવો યોગ્ય નથી. જુદા જુદા ધર્મના લોકોમાં, પોતાની ધર્મવિધિઓમાં (એટલે દેવપૂજા તથા પ્રાર્થના વગેરેમાં) ભલે પોતપોતાની માન્યતાનુસાર ફરકો હોય; પણ સામાજિક કાર્યોમાં – જેમ કે સભાઓ, સામાજિક મેળાવડાઓ, લગ્નાદિકમાં સ્વાગત વગેરેમાં – હિંદુઓ એક રીતે સત્કાર શિષ્ટાચાર કરે અને મુસલમાનો જુદી રીતે એમ ન હોવું જોઈએ. પરંતુ એ સ્થાનનો જે બહુજનસમાજનો શિષ્ટાચાર હોય તે જ સૌએ સ્વીકારવો જોઈએ. 'દેશે તેવો વેશ' એ કહેવતમાં ઘણું

ડહાપણ છે. પણ વેશનો અર્થ કેવળ કપડાં જ નહીં, પણ ભાષા, લિપિ, વગેરે ઉપર ગણાવેલી બધી બાબતો એ જ કોટિની સમજવી જોઈએ. વિલાયતમાં ચાર દિવસ માટે જ જનાર કે આ દેશમાં થોડા દિવસ માટે જ આવનાર પોતાનો વેશ રાખે એ સમજી શકાય. પણ જો કોઈ હિંદી વિલાયતમાં લાંબો વખત – કહો કે છે મહિના જેટલું – રહેવા ઇચ્છે, અથવા કોઈ યુરોપિયન કે હિંદ બહારનો અહીં તેટલું રહેવા માગે તો સભ્યતા પોતાનો વેશ પકડી રાકવામાં નહીં પણ તે સ્થાનનો વેશ વગેરે પહેરવામાં, ત્યાંની ભાષા બોલવાનો પ્રયત્ન કરવામાં મનાવી જોઈએ. પ્રાન્ત–પ્રાન્ત વચ્ચે તો આમ વિશેષપણે હોવું જોઈએ. પણ કંઈક વિચિત્ર અહંતાને વશ થઈ આપણે જુદે ઠેકાણે વસીનેયે ત્યાંની પ્રજા સાથે ઓતપ્રોત થવાને બદલે પોતાની જૂની રીતોને પકડી રાખીએ છીએ, અને તેમ રાખવાનો હક સમજીએ છીએ. ગુજરાતમાં વસતા સર્વે હિંદુ–મુસલમાન–પારસી–ખ્રિસ્તી–અંગ્રેજ ગુજરાત માટે નિશ્ચિત કરેલો જ વેશ રાખે, ગુજરાતી ભાષા જ અપનાવે, ગુજરાતની લિપિ જ સ્વીકારે એવો નિયમ હોવો જોઈએ, એ વિશેની પ્રાન્તીય વિશેષતા જ કાંઈ ન હોય અને સમગ્ર હિંદમાં સર્વે સરખા જ હોય – ભલે કદાચ એમાં બે–ચાર વિકલ્પો કે પ્રકારો હોય, – તો તે વળી વધારે ઇષ્ટ. સમગ્ર દુનિયામાં એવું કરી શકાતું હોય તોયે તેમાં તત્ત્વ: ખોટું નથી. પરંતુ બધાની વચ્ચે પોતાનો જુદો વાડો રાખવાનો આગ્રહ ઇષ્ટ નથી; અને એને કાયદા દ્વારા સ્વીકારવાની માગણી બરાબર નથી. ભાષા, લિપિ, વેશ, વંશ–વારસો, સદાચાર–શિષ્ટાચાર વગેરે તે તે કાળના અને દેશના સમાજની સાર્વજનિક બાબતો છે; તે કોઈ ખાસ ફિરકાની વસ્તુઓ બનાવવી ન ઘટે.

એક બાજુથી આપણે અખંડ હિંદુસ્તાનના હિમાયતી છીએ. કેંદ્રીય સત્તા બળવાન હોવી જોઈએ એમ કહીએ છીએ. દેશના ભાગલા પાડયાનો શોક હજુ આપણો ઓસર્યો નથી. બે–રાષ્ટ્ર (નેશન)-સિદ્ધાંતનો વિરોધ જાહેર કરીએ છીએ. અલ્પમતી–બહુમતીનો કોયડો જ નીકળી જવો જોઈએ, સર્વે ધર્મના લોકો એકબીજા સાથે હળીમળીને ભાઈ–ભાઈની જેમ એક થઈ જાય એવું ઇચ્છીએ છીએ. ન્યાત–જાતના ભેદો તોડવાનોયે પ્રચાર કરીએ છીએ. સમાજવાદનોયે આદર્શ જાહેર કરીએ છીએ.

બીજી બાજુથી આપણી પ્રવૃત્તિઓ એવી રીતે કામ કરે છે કે જાણે આપણા મનમાં ડર પેઠો હોય કે આખું હિંદુસ્તાન એક થઈ જશે, કેંદ્રીય સત્તા મજબૂત હશે, ન્યાત–જાત

તૂટી ગઈ હશે, તો પછી આપણું વ્યક્તિત્વ શું રહેશે? આપણે 'હું' અથવા અમારું મંડળ પણ કાંઈક છે એવી અસ્મિતા કેમ જાળવી શકશું? તેથી આપણે પ્રાન્તીય ભેદો પર અને તેને સ્થિર કરવા તથા વધારવા પર જોર દઈ રહ્યા છીએ. તામિલો અને તેલુગુઓ દુનિયાના બીજા સૌ લોકો સાથે રહી શકે, અને કામ કરી શકે, પણ એ બે એકબીજા સાથે રહે અને કામ કરે એ અશક્ય! એ બેએ જુદા પડયે જ છૂટકો. એવો જ સંઘર્ષ બંગાળી–બિહારીનો, કલકત્તામાં મારવાડી–બંગાળીનો, મધ્યપ્રાન્તમાં હિંદી–મહારાષ્ટ્રીનો, મુંબઈમાં ગુજરાતી–મરાઠી–કાનડીનો!

રાજતંત્રની સગવડ, ભાષાની સગવડ વગેરેની દૃષ્ટિએ ભાષાવાર વિદ્યાપીઠોની સ્થાપના કે પ્રાન્તીય વહીવટના ભાગ પાડવા એ એક વસ્તુ છે. પણ એક ભાષાવાળાને બીજી ભાષાવાળા સાથે બને નહીં, બે વચ્ચે ઈર્ષા બંધાય, અને જીવનના નાનામોટા એકેએક ભાગમાં ભાષાનો ભેદ ગાય–ભેંસ વચ્ચેના ભેદ કરતાંયે વધારે મહત્ત્વનો બની જાય એ આપણી તડા–પ્રિયતાનું જ ચિહ્ન છે એમ સમજવું જોઈએ.

એક બાજુથી આપણે સંયુક્ત મતદારમંડળોનો અને તેમાં નાછૂટકે જ કોઈને માટે ખાસ જગ્યાઓ રાખવાનો કાયદો ઘડીએ છીએ, નોકરીમાં પણ એ જ નીતિની હિમાયત કરીએ છીએ. બીજી બાજુથી આપણે કાયદા બહાર એથીયે વધારે મજબૂત તડાં – રૂઢિઓ (conventions) સ્થાપવા પ્રયત્ન કરીએ છીએ. ચૂંટણીઓમાં ઉમેદવારો ઊભા કરવામાં, પ્રધાનમંડળ, ચૂંટવામાં, તેમના મંત્રીઓ ચૂંટવામાં, સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરની પસંદગીમાં, કમિટીઓની નિયુક્તિઓમાં – ક્યાંયે કેવળ લાયકાત માટે પસંદગી કરી શકાતી જ નથી. બલકે એ ગૌણ બની જાય છે. બ્રાહ્મણ, અબ્રાહ્મણ, હરિજન, આદિવાસી, પછાતવર્ગ, પારસી, ખ્રિસ્તી, મુસલમાન, ગુજરાતી, મહારાષ્ટ્રી, કાનડી, નાગપુરી, વૈદર્ભી, બંગાળી, બિહારી, સ્ત્રી, પુરુષ વગેરેનાં યથાયોગ્ય પ્રમાણ જાળવવાં એ જ મહત્ત્વનું બને છે. અને એ તૂત એટલું વધતું જાય છે કે હરિજન છે પણ ભંગી નથી, માંગ નથી; પછાત કોમનો છે પણ વણકર નથી, તેલી નથી; મુસલમાન છે પણ શિયા નથી; ખ્રિસ્તી છે પણ અર્ગ્લો–ઇંડિયન નથી; વગેરે વગેરે ફરિયાદો કરતાંયે સંકોચ થતો નથી. અને, તે ફરિયાદોને વખોડી કાઢવાની હિંમત પણ થતી નથી, કારણ કે આગેવાનોના પોતાના દિલમાંથી એ દૃષ્ટિ નાબૂદ થતી નથી.

હિંદી–ઉર્દૂ–હિંદુસ્તાની ભાષા અને લિપિ વગેરેના ઝઘડા, કોમી ઝઘડા, પ્રાન્તીય

ઈર્ષા વગેરે સર્વેના મૂળમાં એક જ વસ્તુ છે. આપણા દિલની ક્રાન્તિ થઈ નથી; આપણી સંકુચિત અસ્મિતાઓ આપણે છોડી શકતા નથી, તેથી નાના નાના ટુકડાઓમાં વહેંચાઈ જવું એ તરફ જ આપણો પુરુષાર્થ વારંવાર ગતિ કર્યા કરે છે.

19-9-'47

# ભાગ બીજો : આર્થિક ક્રાન્તિના પ્રશ્નો

# ૧. ચોથું પરિમાણ

હવે આર્થિક પ્રશ્નો લઈએ. કોઈ પદાર્થનું માપ બતાવવું હોય તો સામાન્ય રીતે તેની લંબાઈ, પહોળાઈ અને ઘનતા એમ ત્રણ પરિમાણો બતાવવામાં આવે તો તે પૂરો વર્ણવાયો એમ મનાય છે. આધુનિક ભૌતિકશાસ્ત્રીઓ કહે છે કે આ વર્ણન પૂરતું નથી. સાથે સાથે એનાં બીજાં બે પરિમાણ પણ બતાવવાં જોઈએ, અને તે વર્ણનના કાળ અને સ્થાનનાં. કારણ જે પદાર્થ પૃથ્વીના તળ પર અમુક પરિમાણવાળો હોય, તે ચંદ્ર પર તે જ પરિમાણનો નહીં જણાય, અને ગુરુ પર વળી બદલાઈ જશે. વળી, કાળના ભેદથી પણ તેનું માપ જુદું થશે. આમાં સ્થાનનું મહત્ત્વ જરા વિચાર કરતાં કદાચ સમજાઈ જાય છે. વળી, વર્ણન વખતે તે પદાર્થ પરત્વે તે ગૃહીત કરેલું હોઈ, સામાન્ય રીતે જુદું વિચારવું પડતું નથી. પણ સ્થાન કરતાંયે ક્ષણે ક્ષણે બદલાતા કાળનું મહત્ત્વ ઘણું વધારે છે એવો ભૌતિકશાસ્ત્રીઓનો નિર્ણય છે, અને તે સહેલાઈથી સમજાતો નથી. છતાં કાળના વિચારમાંથી જ આઈન્સ્ટાઈનની 'રેલેટિવિટી' – સાપેક્ષતાનો સિદ્ધાંત પેદા થયો, જેણે ગુરુત્વાકર્ષણ વગેરે બાબતોની જૂની માન્યતાઓમાં ઘણો ફરક કરી નાખ્યો. દેશનું ગૃહીત હોવાથી કાળ ચોથું પરિમાણ કહેવાય છે.

આવું જ કાંઈક આર્થિક પ્રશ્નો સમજવાની બાબતમાં છે. કુદરત અને મજૂરી એ બે સંપત્તિનાં કારણ છે એમ કહેવું એક વાર પૂરતું મનાતું. એટલે સંપત્તિનું માપ કુદરતી સામગ્રીથી સુલભતા તથા મજૂરીની સુલભતા પરથી નીકળી શકે. આગળ પણ માલૂમ પડ્યું કે આટલાં બે પરિમાણો પૂરતાં નથી. કુદરતી સામગ્રીની તેમ જ મજૂરીની સુલભતા કોને અને કેવા પ્રકારની છે એ પણ સંપત્તિનું માપ કાઢવા માટે એક મહત્ત્વનું પરિમાણ છે. તેની સુલભતાનો વિચાર કરતાં કરતાં મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ, ઉદ્યોગીકરણ,

રાષ્ટ્રીયકરણ, યંત્રીકરણ, કેંદ્રીકરણ, વિકેંદ્રીકરણ વગેરેના અનેક વાદો ઉત્પન્ન થયા છે. અને જેમ ન્યાત–જાત, ધર્મ વગેરેના ભેદોને લીધે અનેક પરસ્પર ઝઘડનારા વર્ગો નિર્માણ થાય છે, તેમ આ વાદો વિશેના આગ્રહથીયે થયા છે.

જેમ ઘણી વાર કાયદાની મદદથી કેટલાક ધર્મો પોતાનું વર્ચસ જમાવે છે, તેમ કાયદાની મદદથી આવા કોઈક એક વાદનું વર્ચસ સ્થાપવાનો જુદા જુદા વાદીઓનો પ્રયત્ન હોય છે. જ્યાં હાલનું રાજ્યતંત્ર એ પ્રયત્નને અનુકૂળ નથી હોતું, ત્યાં તે તંત્ર બદલવાનો પ્રયત્ન થાય છે. કોઈક વાદની સ્થાપના તે આર્થિક ક્રાન્તિ કહેવાય છે, અને તે માટે રાજ્યતંત્રનું બદલવું તે રાજકીય ક્રાન્તિ કહેવાય છે, આમ ક્રાન્તિનો અર્થ (સામાન્ય રીતે કુદરતી સામગ્રી પરના અધિકારો અને વ્યવસ્થા સંબંધી) કોઈક નવા વાદની બળાત્કારે કે કાયદેસર રીતે સ્થાપના એવો થયો છે.

પણ સંપત્તિનું માપ કાઢવામાં કુદરતી સામગ્રી, મજૂરિયા સામગ્રી અને તે વિશેનો વાદ એ ત્રણ પરિમાણો બસ નથી. એમાં બે બીજાં પરિમાણો પણ વિચારવાનાં રહી જાય છે. એ બે જો શૂન્ય હોય તો વિપુલ કુદરત, વિપુલ મજૂરી અને સર્વશ્રેષ્ઠ વાદ પર ઘડાયેલું રાજ્યતંત્ર ત્રણે હોવા છતાં સંપત્તિના ગણિતનો જવાબ શૂન્ય અથવા ખોટ (negative) આંકડો (એટલે વિપત્તિપરિણામી) નીવડે એમ બને. જેમ પદાર્થનું શુદ્ધ ગણિત કરવામાં દેશકાળ મહત્ત્વનાં પરિમાણો છે, તેમ સંપત્તિનું ગણિત કરવામાં બે મહત્ત્વનાં પરિમાણોની અપેક્ષા રહે છે. તે પરિમાણો તે પ્રસ્તુત પ્રજાનાં જ્ઞાન અને ચારિત્ર.

આ પૈકી જ્ઞાનનું મહત્ત્વ આજે સામાન્ય રીતે સૌ કોઈ સ્વીકારી લેશે. જ્ઞાનમાં કઈ વિગતોનો સમાવેશ કરવો જોઈએ, શાને કેટલું મહત્ત્વ આપવું જોઈએ, તે બાબતમાં થોડીઘણી અસ્પષ્ટતા કે મતભેદ કદાચ રહે. અહીં જ્ઞાન 'અપરા વિદ્યાઓ' સંબંધી છે એમ કહેવાની જરૂર નથી. છતાં તેની આવશ્યકતા વિશે કેવળ નિવૃત્તિવાદી સિવાય ભાગ્યે જ કોઈ શંકા કરશે. એ પરિમાણ ગૃહીત કર્યા જેવું છે.

ચારિત્રના મહત્ત્વ વિશે આમ તો સૌ કોઈ એકમત થઈ જશે. નિવૃત્તિવાદી પણ તેની આવશ્યકતાનો અસ્વીકાર નહીં કરે. ભૌતિકવાદીયે મોઢેથી એનો અસ્વીકાર નહીં કરે. છતાં જેમ પદાર્થનું માપ દેખાડવામાં કાળના નિર્દેશનું મહત્ત્વ સહેજે ધ્યાનમાં આવે એવું નથી, તેમ ચારિત્રનું મહત્ત્વ મનુષ્યોના – નેતાઓના કે જનતાના ધ્યાનમાં રહેતું નથી. એની ત્રુટિ કાયદાની કે દંડની વ્યવસ્થા દ્વારા ભરપાઈ થવાની આશા રાખવામાં આવે

છે. રાજકીય ક્રાન્તિ, નવા પ્રકારના વાદ પર સ્થાપેલી આર્થિક વ્યવસ્થા, કે રાજ્યતંત્રના સંચાલકોની ઊથલપાથલથી જનતાનું ચારિત્ર ચઢી જતું નથી. ઊલટું એવા એકાએક અને અનપેક્ષિત ફેરફારથી કેટલાંક અનિષ્ટ તત્ત્વો પણ દાખલ થાય છે. 'રાજ્ય દ્વારા' નવા ધર્મની સ્થાપનાથીયે ચારિત્ર ચઢતું નથી. એ કેમ થાય તે જુદું વિચારીશું. અહીં એ બાબત પર જોર દેવાની જરૂર છે કે કુદરતી સામગ્રી, મનુષ્યબળ અનુકૂળ રાજ્ય અને અર્થવાદની સ્થાપના તથા જ્ઞાન એ બધું હોય છતાં યોગ્ય પ્રકારનું ચારિત્રધન જો નાયકો અને પ્રજામાં ન હોય તો તેટલી એક જ ખામીને લીધે દેશ અને પ્રજા દુ:ખ અને દારિદ્રમાં ડૂબી જાય એમ બને. આ ચોથા પરિમાણનું મહત્ત્વ બરાબર સમજાવું જોઈએ.'

21-9-'47

# ૨. ચારિત્રનિર્માણ

કુદરત, મજૂરી, જ્ઞાન, યોગ્ય રાજ્યતંત્ર અને અર્થવ્યવસ્થા ઉપરાંત ચારિત્ર પણ સમાજની સમૃદ્ધિ માટે અનિવાર્ય અને મહત્ત્વનું ધન છે, એ સ્વીકાર્યા બાદ એની વૃદ્ધિના ઉપાયો વિચારવાના રહે છે.

'ચોથું પ્રતિપાદન'વાળા પ્રકરણમાં ચારિત્રનાં મુખ્ય અંગો ગણાવ્યાં છે. પુનુરક્તિનો દોષ વહોરીનેયે તે અહીં ફરીથી ગણાવું છું :

જિજ્ઞાસા, નિરલસતા, ઉદ્યમ,
અર્થ અને ભોગેચ્છાનું નિયમન.
શરીર સ્વસ્થ ને વીર્યવાન;
ઇંદ્રિયો કેળવાયેલી સ્વાધીન;
શુદ્ધ, સભ્ય વાણી ઉચ્ચારણ,
સ્વચ્છ, શિષ્ટ વસ્ત્રધારણ;
નિર્દોષ, આરોગ્યપ્રદ, મિત આહાર;
સંયમી, શિષ્ટ સ્ત્રીપુરુષવ્યવહાર.
અર્થવ્યવહારે પ્રામાણિકતા ને વચનપાલન;
દંપતીમાં ઈમાન, પ્રેમ ને સવિવેક વંશવર્ધન;
પ્રેમળ વિચારી શિશુપાલન.
ચોખ્ખાં, વ્યવસ્થિત, દેહ–ઘર–ગામ,
નિર્મળ, વિશુદ્ધ જળ–ધામ,
શુચિ, શોભિત સાર્વજનિક સ્થાન.

સમાજધારક ઉદ્યોગ ને યંત્રનિર્માણ,

અન્ન–દૂધવર્ધન પ્રધાન;

સર્વોદયસાધક સમાજ–વિધાન.

મૈત્રીપ્સહયોગમુક્ત જન–સમાશ્રય,

રોગી–નિરાશ્રિતને આશ્રય :

આ સૌ મનવ–ઉત્કર્ષનાંદ્વાર

સમાજ–સમૃદ્ધિના સ્થિર આધાર.

આ ગુણો સમાજમાં પોષાય એ ધ્યેયથી તેનાં સાધનોનો વિચાર કરવો રહે છે.

આ બાબતમાં બે–ત્રણ જાતની પ્રણાલિકાઓ વ્યવહારમાં આવેલી છે : સગવડ માટે એને દીક્ષાપદ્ધતિ, શિક્ષાપદ્ધતિ, અને સંયોગ (environment) પદ્ધતિ એ નામે ઓળખી શકાય.

પહેલી પદ્ધતિમાં દીક્ષા અથવા સદ્ઉપદેશ ઉપર ભાર છે. વારંવાર એ બાબત પ્રજાને કહ્યા કરવી; એનો ઉપદેશ આપનારાં પુસ્તકોનું શ્રવણ–વાચન–મનન કરાવવું, એની ફળશ્રુતિઓ જણાવવી, એને લગતી કથાઓ કહેવી, જાપ (સ્લોગનો) જપાવવા, વગેરે.

બીજી પદ્ધતિમાં શિક્ષા અથવા તાલીમ ઉપર અને ઈનામ તથા દંડ ઉપર ભાર છે. નાનપણથી જરૂરી ટેવો પાડવી, માણસને ગળે ઊતરે કે ન ઊતરે, સમજે કે ન સમજે, તેને એવા પ્રકારની શિસ્ત – ડ્રિલ તળે મૂકી દેવો કે તે પ્રમાણે વર્તવાની એને આદત પડી જાય આદત પાડવાને માટે ઘટતી રીતે ઈનામોનો લોભ કે દંડોનો ભય પણ બતાવવા, ચારિત્રનાં અંગોનો અભ્યાસ કરી તેનાં યંત્રીકરણ (mechanization) તથા કવાયતગીરી (regimentation) કરવાં.

ત્રીજી પદ્ધતિમાં યોગ્ય પ્રકારનાં ચારિત્ર તરફ માણસની સહજ વૃત્તિ થાય એવા અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગો પેદા કરવા પર ભાર છે. ભીલને બાળપણથી જ વાઘવરુનો ભય નથી લાગતો, ગોવાળને ગાયબળદનો, અને શહેરીને મોટરો અને ટ્રામોની દોડાદોડનો. ખલાસી તમ્મર આવે એટલા ઊંચા વાંસ પર ચાલતી સ્ટીમરમાં ચઢે છે, ભરદરિયામાંયે ગભરાતો નથી; પણ પંડિતના છોકરાને જે રસિક ચર્ચા લાગે તેમાં તેને ઊંઘ આવે છે. સાહસ પેદા કરનારા સંયોગોમાંથી સાહસ નિર્માણ થાય છે. વાર્તારુચિ તેના સંયોગોમાંથી ચાર જણા મળીને જ થઈ શકે એવાં કામ કરવાની પ્રવૃત્તિમાં

જોડાવાથી, તેવા પ્રકારના સહયોગની ટેવ ઉત્પન્ન થાય છે. એકલે હાથે જ કામો કરવાના સંયોગો મળ્યા હોય તો તેને કોઈ સાથે કામ કરવું ફાવે જ નહીં, એવું બનવાનો સંભવ હોય છે. પરસ્પર હેતપ્રીતથી ભરેલા કુટુંબમાં ઊછરેલાં બાળકો અને સાથે રહેતા છતાં એકબીજા સાથે લડનારાં અને પોતાનો જ સ્વાર્થ સંભાળનારાં ભાઈઓ, દેરાણી–જેઠાણીઓ, સાસુ–વહુઓ વગેરે વચ્ચે ઊછરેલાં બાળકોનાં ચારિત્રમાં ઘણો ફેર પડી જાય છે. અન્ન ખાધું ખૂટતું નથી, પાણીની તૂટ નથી એવા દેશમાં આતિથ્યનો ગુણ સહજ હોય છે, ઉદારતા–દાન વગેરેની વૃત્તિઓ પણ હોય છે; એ જ દેશ જ્યારે અન્ન–જળથી મોહતાજ થઈ જાય, ત્યારે માણસોને કૃપણ બનાવી મૂકે છે. આમ જેવું ચારિત્ર ઇષ્ટ હોય તેને અનુકૂળ બાહ્ય સંયોગ નિર્માણ કરવા એ ત્રીજી પદ્ધતિનું ધ્યેય છે.

પહેલી બે પદ્ધતિઓ પ્રાચીન કાળથી જાણીતી છે, અને આજ સુધી તે ઉપર જ ધ્યાન અપાયું છે. આપણા દેશમાં હજુ તે બે ઉપર જ વધારે ભાર મુકાય છે. હાલહાલમાં ત્રીજી પદ્ધતિ ઉપર પશ્ચિમના વિદ્વાનો વધારે ભાર મૂકી રહ્યા છે. આપણે ત્યાં હજુ એ પ્રત્યે દુર્લક્ષ જ રહ્યું છે.

તેજી, જાતવાન, સરસ ઘોડાને માત્ર માલિકનો જીભનો બચકારો પ્રેરણા કરવા બસ થાય છે. આ દીક્ષાપદ્ધતિ છે. અણઘડ, કેળવણીની વધારે મહેનત ન લેવાયેલા ઘોડાને હાકોટા અને ચાબુકથી પ્રેરણા કરવામાં આવે છે, અથવા આગળ આમીષ રાખવામાં આવે છે. આ શિક્ષાપદ્ધતિ છે. ઊધઈ, કીડી, મધમાખી, ભ્રમર, પતંગિયાં, પક્ષી વગેરેમાં સંજોગો જ પોતપોતાની પ્રવૃત્તિઓમાં યોજનાર ચારિત્ર પેદા કરે છે. સંજોગો બદલાતાં જુદી જાતના ટેવોવાળી જાતિઓ ઉત્પન્ન થઈ આવે છે.

મનુષ્યમાં કેટલીક વ્યક્તિઓ તેજી, જાતવાન ઘોડા જેવી હોય છે; તેમને દીક્ષાપદ્ધતિ બસ થાય છે. સૌને અણઘડ ઘોડા જેમ રાખી શકાય ખરા. પણ તેથી જાતવાન ઘોડા બગડે, અને સાધારણ ઘોડા આખું જીવન અણઘડ – પરપ્રેરિત જ રહે. એ કદી સાચા અર્થમાં ચારિત્રવાન બને નહીં. તેમ સૌ પર શિક્ષાપદ્ધતિ ચલાવી શકાય, પણ તે ચારિત્રવર્ધનમાં પૂરી સફળ ન થાય. વધારેમાં વધારે કેટલીક મૂઢપણે પળાતી આદતો નિર્માણ કરે. છતાં, એ કેટલેક અંશે રહેવાની.

પણ મનુષ્ય મુખ્યત્વે માખીની જાતનું પ્રાણી છે એમ સમજવું વધારે ઠીક છે. માખીની જાતનું હોઈ તે ઘરમાખી જેવું અસંખ્ય પણ અસંગઠિત નિશ્ચરિત્ર થઈ શખે છે, અથવા

યોગ્ય સંયોગોમાં મધમાખી જેવું વ્યવસ્થિત થઈ શકે છે, અને જંગલો મધમાખથી માંડી પેટીમાં રહેનારી મધમાખ સુધી અનેક જાતનું થઈ શકે છે.

ચારિત્રના ઘડતર માટે યોગ્ય સંયોગો નિર્માણ કરવાની જરૂરિયાત પર ધ્યાન આપવાની ઘણી જરૂર છે.

ચારિત્ર કેટલેક અંશે યોગ્ય અનુકૂળ સંયોગોમાં ઘડાય છે, કેટલેક અંશે યોગ્ય પ્રતિકૂળ સંયોગોમાં, અતિશય અનુકૂળતાઓ ચારિત્રને શિથિલ કરી શકે છે, અત્યંત પ્રતિકૂળ સંયોગો મનુષ્યને અને તેની સાથે તેના ચારિત્રને કચડી નાખી શકે છે. યોગ્ય અંશમાં અનુકૂળતાઓ તેમ જ પ્રતિકૂળતાઓ ચારિત્રવર્ધક નીવડે છે. અલબત્ત, તે સાથે તેને અનુરૂપ દીક્ષા અને શિક્ષા પણ જોઈએ.

માણસ કેટલે અંશે સ્વાધીનખ્રસંયોગોનો સ્વામી અને નિર્માણ કરનાર છે, અને કેટલે અંશે સંયોગાધીન, પરતંત્ર પ્રાણી છે, એ સવાલનો નિશ્ચિત ઉત્તર આપવો કઠણ છે. પણ બહુજનસમાજની દૃષ્ટિએ જો એમ માનીને ચાલીએ કે મોટે અંશે મનુષ્ય સંયોગાધીન છે, અને થોડે અંશે એ સ્વાધીન અને સંયોગોનો સ્વામી તથા નિર્માણ કરનાર પણ છે, તો મને લાગે છે કે ભૂલ નહીં થાય અથવા ઓછામાં ઓછી થશે.

માણસ પોતાને હાથે અજાણ્યે થયેલી ભૂલો માટે તે કાળના સંયોગો રજૂ કરી બચાવ કરવા વૃત્તિ ધરાવતો હોય છે; બીજાને હાથે થયેલી ભૂલો માટે – જો કદાચિત્ તે તેના ધ્યાનમાં પહેલાંયે આવી હોય તો ખાસ – તે બીજો માણસ સ્વાધીન જ હોય છે એમ માનીને દોષ દે છે, એથી ઊલટું પોતાની સફળતાઓને પોતાના જ કર્તૃત્વનું પરિણામ સમજે છે, અને બીજાની સફળતાને તેને મળેલા અનુકૂળ સંયોગોનું.

બહુજનસમાજને જે દિશામાં વાળવો હોય, જેવું ચારિત્ર તેનામાં નિર્માણ કરવું હોય, જેમાંથી એને પરાવૃત્ત કરવો હોય, તેને માટે દીક્ષા અને શિક્ષા કરતાંયે તેને માટે યોગ્ય, અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો પેદા કરવા એ સમાજના વિધાયકોનું લક્ષ્ય હોવું જોઈએ, રાજ્યવ્યવસ્થા, વિકેંદ્રીકરણ, યંત્રીકરણ, સમાજવાદ વગેરે વગેરે જેટલે અંશે તેવા સંયોગો પેદા કરનારાં બને છે, તેટલે જ અંશે તેનું મહત્ત્વ છે. પણ તેથી બધું કામ સરી જશે એમ માનવું ન જોઈએ.

22-9-'47

# ૩. લાંબીટૂંકી યોજનાઓ

કોઈ પણ સમાજની સમૃદ્ધિને માટે એની પ્રજાના ચારિત્રનું ઘડતર ઘણી મહત્ત્વની વસ્તુ છે, એનું જો આપણને બરોબર ભાન થાય તો જે વિવિધ યોજનાઓ આપણે ઘડીએ છીએ, આંદોલનો નિર્માણ કરીએ છીએ, તથા એકબીજાના ગુણદોષો કાઢીએ છીએ, તે બધાનું સ્વરૂપ ઘણું બદલાઈ જાય, દેશની આર્થિક સમૃદ્ધિ ઝપાટાબંધ થવી જોઈએ એમ આપણા મનમાં રહેલું છે. દેશની આબોહવા અને કુદરતી સંપત્તિ જોતાં, પ્રજા જે જાતના દારિદ્રના કાદવમાં ડૂબેલી છે તેને માટે કશું કારણ ન હોવું જોઈએ, એમ આપણને સૌને લાગે છે. પૂંજીવાદી, સમાજવાદી, ગાંધીવાદી, સામ્યવાદી સૌ વચ્ચે તીવ્ર મતભેદો હોય, તોયે દરેકનું ધ્યેય દેશને ધનધાન્યથી સમૃદ્ધ કરવાનું છે. એ ધ્યેય વિશે મતભેદ નથી.

જુદી જુદી જાતની રાજકીય, આર્થિક, સામાજિક, વગેરે વ્યવસ્થાઓ સ્થાપી, ટૂંકા કાળની તથા લાંબા કાળની યોજનાઓ ઘડી સૌ કોઈ દેશની કુદરતી સંપત્તિનો વધારેમાં વધારે લાભ લેવાની ગણતરી કરવામાં રોકાયેલા છે. સાર્વજનિક મતાધિકાર (adult fanchise), ઔદ્યોગિક વિકાસ (industrialization), રાષ્ટ્રીયકરણ (nationalization), વિકેંદ્રીકરણ (decentraliztion). સહકારી ખેતી અને ગોપાલન, બળવાન કેંદ્રીય સત્તા (strong central government) વગેરે વિવિધ પ્રવૃત્તિઓ, તેમાં કદી કદી પરસ્પર વિરોધો છતાં, એક જ ઉદ્દેશ સિદ્ધ કરવા માગે છે કે દેશની કુદરતી સંપત્તિની વધારેમાં વધારે ખિલવણી થાય, અને તેનાં લાભ વધારેમાં વધારે મનુષ્યોને મળે. તેને માટે એક બાજુથી મનુષ્ય મનુષ્યનાં ગળાં કાપવાયે તૈયાર છે, અને બીજી બાજુથી શાંતિસુલેહનીયે ઝંખના કરે છે. એક તરફ પાકિસ્તાન–હિંદુસ્તાન,

અરબસ્તાન–યહૂદીસ્તાન કરે છે, એટમ બૉમ્બ અને કૉસ્મિક–કિરણો શોધે છે, અને બીજી તરફ UNOની પ્રવૃત્તિ કરે છે.

દેશની કુદરતી સંપત્તિની ઝીણી ઝીણી ગણતરી કરવામાં કેટલાયે અર્થશાસ્ત્રીઓ રોકાયેલા છે. એ સંપત્તિનો કઈ કઈ રીતે ઉપયોગ થઈ શકે તેની શોધ માટે મોટા મોટા વૈજ્ઞાનિકો મથી રહ્યા છે. તેમની શોધોનો પહેલો લાભ પોતાને મળે એ માટે ધનપતિઓ અને રાજતંત્રો બળવાન પ્રયત્ન કરે છે.

આ બધી પ્રવૃત્તિઓ મહત્ત્વની અને જરૂરી છે એમાં શક નથી. અનુકૂળ પરિસ્થિતિ (environments અને conditions) નિર્માણ કરવાના પ્રયત્નનો જ એ એક ભાગ છે. પરંતુ એ પણ યાદ રાખવાની જરૂર છે કે એ બધું હોવા છતાં જો પ્રજામાં યોગ્ય પ્રકારનો ચારિત્રસંપત્તિ ન હોય તો એ એકડા વિનાનાં મીંડાં જેવું જ નહીં પણ વિનાશનુંયે કારણ થાય. આથી કેવળ સંપત્તિના ઉત્પાદન–વહેંચણી ઇત્યાદિને જ ધ્યેય બનાવી તેને અનુકૂળ પરિસ્થિતિઓ પેદા કરવાનો પ્રયત્ન ન હોવો જોઈએ. પરંતુ સંપત્તિઉત્પાદન જેનું એક પરિણામ છે એવા ચારિત્રધનને નિર્માણ કરનારી પરિસ્થિતિ પેદા કરવાનો પ્રયત્ન થવો જોઈએ. એનો ખ્યાલ કર્યા વિના કરેલી બધી ગણતરીઓ પ્રત્યક્ષ અનુભવમાં ખોટી પડવા સંભવ છે.

લાંબી યોજના અને ટૂંકી યોજના એવા બે શબ્દો આપણે ઘણી વાર સાંભળીએ છીએ. પણ લાંબી કે ટૂંકી યોજનામાં લાંબા કાળની અને લાંબી દૃષ્ટિની તથા ટૂંકા કાળની અને ટૂંકી દૃષ્ટિની યોજનાનો ભેદ આપણે સમજવો જોઈએ. દસ વર્ષ પછી દેશમાં ભરપૂર ધાન્ય અને વસ્ત્ર પેદા થઈ જશે એવી દસ વર્ષની યોજના ઘડી શકાય અને ઘડવી જોઈએ પણ. પરંતુ, તેથી આવતા છ મહિના સુધી બિલકુલ અન્નવસ્ત્ર ન મળી શકે તો એ લાંબી યોજના નિરુપયોગી થાય અને છ મહિનાની યોગ્ય જોગવાઈ ન થવાથી જ નિષ્ફળ જાય. માટે તેની સાથે ટૂંકી – એટલે ટૂંકા કાળની યોજના પણ જોઈએ જ.

પણ લાંબા કાળની કે ટૂંકા કાળની યોજના પાછળ દૃષ્ટિ ટૂંકી હોય તોયે બધી યોજના ધૂળમાં મળી જાય.

જેમ બને તેમ જલદી સ્વરાજ મેળવવું જોઈએ. મને–ક્રમને અંગ્રેજોને પણ લાગ્યું કે એ આપી દેવું જોઈએ. કેમે કરી મુસ્લિમ લીગને સમજાવી શકાઈ નહીં. તેણે ખૂબ ધાંધલ મચાવી. પરિણામે અખંડ હિંદુસ્તાન વિશે જેમનો આગ્રહ અતિ તીવ્ર હતો, તે

પંજાબ અને બંગાળના હિંદુ–શીખ આગેવાનોએ જ પોતાના પ્રાન્તના ભાગલા પાડવા અને પાકિસ્તાન આપી દેવું – એ ટૂંકો માર્ગ ઇચ્છયો. એ ટૂંકો માર્ગ તત્કાળ પરિણામ આપનારો હોવાથી મુસ્લિમ લીગે સ્વીકાર્યો. હિંદુ–શીખ આગેવાનોએ માગ્યો અને કાર્યગ્રેસને સ્વીકારવો પડયો. સૌએ તત્કાળ સ્વરાજ–સ્થાપનારૂપી પરિણામ જોયું પણ તેનાં બીજાં પરિણામોની કલ્પના થઈ નહીં.

પણ એ ટૂંકાં માર્ગની પાછળ પાયારૂપ પણ ટૂંકી દષ્ટિની હતી, સંકુચિત હતી. મુસ્લિમ–ગેરમુસ્લિમ દ્વેષ એના મૂળમાં હતા. મુસલમાન, ગેરમુસલમાન એક રાજ્ય ચલાવી જ ન શકે એ એમાં ગૃહીત કરેલું હતું. અને ઈરાદાપૂર્વક એ પાણીનું જ સિંચન કરેલું હતું. એટલે બે ભાગો પાડવાથી બને સ્વતંત્ર પોતપોતાનાં ક્ષેત્રો મળી જશે એમ માની લીધું, પણ જો મુસલમાન–ગેરમુસલમાન એક રાજ્ય ચલાવી ન શકે, તો એક ગામ કે શહેરમાંયે સાથે રહી નહીં શકે એ પરિણામની કલ્પના કરવામાં ન આવી. દ્વેષનું પાણી પીધેલા લોકોએ તે ઉપજાવ્યું ત્યારે સમજાયું. લોકોએ સહજ સ્વભાવે હિજરતનો ટૂંકો અને સહેલો લાગતો માર્ગ લીધો. રાજ્યનો પરવશપણે તેના સાક્ષી અને વ્યવસ્થાપક બનવું પડયું. એનો દુ:ખદ અમલ આજે થઈ રહ્યો છે.

પણ એથી આ કોયડાનો અંત આવી જશે એમ માનવામાં ભૂલ થશે. કારણ જો મુસલમાન–ગેરમુસલમાન એક ગામડામાં સાથે રહી ન શકે, એક રાજ્ય ન ચલાવી શકે, તો કમમાં કમ હિંદમાં તો પાકિસ્તાન અને હિંદુસ્તાન કરીનેયે તે શાંતિથી રહી શકવાના નથી. દ્વેષ બે વસ્તીઓને તદ્દન જુદી કરીનેયે અટકી જશે એમ માનવાને કારણ નથી. એટલે કાં તો આ સમગ્ર દેશમાં સર્વે મુસલમાન જ હોય અથવા સર્વે (હાલ તુરત) ગેરમુસલમાન જ હોય એ રૂપે એ દ્વેષ ફાલશે. એમાંથી પાછું એક નવું જગદ્યુદ્ધ ઉદ્ભવી શકે. સમગ્ર એશિયા તથા સમગ્ર જગતને એક કરવાનો મનોરથ ધૂળમાં મળી જાય, અને એક બાજુ દુનિયામાં સર્વે મુસલમાનો અને કેટલાક બીજા દેશો, તથા બીજી બાજુ ગેરમુસલમાનો વચ્ચે તીવ્ર યાદવી જામે.

જે યોજના મુસલમાન તથા ગેરમુસલમાન (હિંદુ, ખ્રિસ્તી, શીખ, પારસી, યહૂદી, ચીની ગમે તે હોય) સૌને એક પડોશમાં, ગામમાં, રાજ્યમાં, સૌની વચ્ચે એક હોય કે એકોતેર હોય તોયે, સાથે રહેતાં શીખવે તે જ યોજના, ટૂંકા કાળની હોય કે લાંબા કાળની, આ કોયડાનો નિકાલ લાવી શકશે. જો કદાચ મુસલમાન જુદા રહીને તેમના

પૂરતો નિકાલ લાવી શક્યા હશે, તો હિંદુ–શીખ–પારસી–ખ્રિસ્તી વગેરેમાં એ જ કોયડાઓ નિર્માણ થશે. કારણ કે જે દ્વેષભાવના એના મૂળમાં છે તે નીકળી ગઈ નહીં હોય. અને મુસલમાનો પણ અંદર અંદર જેવા યુરોપના દેશો ખ્રિસ્તી હોવા છતાં એકબીજા સાથે કૂતરાંની જેમ લડે છે, તેમ લડશે. કારણ કે દ્વેષના અગ્નિને બહારનો ખોરાક બંધ થતાં તે અંદરનાને બાળવા માંડશે.

પાકિસ્તનની – ભાગલાની – પાછળ મૂળ ભાવના મનુષ્ય–મનુષ્ય વચ્ચે અણરાગ–દ્વેષ ઉત્પન્ન કરનારી, ચારિત્રને હીન કરનારી હોવાથી, તેમાંથી નિર્માણ થયેલી યોજના ટૂંકા કાળની હોય કે લાંબા કાળની, એ ખોટી જ થાય છે.

આ ચર્ચવાનો હેતુ આ સ્થાને તો એટલો જ છે કે યોજના ટૂંકા કાળની હોય તોયે તે ટૂંકી દૃષ્ટિની ન હોવી જોઈએ; ચારિત્ર પર એની શી અસર થાય તે વિશે બિલકુલ આંખમીંચામણાં ન થવાં જોઈએ. યોજનાઓની અસર ચારિત્ર પર કેવી અસર પાડે છે તેનો પાકિસ્તાન તથા ભાગલાનો અખતરો બળવાન દાખલો છે.

2-10-’47

# ૪. અર્થવૃદ્ધિનાં સાધનો

દેશની આર્થિક સમૃદ્ધિ વધારવી જોઈએ એ વિશે આજના જુદા જુદા મતો ધરાવનાર વચ્ચે મતભેદ નથી. ગાંધીવાદી બીજા ઉદ્યોગોની બાબતમાં ગમે તેટલી ઉદાસીનતા રાખતો હોય, પણ અનાજ અને બીજાં ખાદ્યો, દૂધ–ઘી, કાપડ, સુઘડ ગામો અને મકાનો, સારા રસ્તા વગેરેની આજને મુકાબલે બહુગણી વૃદ્ધિ થવી જોઈએ એ વિશે ઉદાસીન નથી.

મતભેદ થાય છે તે અર્થવૃદ્ધિની મર્યાદાની અને રીતની બાબતમાં. જીવનની કેટલીક બાબતોમાં માણસે સ્વાવલંબી જ રહેવું જોઈએ, કઈ બાબતોમાં પરસ્પરાશ્રય જ કેળવવો જોઈએ, કેટલી હદ સુધી ‘જરૂરિયાતો‘ ઘટાડવી કે વધારવી જોઈએ, ઉત્પાદન વગેરેની રીતો કેટલી સાદી અને સસ્તી હોવી જોઈએ, અથવા કેટલી હદ સુધી યાંત્રિક અટપટાપણું સ્વીકારવું જોઈએ, જીવન કેટલું અગવડ–વેઠિયું અને તિતિક્ષાવાન હોવું જોઈએ અને કેટલું સગવડશોધું અને આરામપ્રિય હોવું જોઈએ – આ બાબતોમાં મતભેદ ઉત્પન્ન થાય છે.

વિચાર કરતાં જણાશે કે આ વિશેના મતેભેદોના મૂળમાં માનવચારિત્રની જુદી જુદી બાજુઓને કેટલું મહત્ત્વ આપવું તે વિશે જ દૃષ્ટિભેદ છે. અર્થશાસ્ત્રના સિદ્ધાંતો કરતાં નીતિના અને ભાવનાના ઉત્કર્ષના સિદ્ધાંતો વિશે વિચારોની અસ્પષ્ટતા છે.

એક વાર મેં એક દુકાનમાં પિપરમીટનાં ફૂલની બાટલીઓ જોઈ હતી. પા ઔંસથી માંડી બે ઔંસ સુધીની બાટલીઓ હતી. પણ મેં જોયું કે બહારથી એ બધી બાટલીઓ એકસરખા કદની અને છલોછલ ભરેલી દેખાતી હતી. આમ શી રીતે થઈ શકે એ

કુતૂહલથી મેં બાટલીઓ હાથમાં લીધી, તોમારા જોવામાં આવ્યું કે બાટલીઓ કંઈક નીચેના જેવી હતી:



આમ બાટલીઓની દીવાલોની જાડાઈના ભેદથી બહારથી સરખી અને છલોછલ દેખાતાં છતાં તેમાંનાં ફૂલનું પ્રમાણ ઓછુંવત્તું હતું. આમાંની પહેલી શીશીની દીવાલ અંદરથી ઘસવામાં આવે તો તે બીજી કે ત્રીજીના જેટલી મોટી થાય, છતાં બહારથી એના કદમાં કશો ફરક કરવો ન પડે.

મનુષ્યો કંઈક અંશે આ બાટલીઓના જેવા છે. બધા માનવ જીવો સરખી બાટલીઓમાં ભરેલા છે. જેમ ઉપલી બાટલીઓ સફેદ, લાલ, પીળી વગેરે રંગોની હોય તે અંદરના પદાર્થને સમાવવા માટે મહત્ત્વનું નથી પણ એની દીવાલોની જાડાઈ જ મહત્ત્વની બાબત છે, તેમ માનવદેહની ચામડીના અથવા એનો ઉછેર પૂર્વમાં થયો છે કે પશ્ચિમમાં વગેરે બાહ્ય ભેદો તેમાં સમાયેલા ગુણોની બાબતમાં મહત્ત્વના નથી. જે મહત્ત્વનું છે તે એની ભાવનાઓરૂપી દીવાલો સ્થૂળ છે કે સૂક્ષ્મ, સંસ્કૃત છે કે અસંસ્કૃત એ છે, જેમ બહારથી સરખી દેખાતી બાટલીઓને તેમાં વધારેમાં વધારે માલ માઈ શકે એવી કરવા માટે અંદરની દીવાલોને – બાટલી ભાંગી ન પડે અને બહુ નબળી ન બની જાય એટલું સાચવીને – ઘસવી જોઈએ, તેમ બહારથી સરખા જણાતા મનુષ્યોને વધારેમાં વધારે મૂલ્યવાન બનાવવા માટે એનું શરીર ભાંગી ન પડે અને બહુ નબળું ન પડી જાય એટલું સાચવીને તેની નૈતિક ભાવનાઓને સૂક્ષ્મ બનાવવી એ માનવની ધર્મ પ્રવૃત્તિઓનું ધ્યેય હોવું જોઈએ. જેમ બાટલીને ઘસવા માટે લેથ, જુદી જુદી જાતનાં અને માપનાં ઘર્ષકો (abrasives) વગેરે સાધનો જોઈએ, અને દરેક બાટલીને ચકાસીને તેને માટેની યોગ્ય રીતો અને સાધનોનો ઉપયોગ કરવો જોઈએ, તેમ ભાવનાઓને સંસ્કારી

બનાવવા માટે જુદા જુદા માનવો માટે જ નહીં, પણ દરેક માનવ માટેયે જુદી જુદી વખતે જુદી જુદી રીતો અજમાવવી પડે. સમગ્ર માનવજાતિને સદાને માટે એક જ લાકડીએ હાંકવાની રીત ચાલી શકે નહીં.

અને આ જ બાબતમાં આપણે ભુલાવામાં અને વિચારભેદોમાં પડીએ છીએ. કાં તો બધાં સાધનોના રાજારૂપ કોઈ એક જ સાધન શોધવાનો અને તેને બધાયને લાગુ કરવાનો આપણો પ્રયત્ન હોય છે. આ પ્રયત્ન બે સ્થાન વચ્ચેના અંતરને શેર અને તોલાથી બતાવવાની અથવા તાવને ફૂટપટ્ટીથી માપવાની પ્રવૃત્તિ જેવો છે.

અથવા, અનેક સાધનોની જરૂર પડે છે, માટે એમાં વ્યવસ્થા લાવવાનો પ્રયત્ન જ નકામો છે અને દરેક વ્યક્તિને માટે સ્વતંત્ર જ માર્ગ હોય એમ સમજવાની ભૂલ થાય છે. તોલના, વજનના, ગરમી, વાયુ, વીજળી વગેરેનાં માપનાં સાધનો અને પરિભાષા જુદાં હોય છે, માટે માપની વ્યવસ્થા કરી જ ન શકાય એમ કહેવા જેવું આ છે.

આ જ રીતે બધા જ માણસો સાત્ત્વિક વૃત્તિના અથવા બધા જ રાજસ વૃત્તિના અથવા બધા જ તામસ વૃત્તિના છે એમ સમજી કેવળ ઉપદેશ, કેવળ લોભ, કેવળ દંડનાં સાધનો પર જોર દેવું, અથવા બધાને માટે તદ્દન સાદાં સાધનો અથવા બધાને માટે અટપટાં સાધનો યોજવાં, અથવા બધા જ મજબૂત નીરોગી માણસો હોય છે એમ સમજીને સાધનો યોજવાં, કે બધા જ રોગી અને નબળા હોય છે એમ સમજીને યોજવાં, અથવા કેવળ સ્નાયુઓના વિકાસને કે કેવળ કર્મેદ્રિયો કે જ્ઞાનેદ્રિયોની ઝડપને કે ઝીણી કુશળતાને, કે કેવળ તાર્કિક કે શોધકશક્તિને, કે કેવળ શ્રદ્ધાની જ ભાવનાને મહત્ત્વ આપવું, અથવા કોઈ એક જ એવું સાધન શોધવું કે જે બધાં ઇષ્ટ પરિણામો લાવી શકે અને અનિષ્ટ પરિણામો ટાળી શકે – એ પ્રયત્નો ભુલાવામાં નાખનારા થાય છે.

વાદ એટલે એકાદ–બે સ્લોગન – અતિવ્યાપક સૂત્રો – બનાવવાં અને તેમાં પોતે જ ગૂંચવાઈ જવું. રેંટિયો સૂતર કાઢવાનું સાધન છે, અને તેને આપણા દેશની આજની પરિસ્થિતિમાં ઘણું મહત્ત્વનું સ્થાન છે. એ એક આર્થિક વિધાન છે; અને તેથી તેના પ્રચાર પાછળ યોજાતી શક્તિની ઉપયોગિતા સહુ કોઈ સમજી શકે. પણ તે સત્ય અહિંસાનું પ્રતીક છે, તેને ચલાવનાર સ્ત્રી–ધન વિષયમાં ચારિત્રવાન જ હોય, તે કોઈ દિવસ જૂઠું નહીં બોલે, અસ્પૃશ્યતા નહીં માને, કોઈનું ખૂન નહીં કરે, ચોરી નહીં કરે, છેતરશે – રંજાડશે નહીં – વગેરે ચારિત્રવૃદ્ધિનુંયે પોતાના 'સ્વરૂપથી જ' સાધન છે, એમ સમજવા

માંડીએ એટલે આપણે પોતે જ તેની જાળમાં ગૂંચવાઈ જઈએ છીએ. પછી આપણે એમ કહેવા માંડીએ છીએ કે જે અહિંસામાં ન માનતો હોય, હિંદુમુસલમાન ઐક્યમાં ન માનતો હોય, સત્ય, બ્રહ્મચર્ય વગેરેમાં ન માનતો હોય, જે ચારિત્રમાં શુદ્ધ ન હોય તે રેંટિયો છોડી દે. આમ વસ્ત્રનિર્માણના સાધનને ચારિત્રનિર્માણનુંયે સહેલું સાધન કરી લેવા જતાં, જ્યારે આપણને તેમાં યશ નથી મળતો, ત્યારે જે માટે તેનો ઉપયોગ કરી શકાય એમ છે તે પણ ન કરવો – એવી ભાષા આપણા જ મોંમાંથી નીકળે છે.

જપ સર્વે સાધનોનો રાજા છે, એમ ભક્તિમાર્ગી ગુરુએ કહી દીધું. પણ રાતદિવસ 'રામ' 'રામ' કરતા રહેતા છતાં અનેક માણસો ખોટાં કામોમાં રચેલાપચેલાયે જોવામાં આવે છે. એ જોઈને પછી એ જપની વ્યાખ્યા કરવી પડે છે. કયો જપ સાચો, કયો ખોટો, કઈ રીતે કરાય, કેવો ભાવ રાખવો જોઈએ, કેવું અનુસંધાન રાખવું જોઈએ વગેરે સૌ કોઈ સમજી શકે અને આચરી શકે એ દૃષ્ટિએ પ્રથમ 'જપ' યોજાયો, અને તેનો પ્રચાર થયો. પણ એટલો બિનશરતી જપ નકામો જ નીવડ્યો. તેથી, તેના પર એવી શરતો આવી કે એકાદ તીવ્ર સાધક જ જપનો અધિકારી થઈ શકે, બીજાઓ માટે એ લવારા જેવો જ ગણાય. હકીકતમાં જપ અનેક સાધનો – ચારિત્રની લાયકાતો – સિદ્ધ કરીને અને કરતાં કરતાં મદદરૂપ થનારું એક યૌગિક સાધન છે. ઈંટોને જોડનાર ચૂનો છે; પણ ઈંટો વિના કેવળ ચૂનો શું કરે? સુકાઈને ચાકનો પથ્થર બને એટલું જ. તેમ જપનું.

એ જ રીતે રેંટિયો વસ્ત્રનિર્માણ તથા વસ્ત્રસ્વાવલંબનનું અને તેટલે અંશે આર્થિક સમૃદ્ધિનું ઉપયોગી સાધન છે. અને તેટલા પ્રમાણમાં એમાં જપ કરતાં વિશેષતા એ છે કે જપ બીજી શરતો વિના લવારો થઈ શકે છે, તેમ રેંટિયાનું નથી. એ એટલું કામ તો કરી જ આપે. એ ઉપરાંત પ્રજામાં નિર્માણ કરવાના બીજા ગુણો માટે બીજી પ્રવૃત્તિઓ અને સાધનો જોઈએ જ. રેંટિયો હોય તો અહિંસા જ સિદ્ધ થાય, વગેરે માની લેવું ન જોઈએ. રેંટિયા વિના અહિંસક સમાજરચના થવી અશક્ય નહીં તોયે મુશ્કેલ છે, એમ કહેવું શક્ય છે ખરું.

'અહિંસા' શબ્દને પણ એ રીતે આપણે જ આપણે હાથે ગૂંચવણમાં નાખનારો શબ્દ કરી મૂક્યો છે. તેમાંથી 'સિદ્ધાંત' અને 'નીતિ', 'શૂરવીરની અહિંસા' અને 'કાયરની અહિંસા', 'અહિંસક પ્રાણહરણ' અને 'હિંસક પ્રાણહરણ', 'અહિંસક પ્રાણરક્ષા' અને 'હિંસક પ્રાણરક્ષા', 'સત્ય વિનાની અહિંસા' અને 'સત્ય સહિત અહિંસા', 'અહિંસા અને

દેશરક્ષા અથવા આત્મરક્ષા', 'અહિંસા અને યુદ્ધ' – ઇત્યાદિ ચર્ચાઓ ઊભી થઈ છે. એક જ શબ્દમાં બધાયે ગુણઓ, વૃત્તિઓ અને કૃતિઓનો સમાવેશ કરવાનો આપણે આગ્રહ ન રાખીએ અને અમુક એકને સિદ્ધ કરવાથી બીજું બધું આપોઆપ સિદ્ધ થઈ જાય છે એમ માની લેવાની ભૂલ ન કરીએ, પણ દરેક શબ્દ તથા ભાવને એની વિશિષ્ટ મર્યાદામાં જ લઈએ તો આમાંની ઘણી ચર્ચાઓ અને મતભેદો ટળી જાય.

અર્થના ઉત્પાદન અને વૃદ્ધિ માટે માણસમાં અમુક પ્રકારનું ચારિત્ર – ગુણો અને ટેવો – જોઈએ; તેના સુખ–સંયમ અને ન્યાયપૂર્વક ઉપયોગ અને ઉપભોગ માટે અમુક અમુક પ્રકારનું; અને માનવની સર્વ પ્રવૃત્તિઓનું ધ્યેય પણ એનામાં સન્માનવના ગુણો અને ટેવોની સિદ્ધિ હોવું જોઈએ. પણ કોઈ એક શબ્દ કે કોઈ એક સાધન સર્વે આવશ્યક ગુણો અને ટેવોને દર્શાવી સિદ્ધ કરી દઈ શકતાં નથી. એકાંગી દૃષ્ટિએ જોઈએ તો પરસ્પર વિરોધી દેખાનારાં સાધનો અને ગુણો તથા ટેવો પણ જરૂરી હોઈ શકે છે, અને અત્યંત ઉત્કૃષ્ટ જણાતો ગુણ પણ વિવેકને અને બીજા ગુણોને અભાવે મનુષ્યના શુભ વિકાસને બાધક થઈ શકે છે. એક સમયે અમુક ગુણ પર ભાર મૂકવાની જરૂર પડે અને બીજી વખતે બીજા પર એમ પણ બને. માટે સર્વે કાળને માટે એક માર્ગ બનાવી શકાય નહીં. દરેક જમાનામાં અને દરેક સમાજમાં આગેવાનોએ દક્ષતા અને વિવેકથી પોતાના સમય પૂરતી જ મર્યાદાઓ શોધવી જોઈએ, અને ભવિષ્યની પ્રજાઓ તેને મુશ્કેલીથી બદલી શકે એમ જકડી ન દેવી જોઈએ.

ચારિત્ર સમૃદ્ધિનું સાધન છે, અને સમૃદ્ધિનું સાધ્ય પાછું ઉન્નત ચારિત્ર છે, એ બરાબર સ્વીકારાયેલું ન હોવાથી, આજે વિજ્ઞાનસંપન્ન માનવસમાજ હાથમાં આગ લગાડવાનાં સાધનો ધરાવનારો અને તેની કળા શીખેલો વાનરસમાજ છૂટો મૂક્યો હોય તેવી સ્થિતિમાં દુનિયામાં વિચરે છે. માટે અર્થવૃદ્ધિનાં સાધનોનો વિચાર કરતી વખતે આદિ, મધ્ય અને અંત ત્રણેમાં ચારિત્રનાં અંગોનો વિચાર કરીને જ પગલાં ભરવાં જોઈએ.

17-10-'47

# ૫. ચારિત્રનાં સ્થિર અને અસ્થિર અંગો

મનુષ્યે પોતા પ્રત્યે જોવાની દૃષ્ટિમાં સાફ થવાની જરૂર છે. એ બીજાં પ્રાણીઓની જેમ એકાદ નિશ્ચિત અને પ્રમાણમાં સરળ દિશામાં જ ખીલેલી પ્રજ્ઞાવાળું પ્રાણી નથી, તેમ એ અનંદ છતાં પૂર્ણપ્રજ્ઞ પ્રાણી પણ નથી. એને બીજાં પ્રાણીઓની જેમ એકપ્રજ્ઞ પ્રાણી બનાવી શકાય તેમ નથી. એ અનંતપ્રજ્ઞ થવા પ્રયત્ન કર્યા જ કરશે. એટલે કે બધા જ માણસોની એક જ પ્રજ્ઞા નહીં થઈ શકે. વિવિધ પ્રજ્ઞાવાળા જ રહેશે. એટલું જ નહીં પણ કોઈ પણ વ્યક્તિ પણ સાવ એકપ્રજ્ઞ થાય એવો સંભવ નથી. એકાદ દિશામાં કોઈ વ્યક્તિ પ્રજ્ઞાની પરાકાષ્ઠા કરે, પણ બીજી દિશાઓમાં સાવ જ અણખીલ્યો રહે એમ સંભવ નથી. અને એક દિશામાં ખીલવેલી પ્રજ્ઞાથી ઇચ્છેલી પૂર્ણતા નહીં પામે, કે કૃતાર્થતા પણ નહીં અનુભવે. સાથે જ કોઈ પણ વ્યક્તિ પૂર્ણ અને અનંતપ્રજ્ઞ થવાનો સંભવ નથી. એમ થવાની કોઈક વ્યક્તિઓ કદી ન સિદ્ધ થનારી મહત્ત્વાકાંક્ષા રાખે એમ બને. પણ સમગ્ર માનવજાતિ પૂર્ણ તથા અનંતપ્રજ્ઞ થાય એ સંભવનીય નથી. એટલે કે પ્રજ્ઞાને જો મનુષ્યની છઠ્ઠી ઈંદ્રિય ગણીએ તો તે ઈંદ્રિય એક એવી જાતના અનંત સૂક્ષ્મ સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓરૂપી પાંખડીઓની બનેલી છે. કે જેની જુદી જુદી પાંખડીઓ ઓછીવત્તી ખીલેલી છે, ઓછીવત્તી કરમાયેલી છે, અને સર્વે હજી ખીલી જ નથી, અને બધી જ કોઈ એકી વખતે ખીલેલી સ્થિતિ દેખાડે એવો સંભવ નથી.

એક બીજા દૃષ્ટાંતથી વિચારીએ તો મનુષ્યસમાજ એક અજાણ્યા જંગલમાં છોડી મૂકેલા આંધળા અને બહેરા માણસો જેવો છે. હાથના સ્પર્શથી એ રસ્તો શોધવા, મિત્રો અને શત્રુઓને ઓળખળા, અને સારાંનરસાં સાધનો અને સ્થાનો નક્કી કરવા મથે છે. બધાનાં અનુભવો જુદા જુદા છે. કેટલાકે અમુક સાધનો અને સ્થાનોમાં પોતાનું

જીવન ગોઠવી દીધું છે, કેટલાકનું તેટલામાં ગોઠવાતું નથી, અથવા તેમને હજુ તેવી અનુકૂળતાઓ મળી નથી. કેટલાકનું જીવન બીજાના ઉપર વિશ્વાસ અને પ્રેમ રાખવાથી સુખપૂર્વક વીત્યું છે, તો કેટલાકનું એ જ કારણથી દુઃખમય ગયું છે. કેટલાકે બીજાઓ પ્રત્યે અવિશ્વાસ રાખીને જ પોતાને સફળ થયેલા જોયા છે, કેટલાકે તેને લીધ જ ખતા ખાધી છે. કેટલાકને પોતાના હાથપગની શક્તિ જ મદદ આપનારી નીવડી છે, કેટલાકને પોતાની તર્ક, બુદ્ધિ કે વાણીની શક્તિ મદદગાર થઈ છે. કેટલાકે ડરી ડરીને ચાલવાથી પોતાને સુરક્ષિત રહેલા માન્યા છે; કેટલાકે સાહસથી પોતાને વધેલા જોયા છે. પોતપોતાના ટૂંકા અનુભવથી દરેકે વ્યાપક સિદ્ધાંતો તારવ્યા છે.

છતાં આમાં એક જાતની વ્યવસ્થા પણ છે. દરેકનો અનુભવ ટૂંકો છતાં, દરેકને પોતાના અનુભવનું સમર્થન કરનારા મળી આવે છે. એ બતાવે છે કે એ અનુભવો થોડાક વર્ગોમાં ગોઠવી શકાય એમ છે અને દરેક વર્ગના અનુભવમાં કાંઈક વિચારવા અને ગ્રહણ કરવા જેવો અંશ છે. પરંતુ કોઈ એક અનુભવ સર્વતોપરી પણ નથી, અને સર્વથા ત્યાજ્ય પણ નથી. બીજું એમ પણ કહી શકાય કે જુદી જુદી કોટિના કે પરિસ્થિતિના માણસોને માટે કોઈ એક વર્ગનો અનુભવ બીજાઓને મુકાબલે વધારે યોગ્ય થઈ શકે, તથા અમુક પરિસ્થિતિમાં કોઈ એકની વિશેષ મહત્તા અને બીજાની ઓછી હોય.

આ રીતે જોતાં એમ કહી શકાય કે નીચેની યોગ્યતાઓ સામાન્યપણે દરેક પૂર્ણાંગ મનુષ્યમાં હંમેશાં હોવી જોઈએ, અને એમાંથી બેચાર દરેકમાં વિશેષપણે હોવી જોઈએ; તથા વિશિષ્ટ પરિસ્થિતિમાં કેટલીક યોગ્યતાઓ ઘણી મોટી સંખ્યાના માણસોમાં હોવી જોઈએ.

શારીરિક

1. નીરોગી અને પૂરું ખીલેલું શરીર.

2. શ્રમ કરવાની શક્તિ અને ટેવ.

3. ટાઢતડકો, ભૂખતરસ વગેરે વેઠવાની શક્તિ અને ટેવ.

4. જ્ઞાનેદ્રિયો તથા કર્મેદ્રિયોનાં કામોને સ્વાધીનપણે અને વ્યવસ્થિત રીતે કરવાની આવડત અને ટેવ.

5. સ્ફૂર્તિ અને ત્વચા છતાં વ્યવસ્થિતતા અને નિયમન.

માનસિક

1. સાહસ – જોખમનો સામનો કરવાની સાધારણપણે હોંશ અને હિંમત.

2. ધૈર્ય – જોખમમાં ગભરાઈ ન જવાનું (panicky ન થવાનું) બળ.

3. સમયસૂચકતા – પરિસ્થિતિનો મુકાબલો કરવાની સૂઝ.

4. શ્રમાનંદ – મહેનત પડે, તાણ પડે ત્યારે કંટાળો ન આવતાં ઉમંગ વધવો.

5. ઘો–વૃત્તિ – પકડેલી વસ્તુ સહેજે ન છોડી દેતાં પકડી રાખવાનો સ્વભાવ.

6. તેજ અથવા સ્વાભિમાન – બીજાની ધમકી, લાલ આંખ વગેરેથી દબાઈ ન જવાનું બળ.

7. આત્મનિયમન – કામ, ક્રોધના વેગોને રોકવાની શક્તિ.

8. સદૈવપ્રગતિકરતારહેવાનીઅભિલાષા

9. ચોકસાઈ.

બૌદ્ધિક

1. જિજ્ઞાસા અને શોધનની વૃત્તિ.

2. અવલોકન, નિરીક્ષણ અને પ્રયોગની ટેવ.

3. અનુભવ વિરુદ્ધ કલ્પના, વસ્તુધર્મ વિ# આરોપિત ધર્મ, આદર્શ વિ# મહત્ત્વાકાંક્ષા અને ગગનવિહાર, વાસ્તવિકતા વિ# અભિલાષા વચ્ચે વિવેક કરવાની શક્તિ.

4. ગણિત અને આકલન.

5. સ્મૃતિ અને જાગૃતિ.

6. કીડીવૃત્તિ – જ્યાંથી મળે ત્યાંથી કીડી જેવા ઝીણા અને નમ્ર બનીને જ્ઞાનસંગ્રહ કરવાની વૃત્તિ.

7. અતિવ્યાપ્તિ તથા અત્યુક્તિ ન કરવાની ટેવ.

8. પૂર્વગ્રહો અને સાંપ્રદાયિકતાથી કે પક્ષથી પર થઈ વિચાર કરવાની શક્તિ.

ચારિત્રિક

1. અમૂઢ શ્રદ્ધા.

2. જીવાદર.

3. સમભાવ, કરુણા, દયા ઇ#

4. પરદ્રોહ અને ન્યાયરહિત સ્વજનપ્રેમ.

5. અમૂઢ પરોપકાર, ક્ષમા ઇ#.

6. અપરિચિત અને સ્વજન–વિરોધીઓ સાથે સાવધાનપૂર્વક છતાં ન્યાયી વ્યવહાર.

7. ચૈતન્ય કરતાં જડ પદાર્થોની ઓછી કિંમત.

8. ધનના વ્યવહારોમાં પ્રામાણિકતા, ચોખ્ખાઈ, સત્યપ્રતિજ્ઞતા, અવંચના, અજ્ઞાન ગરજુ કે ગરીબની મુશ્કેલીનો લાભ ન લેવો ઇ#.

9. સ્ત્રીની જિંદગી, પ્રતિષ્ઠા અને શીલની પોતાના જીવના જોખમે રક્ષા.

10. અવ્યભિચાર તથા અનત્યાચાર.

11. ઈશ્વરનિષ્ઠા – એટલે કે સર્વે પ્રયત્નો અને પુરુષાર્થ છતાં ધાર્યું ફળ નિપજાવવાની મનુષ્યની અશક્તિનું સ્મરણ અને તે સત્યને સ્વીકારતાં છતાં જગત પ્રત્યે નમ્રતાપૂર્વક મંગળકામના અને તે મંગળકામનામાં શ્રદ્ધા અને તે માટે આશાસહિત સતત પ્રયત્ન.

12. સ્વચ્છતા, વ્યવસ્થા અને સાદાઈની સુંદરતા.

13. રોગ, દારિદ્ર, અન્યાય, સ્થૂળ તથા સૂક્ષ્મ મલિનતા તથા હિંસાના નિવારણ માટે ઉદ્યમશીલતા.

14. સમાજહિતાર્થ પોતાના વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓ, મમતો ગૌણ કરવાની અને અનેક સાથે સહયોગ કરવાની તત્પરતા. છતાં,

15. અન્યાય અને અસત્યની સામે અને સત્યાર્થે આખી દુનિયા સામે એકલા ઝૂઝવાની હિંમત.

ધ્યેયાત્મક અથવા શ્રદ્ધાત્મક

1. અસત્યમાંથી સત્ય, હિંસામાંથી અહિંસા, દૈત્યમાંથી ઐશ્વર્ય, આસક્તિમાંથી વૈરાગ્ય, અજ્ઞાનમાંથી જ્ઞાન, અવ્યવસ્થામાંથી વ્યવસ્થા, વિષમતા અને અન્યાયમાંથી સમતા અને ન્યાય, અધર્મમાંથી ધર્મ પ્રત્યે સતત વધવું અને પોતાની તેમ જ સમાજની પૂર્ણ માનવતા ખીલવવી.

2. સમગ્ર માનવજાતિની એકતા સ્વીકારવી અને તે સિદ્ધ કરવા પ્રયત્નશીલ થવું.

3. જીવનના મૂળ સત્યને શોધવા અને સમજવાનો પુરુષાર્થ.

આ યાદીને સંપૂર્ણ માનવાની નથી. એમાં સત્ય, અહિંસા, ક્ષમા, દયા, સંતોષ, ભાવના, શ્રદ્ધા, ઉપાસના, આત્મરક્ષા, લશ્કરી તાલીમ, ધંધો, કળા વગેરે વગેરે રૂઢ શબ્દો નથી, પણ વર્ણનાત્મક શબ્દપ્રયોગો વાપર્યાં છે, જેથી યોગ્યતાનું નિશ્ચિત સ્વરૂપ સમજી શકાય અને તેની જરૂરિયાત વિશે વિચાર કરી શકાય. આ બાબતોનો આર્થિક ક્રાન્તિના પ્રશ્નોમાં સમાવેશ કર્યો છે, કારણ કે એ મૂળ પાયા વિના કોઈ પણ આર્થિક યોજના સિદ્ધ થઈ શકશે જ નહીં. આ બધું તો છે જ એમ માનીને આર્થિક યોજનાઓ અને જુદા જુદા વાદો રચવામાં આવે છે. પણ જરા વિચાર કરતાં જણાશે કે આ બધું આપણી પ્રજામાં કે જગતમાં છે જ એમ માની લેવાને કશો આધાર નથી. 'નાઽસ્તિ મૂલમ્ કુતઃ શાખા' (મૂળ નથી શાખા ક્યાંથી?) એટલી જ ટીકા એ માટે બસ નથી; પણ 'સન્મૂલસ્યાભાવાત્ પ્રસૂતા વિષવલ્લયઃ' (સારા મૂળને અભાવે વિષયની લતાઓ જ પ્રસરી છે).

20-10-'47

# 6. વાદોની કાથાકૂટ

હાલ આપણે બધા જુદા જુદા વાદોની કાથાકૂટમાં પડી ગયા છીએ, પૂંજીવાદ, સમાજવાદ, સામ્યવાદ, યંત્રીકરણ, રાષ્ટ્રીયકરણ, કેંદ્રીકરણ, વિકેંદ્રીકરણ, મોટા ઉદ્યોગ, ગ્રામોદ્યોગ, યંત્રોદ્યોગ, હાથકારીગરી, બળવાન કેંદ્ર, ગ્રામસ્વરાજ્ય, મજૂર રાજ્ય, કિસાન રાજ્ય, ડેમોક્રસી, ઑટોક્રસી વગેરેમાંથી એકાદ શબ્દને પકડી લઈ, જીવનની સાચી અને સારી વ્યવસ્થા તેવા કોઈ એક વાદ પ્રમાણે બધો કારભાર ગોઠવી દેવાથી થઈ જશે એમ માનતા હોઈએ એવું આપણી ચર્ચાઓનું સ્વરૂપ થાય છે. પરંતુ માનવજીવન એવું લપસણું છે કે કોઈ એક વ્યવસ્થાની પકડમાં એ પકડાઈ શકતું નથી અથવા બળાત્કારે પકડાય છે તો કોહવા માંડે છે અને મનુષ્યને સુખી અને સ્વસ્થ કરવાને બદલે આપત્તિમાં નાખે છે.

પરંતુ, આ ઉપરાંત એક મહત્ત્વની વાત વિચારવાની છે. આ બધા વાદો એકબીજાથી બહુ જુદી જાતના દેખાતા હોય છતાં એ સૌ એક જ પાયાને મજબૂત કરી અથવા સમજીને ઊભા થયેલા છે. બધા જ ધન–ગણિત–સોનાના તોલ–ગણિત – પર રચાયેલા છે. સોનાના સિક્કા ભલે આજે ક્યાંયે વપરાતા ન હોય, પણ અર્થવિનિમયનું સાધન – વાહન અને માપ – તેની પાછળ રહેલા સોનાચાંદીના સંગ્રહ પર છે. ભલે સામ્યવાદી મજૂરને મહત્ત્વ આપે, પૂંજીપતિને કાઢવા પ્રયત્ન કરે, પરંતુ તેયે પૂંજીને – એટલે સોનાચાંદીના પાયાને અને ગણિતને જ – મહત્ત્વ આપે છે. આર્થિક સમૃદ્ધિનું માપ સોનાની બનેલી માપપટ્ટી જ છે. એ માપપટ્ટીની પાછળ વસતી સામાન્ય સમજૂત એ છે કે જે વસ્તુ હરકોઈને સહેજે મળે એમ ન હોય તે જ ઉત્તમ ધન કહેવાય. પૂંજીવાદ એટલે એવી વસ્તુ પર ખાનગી કબજો રાખવામાં શ્રદ્ધા; સામ્યવાદ અથવા સમાજવાદ એટલે

એવી વસ્તુ પર સરકારનો કબજો રાખવામાં શ્રદ્ધા. એ જ વસ્તુ હરકોઈને સહેજે મળે એમ હોય તે જીવનના નિર્વાહ માટે ગમે તેટલી મહત્ત્વની હોય તોયે કનિષ્ઠ ધન ગણાય. આ રીતે હવા કરતાં પાણી, પાણી કરતાં ખાદ્યો, તેના કરતાં કપાસ, તંબાકુ, ચા, લોઢું, તાંબું, સોનું, પેટ્રોલ, યુરેનિયમ વગેરે ઉત્તરોત્તર વધારે ઊંચાં પ્રકારનાં ધન ગણાય છે. આમ જે જીવનને કીમતી અને અનિવાર્ય તેની અર્થશાસ્ત્રમાં કિંમત ઓછી અને જેના વિના જીવન નભી શકે તેની અર્થશાસ્ત્રમાં કિંમત ઘણી એવો જીવન અને અર્થશાસ્ત્રનો વિરોધ છે.

જો કોઈ ક્રાન્તિ થવાની જરૂર હોય તો જેમ ધાર્મિક વગેરે માન્યતાઓ વગેરે વિશે કહ્યું તેમ આ બાબતમાં વિચારની ક્રાન્તિ થવી જરૂરી છે. કાંઈક એવું જ અર્થમાપનું સાધન ખોળવું જોઈએ કે જ ોજીવનને ઉપયોગી અને સર્વસુલભ વસ્તુઓ તથા શક્તિઓને કીમતી ઘટાવે, અને તેના અભાવને દારિદ્ર લેખે.

અર્થશાસ્ત્રની બીજી વિલક્ષણતા એ છે કે મજૂરીનો સમય સાથે સંબંધ ગોઠવવામાં તે સાધન અથવા યંત્રને ગણતરીમાં લેતું જ નથી. દા. ત., સરખી વસ્તુ બનાવતાં એક સાધનથી પાંચ કલાક લાગે અને બીજાથી બે કલાક લાગે, તો બીજું સાધન વાપરનારને વધારે કિંમત મળે; પછી ભલે પહેલાએ જાતમહેનતથી બનાવી હોય, અને બીજાએ માત્ર યંત્રમાં દાબી કાઢી હોય. આ જ બીજી રીતે એમ રજૂ થાય છે કે અર્થશાસ્ત્રમાં સમયને કિંમત નથી પણ સમયની બચતને ઈનામ મળે છે, અથવા સમયના બગાડ પર દંડ બેસાડવામાં આવે છે. પણ આમાં શી રીતે સમય બચ્યો કે બગડયો તેની પરવા કરવામાં આવતી નથી.

ખરું જોતાં જેમ સાધન સારું હોય તો સમય ઘટે, તેમ કુશળતા, ઉદ્યમશીલતા ઇત્યાદિને લીધે મજૂરીની ગુણમત્તા વધારે હોય તોપણ સમય ઘટે. અને સાધન તથા ગુણમત્તા સરખાં હોય તો વસ્તુની કિંમત તેની પાછળ લાગેલા સમયના પ્રમાણમાં લેખાવી જોઈએ. એક જ સરખા યંત્ર પર એક માણસ સરખી ગુણમત્તા વાપરી એક વસ્તુ બનાવે તો બે કલાક્માં બનાવે તે કરતાં અઢી કલાક ખરચીને બનાવેલી વસ્તુ વધારે કીમતી બનવી જોઈએ. સાધન તથા ગુણમત્તાની વિશેષતા તે વસ્તુમાં ઊતરવી જોઈએ. આમ વસ્તુની કિંમત જેમ તેની પાછળ વધારે સમય, વધારે સારું સાધન અને વધારે ગુણ વપરાયા હોય તેમ વધારે થવો જોઈએ. હકીકતે, પડતર કિંમત તો આ પ્રમાણે જ

થાય છે. પણ આજની અર્થવ્યવસ્થામાં બનાવનારને એ ગણિત પ્રમાણે કિંમત ઊપજતી નથી. આથી સમય અને ગુણમત્તાને બચાવનારાં સાધનો ઉપર જ બધો ભાર મુકાય છે. અથવા, કહો કે સમયના વપરાશ પર ભારે દંડ બેસાડવામાં આવે છે અને ગુણની કિંમત કંજૂસાઈથી આંકવામાં આવે છે.

આ બધી ગણિતની ભાષામાં કરેલી રજૂઆત ચોક્કસ ગણિતના રૂપમાં લેવાની નથી. એનો હેતુ એટલું જ દેખાડવાનો છે કે આજે વપરાતું કિંમતના માપનું સોના–ચાંદી વગેરે વિરલ પદાર્થો પર રચાયેલું ધોરણ વસ્તુઓની સાચી કિંમત આંકવાને માટે ખરું સાધન નથી. અને તેથી તેને આધારે બનેલી અર્થવ્યવસ્થા, ગમે તે વાદ પર રચાયેલી હોય, અનર્થ જ ઉત્પન્ન કરનારી નીવડે છે અને નીવડશે.

કુદરત સાર્વજનિક છે. એટલે એને કિંમત જ ન હોવી જોઈએ. જમીન કે ખાણો હવાની જેમ જ કુદરતી બક્ષિસ છે. એની વિપુલતા કે ઊણપથી કિંમતમાં ફરક પડવાનું કારણ નથી.

વળી, આજની આપણી ધન અને કિંમત માપવાની પદ્ધતિ દેખાવમાં સવ્ય – લાભમાપક (positive) હોય, પરંતુ હકીકતે અપસવ્ય – હાનિમાપક (negative) છે. આજકાલ કોઈ શેરીમાં રમખાણ થયાં હોય તો તેના લોકો પર સામુદાયિક દંડ બેસાડવામાં આવે છે. બે શેરીમાં રમખાણ થયાં હોય અને એક પર પચીસ હજારનો અને બીજા પર દસ હજારનો દંડ બેસાડવામાં આવે, તો સરકારી ચોપડામાં પહેલી શેરીવાળાને ખાતે પચીસ હજાર જમા પડશે અને બીજી ખાતે દસ હજાર પડશે. તે પરથી સરકાર પહેલી શેરીને વધારે લાભદાયી ગણે અને બીજીને ઓછી, અને તેથી પહેલી માટે વધારે સંતોષ માને તો એક રીતે એ સીધી વાત દેખાય છે. પણ બીજી અને સાચી દૃષ્ટિએ જોઈએ તો એ પંદર હજારનો વધારે લાભ સંતોષની નહીં પણ ખેદની વાત છે. કારણ, સરકારનો હેતુ રમખાણોને અટકાવવાનો છે, રમખાણોના દંડો વસૂલ કરવાનો ધંધો ચલાવવાનો નથી. એ હેતુની સિદ્ધિ માટે કોઈ પર દંડ નાખવો ન પડે, રમખાણ જ ન થાય, એ સ્થિતિ લાવવી એ છે.(દંડની બાબતમાં આ કથન કદાચ સહેલાઈથી સ્વીકારવામાં આવશે, અને એમ કોઈ સમજતું નથી એમ કહેવામાં આવશે. પણ દારૂ વગેરે પર થતી આવકની બાબતમાં આવી સમજૂત થાય છે કે નહીં તે વિચારવું ઘટે છે.)

અથવા, નીતિમાં થોડો ફેરફાર કરી સરકાર એવા નિયમ કરે કે જે શેરીઓ આખું

વર્ષ શાંતિ જાળવે તેને અમુક હિસાબે કરમાં વળતર આપવું, અને જ્યાં રમખાણ થાય ત્યાં પૂરો કર વસૂલ કરવો. આ રીતે કેટલીક શેરીવાળા સારાં ઈનામ લઈ જાય, તેથી સરકારની કરવસૂલી ઓછી થાય. આ દેખાવમાં નુકસાનની બાબત ગણાય. પણ બીજી રીતે, સરકારનો હેતુ રમખાણો ન થવા દેવાનો હોવાથી એ વળતર લાભપ્રદ જ છે. આમ શાંતિની દૃષ્ટિએ દંડની વસૂલાત જમાના સરવાળામાં પડવા છતાં નુકસાન છે. અને કરનું વળતર ઉધારના સરવાળામાં પડવા છતાં લાભ છે. શાંતિની દૃષ્ટિએ દંડની જમા રકમ અપસવ્ય – હાનિમાપક સંખ્યા છે, અને કરનું વળતર સવ્ય – લાભમાપક સંખ્યા છે.

આ રીતે આપણે કિંમતનો પ્રશ્ન વિચારીએ. ધારો કે આપણે એમ કહીએ કે મિલનું કપડું એક રૂપિયે વાર પરવડે છે, અને તેવી જ ખાદી બે રૂપિયે વાર પરવડે છે. અને તે હિસાબે મિલના એક વાર કાપડની કિંમત એક રૂપિયો માંડીએ અને ખાદીની બે રૂપિયા માંડીએ, હવે, એક વાર કપડું તો એક વાર કપડું જ છેઃ મિલમાં બન્યું હોય કે ખાદીનું હોય. જીવનની ગરજો બંનેથી સરખી સરે છે; તેથી જીવનને બંનેની કિંમત સરખી છે. ધારો કે એક માણસને તેની બંડી છ મહિના સતત કામ આપે છે. એટલે એની સાચી કિંમત છ મહિના છે. છતાં એની જુદી જુદી કિંમત માંડવાનો અર્થ એ થયો કે યંત્રમાં છ મહિનાનું ભાડું એક રૂપિયો થાય છે, અને હાથ–ઓજારમાં બે રૂપિયા. જો છ મહિનાનું ભાડું એક રૂપિયો વાજબી હોય તો ખાદી માટે બે રૂપિયા લઈ તમે ખાદી વાપરનાર પર દંડ બેસાડો છો. અથવા બે રૂપિયા આપી ખાદી બનાવનારને ઈનામ આપો છો. અને જો છ મહિનાની કિંમત બે રૂપિયા વાજબી હોય તો મિલકાપડ માટે એક રૂપિયો આપી મિલવાળા પર દંડ બેસાડો છો, અથવા મિલનું કાપડ એક રૂપિયે વેચી તેના વાપરનારને ઈનામ આપો છો. આમ પડતરની કિંમતની ગણતરી પરથી વસ્તુની કિંમત આંકવા જતાં એની સાચી કિંમત શોધવાનું કોઈ ચોક્કસ સાધન જ મળતું નથી.

વળી એક બીજી રીતે આજની અર્થવ્યવસ્થાની અનર્થતાનો વિચાર કરીએ. નૈતિક ન્યાયથી જોઈએ તો જે વસ્તુઓ વિના જીવન નભી જ શકે એમ ન હોય અને જેના ઉત્પાદનમાં જ મનુષ્યોના મોટા ભાગને રોકાવું આવશ્યક હોય, તેમાં રોકાયેલા માણસોની મહેનતની સૌથી વધારે કિંમત હોવી જોઈએ. માણસની મહેનતમાંથી શું નિર્માણ થાય છે, અને તે જીવન માટે કેટલું આવશ્યક છે તેના ખ્યાલથી તેનું મહેનતાણું હોવું ઘટે. આમ જોતાં એ વિશે શંકા જ નથી કે ઘણામાં ઘણા માણસોએ અનાજ ઉત્પાદન કરવાની

મહેનત કરવી જ જરૂરી છે. બાકી બધુ એનાથી ગૌણ સ્થાન લે. માટે વધારેમાં વધારે મહેનતાણું અનાજ ઉત્પન્ન કરવાની સીધી મજૂરી કરનારને મળવું જોઈએ. બાકી બધા ધંધા એનાથી ઊતરતી પંક્તિના ગણાવા ઘટે. અનાજ પછી બીજો નંબર કદાચ ઘર અને વસ્ત્ર બનાવનારાઓનો તથા ભંગી વગેરે સફૈયાઓનો ગણાય. જે ધંધાના જ્ઞાન અથવા મદદ વિના બીજા ધંધાદારીઓની બધી વિદ્યા–કળા નકામી બની જાય એમ હોય તે ધંધો આર્થિક રીતે સૌથી વધારે કીમતી લેખાવો જોઈએ.

પણ આપણે જાણીએ છીએ કે આજની અર્થવ્યવસ્થામાં એમ નથી. સૌથી વધારે મહેનતાણું રાજા, પ્રધાન, સેનાપતિ, લશ્કર, પોલીસ, ન્યાયાધીશ, વકીલ, વૈદ્ય, મોટા અધ્યાપક, નિષ્ણાત, ફૅશનસર્જક* વગેરેને આપવામાં આવે છે, અને જીવનમાં જેની છેલ્લામાં છેલ્લી જરૂર તેને વધારેમાં વધારે મહેનતાણું મળે છે. (ફૅશનસર્જક શબ્દ કળાસર્જકથી જુદો પાડવા જાણી જોઈને વાપરું છું. સાચા કળાસર્જકોનું મહેનતાણું તો મોટેભાગે ઓછું હોય છે, પ્રતિષ્ઠા ભલે હોય.)

આમ થવાનું એક કારણ એ છે કે અજ્ઞાન લોકોમાં જેવા ભૂતપ્રેત અથવા દેવદેવીઓ વિશે વહેમો પ્રચલિત છે અને જેની ભણેલા લોકો હાંસી ઉડાવે છે, તેવા જ આપણા સભ્યસમાજી (બુઝર્વા)ઓના રાજ્યવ્યવસ્થા અને સુલેહશાંતિ જાળવનારા તથા જ્ઞાન આપનારા વગેરે વિશે વહેમો છે. જે શ્રદ્ધાથી અજ્ઞાની ભૂતપ્રેત કે દેવદેવીને રીઝવવા માટે કૂકડાબકરા કે પાડાનો બલિ ચડાવે છે, તેવી જ શ્રદ્ધાથી આપણે રાજા–મહારાજા અને રાજપુરુષોને રીઝવવા તેમને ખૂબ મહેનતાણું આપીએ છીએ, તેમના દરબારો ભરીએ છીએ અને સરઘસો કાઢીએ છીએ. જેમ પોતે ઘડેલી કે ચીતરેલી દેવની મૂર્તિને માણસ પૂજી કે પ્રણામ કરી કહે છે કે, હે ભગવાન, તું અમારો કર્તા અને ભર્તા છે, તેમ પોતે મદદ કરી ઊભા કરેલા રાજપુરુષોને તે પૂજી, પ્રણામ કરી કહે છે કે, તમે અમારા રાષ્ટ્રના સ્વામી અને પાલક છો. અનુભવ તો બતાવે છે કે રાજપુરુષોને કારણે જેટલી ખુનામરકી, અવ્યવસ્થા, અન્યાય, લૂંટફાટ, જૂઠાણું વગેરે થાય છે, તેટલી કશા પ્રકારની વ્યવસ્થિત રીતે સ્થપાયેલી રાજસત્તા ન હોય તો ન થાય.

પણ હવે મનુષ્યસમાજ એવી સ્થિતિમાં છે કે એને વ્યવસ્થિત રાજ્યસત્તા નિભાવ્યે જ છૂટકો છે, આથી એ ભલે હોય. પણ એનો અર્થ એ નથી કે તે કામમાં રોકાયેલાઓની આર્થિક કિંમત પણ વધારે આંકવી જોઈએ. અને આમ નહોતું એવોયે જમાનો હતો.

આજે એમની આર્થિક કિંમત વધારે મૂકવાનું એક કારણ એ છે કે ધન અને પ્રતિષ્ઠાનું આપણે એવું સમીકરણ કર્યું છે કે જેટલું ધન તેટલી પ્રતિષ્ઠા અથવા જેની પ્રતિષ્ઠા વધારવી હોય તેનું મહેનતાણું પણ વધારવું જોઈએ એવું આપણે માનવા લાગ્યા છીએ. ‘સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે’ એ નીતિવાક્ય આપણે સ્વીકારી લીધું છે. પ્રતિષ્ઠા અનેક કારણસર હોય અને અપાય. એ માન્ય કરવાની બીજી ગમે તેટલી રીતો હોય, પણ તે પૈસાના ઈનામ દ્વારા ન હોવી જોઈએ. વૃદ્ધ પુરુષને એની ઉંમર માટે, સ્ત્રીને એના માતૃત્વ, કોમળતા અને શીલ માટે, બાળકને એની નિર્દોષતા અને મધુરતા માટે, જ્ઞાનીને એના જ્ઞાન માટે, સિપાઈને બહાદુરી માટે, રાજપુરુષને એના નેતૃત્વ અને કર્તૃત્વ માટે, સંતને એના ચારિત્ર માટે, અધિકારીને એની વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ થવા માટે પ્રતિષ્ઠા મળે એમાં કશો દોષ કાઢવાપણું નથી. પણ એ પ્રતિષ્ઠાની કદર પૈસા આપીને કરવાની ન હોય. આદર આપો. અગ્રસ્થાન આપો, ઊંચું સ્થાન આપો, ઠીક લાગે તેમ નમસ્કાર, પ્રણામ કરો, હારતોરા આપો, જોઈએ તો ખેતાબો અથવા પદવીઓ પણ આપો; પણ એ માટે એને વધારે મહેનતાણું કે સોનાચાંદીના કે મૂલ્યવાન પદાર્થો કે ધનસંચય કરવાની સગવડ આપવાની ન હોય. જો જુદાં જુદાં કામ માટે જુદાં જુદાં મહેનતાણાં હોય તો સૌથી વધારે મહેનતાણું અનાજની ખેતી કરનારનું કે જળની ખેતી કરનારનું હોવું જોઈએ. રાજાનોયે રોજ ખેતીના મજૂર કરતાં ઓછો હોવો જોઈએ. ભલે એના કામ માટે એને દેશની સ્થિતિ પ્રમાણે મર્યાદિત સગવડો મળે.

# 7. ફુરસદવાદ

છેલ્લા પ્રકરણમાં, 'સમયની બચતને ઈનામ' અથવા 'સમયના બગાડ પર દંડ' એવી પરિભાષામાં પદાર્થોની કિંમતના આજના ધોરણનો એક ખુલાસો વિચારાયેલો છે. પણ સાચું પૂછતાં આવી રીતે ખુલાસો આપવામાં જ વિચારની ગેરદોરવણી થાય છે. ગાંધીવાદ અને બીજા વાદો વચ્ચે આ એક બાબતમાં વિરોધ છે. તે એ કે બીજા સર્વે વાદો ફુરસદવાદી છે; માણસને વધારેમાં વધારે ફુરસદ આપવી, ફુરસદ વિદ્યા, કળા, વગેરેનું – 'સંસ્કૃતિ'નું કારણશરીર (મૂળ સાધન) છે, એ આજના અર્થશાસ્ત્રની પાયારૂપ શ્રદ્ધા છે એમ કહી શકાય. ગાંધીવાદ, પ્રતિક્રિયારૂપે કદાચ બીજે છેડે બેઠો છે અને તે ફુરસદને લગભગ માનવહિતની દુશ્મન લેખે છે.

હકીકત એ છે કે ફુરસદ શબ્દમાં આળસ અને વિશ્રાંતિ બન્નેનો સમાવેશ થાય છે. આ પૈકી શ્રમ પછી વિશ્રાંતિની જરૂર વિશે વિવાદ કરવો નકામો છે. એ વિશ્રાંતિ કેટલીક વાર કેવળ આરામથી – નિરાંતથી પડવા–સૂવાની અને કોઈ વાર બીજા પ્રકારનો અનાર્થિક શોખનો કે વિનોદનો શ્રમ કરવાની હોય. એમાં રમતગમત, કળાચાતુરી, કથાકીર્તન, જ્ઞાનચર્ચા વગેરેનો સમાવેશ થાય. એ શ્રમ અર્થોત્પાદક ન હોય તોયે શરીર, મન, બુદ્ધિ વગેરેને સ્વસ્થ અને ઉન્નત કરનારો હોવો જોઈએ. એમ કહેવું કે વિશ્રાંતિની જરૂર જ નથી, અથવા એક શ્રમ છોડી બીજા પ્રકારનો પણ અર્થોત્પાદક જ શ્રમ કરવો તે જ વિશ્રાંતિ – એ વૃથા પાંડિત્ય જેવું છે. અને આળસ માનવહિતનું દુશ્મન છે એમ સ્વીકારવામાં કોઈને હરકત ન હોવી જોઈએ. 'નવરો બેઠો નખ્ખોદ વાળે'

એ અનુભવ–વાક્ય છે. જે ફુરસદ જુગાર, દારૂ, વ્યભિચાર, તમાશા, મલિન કળા, ગાળાગાળી તથા મારામારીમાં પરિણમે તે ફુરસદ આવી નખ્ખોદ વાળનારી ગણાય.

પણ આળસની અનિષ્ટતા સ્વીકારવા જતાં શ્રમનો બોજો વધી પડવાની ધાસ્તીથી ફુરસદવાદ પેદા થયો છે. જીવવા માટેના 'આવશ્યક' શ્રમમાંથી વધારેમાં વધારે મુક્તિ પહેલી મળવા દો; 'આવશ્યક' શ્રમ એ જ શ્રાંતિ (થાક) છે; એમાંથી નીકળવું તે વિશ્રાંતિ – ફુરસદ. એવી ફુરસદ થાક લાગવા માંડે તે પહેલાં જ મળે તો વળી વધારે સારું, એમ હોય તો જ બીજા પ્રકારનાં જ્ઞાનકળા વગેરેનાં ઉપાર્જન–સર્જન થઈ શકશે. થાક વિનાની ફુરસદ ગાળતાં ન આવડતું હોય તો હરકત નહીં; 'નવરો બેઠો નખ્ખોદ વાળે'નું જોખમ ખેડીનયે મનુષ્યોને પહેલી ફુરસદ આપવી. પછી ધીમે ધીમે ફુરસદને સારી રીતે ગાળવાની કેળવણી આપવાનું કરી શકાશે. આ ફુરસદવાદ છે.

વિચાર કરતાં જણાશે કે શ્રમ–ફુરસદનો સંબંધ ત્યાગ–ભોગ, અહિંસા–હિંસા, જેવો છે. જેમ માણસ સર્વથા ભોગ વિના રહી શકતો નથી; સર્વથા હિંસા વિના નભતો નથી; તેમ ફુરસદ કાઢયા વિના, મહેનત બચાવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકતો નથી. ભોગને મર્યાદિત કરવાનો, ઘટાડવાનો પ્રયત્ન તે જ ત્યાગ. એવો પ્રયત્ન કરતાં કરતાંયે તે કેટલોક ભોગ કરે જ છે. પણ તેથી જો એ ભોગને જ જીવનનો સિદ્ધાંત બનાવે છે તો વિનાશને જ પંથે જાય છે. તે જ પ્રમાણે હિંસાને મર્યાદિત કરવાનો–ઘટાડવાનો પ્રયત્ન તે જ અહિંસા, અહિંસાના પ્રયત્ન કરતાં કરતાંયે તે કેટલીક હિંસા કરે જ છે. પણ તેથી જો તે હિંસાને જ જીવનનો નિમય બનાવે તો યાદવાસ્થળી જ પરિણમે. એ જ વાત શ્રમ–ફુરદસની છે. ફુરસદ માણસ કાઢવાનો જ. શ્રમ કરતાં કરતાંયે ફુરસદ પર નજર રાખવાનો. પણ ફુરસદને જ જો અર્થશાસ્ત્રની કે જીવનની ફિલસૂફી, અને જ્ઞાન–કળાનું કારણશરીર સમજે તો તે અનર્થની પરંપરામાં જ પરિણમે.

એક એવી માન્યતા છે કે સંસ્કૃતિનો વિકાસ ફુરસદમાંથી થયો છે અને થાય છે. ફુરસદ હોય તો મામસ ગાતાં શીખે, નાચતાં શીખે, ચીતરતાં શીખે, કોતરતાં, રંગતાં વગેરે શીખે. શરીર–ઘર વગેરેને શણગારતાં શીખે, વાંચતાં અને મનન કરતાં શીખે, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વિચારે. જેનો આખો દિવસ અને જન્મારો પેટનો ખાડો ભરવાની

મહેનતમાં અને જીવનને જેમતેમ ટકાવી રાખવામાં જ ચાલ્યો જાય, તે એ બધી વિદ્યા–કળા–જ્ઞાન વગેરેનો શી રીતે વિકાસ કરે? આજ સુધી દુનિયામાં જે જે મહાન સંસ્કૃતિઓ પેદા થઈ છે, ભવ્ય નગરો, ઈમારતો, સાહિત્ય, સંગીત, કળા, તત્ત્વજ્ઞાન આદિ રચાયાં છે, તે ફુરસદ કાઢી શકનારા લોકોને પ્રતાપે છે. પૂંજીવાદી અર્થવ્યવસ્થામાં થોડા માણસો કોઈક પ્રકારે ખૂબ ધન મેળવી શકતા અને તેથી તેમને પોતાને ખૂબ ફુરસદ મળતી એટલું જ નહીં, પણ તેઓ બીજા પણ યોગ્ય માણસોને ફુરસદ મેળવવામાં મદદગાર થઈ શકતા. મારે શરીરશ્રમ કરી મારો નિર્વાહ ચલાવવો પડતો નથી. કેટલાક થોડી મહેનતે ઘણું કમાઈ શકનારા પુસ્તકો ખરીદવાની શક્તિ ધરાવે છે, માટે નવજીવન પ્રકાશન મંદિર પુસ્તકો છાપવાનો ધંધો ચલાવી શકે છે, અને તેથી મારા જેવા લેખકો નિરાંતે સાહિત્ય–સર્જન કરી શકે છે, અને મહાત્મા ગાંધી તથા રવીદ્રનાથ ટાગોર જેવા નરરત્નોયે ઊપજી શકે છે. એને જ લીધે શંકરાચાર્ય જેવા અનેક જ્ઞાનીઓ તત્ત્વજ્ઞાન ખેડી શક્યા છે અને સાધુસંતો ભક્તિનો પ્રચાર કરી શકે છે. એને જ કારણે પિરામિડો, તાજમહાલ, દેલવાડાનાં મંદિરો, નાલંદા, મોહન–જો–ડેરો બન્યાં. અણુમાં રહેલી અદ્ભુત અને પ્રચંડ શક્તિ, વીજળી તથા કિરણોની વૈજ્ઞાનિક ખૂબીઓ, હેરત ઉપજાવનારા પ્રચંડ ઉદ્યોગો અને પુલ વગેરેનાં બાંધકામો કરવા અર્થોત્પાદક શ્રમમાંથી ફુરસદ પામેલા લોકો જ શક્તિમાન થયા છે. ફુરસદની શક્યતા ન હોય તો વિજ્ઞાનનો વિકાસ ન હોત. અઢારમાં સૈકા સુધી મોટા ચક્રવતી રાજાનેયે જે સુખસગવડો નહોતાં મળી શકતાં તે આજે મુંબઈમાં રહેનાર મિલમજૂર કે મહેતાનેયે મળી શકે છે. શાહજાહાંએ જેવી ઝીણી મલમલ વાપરી હશે તેવી કે તેથીયે ઝીણી મલમલ આજનો સામાન્ય મજૂર વાપરી શકે છે, અને એની સ્ત્રી બસો વર્ષ પૂર્વના નગરશેઠની વહુએ રોજના વપરાશમાં નહીં પહેરી હોય તેવી સાડી પહેરીને વાસણ અજવાળવા બેસી શકે છે. પચાસ વર્ષ પર દીકરાનો પગ ધોઈને બ્રાહ્મણ કહે કે એના નસીબમાં ગાડીઘોડો છે, તો મા રાજી રાજી થઈ જતી. આજે પગની રેખા ગરજ વિના એક આનામાં વીજળીના વાહનમાં બેસીને માણસ અર્ધું મુંબઈ ફરી આવી શકે છે. રામ જેવાનેયે વિભીષણની મદદથી પુષ્પક વિમાનમાં બેસવાનો લહાવો મળ્યો. આજે શંકરરાવ દેવ જેવા નિષ્કિંચન સેવક પમ મહિનામાં બે વાર ઊડી શકે છે, અને હિજરત કરનાર ગરીબ કિસાનોને પણ વિમાનમાં સ્થાનાંતર કરાવાય છે. આટલો બધો વિકાસ ફુરસદને આભારી છે. એ

ફુરસદ અત્યાર સુધી પૂંજીને ન વરેલી હતી. હવે એને યંત્રોદ્યોગો દ્વારા અને સમાજવાદી રચના દ્વારા સમાજવ્યાપક બનાવી શકાય એમ છે. પૂંજીવાદ સ્વાર્થી અને અલ્પવ્યાપી હોવાથી તે કાઢવા જેવો છે. પણ એનું નવનીત – ફુરસદ એ તો અવશ્ય વધારવા અને સંઘરવાની વસ્તુ છે, એવો ફુરસદનો મહિમા છે.

પણ આ વિચારોમાં એટલી બધી સાચી, અર્ધસાચી અને ભૂલભરેલી બાબતોની ભેળસેળ કરી દેવામાં આવી છે કે તેનો ઊંડા ઊતરી વિચાર કરી લેવાની જરૂર છે. પહેલાં કરતાં અનેકગણાં વધારે સુખસગવડનાં સાધનો આજે વ્યાપક રીતે જનતાને સુલભ થયાં હોવા છતાં અને સમયની બચત કરનારાં આટલાં બધાં સાધનો નિર્માણ થયાં છતાં, જે ફુરસદને માટે આપણે આટલું બધું ઝંખીએ છીએ તે આપણા પૂર્વજોને જેટલી મળતી હતી તેટલી આપણને મળતી નથી, એ કેટલું વિચિત્ર છે? જે નિરાંતના જીવથી સો વર્ષ પહેલાંનો ખેડૂત જીવન નિર્ગમન કરતો અને બહોળું કુટુંબ નિભાવતો, તે જ નિરાંત રાખીને તે આજે વર્તે તો પાયમાલ જ થઈ જાય. કાચા રસ્તાઓ પર થઈને ઝડપથી દોડનાર ઘોડો કે સાંઢણી એ જ જ્યારે માણસનું મુસાફરી કે સંદેશાનું વેગવંતું સાધન હતું ત્યારે માણસને જેટલી ફુરસદ હતી તેટલી આગગાડી મળ્યા પછી ન રહી અને આગગાડી મળ્યા પછી જે હતી તે વિમાન મળ્યા પછી નથી રહી. મહાભારતના યુદ્ધે આપણા મગજ પર પ્રાચીન કાળમાં થયેલા મોટામાં મોટાં યુદ્ધનો સંસ્કાર પાડયો છે. બે બાજુએ મળી અઢાર અક્ષૌહિણી સેનાએ – અઢાર જ દિવસમાં તે વખતની સર્વ ‘આર્ય‘ જાતિઓએ – પરસ્પર કતલ કરી. પણ એ મોટા યુદ્ધનો વિચાર કરીએ તોયે આજના પ્રમાણમાં એમાં કેટલી નિરાંત અને ફુરસદ હતી? જોશ જોવાય છે, સેનાઓ ભેગી થાય છે, વચ્ચે ગ્રહણ આવે છે માટે આંતર–પક્ષ સુલેહ જાહેર થાય છે, તે વખતે શત્રુઓ પણ એકબીજાને મળે છે અને આનંદ–પ્રમોદ કરે છે; લડાઈ દરમ્યા સાધારણ રીતે સૂર્યાસ્ત પછી લડાઈ બંધ રહે છે; ત્યારે સામા પક્ષની છાવણીઓમાં જઈ શકાય છે, રાત્રે કથાકીર્તન થાય છે, તે ‘બ્લૅકાઉટ‘ કર્યા વિના જ ચાલે છે. હોઈકોર્ટમાં જાણે ‘લાýગ કૉઝ‘ (મોટો કેસ) નોંધાવ્યો હોય તેમ ભયંકર યુદ્ધો વચ્ચેય ફુરસદ અને નિરાંત છે. પણ આજે તો બે મહિના પહેલાંથી જેની તારીખ જાહેર થઈ ચૂકી હોય તેવી કોઈ વિચારપરિષદ જ હોય, તોયે તેમાં કોઈ નિરાંતનો જીવ કરી પહોંચી શકતું નથી. વિમાનમાં ઊડીને માંડમાંડ પહોંચનારા કેટલાક તો નીકળે જ. ત્રણ દિવસમાં કરવા ધારેલા કામને બે દિવસમાં ઉકેલી નાખવા સૌ

કોઈને ઉતાવળ હોય. કેટલાક તેમાંથીયે જલદી નીકળી જનારા હોય. કોઈકે પોતે આવી શકે એમ નથી એમ છેલ્લી ઘડીએ 'તાબડતોબી ફોન'થી સંદેશો મોકલ્યો હોય. છ–છ મહિને ટપાલ પહોંચતી તે કાળમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ હિંદુસ્તાન જેવા છ હજાર માઈલ દૂર દેશમાં રાજ્ય સ્થાપ્યું અને ચલાવ્યું! અકબરે લગભગ આખા દેશમાં પોતાની આણ વર્તાવી. આજે ફોન–રેડિયો અને વિમાનનાં સાધનો છતાં એ ચલાવવું અશક્ય થઈ પડયું! ચોવીસ કલાકનો વિલંબ થયો હોત તો કાશ્મીરની કેવી સ્થિતિ થઈ હોત તે આપણને પં. જવાહરલાલજીએ સમજાવ્યું હતું! યાંત્રિક જમાનામાં આપણે ઝંખીએ છીએ તે ફુરસદની આવી વલે થઈ છે! આપણે વધારે ફુરસદ મેળવવા જેમ જેમ પ્રયત્ન કરીએ છીએ તેમ તેમ તે ગધેડાના નાક આગળ બાંધેલી ડુંગળીની જેમ બે આંગળ દૂરની દૂર જ રહે છે. ગધેડાનું જેવું ડુંગળી પામવાનું તેવું જ આપણે માટે ફુરસદનું ધ્યેય છે, અને તેમાં આપણી શ્રદ્ધા છે.

ખેર, હવે આપણે ફુરસદ અને સંસ્કૃતિનો સંબંધ વિચારીએ, સંસ્કૃતિમાં આપણે ભક્તિ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, આનંદપ્રદ કળાઓ, શરીર, મન, બુદ્ધિ વગેરેની અસાધારણ શક્તિઓ, કે સુખસગવડનાં સાધનોની સુલભતા – ગમે તે લઈએ – બધાની બાબતમાં આપણે બે ભાગ પાડવા પડશે. એક તે તે પ્રકારની સંસ્કૃતિની વિશેષતાને નિર્માણ કરનારાઓનો અને બીજો તેના કદરદાનો અને ઉપભોગ કરનારાઓનો.

પોતે અને પોતાના મિત્રો મળી રજાના દિવસે (એટલે ફુરસદવેળાએ) પોતાની જ હોંશ પૂરી કરવા પોતાને હાથે રસપોળી, ઢોકળાં, કઢી, ભાત, બેચાર ચટણીઓ વગેરે તૈયાર કરી, ખાવાની જગ્યાએ ફૂલો અને ચિત્રોથી વિભૂષિત કરી, અગરબત્તી વગેરેથી સુગંધિત કરી, ગાતાં અને આનંદ કરતાં જમે, અને પછી જ્ઞાનચર્ચા કરે તે પાકકળા, ચિત્રકળા, સંગીતકળા, તત્ત્વજ્ઞાન વગેરેના પોતે જ નિર્માતા, કદરદાન અને ભોક્તા છે. એમની ફુરસદ પોતાની છે, અને સર્જન પણ પોતાનું છે.

પણ પોતાને અને પોતાના મિત્રોની રજાની ફુરસદ છે, માટે સ્ત્રીને કે ભટ–ચાકર કે વીશીવાળાને હુકમ આપી તથા કોઈ ગવૈયા, નાચનારી કે હરિકીર્તનકારને રોકી, કે ગ્રામોફોન ચલાવી, આવો એક ઉજાણીનો કાર્યક્રમ યોજે તો તેમાં કળાના નિર્માણ કરનારા

જુદા હોય છે, અને તેના આશ્રયદાતા અને ઉપભોગ કરનારા જુદા હોય છે. જેઓ આ કળાઓ નિર્માણ કરે છે, તેઓ પોતાની ફુરસદનો તેમાં ઉપયોગ નથી કરતા, પણ પરાધીનતા અથવા ધનની ઇચ્છાથી કરેલો સીધો જીવનનિર્વાહનો શ્રમ જ કરે છે. તેઓ તેનો ઉપભોગ પણ નથી કરતા, અથવા પોતાના આશ્રયદાતાઓનો ઉપભોગમાંથી રહેલી બચતનો જ કરી શકે છે. ભટ–ચાકર, વીશીવાળો કે ગવૈયો પોતાના કળામય વ્યવસાયને પેટ માટે વૈતરું સમજે છે; એ માટે એ વધારે ગ્રાહકો શોધે છે અને એ પણ ગ્રાહકના જ ફુરસદવાદમાં માનતો હોવાથી કેવી રીતે એ વૈતરું ઓછું કરી શકાય, અને પોતાના કળાસર્જક વ્યવસાયમાંથી ફુરસદ મેળવી શકાય તેની યુક્તિઓ શોધે છે. અને આમાં કળાની ઉપાસના નથી લાગતી. એ ફુરસદ કાઢી બીજી કળાઓની ઉપાસક બનવા માગે છે. અને તે પણ ઘણું કરીને કળાનો નિર્માતા નથી બનતો, કેવળ કોઈ બીજા ધંધાદારી કળાકારનો આશ્રયદાતા બને છે! રસોઈયો સિનેમામાં જાય છે, સિનેમાનો નટ હોટેલમાં કે વારાંગનાઓમાં પડે છે, કીર્તનકાર ‘બ્રહ્મભોજન‘ શોધે છે અને બ્રહ્મજ્ઞાની સાધુ ભાંગગાંજાની વિશ્રાંતિ લે છે! મોટે ભાગે બધા થોડાઓની મહેનતે ઘણાઓથી સામટી ભોગવી શકાય અને ઘણી ઇંદ્રિયોને રીઝવી શકાય એવી સિનેમા–નાટકની, ઘોડદોડની, ક્રિકેટની કે એવી કળાના આશ્રયદાતા બને છે! હાલમાં તો ઘણીખરી કળાનું અંતિમ સ્થાન સિનેમાઘર છે. ત્યાંનો પહેરવેશ, નૃત્ય, સંગીત, રાચરચીલું, શણગાર, ચિત્રો વગેરે સમાજના કળાના આદર્શો બને છે. એમાં સર્વે કળાસર્જકોનો સહયોગ હોય છે; ચિત્રકાર, શિલ્પી, કથાલેખક, કવિ, ગાયક, વૈજ્ઞાનિક બધાને ત્યાં સ્થાન મળે છે; અને તે બધા ત્યાં કળા દ્વારા જીવનનિર્વાહ મેળવે છે, અને પૈસા આપનાર સંયોજકના હુકમો પ્રમાણે કળાને દાખવે છે!

લલિતકળાઓ એ સંસ્કૃતિનું નવનીત મનાય છે. શાળાઓ પોતાના વર્ષભરના શિક્ષણનું પ્રદર્શન નાટ્યપ્રયોગો દ્વારા દેખાડે છે; ઇતિહાસકારો પ્રજાની સંસ્કૃતિના નમૂનારૂપે એની ભવ્ય નગરીઓ અને ઈમારતો, તથા ઉત્કૃષ્ટ કાવ્ય, નાટક વગેરેની યાદી આપે છે; એ કળાસર્જકોના જીવનમાં ફુરસદને કેટલું સ્થાન હતું, પોતાની કળાનો કેટલો આનંદ હતો, ચિત્તમાં કેટલી પ્રસન્નતા હતી, પોતાના હમ–કળાકારો પ્રત્યે કેટલો સદ્ભાવ અને કદરબુદ્ધિ હતાં, પોતાના આશ્રયદાતાઓની ખુશામત માટે પોતાની કળાને કેટલી બગાડવી કે ઉતારવી પડતી હતી તથા પોતાની હોંશથી નહીં પણ તેમને

(આશ્રયદાતાઓ) માટે પોતાની જાતને કેટલી નિચોવી નાખવી પડતી હતી, તેનું સંસ્કૃતિનું આ નવનીત ચાખનારા અને તેનાં ગુણગાન ગાનારા ભાગ્યે જ માપ કાઢે છે. ફુરસદને લીધે આ કળાઓ પોષાઈ એ સાચું, પણ ફુરસદ કોની, અને કેટલાની? કળાના સર્જકોની કે આશ્રયદાતાઓની? એ આશ્રયદાતાઓની ફુરસદ ક્યાંથી આવી?

અને ફુરસદને પૂજવાવાળી અથવા ફુરસદવાળાઓને માટે નિર્માણ થયેલી કળાઓનું સ્વરૂપ પણ કેવું બન્યું છે? સામાન્ય જીવનમાં જેવા અંગવિક્ષેપો કરવા ફાવે જ નહીં, સંગીતના સૂર અને તાલ સાથે જેનો સંબંધ ન હોય તો તે કરનારને ચિત્તભ્રમ થયો હશે અથવા જેને અંગ્રેજીમાં 'સેન્ટ વાઈટસનો નાચ' કહે છે તેવો એક પ્રકારનો વાયુરોગ થયો હશે એવી શંકા ઊભી થાય; જે વેશ અને હાવભાવ અને રંગબેરંગી કિરણો અને શોભાની સજાવટ વિના ફીકા પડી જાય, એ આપણી આજની ઊંચામાં ઊંચી નૃત્યકળાનું સ્વરૂપ છે, અને એને શીખવા પાછળ બાળમંદિરથી માંડી યુનિવર્સિટીનાં તરુણતરુણીઓ સુધી બધાં તલપાપડ છે. જેવાં લાંબાં અને પાતળાં આંખ, નાક, કાન, કમ્મર, આંગળાં, નખવાળાં માણસો દુનિયામાં ક્યાંય જોવા મળે નહીં, અને દેખાય તો વિચિત્ર પ્રાણીઓ જ લાગે, તેને ચિત્રકળાના ઉત્તમ નમૂના આપણે માનતા થયા છીએ. આપણને લાગે છે કે આ નૃત્ય–ચિત્ર વગેરેમાં જે સૌંદર્ય લાગે છે તેનું કારણ તેનાં અદ્‌ભુત અંગવિક્ષેપો કે અસામાન્ય નાક, કાન, આંખ વગેરેની આકૃતિઓ છે. વસ્તુતઃ એની આકર્ષકતા એ સૌની ઇંદ્રિયમોહન શક્તિ જ છે. કુરૂપતા બે પ્રકારની થાય : એક ધૃણા પેદા કરનારી, બિભત્સ લાગનારી, જોતાં ચીતરી ઉપજાવનારી : જેવી કે, રાક્ષસની, યમદૂતની, હીડંબાની, ભૂંડની. બીજી, નાજુક અને શણગારેલી કુરુપતા. એક કુરૂપતા એનો શણગાર ઉતારી નાખો તો દુર્બળતા, અલ્પવીર્યતા, રોગ કે વ્યંગતામાં જ ખપે. પણ નાજુક અને શણગારેલી હોવાથી કુરૂપતા છતાં તે વીર્યવાન સુરૂપતા જેવી જ ઇંદ્રિયમોહન થાય છે. આપણે વિચારીશું તો, મને લાગે છે કે આપણી ખાતરી થશે કે આજે મોટે ભાગે આપણે કળાને નામે નાજુક – શણગારેલી કુરૂપતાને જ સૌંદર્ય માનતા થયા છીએ. જેટલી અલ્પવીર્યતા વધારે તેટલા શણગાર, હાવભાવ વગેરેથી તેને ઢાંકવાનો પ્રયત્ન વધારે થાય છે, અને જોનારા તે બાહ્ય રંગમાં જ ખેંચાઈ તે પાછળ રહેલી કુરૂપતા જોતાં અટકે છે.

પણ આ થોડું વિષયાંતર થયું. મૂળ મુદ્દો ફુરસદનો છે. અને તેમાં કહેવાનું એ છે કે ફુરસદપૂજામાંથી નિર્માણ થયેલાં કળા–સાહિત્ય–કાવ્ય ઇ# ઉપરછલાં, ઇંદ્રિયમોહન, રાગદ્વેષથી ભરેલાં અને મોટે ભાગે પણ્યાંગ (બજારુ) વૃત્તિનાં હોય છે. પોતાના જીવનનાં નિત્યનૈમિત્તિક કાર્યોમાં, સંબંધોમાં, શ્રમમાં, જે કૃતાર્થતા લાગે અને પ્રસન્નતા અનુભવાય, તેને પરિણામે તે કાર્યોને શોભાડવાની, તે સંબંધોમાં ભક્તિ, મીઠાશ અને રસિકતા લાવવાની, અને તે શ્રમમાં પારંગતતા પ્રાપ્ત કરવાની તથા સુંદરતા ભરવાની જે પ્રવૃત્તિ થાય તેમાંથી નિર્માણ થયેલી કળા વગેરે જુદા જ પ્રકારનાં હોય, એની કિંમત પૈસામાં આંકી જ ન શકાય. જે કદરરૂપે આપવામાં આવે તે આપનારને ફૂલ નહીં પણ ફૂલની પાંખડી જ લાગે, અને લેનારની આપનારના ભાવ ઉપર જ દૃષ્ટિ હોય.

માનવની ઉન્નત માટે તેને ફુરસદની જરૂર છે, એમાં ના નહીં. ખાવાની કે સૂવાનીયે નિરાંત ન મળે, સદાયે 'વખત નથી' એવું જ જીવનનું ઘડિયાળ ગોઠવાય એ ઇષ્ટ સ્થિતિ નથી જ. પણ એ ફુરસદ તે થોડા કલાક દોડાદોડી કરી ભૂતની જેમ કામ કરવું, અને પછી થોડા કલાક મોજશોખના કાર્યક્રમમાં પડવું, અને પછી સૂવા માટે દવા કે દારૂ લઈ સવારના સાતઆઠ વાગ્યા સુધી ન પૂરી ઊંઘ, ન પૂરી જાગૃતિ – એવી સ્થિતિમાં પથારીમાં આળોટવું તે નહીં. ફુરસદનું જેટલું સાચું સુખ જીવનનાં બધાં કામો નિરાંતથી કરી શકાય એવી સ્થિતિમાં મળે, તેટલું કામનો વેગ વધારી ફુરસદ કાઢવાના પ્રયત્નમાંથી નહીં. સુખ બાજુએ રહ્યું. એ રીતે હજુ સુધી એ ફુરસદ જ મળવાની આશા જણાતી નથી.

ઝડપી યંત્રો દ્વારા આપણે કાળને આંટી દેવાનો પ્રયત્ન આરંભ્યો છે. ઝપાટાથી વસ્તુઓ બનાવીએ, અને ઝપાટાથી સ્થાનાંતર કરીએ એવો લગભગ ઘેલછા ગણાય એટલો આપણો વેગ માટેનો મોહ વધ્યો છે. છતાં કાળને આંટવાની સ્થિતિથી તો આપણે હજુ કેટલા દૂર પડ્યા છીએ? હવામાં અવાજની ગતિ સાથે હરીફાઈ કરી શકે એવાં વિમાન હજુ બન્યાં નથી; પણ તેવો પ્રયત્ન ચાલુ છે. પણ તેજ અને વીજળીની ગતિ આગળ એ વેગની કશી કિંમત નથી. આઠ કલાકમાં મુંબઈથી લંડન પહોંચાડનારાં વિમાન થશે ત્યારે આપણે માંડ માંડ અવાજની ગતિની બરાબરી કરી હશે. 1/30 સેકંડમાં પહોંચશું ત્યારે તેજની સાથે બરાબરી થશે. ક્યાં 1/30 સેકંડ અને ક્યાં આઠ કલાક! કેટલો

સમયનો બગાડ! અને મનની ગતિ આગળ તો તેજની એ ગતિ પણ ઘોડા આગળ ગોકળગાય જેવી કહેવાય. સાચી ઝડપ તો મનના વેગે ધારેલે સ્થાને સદેહ પહોંચી જવાય અને વસ્તુઓ બનાવાય તે સ્થિતિએ પહોંચશું ત્યારે પામશું! પણ તે વખતે તે ફુરસદ–નિરાંત–સુખ–વિશ્રાંતિ ભોગવશું કે કેમ એ નક્કી ન કહેવાય. ઘણુંખરું તો નહીં જ; સિવાય કે જીવમાત્રના નાશને પરિણામે કયામતની રાહ જોતાં કબરમાં કે અંતરીક્ષમાં પડયા રહેવાની ફુરસદ મળી શકતી હોય તો! અથવા, બધા સત્યયુગના કહેવાતા સત્યસંકલ્પ શુદ્ધચિત્ત માનવી બનીએ તો!

એક નાનપણની વાત યાદ આવે છે. એક મુસલમાન ખેડૂતને અમારા કુટુંબ સાથે સ્નેહસંબંધ હતો. તેના જવાન દીકરાને મુંબઈ જોવું હતું. અમારા કુટુંબમાં કોઈનું લગ્ન હતું. મારા પિતાશ્રીએ વિચાર્યું કે આ નિમિત્તે ભલે એ છોકરો મુંબઈ આવે અને મુંબઈ જુએ, મુંબઈની લગ્નસરા પણ મહાલે. એને તૈયાર થઈ આવવા સૂચના મોકલી. તે પોતાને ગામથી આવી પહોંચ્યો. કઈ ગાડીમાં મુંબઈ જવાનું છે, તેની ચર્ચા ચાલતી હતી. આકોલાથી મુંબઈ જવા માટે તે દિવસોમાં બે ગાડીઓ હતી; એક પેસેન્જર, જે લગભગ અઢાર કલાકે પહોંચતી, અને ભૂસાવળ પર ગાડી બદલીને જવું પડે તેવી; બીજી મેલ, જે ચૌદ કલાક્માં અને વગર બદલ્યે પહોંચતી. પેલાએ જાણ્યું કે મેલનું ભાડું વધારે હોય છે, વચ્ચે ઘણાં સ્ટેશનો છોડી દે છે, અને બેસવાનું ઓછું મળે છે. વળી ઘણાં સ્ટેશનો રાત્રે નીકળી જાય છે. પેસેન્જરનું ભાડું ઓછું, બે ગાડીમાં બેસવા મળે, દિવસે ઊપડે તેથી એકેએક સ્ટેશન જોવાય, અને ચાર કલાક વધારે બેસવાનું, એણે એ પણ જાણ્યું કે મારા પિતાશ્રી વગેરે કેટલાક મેલમાં જનારા હતા, અને બીજા કેટલાકને પેસેન્જરમાં મોકલવાનું કર્યું હતું. એને આ વિચિત્ર લાગ્યું. લાંબો વખત ગાડીમાં બેસે, એનો વધારે ઉપયોગ કરે તેને સસ્તામાં લઈ જાય, અને ઓછો વખત બેસે તેની પાસે વધારે ભાડુ લે એ રેલવેવાળા કેવા, અને મોંઘો સોદો પસંદ કરનાર શેઠિયા પણ કેવા? મારા પિતાશ્રી ભોળા અને ભલા છે એવી તો ખ્યાતિ હતી જ, પણ એને લાગ્યું કે આ તો ભોળપણ અને ભલાઈની હદ આવી ગઈ! રેલવે પર એટલો ઉપકાર કરવાનું શું પ્રયોજન હોય?

આ ખેડૂત સ્વાભાવિક અર્થશાસ્ત્રને સમજતો હતો. આધુનિક અટપટા અર્થશાસ્ત્રમાં હજુ તેનો પ્રવેશ થયો નહોતો. સ્વાભાવિક અર્થશાસ્ત્રમાં કેવળ સમયને કે સમયની

બચતને કિંમત નથી હોતી. સમય સાથે મહેનત, તથા વસ્તુની ઉપયોગિતા વગેરે કેટલાં વધે છે તેની કિંમત છે. એનું જીવન એવું ગોઠવાયેલું હતું કે ચાર કલાક વધારે ગાડીમાં બેસવું પડે તેથી એનાં કોઈ કામ બગડવાનાં નહોતાં; ઊલટી પ્રવાસની લહેજત વધતી હતી. એની દૃષ્ટિએ અમારાંયે કોઈનાં કામ બગડે એમ નહોતાં. એ સ્થિતિમાં ચાર કલાક ઓછું બેસી વધારે ભાડું આપવું એ એને નુકસાનનો સોદો હતો. એના ખડતલ શરીરને ચાર કલાક વધારે બેસવાનો કે ગાડીની ફેરબદલીનો શ્રમ કાંઈ વિસાતમાં નહોતો.

સમય, ઝડપ, સમયની બચત, ફુરસદ, શક્તિની બચત વગેરેની યોગ્ય પરિસ્થિતિઓમાં કિંમત છે એમાં ના નહીં. પણ આપણે એની નિરપેક્ષપણે સ્વતંત્ર જ કિંમત લગભગ મૂઢવત્ સમજતા થયા છીએ. બલકે, પૈસા કરતાંયે તેની વધારે કિંમત કદીક સમજીએ છીએ. આપણાં કશાં કામ બગડે એમ ન હોય, ઊલટો વખત નકામો કે દુરુપયોગમાં જ જતો હોય, શરીરમાં કામ કરવાની શક્તિયે હોય, ઊલટું કામને અભાવે શરીર ઢીલું બનતું હોય, છતાં સમય, ઝડપ ઇત્યાદિની અંધ–પૂજા કરીએ છીએ. આપણે જાણ્યું છે કે રેંટિયો કરતાં મિલથી ઘણી વધારે ઝડપથી કપડું તૈયાર થઈ શકે છે. ગાડાં કે પગ–પ્રવાસ કરતાં બસમાં વધારે ઝડપથી પહોંચાય છે; ટ્રેન કરતાં વિમાનથી. માટે ગપ્પાં મારવાં ને પત્તાં કે ચોપાટ રમવા સિવાય બીજું કશું કામ ન હોય, બેકારીને લીધે કમાણી પણ ન હોય, છતાં જો કોઈ, રેંડિયો સૂચવે તો 'એમ ક્યારે કપડાં થાય, અને ક્યારે પહેરાય? રેંટિયાથી કેટલું સૂતર નીકળે? આજના યંત્રના જમાનામાં રેંટિયો કેમ ચાલી શકે? એમાં કેટલું વળતર મળે? એ તો કેવળ વખત અને પૈસાની બરબાદી છે. એટલા વખતમાં તો બીજું કેટલુંયે થઈ શકે,' વગરે વગેરે દલીલો કરવામાં આવે છે. જો એમ કહીએ કે 'તમારા ગપ્પાંના અને પત્તાંના સમયના અર્ધા ભાગમાં તમારા કપડાં તમે કરી શકો, રેંટિયો દુનિયામાં ચાલે કે નહીં, તમારી પોતાની ગરજ પૂરતો તો કામ આપી જ શકે,' તો તે ગળે ઊતરતું નથી. એ જ રીતે ઝડપી પ્રવાસ બાબતમાં. કેમ કે, સમયની કે તેની બચતની અથવા ફુરસદની કિંમત એના ઉપયોગની રીત પર આધાર રાખે છે એમ ન સમજતાં એની નિરપેક્ષ કિંમત માનવાની આપણને ટેવ પડી છે.

જો ફુરસદ, સમયની બચત, ઝડપ વગેરે જીવનને સમૃદ્ધ કરે તથા નિરાંત અને સુખશાંતિ લાવે તો તે બધું શોભે અને લાભકારી થાય. નહીં તો તે બધાની કશી કિંમત ન અંકાવી

જોઈએ. પણ આ બધું તો જ ગળે ઊતરે જો આપણને ચારિત્ર અન નીતિની સમૃદ્ધિનું મહત્ત્વ સમજાય. જ્યાં સુધી આપણી હાયવોય કેવળ બાહ્ય વૈભવ વધારવા ઉપર જ છે, મોટાં શહેરો, ગંજાવર કારખાનાં, પ્રચંડ વિમાનો, સર્વવિનાશી શસ્ત્રો અને અસ્ત્રો, સુખસગવડનાં એક કરતાં એક ચડિયાતાં સાધનો અને ભોગોની અતિવૃદ્ધિ જ વિજ્ઞાન અને સભ્યતાની વિજયપતાકાને લાગે છે, ત્યાં સુધી જીવનની જ નહીં, પણ પદાર્થોનીયે કિંમત આંકવાનો સાચો ગજ આપણને મળશે નહીં.

# ૮. આર્થિક ક્રાન્તિના મુદ્દા

કઈ નિશ્ચિત યોજનાથી અને વિનિમયના સાધનથી આ બધું એવી રીતે વ્યવહારમાં સિદ્ધ કરી શકાય કે જેથી જીવનને વધારે મહત્ત્વની વસ્તુઓની કિંમત વધારે અંકાય ઓછી મહત્ત્વની હોય તેની ઓછી તે હું બરાબર બતાવી શકું એટલું મારું જ્ઞાન નથી. પણ આપણા વિચાર અને વ્યવહારમાં નીચેની ક્રાન્તિઓ થવી જ જોઈએ એ વિશે મને શંકા લાગતી નથી.

૧. જીવની – ખાસ કરીને મનુષ્યની – કિંમત સૌથી વધારે અંકાવી જોઈએ. કોઈ પણ જડ પદાર્થ અને સ્થાનની પ્રાપ્તિ માનવજીવન કરતાં વધારે મહત્ત્વની ન હોય.

૨. અન્ન, જળાશય, વસ્ત્ર, ઘર, સફાઈગીરી, નીરોગતા વગેરે વસ્તુઓ, અને તે સિદ્ધ કરનારા ધંધાઓ બીજા સર્વે પદાર્થો અને ધંધાઓ કરતાં નાણાંના રૂપમાં વધારે કિંમત ઉપજાવનારા થવા જોઈએ. દુશ્મનાવટથી એનો નાશ કરવો એ આંતરરાષ્ટ્રીય નીતિમાં અત્યંત હીન કર્મ ગણાવું જોઈએ, અને તેમ કરનારા માનવજાતિના શત્રુ લેખાવા જોઈએ.

૩. પદાર્થની વિરલતા, તથા જ્ઞાન, કર્તૃત્વ, શૌર્ય વગેરેની વિરલતાને લીધે એ પદાર્થો તથા તેને કરનારા ધંધાઓની પ્રતિષ્ઠા ભલે વધારે હોય; પણ તે પ્રતિષ્ઠા નાણાંના રૂપમાં અંકાવી ન જોઈએ.

૪. દેશની મહત્ત્વની સંપત્તિ તેની અન્નોત્પાદન શક્તિ અને માનવસંખ્યા પર ગણાય; તેની ખનિજસામગ્રી કે વિરલ સંપત્તિ ઉપર નહીં, કે યંત્રો ઉપર પણ નહીં. જો એક માણસ પાસે સોનું કે પેટ્રોલ નિપજાવનાર પાંચ એકર જમીન હોય અને અન્ન પેદા કરનાર પાંચસો એકર ખેતી હોય અને એને બેમાંથી એકને છોડવાનો પ્રસંગ આવે તો આજના

અર્થશાસ્ત્ર પ્રમાણે તે પાંચસો એકર ખેતીને છોડશે. સાચા કિંમતગણિત પ્રમાણે તે પાંચ એકર ખાણ છોડવા તૈયાર થવો જોઈએ. એટલે કે સંપત્તિનું માપ સોનાપટ્ટીથી નહીં, પણ અન્નપટ્ટીથી અને ઉપયોગિતાની શક્તિથી અંકાય એવી રીત યોજાવી જોઈએ.

5. એક રૂપિયો કે એક રૂપિયાની નોટ એટલે ક્યાંક રાખેલું અમુક ગ્રેન સોનું કે ચાંદીનું પ્રમાણપત્ર નહીં, પણ અમુક શેર કે તોલા અનાજ એ રીતે નિશ્ચિત થવું જોઈએ. નાણું એટલે અમુક ગ્રેન ધાતુ નહીં, પણ અમુક 'ગ્રેન' (ધાન્ય) જ હોવું જોઈએ. પાઉંડ અને અક્ષરશઃ પાઉંડ – (રતલ – અમુક હજાર 'ગ્રેન' ધાન્યના દાણા) જ સમજાવો જોઈએ.

6. સોનાનો ભાવ અમુક રૂપિયે તોલો છે, અને ચોખાનો ભાવ અમુક રૂપિયે મણ છે એ ભાષા અર્થ વિનાની થવી જોઈએ. સાચું પૂછતાં આજે એનો કશો અર્થ રહ્યો પણ નથી. કારણ કે રૂપિયો જ સ્થિર માપ નથી. સોનાનો ભાવ તોલે અમુક મણ ઘઉં કે ચોખા છે એ ભાષા (તોલા તથા મણ બંનેનાં વજન નિશ્ચિત હોઈ) નિશ્ચિત થાય.

7. નોટ કે સિક્કા દ્વારા જ દેવડ કરવાનું ફરજિયાત ન હોવું જોઈએ. એ નોટ કે સિક્કા પાછળ રહેલા નિશ્ચિત ધાન્ય દ્વારા દેવડ કરવાનો તે ધાન્યના માલિકને અધિકાર હોવો જોઈએ. ધાન્યના ઉત્પાદકો પાસેથી ધાન્યના રૂપમાં કર કે મહેસૂલની વસૂલાત જ સરકાર તેમ જ (ખાસ કરીને શહેરી તથા બિનખેડૂત) પ્રજાનું અન્નસંકટના વખતમાં કાળા બજાર, નફાખોરી વગેરે સામે સારામાં સારું રક્ષણ કરી શકશે. કારણ કે સરકાર પાસે હમેશાં અન્નના કોઠાર રહેલા હશે જ.

8. વ્યાજ જેવી વસ્તુ ન હોવી જોઈએ. બલકે, એથી ઊલટું કપાત હોવી જોઈએ. વગર વપરાયેલું અનાજ બગડીને કે સડીને ઓછું થાય છે; તેમ વગર વપરાયેલું ધન ઓછું થાય. બગડીને ઓછું ન થાય તોયે તેને સાચવવાની મહેનત પડે. જો સોનાચાંદીને ધન સમજવાની આદત ન હોય તો આ સહેલાઈથી સમજાય. સોનું–ચાંદી ધન નથી, પણ વિરલતા, તેજસ્વિતા વગેરે ગુણોને લીધે પ્રતિષ્ઠાપાત્ર આકર્ષક પદાર્થો છે એટલું જ. એ પડ્યું પડ્યું બગડતું નથી. એ જ એના ધણીને એનું વ્યાજ અથવા લાભ છે. એ સિવાય એને બીજા વ્યાજને માટે કશું કારણ નથી.

9. એમ ઠરાવવું અયોગ્ય ન ગણાય કે જે પદાર્થો વપરાશમાં ઘસાય નહીં, અથવા બહુ જ ધીમે ઘસાય તેની કિંમત ઓછી આંકવી જોઈએ. તેની પ્રતિષ્ઠા ગણાય. તેના કબજાને તથા ઉપભોગને લગતા નિયમો હોય, પણ તે ઉપર કોઈનું સ્થિર સ્વામિત્વ

સ્વીકારાય નહીં. એનું સ્વામિત્વ મજિયારું જ હોય. મજિયારાપણું કુટુંબ, ગામ, જિલ્લો, દેશ કે જગતમાં ઘટતી રીતે વહેંચાયેલું હોય.

૧૦. આવક તથા ખાનગી મૂડીની ઉપરની તેમ જ નીચેની મર્યાદાઓ બાંધવી જોઈએ. નીચેની મર્યાદા કરતાં ઓછી આવક તથા મૂડીવાળા પર કર વગેરેનાં બંધન ન હોય; ઉપરની મર્યાદા કરતાં વધારે આવક તથા મૂડી રાખી શકાય જ નહીં.

# ભાગ ત્રીજો : રાજકીય ક્રાન્તિ

# ૧. કૂવો અને હવાડો

હવે રાજકીય ક્રાન્તિના પ્રશ્નોનો વિચાર કરવા ઇચ્છું છું. આ બાબતમાંયે પ્રાચીન કાળથી અનેક પ્રકારનાં રાજકીય તંત્રો અને વાદોનો માનવસમાજ વિચાર અને અખતરા કરતો આવ્યો છે. એકહથ્થુ રાજ, ગણરાજ, પ્રજારાજ, ગુરુશાહી, રાજાશાહી, સરદારમંડળશાહી, મહાજનશાહી, પંચાયતશાહી, તાનાશાહી (ડિકટેટરશિપ), બહુમતશાહી (મૅજોરિટી–રાજ), વગેરે અનેક પ્રકારનાં તંત્રોની ચર્ચાઓ ચાલ્યા જ કરે છે, અને કદાચ ચાલ્યા જ કરશે.

આનો અર્થ એટલો જ કે મનુષ્યને સુખી થવા માટે કોઈ પ્રકારના રાજતંત્રનું અસ્તિત્વ આવશ્યક છે એમ સૌને લાગે છે ખરું; પણ તેનું આદર્શ બંધારણ હજુ તે ખોળી શક્યો નથી. વિચાર અને અખતરા કરતો આવ્યો છે, અનુભવો લેતો આવ્યો છે, પણ હજુ કોઈ અખતરો પૂરો સફળ થયો નથી, અને લાંબો વખત સુધી સંતોષકારક કામ આપનારો સાબિત થયો નથી.

દુનિયાના આજના ડાહ્યા માણસો અને એમને અનુસરનારા દેશો ત્રણ મુખ્ય વર્ગમાં વહેંચાયેલા છે એમ કહી શકાય: પ્રજાકીય બહુમતશાહી(ડેમોક્રેસી), લશ્કરી તાનાશાહી (ફાસિસ્ટ ડિકટેટરશિપ) અને મજૂરોની તાનાશાહી (સામ્યવાદી ડિકટેટરશિપ). જુદા જુદા આર્થિક વાદો પ્રત્યેની શ્રદ્ધા પ્રમાણે વળી પાછા તેમાં પૂંજીવાદી, સમાજવાદી વગેરે ભેદો પડે છે. અને દરેક દેશની પ્રત્યક્ષ પરિસ્થિતિના વિચારથી દરેક શાહીનાં વ્યાવહારિક સ્વરૂપો વિશે ઘણી જાતના વિચારો પ્રવર્તે છે. જેમ કે, જાતિ–વાર મતાધિકાર, એકત્ર મતાધિકાર, સર્વજન મતાધિકાર, વિશિષ્ટ જન મતાધિકાર, પ્રત્યક્ષ

ચૂંટણી, અપ્રત્યક્ષ ચૂંટણી, બે ધારાસભા, એક ધારાસભા, મજબૂત કેંદ્ર, મર્યાદિત કેંદ્ર વગેરે વગેરે.

દરેક મતવાળાની પ્રામાણિકતા સ્વીકારીએ તો આ બધા પક્ષોનો અર્થ એટલો જ છે કે આપણે હજુ સુખી શી રીતે થવાશે તે બાબતમાં આંધળાની જેમ ફાંફાં મારી રહ્યા છીએ.

આ વાદોની સૂક્ષ્મ નુક્તાચીની કરવાનો મારો ઈરાદો નથી. આપણા પોતાના દેશ માટે પ્રજાકીય બહુમતશાહી બંધબેતી થઈ શકે એવો આપણા દેશના બહુ મોટા ભાગના સુજ્ઞ પુરુષોનો મત છે, અને જે કાંઈ અખતરા કરવાના છે તે એ શાહીને અનુકૂળ રહી કરવાના છે એમ આજે તો નક્કી જેવું છે. તેમાં બુદ્ધિભેદ કરવાની હું જરૂર જોતો નથી.

પણ એ મૂળ પાયો સ્વીકાર્યા બાદ પણ મતાધિકાર, ચૂંટણીઓ, રાજકીય પક્ષો વગેરેના પ્રશ્નો ઓછા ઝઘડા અને ખુનામરકી કરાવનારા તથા મૂંઝવનારા નથી. કાના, માત્ર, જોડણી, વ્યાકરણ, વિરામચિહ્ન વગેરેની એક પણ ભૂલ ન હોય, અને બહુ સુવાચ્ય અક્ષરે લખાણ લખ્યું હોય, છતાં કાયદો વસ્તુ જ એવી છે કે જેનો અપ્રમાણિક ઉપયોગ કરવાના માર્ગો નીકળી જ આવે છે. કારણ, કાયદાની સ્થાપના દંડશક્તિ પર શ્રદ્ધા રાખનારાઓએ કરેલી હોય છે. અને એ દંડશક્તિ ઉપર પાછું કાયદાની વિધિઓનું નિયમન હોય છે. આથી, એ દંડશક્તિ જેટલે અંશે નબળી નીવડે તેટલે અંશે કાયદો તોડવાના માર્ગો મળી જ આવે છે.

અનેક રીતે એ દંડશક્તિ નબળી નીવડે છે. પણ એ બધી નબળાઈઓનું એકમાત્ર કારણ બતાવવું હોય તો તે શાસિત પ્રજાનું ચારિત્ર છે.

'કૂવામાં હોય તેટલું હવાડામાં આવે' એ  કહેવત જાણીતી છે, 'તેટલું'ની સાથે 'તેવું' પણ ઉમેરી શકાય. એટલે કે 'કૂવામાં હોય તેટલું ને તેવું હવાડામાં આવે.' કૂવા કરતાં હવાડામાં ઓછું આવે એમ બને, અને બને છે જ. તેના કરતાં વધારે ન આવી શકે એ દેખીતું. વળી કૂવાનું પાણી ચોખ્ખું હોય, પણ હવાડામાં બગડે એમ બને; પણ કૂવાનું દૂષિત હોય અને હવાડામાં ચોખ્ખું આવે એમ બને નહીં. માટે કૂવા ઉપરાંત હવાડાની ચોખ્ખાઈ પર ધ્યાન આપવાની જરૂર રહે ખરી, પણ કૂવો ખરાબ હોય અને હવાડો ચોખ્ખો રહે એમ બને નહીં.

હવાડો એ શાસકવર્ગ છે. કૂવો એ સમસ્ત પ્રજા છે. ગમે તેવા કાયદાઓ અને બંધારણો ઘડો. સમસ્ત પ્રજાના ચારિત્ર કરતાં શાસકવર્ગનું ચારિત્ર ઘણું ઊંચું હોય એમ

બનવાનું નહીં; અને પ્રજા પોતાના ચારિત્રથી જેટલાં સુખસ્વાતંત્ર્યને લાયક હોય તેથી વધુ સુખસ્વાતંત્ર્ય ભોગવી શકશે નહીં. જે રાજ્યપ્રણાલિકામાં શાસકવર્ગ કેવળ દંડશક્તિ જ મેળવતો નથી, પણ સાથે ધન અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે છે, તેમાં શાસકવર્ગનું ચારિત્ર પ્રજાના એકંદર ચારિત્ર કરતાં વધારે હીન બને એવી બધી અનુકૂળતાઓ હોય છે, ચારિત્ર ઉન્નત થવાથી અનુકૂળતાઓ હોતી નથી. અને છેવટે શાસકવર્ગ પેદા થાય છે શાસિતોમાંથી જ. એટલે શાસિત પ્રજાના હીનતર ભાગના હાથમાં શાસન રહે એવું ધીમે ધીમે પરિણામ આવે છે. સર્વે પ્રકારની રાજ્યપ્રણાલિકાઓ થોડા વખતમાં સડવા માંડે છે તેનું આ જ કારણ છે.

કૂવા કરતાં હવાડો નાનો હોય એ ખરું. પણ શાસકવર્ગનો હવાડો એટલો નાનો નથી હોતો કે થોડો ઉપરનો ભાગ ચોખ્ખો હોય અને નીચેના ભાગમાં સખત કાયદાની શોધક દવા (ડિસઇન્ફેક્ટન્ટ) નાખીએ તો બધું બરાબર ચાલે. કારણ પ્રજાનાં પ્રત્યક્ષ સુખસ્વાતંત્ર્ય શાસકોના ઉપલા માણસોના હાથમાં નથી હોતાં, પણ નીચેના શાસકોના હાથમાં હોય છે, અને શોધક દવાઓ ગમે તેટલી તીવ્ર હોય, તે ખરાબીનો બહુ થોડો અંશ જ દૂર કરી શકે છે.

આથી, પ્રજાના હિતચિંતકો અને સુજ્ઞોએ તેમ જ પ્રજાએ પણ સમજવું જોઈએ કે સુખસ્વાતંત્ર્યની પ્રાપ્તિ કેવળ રાજકીય બંધારણ અને કાયદાઓની સંભાળપૂર્વક રચના કે ઉદ્યોગો વગેરેની યોજનાઓ દ્વારા સિદ્ધ નથી થવાની, કેવળ શાસકવર્ગમાં થોડા સારા માણસો હોવાથીયે નથી થવાની, પણ સમસ્ત પ્રજાની ચારિત્રવૃદ્ધિ તથા શાસકવર્ગના ઘણા મોટા ભાગની ચારિત્રવૃદ્ધિ દ્વારા જ થશે. સારા કાયદાઓ અને યોજનાઓ મદદ કરી શકે, પણ તે કેવળ સાધન રૂપે; મૂળ કારણ બની શકે નહીં. જો પ્રજાને દુઃખી કરવા માટે તે જ પ્રજાના માણસોની જરૂર પડે એમ હોય તો દુષ્ટમાં દુષ્ટ વિજેતા બળવાન ચારિત્રવાળી પ્રજાને લાંબો વખત સુધી રંજાડી શકે નહીં. અને સુખી કરવા માટેયે તે જ પ્રજાના માણસોની જરૂર રહેતી હોય (અને તે તો હમેશાં રહે જ) તો ધર્માત્મા રાજા અને પ્રધાનમંડળ પણ ચારિત્રશૂન્ય પ્રજાને લાંબો વખત સુધી સુખી રાખી શકશે નહીં.

પણ આપણે તપાસીશું તો જણાશે કે આપણે આથી ઊલટી શ્રદ્ધા પર કામ કરીએ છીએ. આપણે માનીએ છીએ કે સામાન્ય વર્ગ બહુ ભારે ચારિત્રવાન ન હોય, પણ સારા પગારો વગેરે આપી શાસકવર્ગ માટે તેમાંથી આપણે સારા ચારિત્રવાન માણસો

મેળવી શકીએ ખરા, અને તેમની મારફતે જનહિતની યોજનાઓ તથા કાયદાઓ ઘડી પ્રજાને સુખી કરી શકીએ. આ મેલા પાણીમાં થોડું ચોખ્ખું પાણી મેળવી બધુ પાણી સારું કરી શકાય એના જેવી શ્રદ્ધા છે. આમ બની તો શકતું નથી પણ સર્વત્ર પ્રચલિત આ શ્રદ્ધાનું પરિણામ એ આવે છે કે શાસિત વર્ગ પોતાની બધી સુખસગવડો માટે રાજ્ય તરફ જ જુએ છે, ખામીઓ માટે તેનો જ વાંક કાઢે છે અને જુદા જુદા પક્ષોની ચળવળોના તથા તોફાન કરાવનારાઓના શિકાર બને છે. જાણે ચૂંટણીઓ અને સરઘસો, પરિષદો, સમિતિઓ, ભાષણો, હડતાળો અને રમખાણો જ પ્રજાકીય શાસનનાં અંગો હોય. આટલું છતાં પ્રજાઓમાં વ્યવસ્થિત જીવન ચાલે છે તેનું કારણ રાજ્યના કાયદા કે વ્યવસ્થાશક્તિ નથી, પણ આ બધી ધાંધલો છતાં પ્રજાના મધ્યમ વર્ગોમાં રહેલી નૈસર્ગિક વ્યવસ્થાપ્રિયતા અને શાંતિપ્રયતા છે.

# ૨. રાજકીય ચળવળો અને પ્રથાઓ

સંભવ છે કે વાચક આ બધું વાંચીને હવે કંટાળતો હશે. એને લાગતું હશે કે એકની એક વાતનું હું પીંજણ કર્યાં કરુ છું. ચારિત્રની આવશ્યકતા વિશે કોઈને મતભેદ જ ક્યાં છે, કે મારે એ વાત વારંવાર કહ્યા કરવી જોઈએ? એ ગૃહીત ધરીને તથા તેને મદદ કરવા માટે જ બધી રાજકીય પદ્ધતિઓનો વિચાર ચાલતો હોય છે. કેવળ રાજકીય પદ્ધતિઓ ઉપર કોઈ ડાહ્યો માણસ ભાર નથી મૂકતો. ચારિત્ર હોય તો તથા ચારિત્રને મદદરૂપ થવા માટે કઈ રાજવ્યવસ્થા અને પ્રથાઓ સારી તેનો જ વિચાર કરવાનો છે.

આ વિચાર જ છેતરનારો થાય છે. જ્યારે ચારિત્રનો પારો બહુ ઊતરી જવાથી મનુષ્યોનાં દુઃખો ઉત્પન્ન થયાં હોય અને રાજકીય ચળવળો તથા તેમાંથી ઊપજતી ખુલ્લી રીતે હિંસક કે દેખાવમાત્રની અહિંસક લડાઈઓ એ ચારિત્રને હીનતર બનાવવાનું જ કામ કરતી હોય, ત્યારે ચારિત્રને ગૃહીત કરેલું છે એમ કહેવું એ પોતાની તેમ જ બીજાની છેતરપિંડી છે, અથવા કહો કે તેમાં માનવસ્વભાવમાં રહેલા દ્વેષભાવથી નીપજતા ચારિત્રને ગૃહીત કરેલું હોય છે, સદ્‌ભાવને નહીં, ઊલટું, સદ્‌ભાવની કિંમત વિશે સાશંક દૃષ્ટિ હોય છે. સર્વે રાજકીય ચળવળો અને પદ્ધતિઓના પ્રયત્ન દ્વેષનું સંગઠન કરવા માટે હોય છે, સદ્‌ભાવનું નહીં.

ગઈ સદીની શરૂઆતના અર્થશાસ્ત્રીઓ એમ ગૃહીત કરીને ચાલતા કે દરેક માણસ અર્થચતુર (પોતાનાં આર્થિક હિતોને બરાબર સમજનારો અને સંભાળી શકે એવો – economic man) હોય છે. તેમાંથી તેમણે દેશ–દેશ તથા માલિક–નોકર વચ્ચેના અર્થવ્યવહારોમાં અદખલગીરી (laissez-faire)નો વાદ ચલાવ્યો. આગળ પર ધીમે ધીમે સમજાયું કે એ ગૃહીત ખોટું છે, અને તેમાંથી વિવિધ અર્થવ્યવહારોમાં રાજ્યની

દખલગીરીની યોગ્યતાનો વાદ ઉત્પન્ન થયો. તે હવે એટલે સુધી વધ્યો છે કે આર્થિક બાબતમાં મનુષ્યનું વર્તનસ્વાતંત્ર્ય છેક જ ટળી જાય. પહેલા વાદે માણસમાત્રમાં સ્વહિતના જ્ઞાનનું અસ્તિત્વ અને તેને સંભાળવાની સ્વાભાવિક શક્તિ માની લીધાં; બીજા વાદે બળવાન પક્ષમાં ચારિત્રનું (એટલે સદ્ભાવ, ન્યાય ઇ#નું) નાસ્તિત્વ અને જ્ઞાનનું તથા શક્તિનું અસ્તિત્વ, તથા નિર્બળ પક્ષમાં ચારિત્રનું અસ્તિત્વ અને જ્ઞાનનું તથા શક્તિનું નાસિત્વ ગૃહીત કર્યાં છે. આ બધાં ગૃહીતો જ ખોટાં હોવાથી મનુષ્યનાં દુ:ખો જેવાં ને તેવાં જ રહ્યાં છે.

એ જ પ્રમાણે આપણે ડેમોક્રેસીની ચૂંટણીઓની, રાજકીય પક્ષસંગઠનની, તે પક્ષોના કાર્યક્રમોની ચર્ચાઓ તથા નુક્તાચીનીઓ કરીએ છીએ. પણ મૂળમાં રહેલી ખામીનો વિચાર જ નથી કરતા. આપણી ચળવળો 'પરસ્પર રીઝવી એમ, પરમ શ્રેય મેળવો' એ શિખામણને અનુસરતી નથી, પણ 'પરસ્પર ખીજવી એમ, પરસ્પર શ્રેય મેળવો'નો પ્રયત્ન કરનારી છે. કાંઈક સૌનું શુભ વધારવા માટે આપણે ભેગા થઈએ એ આપણાં સંગઠનનું ધ્યેય નથી હોતું, પણ પ્રતિપક્ષીને હરાવવા – પાડવા – લૂંટવા – રંજાડવા ભેગા થઈએ છીએ અને લોકોને ભેળવવા પ્રયત્ન કરીએ છીએ. વિચાર, વાણી, સભા, સંસ્થારચના વગેરે સર્વ સ્વતંત્રતાઓની પ્રાપ્તિ પાછળ આપણો હેતુ માનવ–માનવ વચ્ચે સદ્ભાવ વધારવાનો નહીં પણ કોઈક પ્રતિપક્ષી પ્રત્યે દ્વેષભાવ વધારવાનો હોય છે. કોઈ વાર એ પ્રતિપક્ષી દેશી કે વિદેશી રાજ્ય કરનાર શાસકવર્ગ હોય, કોઈ વાર હરીફ રાજકીય પક્ષ હોય, કોઈ વાર આપણા જ પક્ષનો હરીફ રાજકીય ઉપપક્ષ હોય.

આપણામાં રહેલી આ દ્વેષ અને અવિશ્વાસની અસર આપણાં બંધારણો અને કાયદાઓમાં દેખાઈ આવે છે. ઔરંગઝેબ વિશે કહેવાયું છે કે કોઈ પર વિશ્વાસ ન મૂકી શકે એવો એનો સ્વભાવ બની ગયો હતો. સેનાપતિ, મંત્રી, સૂબા વગેરે સર્વ અધિકારીઓ વિના ચાલે તો નહીં, પણ વિશ્વાસને અભાવે ◌ઁૐને સેનાપતિ કરે અને ?દ્બને તેના પર જાસૂસી કરનાર ઉપસેનાપતિ કરે; આમ દરેક વિભાગમાં એકબીજાના પ્રતિપક્ષીઓની જોડીઓ ગોઠવે. પરિણામે કોઈ પણ પૂર્ણ આત્મવિશ્વાસથી અને હિંમતથી કામ કરી શકે જ નહીં; બધાંયે કામોમાં ઢીલ અને એકબીજાની ભૂલો જોવાની લત જ વધે.

વિચાર કરશું તો માલૂમ પડશે કે આપણી સર્વ રાજકીય વ્યવસ્થાઓ ઔરંગઝેબી જ

છે. રાજાઓ રાખીએ, પણ તે કેવળ શોભાનું પૂતળું; ગવર્નર નીમીએ પણ તે કેવળ તેના પ્રધાનમંડળનો અંકિત; કેદ્રીય સરકારને લાગે કે વધારેમાં વધારે સત્તા તે ધરાવે; પ્રાંતીય સરકારને લાગે કે કેદ્રીય સત્તા નિશ્ચિત મર્યાદામાં જ હોય; દરેક માણસ અધિકારના સ્થાનનો લાલસુ અને દરેક માણસ બીજાના અધિકારનો ઈર્ષ્યાળુ.

આ માનસમાંથી ઉત્પન્ન થતી વ્યવસ્થાઓ ખર્ચાળ, દીર્ઘસૂત્રી, તુમારી (રેડ–ટેપી), માથાભરી અને માત્ર બાહ્ય શોભા ધરાવનારી, છળકપટ–કૂથલી–ઈર્ષ્યા–ચાડીચૂગલી–લાંચ–કીનો વગેરેથી ભરેલી હોય એમાં નવાઈ નથી. એની ચૂંટણીઓમાં સર્વ પ્રજાનો મતાધિકાર હોય કે થોડાનો, સીધો હોય કે આડકતરો, બધા વર્ગોના પ્રતિનિધિઓને યોગ્ય પ્રમાણમાં ચૂંટી શકે એવી કોઈ રીતનો હોય કે સીધોસાદો હોય, એ પ્રતિનિધિઓ કેવળ હાથ ઊંચા કરવાનું જ કામ આપી શકે, રાજતંત્રને સુધારવાનું કામ ન કરી શકે. જેવા જ્ઞાન કે ચારિત્રવાળા હોય તેવા, પણ જે થોડાઘણા અતિ ચતુર માણસો હોય તે જ વ્યવહારમાં બધી સત્તા ભોગવે. એ સારા હોય તો પૈસા બે પૈસાભાર પ્રજાનું સુખ વધારે, એ હીન હોય તો દુઃખનો વરસાદ વરસાવે.

ડેમોક્રસીનો વહેવારુ અર્થ માથાગણતરી એટલો જ થઈ ગયેલો છે. કોઈ એમ તો ન જ કહી શકે કે ઘણાં માથાં એટલે ઘણું ડહાપણ, માટે જે બાજુએ ઘણાં માથાં ઊંચા થાય તે બાજુનો નિર્ણય વધારે ડાહ્યો. માથાં શા કામ માટે ઊંચાં થયાં છે એ મહત્ત્વનું છે, કેવળ કેટલાં માથાં ઊંચાં થયાં છે તે નહીં. ગંદા પાણીનાં પાંચ તળાવ કરતાં ચોખ્ખા પાણીનો એક નાનકડો વીરડો વધારે મહત્ત્વનો છે.

મતલબ કે કેવળ વધારે માથાં ઊંચાં થાય તેથી સુખ વધે નહીં, ઊંચાં થનારાં માથાં યોગ્ય ગુણોનાં હોવાં જોઈએ. એક ચંદ્ર જે ચાંદની રેલાવે તે કરોડો તારા રેલાવી શકે નહીં.

વળી, ડેમોક્રસીમાં માત્ર ધારા ઘડનારા અને હુકમ કાઢનારાઓની જ ચૂંટણીઓ થાય છે. ધારા અને હુકમોનો અમલ કરનારાઓ તો ચૂંટણીના ક્ષેત્રની બહાર હોય છે, અને તેમની ભરતી જુદી જ રીતે થતી હોય છે. અમલદારોની ભરતીનું ધોરણ જો સારા માણસો જ આવી શકે એવા પ્રકારનું ન હોય, તો પ્રતિનિધિઓ સારા હોઈનેય વહીવટમાં ઘણો ફરક ન પડે.

માટે સારા જ પ્રતિનિધિઓ અને સારા જ અમલદારો શી રીતે નિમાય એ વિચારવું

જેટલું મહત્ત્વનું છે, તેટલું અમુક રાજકીય પક્ષની બહુમતી શી રીતે થાય તે મહત્ત્વનું નથી. અને બહુમતીથી જ સૌ બાબતોમાં નિર્ણય કરવો એ મહત્ત્વનું નથી.

*7-11-'47*

# ૩. ચૂંટણીઓ

ચૂંટણીઓ દ્વારા આપણી ડેમોક્રસીઓ ચાલે છે, અને સરકારી નોકરો દ્વારા વહીવટ ચાલે છે. પ્રતિનિધિઓને મુકાબલે નોકરો રોજતંત્રનું વધારે સ્થિર અંગ રહે છે. પરિણામે પ્રજા પર તેમનો વધારે પ્રત્યક્ષ કાબૂ હોય છે, અને રાજકારભારનો વધારે અનુભવ પણ તેમને જ હોય છે. પ્રતિનિધિઓની તેમની ઉપર સત્તા હોય છે કરી, પણ તેઓની નિમણૂકો અસ્થાયી અને વારંવાર પલટો ખાનારી હોવાથી, તથા નોકરો જ તેમના હાથપગ તથા આંખકાન હોવાથી, પ્રતિનિધિઓના વાદો અને સિદ્ધાંતો ઘણી વાર પોતાને ઠેકાણે જ રહી જાય છે, અને પ્રત્યક્ષ કારભાર નોકરોની સલાહ અને મત મુજબ જ ચાલતો રહે છે. તેમાં વળી સૌથી નાના નોકર અને સૌથી મોટા નોકર વચ્ચે જેટલાં વધારે પગથિયાં, તેટલી સુધારણાના પ્રયત્નોની અસર પ્રજા સુધી પહોંચવી વધારે કઠણ.

આ માટે સુરાજ્ય માટે ચૂંટણી અને ભરતી બન્નેની બાબતમાં આપણી દૃષ્ટિ સાફ થવાની જરૂર છે.

ચૂંટણીઓ દ્વારા આપણે પ્રજાના પ્રતિનિધિઓ પસંદ કરવાનો પ્રયત્ન કરીએ છીએ ખરા. પણ એ ચૂંટણી કરવાની બાબતમાં આપણું જે દૃષ્ટિબિંદુ હોય છે તે કેટલું યોગ્ય છે તેનો આપણે પૂરો વિચાર કરેલો નથી.

વિચાર કરશું તો માલૂમ પડશે કે ચૂંટણીમાં દરેક મતદાર 'પોતાના' માણસને મત આપે છે. એ માણસ 'પોતાનો'હોવાનાં વિવિધ કારણો હોય : જેમ કે, પોતાનો આશ્રયદાતા કે તેનો નીમેલો હોય; કે પોતાની ન્યાતનો, ગામનો, પ્રાન્તનો, ધર્મનો, પક્ષનો, ધંધાનો વગેરે હોય, તેથી તે 'પોતાનો' બને છે. એને મોકલવામાં મતદારની અપેક્ષા એ હોય છે કે એ સર્વ જનતાના નહીં, પણ તેના વર્ગના હિતસ્વાર્થને સંભાળવામાં

વધારે દક્ષ રહેશે. અને જે કડીના યોગથી એ 'પોતાનો' કહેવાય છે, તે કડીને એ તેની સર્વે વ્યક્તિઓને બીજાઓકરતાં વધારે લાભ પહોંચાડશે.

ચૂંટાવા ઇચ્છનારો પ્રતિનિધિ પણ પોતાના મતદારોને એ જ જાતની આશાઓ બંધાવે છે. 'મને મોકલશો તો 'આપણે' માટે હું અમુક લાભો મેળવવા પ્રયત્ન કરીશ. અને 'આપણા' વિરોધીઓને અમુક રીતે ચીત કરીશ.'

આમ પ્રતિનિધિ તથા ચૂંટનારાઓ 'પોતાના' પક્ષના સ્વાર્થનો જ વિચાર કરી સુરાજ્ય સ્થાપવાની આશા સેવે છે. બધા માણસો પોતપોતાના સ્વાર્થ સંભાળે તો બધાના સ્વાર્થ સિદ્ધ થાય, એ મધ્યકાલીન શ્રદ્ધા હજુ આપણી ચૂંટણીઓમાં કામ કરી રહી છે.

હકીકતે આ શ્રદ્ધા જ અનર્થ અને ઝઘડાઓનું મૂળ છે. ચૂંટણીની આ પ્રથા પંચ નીમવાના ધોરણને અનુસરતી નથી, પણ વકીલ નીમવાની પદ્ધતિને અનુસરે છે. 'અ' અને 'બ'ની વચ્ચે ઝઘડો હોય તો બન્ને જણ 'પોતાના'વકીલો નીમે છે. તેઓ ન્યાયાધીશ આગળ પોતાના અસીલોના સ્વાર્થોને રજૂ કરે છે. એ રજૂઆત કરવામાં તેઓ વિરોધીનાં હિતોનો વિચાર કરતા નથી. બન્નેના વિરોધી સ્વાર્થનો વિચાર કરી ન્યાય તોળવાનો ભાર ન્યાયાધી પર હોય છે. એ ન્યાયાધીશ પણ 'અ' અને 'બ' એ જ નીમ્યો હોય તોયે તેની પાસે એવી અપેક્ષા નથી રખાતી કે તે કોઈ પણ એકના સ્વાર્થનો જ વિચાર કરશે; પણ એવી અપેક્ષા હોય છે કે તે કોઈ એકનો માણસ નહીં બને, પણ બન્નેના સ્વાર્થો અને વિરોધોનો વિચાર કરી ન્યાયનો જ વિચાર કરશે.

આમ કચેરીમાં પક્ષકારોના પોતપોતાના પ્રતિનિધિઓ હોય છે ખરા; પણ નિર્ણય આપવાનો અધિકાર એ પ્રતિનિધિઓને નથી હોતો, પણ એ બન્નેથી પર કોઈ એકનો પ્રતિનિધિ નહીં, પણ 'સર્વને' માન્ય થનારો પ્રતિનિધિ હોય છે. એ સર્વને માન્ય થનારો પ્રતિનિધિ એક જ માણસ હોય કે ઘણા હોય, દરેકને વિશે નિષ્પક્ષપણાની અપેક્ષા હોય છે; કોઈના પક્ષનો હોય કે પક્ષપાત બતાવે તો તે દોષ ગણાય છે.

જો આમ થવાને બદલે એવી અદાલત કરીએ કે કોઈ દાવામાં જેટલા વાદી–પ્રતિવાદીઓ હોય, તે દરેક પોતપોતાના વકીલો નીમે, અને તે વકીલો પર પોતપોતાના અસીલોનું જ હિત તપાસવાની ફરજ હોય છતાં તેઓ બહુમતીથી જે નિર્ણય આપે તે હુકમનામું થાય, તો કેવો ન્યાય તોળાય? દેખીતું છે કે જો વાદી–પ્રતિવાદી એકેક જ હોય તો (જેમ પંજાબ અને બંગાળના ભાગલાપંચમાં બન્યું તેમ) ઘણુંખરું

મડાગાંઠ જ થાય; અને જો સંખ્યા ઓછીવત્તી હોય તો જે પક્ષની સંખ્યા વધી જાય તેના હકમાં હુકમનામું થાય. મડાગાંઠા ઉકેલવા માટે કોઈ ત્રીજો રેડક્લિફને સરપંચ નીમવો પડે, અને તે ખોટું પણ કરે તોયે તેને કબૂલ કરવું પડે.

આવી ન્યાયપદ્ધતિ ખોટી જ ગણાય એમ સ્વીકારતાં વાર નહીં લાગે, પણ વિચાર કરશું તો જણાશે કે આપણી પ્રતિનિધિ સભાઓ સર્વે જુદા જુદા પક્ષકારોના વકીલોની મિજલસ હોય છે, બિનપક્ષપાતી ન્યાયાધીશોની બેઠક હોતી નથી. કારણ કે પ્રતિનિધિ મોકલનારાઓને આપણે એમ જ કહીએ છીએ કે દરેક ચૂંટનાર 'પોતાના' માણસને મત આપે; એમ કહેતા નથી કે બધાં મળીને લગભગ સર્વને માન્ય થઈ શકે એવા હોય અથવા લગભગ કોઈને અમાન્ય ન હોય તેવા જ નિષ્પક્ષ, ચારિત્રવાન, વ્યવહારકુશળ માણસોને પસંદ કરે. આથી જે પ્રતિનિધિઓ ચૂંટાય છે તે એક કે બીજા પક્ષના વકીલો ચૂંટાય છે, સૌના પંચો ચૂંટાતા નથી; અને પક્ષોના નિયમો મુજબ તેમના ઉપર પોતાના પક્ષની વિરુદ્ધ કોઈ પણ નિર્ણય (મત) ન આપવાની ફરજ નાખવામાં આવી હોય છે. આવી સભા જે કાંઈ કાયદા વગેરેના નિર્ણયો કરે તે વકીલી અદાલતના હુકમનામા જેવા ગણાય, ન્યાય કચેરીના હુકમનામા જેવા નહીં, કારણ કે એ પ્રતિનિધિઓને કહેવા માત્રની પણ પોતાના પક્ષને છોડવાની સ્વતંત્રતા નથી હોતી. એ પ્રમુખ હોય કે પ્રધાન થાય તોયે પોતાના પક્ષનાં બંધનોથી છૂટો થઈ શકે નહીં.

આવી સ્થિતિમાંયે સ્થિર સુરાજ્ય કાંઈક પણ ચાલી શકે છે તેનું કારણ 'ડેમોક્રસી' નથી, પણ માણસ પોતાની માણસાઈ સર્વશઃ છોડી શકતો નથી તે છે.

જેમ મોટા દાવાઓમાં જુદા જુદા પક્ષકારોને પોતપોતાના વકીલો નીમવાની ભલે સગવડ હોય, પણ નિર્ણયો આપનારા ન્યાયાધીશો જુદા જ હોય છે, અને વકીલમંડળને કોઈ અદાલત કહેતું નથી, પણ ન્યાયાધીશો જ અદાલત ગણાય છે, તેમ રાજ્યસભામાં પ્રજાના જુદા જુદા પક્ષો કે હિતોના પ્રતિનિધોની નિવેદક સભા ભલે હોય, પણ સર્વમાન્ય થઈ શકે એવી કોઈક પદ્ધતિથી નિમાયેલી નિષ્પક્ષ, વ્યવહારકુશળ અને ચારિત્રવાન માણસોની નિર્ણાયક સભા જુદી હોવી જોઈએ. 'પોતાના' માણસોને ચૂંટવા ઉપરાંત મતદારોને પોતાના પક્ષની બહારના (બીજા પક્ષોના હોય તોયે અથવા કોઈ પણ પક્ષના નહીં એવા) લોકોમાંથી એમની દૃષ્ટિએ જે નિષ્પક્ષપાત, ન્યાય, વ્યવહારકુશળતા અને ચારિત્ર માટે યોગ્ય કોણ છે એ વિશે મત આપવા કહેવું જોઈએ, અને છેવટના નિર્ણયો

કરવાની અને તેનો અમલ કરાવવાની સત્તા તેમના હાથમાં હોવી જોઈએ. અર્થાત્, આ સભા પહેલી કરતાં નાની જ હોય.

પક્ષોના પ્રતિનિધિઓની બહુમતીથી નહીં પણ નિષ્પક્ષ પંચોની ભારે બહુમતીથી જ સુરાજ્ય સ્થાપી શકવાનો વધારે સંભવ છે. માટે નિષ્પક્ષ પંચો નીમવાની કોઈક પ્રથા નિર્માણ કરવી જોઈએ.

પક્ષોના રાજ્યને પ્રજાનું રાજ્ય – ડેમોક્રસી કહેવું એ 'વદતોવ્યાઘાત' જેવું છે. પ્રજાએ માન્ય રાખેલું પક્ષાતીત રાજ્ય ડેમોક્રસી કહેવાય કે ન કહેવાય, એ સુરાજ્ય – એટલે પ્રજાનું, પ્રજાર્થે, પ્રજાસંચાલિત – રાજ્ય થાય.

8-11-'47

# ૪. જાહેર હોદ્દાઓ અને નોકરીઓ

'કનક ત્યજિ, કામિની ત્યજિ, ત્યજિ ધાતુનકો સંગ |

તુલસીલઘુભોજનકરી, જીવત માનકે રંગ ||'

માણસને કેવળ સત્તા અને પ્રતિષ્ઠાનો લાભ જ થતો હોય, તોયે તે એના પ્રલોભન અને ચારિત્રની શિથિલતા માટે પૂરતો થાય. તો પછી એની સાથે જો અનેક પ્રકારના આર્થિક લાભો અને સુખસગવડો જોડાતાં હોય તો તો કહેવું જ શું? આપણે તપાસીશું તો જોશું કે આપણી એકેએક ચૂંટાયેલી સભાઓના સભાસદ થવાથી કે ઊંચી જાહેર નોકરી પ્રાપ્ત થવાથી કેટલીયે જાતના આર્થિક અને સુખસગવડોના લાભો મળે છે. કોઈ પણ જાહેર કમિટીના સભાસદ થનારને કે મોટા સરકારી અધિકારીને ગાંઠના પૈસા ખરચવા કે અગવડો વેઠવાં પડતાં નથી. સેંકડે એકબે માણસ એવા હશે કે જેમની અંગત કમાણી પહેલાં કરતાં કાંઈક ઘટતી હશે, પણ મોટા ભાગને તો તે લાભદાયી ધંધો જ બને છે. આવી સ્થિતિમાં સર્વે જાહેર સંસ્થાઓ ખટપટો (ટોળીબંધ રાજકારણના) અખાડા બને અને વહીવટ લાંચરુશવતિયો તથા વગવસીલાવાળો બને એમાં આશ્ચર્ય શું?

જાહેર કામ સાથે સત્તા અને પ્રતિષ્ઠા તો રહેવાનાં જ. પણ તે સાથે ધન અને સુખસગવડોની પ્રાપ્તિ મુશ્કેલ થવી જોઈએ, સહેલી અને આકર્ષક તો નહીં જ, ઊંચા હોદ્દાનો ભારે દબદબો, શણગાર, નાચ–નાટક–ચા–ખાણાં–નશાબાજી (કોકટેલ)ના મેળાવડા વગેરે સાથે સંયોગ કરવાને બદલે સાદાઈ સાથે સંયોગ હોય એવી સંસ્કારિતા ઉત્પન્ન થવી જોઈએ. એની રહેણી એનું અને એના રસાલાનું આતિથ્ય કરનારાઓને સાદા જીવનના દૃષ્ટાંતરૂપ અને ભારરૂપ ન થનારી હોવી જોઈએ; ખટાટોપ વધારનારી, દોડધામ કરાવનારી અને ખર્ચાળ ન બનવી જોઈએ; એના મિત્રોને અને સગાંવહાલાંઓને

પણ એનું ઘર વધારે સગવડો અને ભોગો માટે આકર્ષક ન બને એવું હોવું જોઈએ. એક મધ્યમ સ્થિતિનો – કહો કે માસિક ચારસો–પાંચસોની આવક પર ગુજારો કરનાર બચરવાળ – ગૃહસ્થ શહેરમાં જીવનનું જે ધોરણ રાખી શકે તે કરતાં મોટામાં મોટા અધિકારીના જીવનનું અને રહેણીકરણીનું ધોરણ વધવું ન જોઈએ. આએક મધ્યમસરનું માપ કહી શકાય. એ પેશવાઈના પ્રસિદ્ધ ન્યાયાધીશ રામશાસ્ત્રી જેવા વિરલ પુરુષનું ધોરણ તો નથી જ; પણ મર્યાદા સાચવનાર સંસારીનું જ ધોરણ છે. એમાં ખાનગી તેમ જ જાહેર સેવાનાં લવાજમોમાંથી થનારી કમાણી આટલો જ ખરચ નિભાવી શકે એ મર્યાદામાં રહેવી જોઈએ. જેનું જીવન આ ધોરણથી ઊંચું જાય અથવા જેની સેવા દરમ્યાન મિલકત વધે તેને કાંઈક પણ બીજી આવક છે એમ વહેમ આવવાને કારણ ગણાય. એ આવક વસ્તુઓની અંગત ભેટ વધવાથી થતી ખર્ચની બચતને લીધે હોય તોયે તે અયોગ્ય લાગવી જોઈએ. રાષ્ટ્રમાં ગમે તેટલો ઊંચો દરજ્જો હોય, તેના જીવનનું ધોરણ એક મધ્યમ મર્યાદાની ઉપર ન જવું જોઈએ. સરકારી હોદ્દેદારોની ઉચ્ચતમ આવક તથા મિલકતની મર્યાદા રાષ્ટ્ર માટે ખાનગી આવક તથા મિલકતની સામાન્યપણે ઠરાવેલી ઉચ્ચતમ મર્યાદા કરતાં ઓછી હોવી જોઈએ. જેની ખાનગી મિલકત તથા આવક પહેલેથી જ તે કરતાં વધારે હોય તેની ફરજ અવૈતનિક સેવા અર્પણ કરવાની છે એવી પરંપરા જામવી જોઈએ.

ઈસ્ટ ઇંડિયા કંપનીના વખતથી આજ સુધી 'ભથ્થું' એ એક મોટું આવકનું સાધન બનેલું છે. ખર્ચ ન કર્યું હોય, ઊલટું પ્રજાએ જ કર્યું હોય, છતાં ઠરાવેલે દરે 'ભથ્થું' લેવામાં કોઈનેયે અપ્રામાણિકતા લાગતી નથી. અને સરકારી હિસાબી ખાતાંઓએ પણ હિસાબ રાખવામાં મહેનત વધે નહીં એટલા માટે ઠરેલા દર કરતાં ઓછું ભથ્થું ન આપવાની પ્રથા પાડેલી છે. જો દિલ્હીની લોકસભામાં જવા માટે પહેલા વર્ગનું ભાડું અને રોજના ત્રીસ રૂપિયાનું ભથ્થું ઠરાવવામાં આવ્યું હોય તો દરેક સભ્યે એને એ મુજબ ખર્ચ ન થયું હોય તોયે એટલું ઉપાડયે જ છૂટકો, એને એમાંથી અંગત લાભ ન લેવો હોય તો એ ભલે બચતનું બીજે ક્યાંક દાન કરે, પણ સરકારી તિજોરીમાં તો એટલું વાઉચર કપાવાનું જ! આનો અર્થ એ કે ભાડાભથ્થાને નામે એ માણસને ખાનગી આવક કરવાની તક આપવામાં આવે છે. જેમ એક કામ કરવાનો સો રૂપિયાનો ઠેકો આપવામાં આવ્યો હોય તો તે ઠેકેદારને પોતાની હોશિયારીથી બચત કરી જેટલી કમાણી કરવી હોય તેટલી કરવાની છૂટ હોય છે, તેમ હોદ્દેદારો જાણે દેશની સેવા કરવાના ઠેકેદારો હોય તેમ તેમને

એમના પગાર, ભથ્થા અને ભાડામાંથી પોતાની હોશિયારી ને કરકસરની બચત કરી કમાણી કરવાની છૂટ છે.

આ પ્રથામાંથી સુરાજ્ય પરિણમી ન શકે, ભલે એમાં પાંચદસ અત્યંત ત્યાગી અને નઃસ્પૃહ માણસો અકસ્માત્ આવી ગયા હોય. એવા માણસો બીજા હોદ્દેદારોને આદર્શ કે આદરણીય લાગવાને બદલે ઊલટા હાંસીપાત્ર કે તિરસ્કરણીય પણ થઈ પડે છે.

આપણી જાતિ–ભાષા–સંપ્રદાય પર રચાયેલી સમાજવ્યવસ્થાનું એક મોટું અનિષ્ટ ફળ તે જાહેર નોકરીઓ અને હોદ્દાઓમાં 'વર્ગટકાવારી–વિવાદ' છે. દરેક વર્ગને દરેક મહત્ત્વની નોકરી અને હોદ્દાના સ્થાનમાં અમુક ટકાવારી મળવી જોઈએ એ આગ્રહ સુરાજ્યને બાધક છે. પણ આપણા સમાજની ગડી જ લાંબા કાળથી એવી બેઠી છે કે એ માગણીનો બિલકુલ વિચાર ન કરીએ તો વર્ગના કેટલાક ભાગને કદી મોટી જવાબદારીઓ ઉપાડવાની તક જ ન મળી શકે, અને કેટલાંક સ્થાનો અમુક વર્ગના ઈજારા જેવાં જ બની જાય. આ પરિણામ ઉત્પન્ન થવા માંડવાથી જ આ માગણીનો ઉત્પન્ન થઈ એ ધ્યાનમાં રાખવું જોઈએ.

થોડા કાળ માટે આ બાબતમાં ભલે કાંઈ બાંધછોડનું 'સમાધાન' સ્વીકાર્યું હોય, પણ આ વસ્તુ એક અનિષ્ટ છે, અને ચારિત્ર તથા જે કામ બજાવવાનાં છે તે કરવાની આવડત એ જ સૌના હૌદ્દા તથા નોકરીઓ માટેની પસંદગીનું ધોરણ મનાવું જોઈએ. જે વર્ગો ચારિત્ર અને શિક્ષણ વગેરેમાં પાછળ રહી ગયા હોય તેમને તે પ્રાપ્ત કરવા માટે ખાસ સગવડો આપવી અને બીજાઓની હારમાં લાવવા એ એક વસ્તુ છે, પણ કૃત્રિમ ટકાવારીથી જે કામ માટે તેમની યોગ્યતા ન હોય છતાં તેમાં તેમને લેવા પડે એ કુરાજ્યનો જ અચૂક ઉપાય કહી શકાય.

ઊંચા હોદ્દા તથા નોકરી સાથે વધારે ધનપ્રાપ્તિ અને સુખસગવડ પણ મળે છે, એ વસ્તુસ્થિતિ પણ 'ટકાવારી–વિવાદ'ના કારણરૂપ છે એ ભૂલવું ન જોઈએ. ભંગીની નોકરીમાં ભંગીઓને જ ઈજારો છે, પણ એમાં 'અમને અમારી સંખ્યાના પ્રમાણમાં ટકાવારી મળવી જોઈએ' એવી બીજા કોઈ વર્ગના લોક માગણી કરતા નથી! ભંગીઓના ઇન્સ્પેક્ટરના સ્થાન માટે હરીફાઈ થાય ખરી! ભંગીની નોકરીઓ ઈજારો સુરક્ષિત છે, કારણ કે એ નોકરી સાથે નથી જોડાયેલો અધિકાર, નથી જોડાયેલી પ્રતિષ્ઠા, નથી આકર્ષક આર્થિક લાભ કે નથી જીવનની સુખસગવડ. અથવા એ બધું છે કહો

તો, અધિકાર એટલો કે સવારના 'બાપજી, પાણી રેડજો', 'બાપજી, આઘા રહેજો' એમ આજ્ઞા (!) કરવાનો, પ્રતિષ્ઠા ગ્રહણને દહાડે 'સોનાદાન, રૂપાદાન, વસ્ત્રદાન' વગેરે મહામૂલી વસ્તુઓ માગી, ફાટેલાં–તૂટેલાં–મેલાં–ઊતરેલાં ચીંથરાં ભેગાં કરવાની, આર્થિક લાભ કોઈ કરવા ઇચ્છા ન કરે એવી સેવા બજાવી મહિને ચાર આનાથી રૂપિયો બે રૂપિયા સુધીના સંડાસ દીઠ પગારનો અને સુખસગવડનાં જણ દીઠ આઠ આના કે રૂપિયાનું ભાડું આપી એક નાના ઓરડામાં દસબાર જણે ભેગાં રહેવાનો!

આવા કેટલાક બીજાયે હલકારા, હમાલ વગેરેની નોકરીનાં સ્થાનો અમુક વર્ગના ઈજારા જેવાં હશે તે માટે બીજા વર્ગવાળા 'ટકાવારી'ની બૂમ પાડતા નથી.

ઉપરના ઈજારા હિંદુ સમાજ–વ્યવસ્થાએ પોતે નિર્માણ કરેલા અંત્યજો માટે સુરક્ષિત (?) છે. અંત્યજો પ્રતિલોમ વર્ણસંકરતામાંથી ઉત્પન્ન થયેલી પ્રજા છે, એમ એક મત છે. અંગ્રેજોએ પણ અહીં આવીને વર્ણસંકર પ્રજા નિર્માણ કરી અને હિંદુ જેવા જ ઉચ્ચપણાના અભિમાનથી તેમને પોતાનામાંના અંત્યજો માન્યા. આ ઍન્ગ્લો–ઇન્ડિયન પ્રજા કહેવાય. હિંદુની જેમ એમને માટે તેમણે કેટલીક નોકરીઓ સુરક્ષિત કરી. અંગ્રેજોમાં એમનું સ્થાન અસ્પૃશ્યતા જેવું. પણ ગમે તેવો અંત્યજ હોય તોયે રાજ કરનારી પ્રજાનો અંત્યજ, તેથી તેમની ખાસ નોકરીઓ એવી તો ખરી જ કે જેને માટે કુલાભિમાની વર્ણીનેયે મોંમાં પાણી છૂટે! આથી ભંગીનો ઈજારો જેવો સુરક્ષિત રહ્યો છે તેવો તેમનો નથી રહ્યો અને હવે તો ગયો જ છે. જો ભંગીની નોકરી કરનારને સો રૂપિયાથી ચારસો સુધી જતો પગાર, કુટુંબ દીઠ ત્રણથી છ ઓરડીનો બ્લૉક, ખાસ વરદી (યુનિફૉર્મ) અને સફાઈના નિયમોનું પ્રજા પાસેથી પાલન કરાવી લેવા માટે કેટલીક સત્તાો આપવામાં આવે તો તે ધંધામાંયે 'ટકાવારી'નો પ્રશ્ન ઊભો થાય!

બીજી એક વ્યાવહારિક દૃષ્ટિએ પણ આ વિષય વિચારવા જેવો છે. પ્રજાના અર્થ–અનર્થને લગતા જુદા જુદા વિષયો પર જેમ જેમ ધ્યાન જતું જાય છે, અને તેમનો ખાસ અભ્યાસ અને કામ કરનારા માણસો પેદા થતા જાય છે, તેમ તેમ એક એક બાબત એક એક જુદું ખાતું બનતી જાય છે, અને ગામથી માંડી અખિલ ભારતીય તંત્ર ઊભું કરવું પડે છે. એવા દરેકને માટે અખિલ ભારતીય, પ્રાંતીય વગેરે જુદા જુદા ખાસ અધિકારીઓ નીમવાની જરૂર ઊભી થાય છે. આજે અધિકાર અને પગારનું જેવું જોડાણ છે, તેને પરિણામે એક ખાતું ઊભું કરવું એટલે માથા કરતાં પાઘડી ભારે એવો

ખર્ચનો આંકડો વધે છે, અને મોટે ભાગે કેવળ પત્રવ્યવહાર, ફાઈલો, કમિટીની મીટિંગો, ઠરાવો અને વાઉચરોના કાગળો વધે એ સિવાય પ્રત્યક્ષ પ્રગતિમાં ઘણો વેગ આવતો નથી. છતાં, એ બધું કર્યા વિનાયે ચાલે નહીં. એની ઉપયોગિતા અને જરૂર પણ રહે છે જ. અને જેમ જેમ પ્રજાકીય વૃત્તિઓ વધતી જશે તેમ તેમ આવાં સર્યંકડો ખાતાં થશે. આ કામને જો મોટા અધિકાર સાથે મોટો પગાર, મોટો બંગલો, વગેરે દ્વારા જ પહોંચી વળવાનું આવશ્યક થાય, તો સમાજવાદની ગમે તેટલી વાતો કરીએ, વિષમતા, ભૂખ, દરિદ્રતા, બેકારી અને પરિણામે નવા નવા રોગો, તેમ જ લાંચરુશવત, કાળાં બજાર, લૂંટફાટ, ચોરી અને એક નામના કે બીજા નામના ઓઠા નીચે છૂરાબાજી, રમખાણ, આપસી–યુદ્ધો (સિવિલ વૉર) વગેરે ચાલ્યા વિના રહેશે નહીં, અને નિમણૂકોમાં કુશળતા નહીં, પણ પક્ષ વગવસીલો, ન્યાતજાત વગેરેનું જ મુખ્યપણું થશે. અનાજની તંગી ઘટાડવા માટે દૂધ–ઘી, પેંડાબરફી અને દાડમ–મોસંબી ખાઈને દુકાળ કાઢી નાખવાનું કહેવા જેવી આ રીત છે. અને આવી શિખામણ આજે સાચેસાચ આપવામાં આવે છે એ એનો પુરાવો છે.

જાહેર નોકરીઓ વગેરેમાંથી લાંચરુશવત વગેરેની બદીઓ દૂર કરવા માટે ક્લાઈવના વખતથી ઉપાયો વિચારાય છે. છતાં એ બદીઓ ઘટી નથી, પ્રગતિ જ કરતી રહી છે. આનું કારણ એ કે, તેના ઉપાયો અગ્નિમાં ભરપૂર ઘી નાખવાથી એની ભૂખ તૃપ્ત થશે, અથવા ઇંદ્રિયોને ભરપૂર વિષયસેવન મળી ગયા બાદ તે ધરાઈ જશે, એ માન્યતા ઉપર રચાયેલા છે; અથવા જન્મભર ઉંદર મારીને પાછલી ઉંમરે તીર્થ કરવા નીકળનારી કે બચ્ચાંઓને નિરામિષ ભોજનનો ઉપદેશ કરવા નીકળનારી બિલાડી જેવા લોકોએ વિચારેલા હોય છે. વાણિયા વેપારીને ત્યાં વાણિયો ગુમાસ્તો હોય; વેપારી સટોરિયો હોય અને સટ્ટાના સોદા એ ગુમાસ્તા મારફતે જ થતા હોય. ગુમાસ્તો રોજ જુએ કે એ બજારમાંથી ભાવ સાંભળી સાંભળીને શેઠને પહોંચાડે છે, તે પર લે–વેચ કરીને શેઠ લક્ષાધિપતિ બને છે. એ પોતે પણ એનો જ જાતભાઈ છે. એની રગોમાં એ જ લોહી વહે છે. એને કેમ ન થાય કે હુંયે થોડોક સટ્ટો કરીને ઝપાટાબંધ પૈસા મેળવું? પણ નસીબ એને યારી આપતું નથી, અને એ નુકસાનમાં સંડોવાઈ જાય છે. શેઠના પૈસા ઉચાપત કરે છે. શેઠ એના અસંતોષ અને અપ્રામાણિકતા પર તિરસ્કારનું પ્રવચન કરે છે! એ ગુમાસ્તાને કેટલું સ્પર્શ કરી શકે? આવી જ વાતો લાંચરુશવત અટકાવવાના

ઉપાયો યોજનારાઓની છે. તેમના ઉપાયોમાં ત્રણ રીતો હોય છે. એક, દંડના કાયદાઓ સખત કરવાની, બીજી રેડ–ટૅપ તથા જાસૂસીની જાળ વધારી ચોકી રાખવાની; અને ત્રીજી, પગાર, ભથ્થાં વગેરેમાં વધારો કરી સંતોષવાનો પ્રયત્ન કરવાની.

પણ જેટલા કાયદા સખત હોય તેટલી જ તેને નિષ્ફળ કરવાની બારીઓ પણ મળી આવે છે; એ ઉપરાંત, ડબલિયા કેદીએ કરેલા જેલના કોઈ ગુનાનો ડબલિયા કેદીઓની જ પંચાયત પાસે ન્યાય કરાવવો, તેના જેવો પોલીસ અને મૅજિસ્ટ્રેટ દ્વારા લાંચરુશવત વગેરેના કાયદાઓનો અમલ કરાવવો એ છે.

બીજો ઉપાય એટલો ખર્ચાળ, એટલો ઢીલ અને શિથિલતા વધારનારો અને પ્રજાને અગવડરૂપ થાય છે કે પ્રજા જાતે જ લાંચરુશવતને ઉત્તેજન આપનારી થાય છે. ચાર આના બક્ષિસ આપવાથી એક કામ પાંચ મિનિટમાં થાય, અને એ ચાર આનાનો લોભ કરવા જતાં પાંચ મહિના સુધી રોજ આંટા ખાઈનેયે કશી દાદ સંભળાય નહીં, અને તુમારો વધતા જ જાય, ટપાલખર્ચ પણ વધે, તો સાધારણ પ્રજાજન લાંચરુશવતનો માર્ગ ન લે તો શું કરે? ચાર આનાની રુશવત જો પાંચ મિનિટમાં કામ કરાવી શકે છે, તો એનો અર્થ એ થયો કે ઘણું રેડ–ટૅપ અનાવશ્યક જ હોય છે પણ કાયદો તે વધારવાની સગવડ આપનાર છે, અને અધિકારઓ પોતાની સત્તા જાણીજોઈને વાપરતા નથી.

ત્રીજો ઉપાય તો ઘીની આહુતિથી અગ્નિ હોલવવા મથવા જેવો છે. તેમાં વળી ખૂબી એ હોય છે કે એ ઉપાય સૌથી નાના અને મોટા નોકર વચ્ચેનું અંતર આર્થિક રૂપમાં વધારતો જ રહે છે. ધારો કે અધિકારીઓના પગારવગેરેમાંરીતસર વધારો કરવાથી તેમનો ખોટે રસ્તે કમાવાનો લોભ ઓછો થશે એમમાની નીચેમુજબ વધારાયો જવામાં આવે:

| ગ્રેડ | મૂળ પગાર | વધારો (ટકા) | નવો છેલ્લોપગાર | જૂનો ફ |
|---|---|---|---|---|
| 1 | 50 સુધી | 20 | 60 | – |
| 2 | 51-200 | 15 | 230 | 150 |
| 3 | 201- 1000 | 10 | 1100 | 800 |
| 4 | 1001- 3000 | 5 | 3150 | 200 |
| 5 | 3001 – 6000 | 2 | 6120 | 300 |

આમાં દેખીતી રીતે તો જેમ જેમ ગ્રેડ વધતો જાય તેમ તેમ વધારાની ટકાવારી ઝપાટાબંધ ઘટાડેલી દેખાય છે. પણ દરેક ગ્રેડના છેલ્લા માણસની અને તે પછીના ગ્રેડના છેલ્લા માણસની આવક વચ્ચેનો જૂનો ફરક અને નવો ફરક તપાસીઓ તો માલૂમ પડે કે છેક છેલ્લા બે ગ્રેડમાં જ બે ગ્રેડના માણસોની આવકનો ફેર થોડો ઘટ્યો છે. આ તો એક કાલ્પનિક દાખલો છે. હકીકતમાં તો જેમ ગ્રેડ વધે તેમ એક યા બીજા ઍલાવન્સના રૂપમાં આવકનો સાચો આંકડો દરેક સુધારા સાથે વધતો જ જાય છે. મોટા ગ્રેડના અધિકારીઓને ઘણી વાર બેત્રણ ખાતાંના અધિકારો સોંપવામાં આવે છે. તે વખતે તેને તેના ગ્રેડના પગાર ઉપરાંત ખાતાવાર ખાસ ઍલાવન્સ મળે. દા.ત. સિવિલ સરજન જો જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ હોય, દાક્તરોના ઇન્સ્પેક્ટર જનરલ જેલોનો વડો પણ નિમાય, તો પોતાના પગાર ઉપરાંત બીજા માટેનું ખાસ ઍલાવન્સ મેળવે. બધાં કામો અર્થવિનિમયથી જ કરાવવાં જોઈએ એવી જો માન્યતા ન હોય તો આ વાત સમજવી જ કઠણ લાગે. કરારના કાયદાનો સિદ્ધાંત છે કે બદલા(consideration) વિનાનો કરાર રદ ગણાય; તેમ ભથ્થા વિનાનો અધિકાર રદ ગણાય! માટે ચીફ સેક્રેટરી ચાર દિવસ ગવર્નરનો હોદ્દો સંભાળે તો તે ચાર દિવસ માટે એને ખાસ ભથ્થું આપવું જોઈએ! જાણે એ ચાર દિવસમાં પૈસાથી તે વધારે ઘસાઈ જવાની હોય! અધિકાર અને પગારભથ્થાનો સંબંધ ‘જીવ ને શ્વાસ તણી સગાઈ'ના જેવો કલ્પાયો છે. આ કુકલ્પનામાંથી છૂટવાની જરૂર છે, અને તે કેવળ નિયમો બદલવાનો પ્રશ્ન નથી, જૂની પરંપરા બદલવાનો અને ચારિત્રવૃદ્ધિનો પ્રશ્ન છે.

12-11-’47

# ભાગ ચોથો : કેળવણી

# ૧. સિદ્ધાંતોનો નિશ્ચય

દેખીતું છે કે છેવટે ક્રાન્તિનો વિષય કેળવણી સાથે જોડાયેલો છે. પ્રજાના ધાર્મિક વિચારો, સામાજિક આચારવિચારો, ભાષા–સાહિત્ય–કળા–અર્થને લગતો પુરુષાર્થ, રાજકીય સંસ્થાઓ કે ગમે તે લઈએ, તે તે ઉદ્દેશીને અનુસરી પ્રજાની વ્યવસ્થિત રીતે તેવી કેળવણી યોજવી જોઈએ. કેળવણીમાં કેવળ લેખન, વાચન અને ગણિતનો જ સમાવેશ કરવામાં આવે, તોયે તેમાં ભાષા અને લિપિનો પહેલો નિશ્ચય થવો જોઈશે. ભાષા એટલે શીખનારની ઘરગથ્થુ ભાષા (માતૃભાષા અથવા સ્વભાષા) લઈએ. અને તેનો જ આગ્રહ રાખીએ તો તેમાંયે અનેક મુશ્કેલીઓ આવે છે. દર પ્રાંતમાં બોલચાલ – વ્યવહારની અનેક ભાષાઓ (બોલીઓ) અને સાહિત્યિક – શીખવવાની ભાષાનો ફરક કરવો જ પડે છે. દૂર દૂરના એકાદ નાનકડા શહેરમાંયે બેચાર ગુજરાતી, બેચાર મારવાડી, બેચાર વિવિધ પ્રાદેશિક બોલીઓ બોલનારાં હિંદી, બેચાર દક્ષિણ ભારતની કોઈક ભાષા બોલનારાં, બેચાર મહારાષ્ટ્રી કુટુંબો રહેતાં હોય એ અશક્ય નથી; અને શહેરની સામાન્ય જનતાની બોલી કોઈ સાહિત્યિક ભાષા ન હોય (જેમ કે, માળવા કે નિમાડ – ખંડવા, બરહાનપુર ઇ# કે ગયા, ભાગલપુર વગેરેમાં) એમ પણ બને. મારવાડી, કોંકણી વગેરે કેટલીક ભાષાઓ આજે એવી વચલી સ્થિતિમાં છે કે જેને સાહિત્યિક ભાષામાં સ્થાન આપવું કે નહીં તે વિશે ચર્ચાનો ગજગ્રાહ ચાલે છે.

વળી વિવિધ ભાષાઓ જુદી જુદી લિપિઓ સાથે સાંકળવામાં આવેલી છે. ભલે લખીવાંચી જાણનારા સેંકડે આઠદશ ટકા જ હોય, અને ક્યાંક તો એટલાયે ન હોય, છતાં જે થોડાક લખીવાંચી શકે છે તેમને જે લિપિનો મહાવરોઅને મમત્વ છે, અને સાહિત્યસંગ્રહ છે તે જ લિપિ તે ભાષા સાથે સાંકળવામાં આવે છે.

આમ કેવળ અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનને જ કેળવણી સમજીએ તોયે ને ઉદ્દેશના નિશ્ચિય વિના યોજી શકાતી નથી. કઈ ભાષા અને કઈ લિપિને પ્રચલિત કરવી છે એનો નિર્ણય કર્યા વિના એ થઈ શકતું નથી. પછી જીવનની વિવિધ બાજુઓનો વિચાર કરીએ તો જીવનનો એક પણ વિષય એવો નથી જ કેળવણીના ક્ષેત્રમાં આવે નહીં. આમ કેળવણીનો પ્રશ્ન જીવન જેટલો જ વિશાળ બની જાય છે. આમાં અનેક બાબતો પર એકમત ન હોય, કેટલીક બાબતોમાં નિશ્ચિત રીતે આ એક જ સાચું અને એ સિવાયનું ખોટું જ એમ કહી શકાય એમ ન હોય, કેટલીક બાબતોમાં બે પરસ્પર વિરોધી લાગતા વિચારોમાંયે દરેકમાં સત્યાંશ હોય અને કઈની કેટલી મર્યાદા સમજવી એ જ મહત્ત્વનો સવાલ હોય, કેટલીક બાબતોનું મહત્ત્વ સ્થાનિક અને અમુક કાળ માટે જ હોય, છતાં તેટલા સ્થાન અને કાળમાં તેની અવગણના ન કરી શકાય એવું હોય; કેટલીક બાબતો લોકોના રાગદ્વેષો સાથે એવી ઓતપ્રોત થયેલી હોય કે બુદ્ધિનો પ્રવાહ ઊંધા પડેલા ઘડાની ઉપર પાણી નાખીએ તેમ એ પરથી વહી જાય એવું હોય – એમ બનવાનું. આથી આગેવાનોમાંયે મતભેદો રહે. આથી ભાગ્યે જ એવું બનશે કે સૌને સંતોષપ્રદ લાગનારી કેળવણીની કદી યોજના કે પદ્ધતિ ઘડી શકાશે. છતાં, જેમ ગમે તેટલા રાગદ્વેષ કે મમત્વ હોય તો પણ 5 x 3= 15 સ્વીકાર્યે જ છૂટકો, એમાં 14 કે 16 માટે અવકાશ નથી, તેમ જો આપણે વિવેકબુદ્ધિનો નિરાદર ન કરીએ તો કેટલાક મહાસિદ્ધાંતો સર્વમાન્ય થવા જેવા લાગવા જોઈએ.

એ સિદ્ધાંતો નીચે મુજબ :

1. મનુષ્ય મનુષ્ય વચ્ચે જુદાપણું નિર્માણ કરનારાં કારણો કુદરતી હોય કે મનુષ્યકૃત હોય, ટાળી શકાય એવાં હોય કે ન ટાળી શકાય એવાં હોય, કેળવણીનો સિદ્ધાંત કહો કે ઉત્તમ જીવનનો સિદ્ધાંત કહો, એ કારણો તથા ભેદોને ઘટાડવાં પણ એને વધારે જડ અને પાકાં ન કરી મૂકવાં એ છે. જીવનની અનેક બાબતો માટે, ‘અસ્મિતા‘, ‘અભિમાન‘, ‘મમત્વ‘ વગેરે રહેવાનાં ખરાં, પણ કેળવણીકારનો પ્રયત્ન એ મમતોને સંકુચિત ક્ષેત્રમાં રૂંધવાનો અને મજબૂત કરવાનો ન હોવો જોઈએ, પણ તેનું ક્ષેત્ર શક્ય તેટલું વિશાળ બનાવવાનો અને તેની પકડ ઢીલી કરવાનો હોવો જોઈએ.
2. જીવનનું ધ્યેય ભૂતકાળને તેવા ને તેવા કે કાંઈક જુદા રૂપમાં ફરીથી લાવવાનું હોવું બરાબર નથી. તેમ ભૂતકાળના કોઈ ભાગની સ્મૃતિ કે ચિહ્ન દ્વેષબુદ્ધિથી ભૂંસી

નાખવાનોયે કેળવણીનો પ્રયત્ન ન હોવો જોઈએ. પણ ભવિષ્યમાં નવાં ઉજજ્વળ ચિત્રો નિર્માણ કરવાં અને તેને ધ્યેયરૂપે મૂકવાં એ કેળવણીનો પ્રયત્ન હોવો જોઈએ. માનવજાતિનો બહુ મોટો ભાગ કદીયે સુખશાંતિ અને ઉચ્ચ નૈતિક યુગમાં હતો, કોઈ પણ પ્રજાના બહુ મોટા ભાગે કદીયે રામરાજ્ય કે ધર્મરાજ્ય અનુભવ્યું હતું એ માન્યતા અનેક વહેમી માન્યતાઓ જેવી જ એક છે. ભવિષ્યમાં સાચેસાચ વિશાળ ક્ષેત્રમાં રામરાજ્ય કે ધર્મરાજ્ય સ્થાપી શકાશે કે કેમ એ ન કહી શકીએ, તોયે માનવજીવનનો ઉત્કર્ષ એ દિશામાં પુરુષાર્થ કરવાનો છે. પણ એ રામરાજ્ય કે ધર્મરાજ્યનું ચિત્ર રામાયણ કે મહાભારત વગેરેમાંથી દોરી શકાય નહીં, એનો આદર્શ આપણી જ સત્ય, શિવ, સુંદરની શ્રેષ્ઠ કલ્પનાઓમાંથી ઘડવાનો છે. આ બાબતમાં આ પછીના પરિચ્છેદમાં થોડીક વધારે ચર્ચા કરી છે.

૩. અનેક ઠેકાણે હું કહી ગયો છું તેમ મનુષ્ય કેવળ પ્રાકૃત (પ્રકૃતિ – કુદરતને ખોળે રહેલું) પ્રાણી નથી. એ પ્રાકૃત, સંસ્કૃત તથા વિકૃત એમ ત્રિવિધ પ્રાણી છે, અને રહેવાનું. એનો એકેએક પુરુષાર્થ પ્રકૃતિને બદલે છે. અને દરેકથી કાંઈક સંસ્કૃતિ અને કાંઈક વિકૃતિ બંને નિર્માણ થાય છે. ચારે પુરુષાર્થમાંથી એકે પુરુષાર્થ, કે એકે પુરુષાર્થમાંથી કૃત્રિમપણે (એટલે મોહથી બળાત્કારે) આણેલી નિવૃત્તિ કે એનો સંકોચ કે વિકાસ, સંસ્કૃતિ અને ઇષ્ટ પરિણામો જ ઉપજાવે, અથવા વિકૃતિ અને અનિષ્ટ પરિણામો જ લાવે, અથવા પ્રકૃતિથી એને બિલકુલ અલગ કરી મૂકે એવું થઈ શકતું નથી. કેટલાક પુરુષાર્થનું અનિષ્ટ પરિણામ આજે ન દેખાય તો પાછળથી માલૂમ પડે છે; તેમ જ ઇષ્ટ પરિણામો વિશે. માટે પુરુષાર્થ ચાહે અધ્યાત્મજ્ઞાનના કોઈ ક્ષેત્રનો હોય, ધર્મ (એટલે પ્રાકૃતિક વિજ્ઞાન અને માનવવ્યવહારોની વ્યવસ્થા)ને લગતો હોય, અર્થનો હોય, કે કામ-(સુખ)નો હોય, દરેક જો કોઈ એક જ દિશામાં અને એક જ રીતે વધે તો તેમાંથી કેટલીક વિકૃતિઓ નિર્માણ થયા વિના રહેતી નથી. પણ અનિષ્ટ પરિણામો ઉત્પન્ન થયાં માટે તે દિશાના પુરુષાર્થને સાવ છોડી દેવામાં આવે અથવા ઊલટી દિશા આપવામાં આવે તોયે કેટલીક વિકૃતિઓ નિર્માણ થાય છે. એવી કોઈ દિશા નથી કે જેને પકડીને નિરાંતે કોઈ તે જ માર્ગે આગળ ચાલ્યા કરે તેને માત્ર સંસ્કૃતિ, સુખ, ઉન્નતિ જ મળ્યા કરે. અમુક દિશાનો પુરુષાર્થ બેશક છોડી દઈ શકાય એવુંયે કહી શકાય નહીં. જેટલો વખત એક મોટર ચલાવનાર ગતિનિયામક પાવડી

અને દિશા બદલનાર ચક્રને છોડી દઈન નિરાંતે મોટર દોડાવ્યા કરી સલામત રહી શકે, તેટલો વખત જ માનવપુરુષાર્થ એક જ દિશામાં વધતો રહી સલામત રહી શકે. કેળવણીકારનું કર્તવ્ય માનવપુરુષાર્થની દિશા અને ગતિને વારંવાર તપાસતા રહી એને માર્ગ પર રાખવાનું અને અનિષ્ટોથી બચાવવાનું છે. પાછળ 'ચારિત્રનાં સ્થિર અને અસ્થિર અંગો'ના પ્રકરણમાં (2-5) માનવના પૂર્ણ વિકાસને અંગે જે જુદાં જુદાં લક્ષ્યો રજૂ કર્યાં છે તે બધાં મળીને માનવપુરુષાર્થની મોટરની પાવડીઓ, ચક્રો અને ચાવી છે. કેળવણીથી એ લક્ષ્યો યોગ્ય પ્રમાણમાં સિદ્ધ થવાં જોઈએ, અને એટલે અંશે થાય છે તે તપાસતા રહી, તેના વિવિધ ગતિ વધારનરા અને રોકનારા દાબો વગેરેનો ઉપયોગ કર્યા કરવો જોઈએ. એ વિના એકે પુરુષાર્થ સુરક્ષિત નથી.

4. કેળવણીમાં ભાષા અને લિપિનો પ્રશ્ન મહત્ત્વનો છે. તે વિશે વધારે ચર્ચા અન્ય પરિચ્છેદોમાં છે. અહીં એ વિશે એટલું જ કહેવા ઇચ્છું છું કે ભાષા અને લિપિ – કેળવણી કે જ્ઞાન નથી, તેનાં વાહન છે. કેળવણી અથવા જ્ઞાનની વૃદ્ધિ થાય તે માટે શીખનારાઓની ભાષા અને જે લિપિમાં તે ભાષાનું સાહિત્ય ઉપલબ્ધ હોય તે લિપિ સારામાં સારું વાહન બની શકે છે. ખરું જોતાં, માણસની કોઈ કુદરતી સ્વભાષા (માતૃભાષા કે પિતૃભાષા) છે જ નહીં. બચપણમાં એ જેટલી ભાષાઓ વચ્ચે ઊછરે છે તે બધી ભાષાઓ એને સ્વભાષા જેવી થઈ શકે છે, અને તેમાંથી કોઈ પણ દ્વારા એની કેળવણી વગર મુશ્કેલીએ ચાલી શકે છે. એમાંથી એક ભાષા એનાં માતપિતાની ભાષા ન હોય એમ બને. આપણા વિશાળ દેશમાં સાચી સ્થિતિ તો એ છે કે અનેક બાળકો જે સાહિત્યિક ભાષા દ્વારા કેળવણી લેવાની શરૂઆત કરે છે તે એની ઘરમાં બોલાતી ભાષા કરતાં જુદી જ જાતની હોય છે. બિહારનો માણસ જે હિંદી શીખે છે તે ઘરમાં કદી બોલતો નથી; તેમ જ માળવાનો. સાહિત્યિક મરાઠી નાગપુર કે બિહારની જનતાની મરાઠી નથી. તેમ જ ગુજરાતી વિશે. એની એક નિશાની એ કે શહેરના સારા વિદ્વાન લોકો જો સાહિત્યિક ભાષામાં ગામડાંના લોકો સાથે વાતો કરે છે, અને સ્થાનિક ભાષા જાણતા નથી હોતા તો એકબીજાનું બોલવું પૂરેપૂરું સમજી શકતા નથી. વ્યાકરણ, રૂઢિપ્રયોગ, ઉચ્ચાર અને શબ્દભંડાર પણ જુદા પડી જાય છે. કાંઈક મળતાપણું હોવાથી સાર સમજાય છે એટલું જ. એટલે સાવ સ્વભાષા દ્વારા

કેળવણી અપાય તોયે સ્વભાષાની કેળવણી અપાતી નથી, અને ઘણી વાર સ્વભાષા દ્વારા કેળવણી આપવી જ અશક્ય થાય છે.

આનો અર્થ એ નથી કે સ્વભાષા દ્વારા કેળવણીને મહત્ત્વ નથી, કે એની માગણી ખોટી છે. પણ એનો અર્થ એ છે કે (1) આપણે શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન અથવા પુસ્તકો દ્વારા જ્ઞાનપ્રાપ્તિ) અને કેળવણી (એટલે મૌખિક અને કર્મો દ્વારા જ્ઞાનપ્રાપ્તિ) વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. (આ બાબત નીચે વધારે સ્પષ્ટ કરી છે). (2) શિક્ષણ (= પુસ્તકજ્ઞાન)ના ક્ષેત્રમાં ભાષાઓની સંખ્યા વધારવાનો પ્રયત્ન કરવો ઠીક નથી. (3) સ્વભાષા દ્વારા શિક્ષણ મળે તે કરતાં (પરદેશમાં જઈને શીખવાનો પ્રશ્ન ન હોય તો) બાળપણથી છેવટ સુધી એક જ ભાષા દ્વારા શિક્ષણ મળે એ વધુ મહત્ત્વનું છે. શિક્ષણનું વાહન વારંવાર બદલાય એ ઇષ્ટ નથી. પ્રાથમિક શિક્ષણ એકમાં, માધ્યમિક બીજીમાં અને ઉચ્ચ ત્રીજીમાં એ બરાબર નથી. તે કરતાં સ્વભાષા ન હોય તોયે જે ભાષામાં શિક્ષણ પૂરું થવાનું હોય તે ભાષાથી જ શરૂઆત કરવી વધારે સારી. (4) જો શિક્ષણ સાર્વત્રિક કરવાનો વેગ વધે તો આખા પ્રાંતનેયે કોઈ પ્રચલિત બોલ કે ભાષા ભૂલી જવાનો પ્રસંગ આવે અને શિક્ષણના વાહનરૂપે યોજાયેલી ભાષા બોલનારા થઈ જવું પડે, તે જો એ પ્રજા રાજીખુશીથી સ્વીકારવા તૈયાર થાય તો દોષ નથી. (5) કમમાં કમ એક પ્રાંતમાં એક જ ભાષા દ્વારા શિક્ષણ અપાય તે ઇષ્ટ છે.

લિપિ તો કેવળ સગવડની જ વસ્તુ છે. એ પૂર્ણ હોય, એટલે કે ઉચ્ચારોમાં ગોટાળો ન થાય એવી રીતે લખી શકાય એવી હોય તો જે સહેલી સગવડભરી હોય તે જ સારી ગણવી જોઈએ. કોઈ લિપિ જગતમાંથી લુપ્ત થઈ જશે તેથી ડરવાની જરૂર નથી. જગતમાંથી ઘણીયે ભાષાઓ અને લિપિઓ આજ સુધીમાં લુપ્ત થઈ ગઈ છે, ઘણાં ગ્રંથો લુપ્ત કે ન ઉકેલી શકાય એવા થઈ ગયા છે, વાંચીનેયે સમજાય નહીં એવું ઘણું પ્રાચીન સાહિત્ય છે, આખી માનવજાતિઓ પણ નામશેષ થઈ ગઈ છે, – અથવા નામશેષ પણ નથી રહી. તો ભાષા, લિપિ, સાહિત્યનું શું કહેવું? ઘણા ઓછા માણસો પોતાના બાપાના દાદાથી પહેલાંના પૂર્વજોનાં નામઠામ જાણતાં હોય છે. તેઓ કેવા હતા, ક્યાંથી આવ્યા હતા, કેવી ભાષા બોલતા હતા, શું પહેરતા હતા વગેરે કશું જાણતા નથી હોતા. વચલા કાળમાં આપણે ગુજરાતી, મહારાષ્ટ્રીય, બંગાળી, બિહારી વગેરે બન્યા. પણ આપણી પાસે સંસ્કૃત સાહિત્ય રહ્યું છે, અને તેમાં આ દેશના પ્રાચીન રહીશોની વાતો છે. હવે

આપણને આપણા સાચા પૂર્વજો કરતાંયે એ પૌરાણિક કે ઐતિહાસિક પુરુષો અને જે ભાષામાં તે વાતો જળવાઈ છે તે જ વધારે સાચા લાગે છે. દરેક હિન્દુને લાગે છે કે પોતે રામ, કૃષ્ણ, પાંડવો, રાણ પ્રતાપ, શિવાજી વગેરેનો વંશજ છે, મુસલમાનને લાગે છે કે પોતે અરબસ્તાન અને ઈરાનની સંસ્કૃતિના પ્રતિનિધિ છે. ગુજરાતીને લાગે છે કે વનરાજ ચાવડો અને સિદ્ધરાજ સોલંકી જોડે એનો સંબંધ છે! વળી, આપણે ન્યાતજાતના ભેદો ભૂલવાની, લોહીમાં સંકરતા આવે તેની ઉપેક્ષા કરવાની વાતો કરીએ છીએ; પણ આપણી ભાષામાં અરબી કે ફારસી કે અંગ્રેજીનો સંકર ન થાય તેની ચિંતા કરીએ છીએ, તે માટે અંદર ને અંદર ઝઘડવાયે તૈયાર છીએ, અને જૂનાને નવજીવન આપવા ઇચ્છીએ છીએ.

કુદરતી કારણોથી કે માણસે માણસ પર કરેલા અત્યાચારથી ભાષા, લિપિ વગેરેનો લોપ કે સંકર થાય તે કરતાં માણસ જો ઈરાદાપૂર્વક એકતા અને જ્ઞાનવૃદ્ધિ માટે એમ થવા દે તો તે ડહાપણ ગણાશે. ધર્મની જેમ કેળવણી માણસને માણસથી જુદો પાડનારી નહીં પણ એક કરનારી હોવી જોઈએ; એ માણસોને પોતાના વચલા પૂર્વજોનું સ્મરણ એ મમત્વ રખાવનારી નહીં, પણ સૌના એકમાત્ર પૂર્વજ અથવા આદિકારણ – પરમેશ્વરનું સ્મરણ અને મમતા કરાવનારી હોવી જોઈએ.

# ૨. ભાષાના પ્રશ્નો – ઉત્તરાર્ધ

સંસ્કૃતિની દૃષ્ટિએ પહેલા ખંડમાં આ વિષય ઉપર કેટલોક વિચાર કર્યો છે. અહીં કેળવણીની દૃષ્ટિએ તેનો વધારે વિચાર કરીશું. ઉપર શિક્ષણ એટલે પુસ્તકો દ્વારા જ્ઞાનપ્રાપ્તિ અને કેળવણી એટલે વાણી અને કર્મો દ્વારા જ્ઞાનપ્રાપ્તિ વચ્ચેના ભેદનો ઉલ્લેખ કર્યો છે. દેખીતું છે કે કેળવણીનું સારામાં સારું અને સફળ વાહન કેળવણી આપનારની નહીં, પણ કેળવણી લેનારની સ્વભાષા છે. એ અણખેડાયેલી, અશુદ્ધ, અનેક ભાષાના શબ્દોની ખીચડીવાળી હોય તોયે તેને જ કેળવણી લેનાર વધારેમાં વધારે સમજી શકે. એ મારફતે આપવાનું જ્ઞાન પ્રાથમિક હોય કે ઉચ્ચ હોય – ભલે ખીચડીભાષા દ્વારા થાય – પણ કેળવણી લેનારની ભાષા દ્વારા થવું જોઈએ.

કેળવણીની સરખામણીમાં શિક્ષણ એટલે પુસ્તક દ્વારા જ્ઞાન એક રીતે ઓછી કિંમતનું છે. પણ આજે જ્ઞાનનો એટલો મોટો ભંડાર પુસ્તકોરૂપી પેટીઓમાં બંધ થયેલો છે કે ઘણે અંશે એણે કેળવણી કરતાંયે વધારે મહત્ત્વનું સ્થાન લઈ લીધું છે. ભાષા અને લિપિ એ પેટીઓને ઉઘાડવાની ચાવીઓ જેવાં છે. જેને એ ચાવીઓ પ્રાપ્ત થાય તેને જ્ઞાનનો મોટો ભંડાર ઊઘડી જાય છે. આથી બહોળે હાથે અને ઝપાટાબંધ અક્ષરજ્ઞાન ફેલાવવાની આવશ્યકતા ઊભી થઈ છે.

જેમ રસ્તા ઉપર સાર્વજનિક વપરાશ માટે ઊભા કરેલા નળની ચકલી એવી ન હોવી જોઈએ કે તેને ઉઘાડવા માટે ખૂબ બળ કે કુનેહ કે ખાસ તાલીમ લેવી આવશ્યક થાય, તેમ પુસ્તકોને ઉઘાડવાની ચાવીઓ પણ જેમ બને તેમ સર્વને સુલભ થઈ શકે, ઝપાટાબંધ વાપરવાની રીત આવડી જાય એવી હોવી જરૂરી છે. એ ચાવીઓનાં અનેક અટપટાં 'પેટંટો' હોવાં ઇષ્ટ નથી. જેમ સાઈકલ જેવી સાર્વજનિક વપરાશની ચીજો બનાવનારાં

કારખાનાં સેંકડો હોય, તોયે તેનો ઢાંચો અને વિવિધ ભાગો બધાં થોડાંક નિશ્ચિત કદ અને માપનાં જ કરવા તરફ આપણું વલણ છે, તેમ ભાષા અને લિપિને વિશે પણ હોવું જોઈએ.

ભાષા અને લિપિ પૈકી ભાષાની વિવિધતા ટાળવી વધારે કઠણ છે; લિપિની તેથી ઓછી છે. જગતની બાજુએ રહી, હિંદુસ્તાન જેવા વિશાળ દેશની, કે એના કોઈ એક જ ભાષાવારી પ્રાંતનીયે ભાષામાં વિવિધતા ઉત્પન્ન ન થાય એ સંભવનીય નથી. પહેલો બોલવામાં ફેર પડે, તે ધીમે ધીમે લખવામાંયે આવે. લિપિની વિવિધતા તદ્દન ન ટાળી શકાય તોયે વધારે સહેલાઈથી ઓછી થઈ શકે.

પરંતુ વિવિધતા છતાં આપણાં સંકુચિત મમતો ઓછા થાય, તો નીચેના વહેવારુ માર્ગો લઈ શકાય :

ભાષાની બાબતમાં – (ક) મૌખિક વ્યાખ્યાનોમાં શ્રોતાની, કેળવણી લેનારની ભાષાને મહત્ત્વ આપવું જોઈએ : એટલે કે જે ભાષા એ સહેલાઈથી સમજી શકતો હોય તે ભાષામાં બોલવું એ બોલનારનું પહેલું કર્તવ્ય છે. બોલનાર શિક્ષક કે વ્યાખ્યાનકારે સાંભળનારની ભાષા શીખવી ઘટે, ન કે તેથી ઊલટું. આનો અર્થ એ નથી કે સાંભળનારની ભાષાની વ્યાકરણ કે ઉચ્ચારણની અશુદ્ધિઓ એણે રાખવી જ પરંતુ બોલનાર કરતાં સાંભળનારની સગવડ વધારે મહત્ત્વની ચીજ છે. કેટલેક અંશે સભ્યતા પણ આ નિયમમાં છે. ધારો કે મારી સાથે વાત કરવા આવનાર કોઈ એવો મદ્રાસી કે પારસી છે. જે સહેલાઈથી હિંદી કે (પારસી હોવા છતાં) ગુજરાતી બોલી શકતો નથી. ત્યાં અંગ્રેજી પરાઈ ભાષા હોવા છતાં એમાં જ વાતચીત કરવામાં સભ્યતા ગણાય. એ જ રીતે જે વિષય પર મારે વાતચીત કરવાની હોય તે વિષયમાં આવતા ખાસ શબ્દો જે ભાષામાં બોલવાનું ચાલતું હોય તેથી જુદી ભાષાના હોય તોયે તે જ વાપરવા ઘટે. જો આ નિયમ આપણે સમજીએ તો હિંદી, ઉર્દૂ, હિંદુસ્તાની વગેરેના વિવાદો ઓછા થઈ જાય. ભાષાને અમુક જ પ્રાચીન વાણીમાંથી વિકસાવવાનો ખોટો આગ્રહ દૂર થઈ જાય. સામાન્ય રીતે લોઢું શબ્દ પણ વાપરશું, ખાસ જગ્યાએ લોહભસ્મ જેવો શબ્દ પણ વાપરશું, રસાયનવિદ્યામાં ફેરમ શબ્દ અને Fe સંજ્ઞા પણ વાપરશું. ઍલ્યુમિનિયમ કે નિકલને માટે નવા શબ્દો ઘડવાની જરૂર નહીં માનીએ. એક બાજુથી મારગેજ શબ્દ વાપરીએ તેથી, મારગેજર, મારગેજી પણ લેવા જ જોઈએ એવો આગ્રહ નહીં હોય.

બીજી બાજુથી, મારગેજર નથી વાપરતા માટે કન્ટ્રાક્ટર પણ ન વપરાય એવો આગ્રહ ન હોય. કન્ટ્રાક્ટર વાપરીએ માટે કરાર ને કરારનામું શબ્દો છોડવા જોઈએ અને કન્ટ્રાક્ટર અને કન્ટ્રાક્ટ–ડીડ કહેવું જોઈએ એમ પણ ન હોય. 'સિગ્નેચર' માટે સહી કે હસ્તાક્ષર શબ્દ વાપરવો તે સાંભળનારની સગવડ પર આધાર રાખશે; અને હસ્તાક્ષર વાપર્યો માટે 'સાઈન્ડ'નું હસ્તાક્ષરિત કે 'સિગ્નેટરી'નું હસ્તાક્ષરી કરવાનું આવશ્યક નહીં લાગે; સહી કરેલો, સહી કરનાર એ શબ્દો અત્યાજ્ય નહીં થાય.

(ખ) પુસ્તકની ભાષા બાબતમાં અનેક સ્થાનિક બોલીઓ અને શબ્દો કરતાં ખેડાયેલી વ્યાકરણશુદ્ધ ભાષા અને વધારેમાં વધારે પ્રચલિત થયેલા શબ્દો વાપરવા જોઈએ. મૌખિક વ્યાખ્યાનમાં શ્રોતાની સગવડ મુખ્ય હોય; પણ પુસ્તકી લખાણમાં લેખક, વાચક અને પુસ્તકનો વિષય ત્રણેની અરસપરસ સગવડ જળવાવી જોઈએ. લેખક પોતાની જ સગવડ અને સંતોષની દૃષ્ટિએ લખે તો જેને ગરજ હશે તેટલા જ વાંચશે. પણ લેખક વાચકના હિતાર્થે અને પુસ્તકના વિષયને સારામાં સારી રીતે રજૂ કરવા માટે લખતો હોવાથી એને ભાષાની યોજનામાં કેટલીક મોકળાશ અને સ્વતંત્રતા પણ જોઈએ જ. પણ તે સાથે જ કેળવણીના ક્ષેત્રમાં આવતાં અન તેને માટે જ લખાયેલાં પુસ્તકોમાં ભાષાની જે પ્રકારની યોજના કેળવણી લેનારને માટે યોગ્યમાં યોગ્ય વાહન થઈ શકે એવી હોય તે થવી જોઈએ. એમાં કેળવણી લેનારને ભાષા સમજવા કશી જ મહેનત ન કરવી પડે એવું ન બને. પણ ભાષા સમજી લેવા પર જ ઘણું ધ્યાન રોકવું પડે તેવી પણ તે યોજના ન હોવી જોઈએ. એમાં કેળવણના વિષય કેટલા સાર્વજનિક છે તેનો પણ ખ્યાલ હોય. દા.ત. ખેતી, ગ્રામોદ્યોગ, વેપાર, સ્વચ્છતા વગેરેની વ્યાવહારિક કેળવણી એક બાજુથી સ્થાનિક મહત્ત્વની છે; બીજી બાજુથી તે સમગ્ર દેશ કે જગતને વ્યાપનારી થાય. દાક્તરી વિદ્યાઓ, વિજ્ઞાનની વિવિધ શાખાઓ, મોટા ઉદ્યોગો અને તેને લગતી વિદ્યાઓ વગેરે જગતવ્યાપી વિષયો છે. સામાન્ય રાજનીતિ, અર્થશાસ્ત્ર વગેરેના વિષયો રાષ્ટ્રીય મહત્ત્વના કહેવાય. સંસ્કૃત, ફારસી, અરબી, દ્રાવિડી વગેરે ભાષાઓનો પ્રાંતો તથા સમગ્ર હિંદુસ્તાન અને એશિયાના મોટા ભાગની ભાષાઓ સાથેનો સંબંધ મૂળતત્ત્વો અને તેમાંથી નીપજેલાં વિવિધ રસાયન જેવો ગણાય; અંગ્રેજી તથા આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિભાષા એ ભાષાઓમાં ઉપરથી પડેલા મસાલાઓ જેવી ગણો. હિંદુસ્તાનની સર્વે પ્રાંતીય ભાષાઓ એ બધી જ ભાષાઓથી પોષાયેલી ભાષાઓ છે. એમાં ટકાવારી કોની

કેટલી છે એ બહુ મહત્ત્વની બાબત નથી, કોઈક ભાષાના પાંચ ટકા જેટલા શબ્દોયે ન હોય, છતાં જેમ ક્ષારો અને વિટામીનની ટકાવારી શરીરના સ્વાસ્થ્ય અને બંધારણમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે, તેમ મહત્ત્વની હોઈ શકે છે. માટે એ ભાષાઓ તરફ વટાળવા આવેલી કે રોગોત્પાદક ઝેરો હોય તેવી દૃષ્ટિએ જોવું બરાબર નથી.

આ બધી દૃષ્ટિનો વિચાર કરતાં મને એમ જણાય છે કે (૧) પ્રાથમિકથી માંડી ઉચ્ચ કેળવણી સુધીના મૌખિક શિક્ષણમાં બનતા સુધી સ્થાનિક ભાષાનો જ ઉપયોગ હોય, ભલે તેને અંગે વાંચવાનાં પુસ્તકો તે ભાષામાં ન હોય, અને ભલે અપવાદરૂપે વિશિષ્ટ પરિસ્થિતિમાં કોઈ અધ્યાપકને હિંદુસ્તાનીમાં શીખવવાની છૂટ હોય; (૨) પ્રાંતીય મહત્ત્વના વિષયોમાં અને શરૂઆતમાં પુસ્તકોનું લેખન પ્રાંતની સાહિત્યિક ભાષામાં હોય; (૩) આંતરપ્રાંતીય મહત્ત્વના વિષયોનું લેખન હિંદુસ્તાનીમાં હોય અને યથાસંભવ પ્રાંતીય ભાષાઓમાંયે હોય; અંગ્રેજી ભાષાનાં પુસ્તકોનો ઉપયોગ કામચલાઉ ગણાય; એ જેમ બને તેમ ઓછો કરવા તરફ વલણ હોય; (૪) આંતરરાષ્ટ્રીય મહત્ત્વના વિષયો માટે અંગ્રેજી પુસ્તકોનો ઉપયોગ તેમ જ લેખન હોય; અને (૫) છેલ્લું પણ મહત્ત્વનું, બોલવાની કે લખવાની ભાષા ગમે તે હોય, સર્વે ભાષાઓ પ્રચલિત બનેલા શબ્દોને ગમે તે ભાષામાંથી તે આવેલા હોય તોયે તેને કાઢીને નવા નિપજાવવાનું વલણ ન રાખે; પારિભાષિક શબ્દો પાશ્ચાત્ય વિદ્યાઓ, ધંધાઓ, સંસ્થાઓને લગતા હોય તો તે વિદ્યા, ધંધા કે સંસ્થાઓમાં પ્રચલિત હોય તો બનતા સુધી તે જ રખાય; ભલે એ સંજ્ઞાઓ હોય, ક્રિયાઓ હોય, ગુણો હોય, મૂળ હોય કે સાધિત હોય કે વ્યાકરણનાં બીજાં કોઈ અંગો હોય; અને એવા શબ્દો જ્યાં નવા બનાવવામાં જ આવે ત્યાં સર્વે પ્રાંતોમાં અનિવાર્ય કારણ વિના એક જ રાખવાં જોઈએ. કોઈ નવીન વિષયનો લેખક કે નવો શોધક અલબત્ત પોતાને યોગ્ય લાગે તેવો શબ્દ રચી શકે; અને બનતા સુધી તે જ શબ્દ સર્વ પ્રાંતો સ્વીકારે.

હિંદુસ્તાની તરીકે જે ભાષાનું હું સૂચન કરું છું તે કોઈ બનાવટી, બેઝિક અંગ્રેજીની જેમ અમુક જ શબ્દભંડારની કે વ્યાકરણની મર્યાદામાં રાખેલી ભાષાનું નથી, પણ ઊંચામાં ઊંચું, સારામાં સારું, લેખકની સર્વ ભાષા–શક્તિને ક્ષેત્ર આપનારું સાહિત્ય ઉત્પન્ન કરી શકે તેવી ભાષાનું છે. એનો શબ્દભંડાર, વાક્યરચના, શૈલી ભલે સંસ્કૃત, અરબી, ફારસી, અંગ્રેજી કે બીજી કોઈ ભાષાના શબ્દોનો ઉપયોગ કરે. એનાં વ્યાકરણ

તથા રૂઢિપ્રયોગ સાહિત્યિક ગણાતી હિંદી તેમ જ સાહિત્યિક ગણાતી ઉર્દૂ બંને પર રચાયેલાં હોય અને બીજી કોઈ બીજી ભાષાનોયે ઉમેરો કરતાં હોય. પણ જો એ કોઈ શાસ્ત્રીય વિષયનાં પુસ્તકો તરીકે વાપરવાનાં હોય અને કેળવણીની સંસ્થાઓમાં તથા રોજના સામાજિક કાયદા કે વેપાર કે બીજાં ક્ષેત્રોના વ્યવહારમાં ઉપયોગી વિષયોનું નિરૂપણ કરતાં હોય, તો તે પ્રચલિત થયેલા શબ્દોનો તથા આંતરપ્રાંતીય તથા આંતરરાષ્ટ્રીય પરિભાષાનો જ ઉપયોગ કરે. સાહિત્યિક નિબંધ, કાવ્ય, કથા વગેરેમાં લેખકને પોતાની રુચિ અનુસાર જેવી ગમે તેવી ભાષા વાપરવાને સ્વતંત્રતા હોય જ. જેટલે અંશે તે ભાષા સમાજને પ્રિય થશે, તેટલે અંશે તે બીજાં ક્ષેત્રોમાં તેમ જ વ્યવહારમાં દાખલ થતી જશે, અને ભાષાને સમૃદ્ધ કરતી જશે.

ભાષાઓની બાબતમાં આપણા દેશમાં વ્યાપેલા એક વધારે પડતા શોખ વિશે કેળવણીની દૃષ્ટિએ થોડુંક કહેવા જેવું લાગે છે. વિવિધ કારણોથી આપણા દેશના બ્રાહ્મણ અને વેપારી વર્ગમાં જુદી જુદી ભાષાઓ શીખી લેવાની હથોટી જેવું આવી ગયું છે. અલબત્ત, બંને વર્ગોની શીખવાની રીતે અને તે પર કાબૂ અને વિદ્વત્તા જુદા પ્રકારનાં છે. પણ એકાદ વધારે ભાષા શીખવી તેમને સહેજે કરી શકાય એવી વસ્તુ બનેલી છે, અને તેવી કુશળતા સિદ્ધ થયેલી હોવાથી, તેનો શોખ પણ વળગેલો છે. બારતેર ભાષાઓ જાણનારા વિદ્વાન મળી આવી શકે છે. શિક્ષણનું તંત્ર મોટે ભાગે તેમની અસર તળે રહેતું હોવાથી કેળવણીમાં ભાષાઓની સંખ્યા વધારવા તરફ જ તેમનો ઝોક રહે છે. સ્વાભાવિક હોવાને લીધે માતૃભાષા, દેશજન તરીકે – હિંદી ઉર્દૂ બંને શૈલી સાથે – હિંદુસ્તાની ભાષા, સ્વભાષાની જનની હોવાને લીધે સંસ્કૃત કે ફારસી ભાષા, ધર્મને કારણે સંસ્કૃત–પ્રાકૃત, કે અરબી કે ઝંદ ભાષા, પાડોશી ધર્મની રૂએ જેડેના પ્રાંતની ભાષા, એકાદ દ્રાવિડી કુળની ભાષા અને આંતરરાષ્ટ્રીય હોવાને કારણે તેમ જ પાશ્ચાત્ય વિદ્યાઓના દ્વારરૂપ હોવાથી અંગ્રેજી ભાષા – એમ છ–સાત ભાષાઓ શીખવા સુધી સૂચનાઓ પહોંચી જાય છે.

આપણા આવા મોટા દેશમાં પાંચદસ હજાર એવા ભાષાપંડિતો હોય એમાં કાંઈ ખોટું નથી. પોતાની હોંશ અને શોખથી કોઈ માણસ એક પછી એક નવી ભાષા શીખ્યા જ કરે, તો ભલે, એવું શીખવા ઇચ્છનારને તેવી સગવડ હોય તો બસ. વળી વેપારીથી અથવા ઉર્દૂ (બજારુ) પદ્ધતિએ – એટલે કે કોઈ પરપ્રાંતના લોકોની વચ્ચે વસીને તેમના પ્રત્યક્ષ

સહવાસમાં આવી – માણસો જુદી જુદી ભાષાઓ શીખી લે તે વિશે પણ કંઈ કહેવાપણું હોય નહીં. પણ શિક્ષણના તંત્રમાં ભાષાજ્ઞાનને સ્થાન આપવાનો પ્રશ્ન હોય, અને વળી તે ભાષાઓ સાથે વિવિધ લિપિઓ પણ હોય ત્યારે ભાષાઓની સંખ્યા પર કાંઈક મર્યાદા હોવી જોઈએ. બીજા અનેક ઉપયોગી વિષયોને ભોગે જે વિવિધ ભાષાઓને સ્થાન આપી શકાય. આ દૃષ્ટિએ મારા મત પ્રમાણે બે જ ભાષાઓના વ્યવસ્થિત શિક્ષણને આવશ્યક સ્થાન હોય : એક, પ્રાંતની સાહિત્યિક ભાષા અને બીજી હિંદુસ્તાની, એ બંને ભાષાઓ સારામાં સારી રીતે શીખવવી જોઈએ. બીજી બધી ભાષાઓનું શિક્ષણ આવશ્યકતા ઊભી થાય ત્યારે અને આવશ્યકતાને અનુસરીને હોય. દા. ત. ઉચ્ચ શિક્ષણમાં વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં અંગ્રેજી અને જર્મનમાંથી એક કે બંનેની જરૂર પડે એ સમજી શકાય; રાજતંત્રના વિષયો શીખનારને અંગ્રેજી અને દુનિયાની કોઈ બીજી એક કે વધારે ભાષાઓ પણ શીખવી પડે એમ બને; દર્શનશાસ્ત્રોના અભ્યાસી, ભાષાશાસ્ત્રી વગેરેને એક કે વધુ પ્રાચીન ભાષા શીખવી આવશ્યક બને. અંગ્રેજી ઘણાખરાને સમાન હોવાથી, ઉચ્ચ શિક્ષણમાં પુસ્તકો વગેરે સમજી શકાય એટલું અંગ્રેજીનું શિક્ષણ બધાને ફરજિયાત કરવાને આ જમાના પૂરતી આવશ્યકતા માની શકાય. પરંતુ, તે સિવાય બીજી ભાષાઓ કેવળ ભાષાના ખાસ વિદ્યાર્થીઓ જ શીખે; અને તે ઉચ્ચ શિક્ષણ લેવા માંડયા પછી જ.

ધાર્મિકવૃત્તિ તથા ચારિત્રની ઉન્નતિ કે આત્મજ્ઞાન માટે પ્રાચીન ભાષાઓનું જ્ઞાન આવશ્યક નથી; વ્યવહારો ચલાવવા માટે અનેક ભાષાઓનાં વ્યવસ્થિત – વ્યાકરણબદ્ધ શિક્ષણની જરૂર નથી. કેટલીક ભાષાઓ કેવળ સમજતાં અને વાંચી લેતાં આવડે એટલું બસ થાય છે; એમાં લખતાં અને બોલતાં આવડવાની જરૂર નથી.

પ્રાંતીય ભાષા અને હિંદુસ્તાનીના વ્યવસ્થિત શિક્ષણમાં તે ભાષાના જ વ્યાકરણરૂપે તેની રચનામાં ઈંટ–ચૂનો–રેતી વગેરે રૂપે બનેલી પ્રાચીન કે અર્વાચીન ભાષાઓનાં આવશ્યક અંગોનો સમાવેશ થવો જોઈએ. એ માટે દરેકને તે પ્રાચીન કે અર્વાચીન ભાષાઓ જ શીખવી જરૂરી નથી.

જો ભાષાજ્ઞાનનો મહિમા અને તેને લગતા વહેમો ઓછા ન થાય તો ઉદ્યોગપરાયણ, વ્યવહારકુશળ અને પ્રસન્ન (તાજી) બુદ્ધિની પ્રજા નિર્માણ થવી કઠણ છે. ગમે તેટલી ફરિયાદ કરીએ, પંડિતાઈ અને તર્કકુશળતા જ શિક્ષણમાં અગ્રસ્થાન લેશે.

# ૩. લિપિનો પ્રશ્ન – ઉત્તરાર્ધ

લિપિની બાબતમાંયે પહેલા ખંડમાં કહી ચૂક્યો છું. અહીં કેળવણીની દૃષ્ટિએ એનો વિચાર કરવો છે.

સ્વર–વ્યંજન વગેરેની વ્યવસ્થિત ગોઠવણ (વર્ણવ્યવસ્થા અથવા વર્ણાનુક્રમ) અને વર્ણો (જુદી જુદી લિપિઓમાં તે તે ધ્વનિઓ દેખાડનારી આકૃતિઓ અને મરોડો) બંને એક વસ્તુ નથી. સંસ્કૃત ભાષાઓ ગોઠવેલો વર્ણાનુક્રમ બહુ વ્યવસ્થિત છે એ વિશે કોઈથી ના પડાશે નહીં. અલેફ – બે કે એ–બી–સીના ક્રમમાં કશો ઢંગધડો નથી, એમાંયે શંકા નથી. સ્પષ્ટ ઉચ્ચારો દર્શાવવા માટે જેટલા ઓછામાં ઓછા સ્વતંત્ર અક્ષરો જોઈએ, તેટલા એ બે લિપિઓમાં નથી એ પણ સાચું છે. તે બેની અપેક્ષાએ સંસ્કૃત વર્ણાનુક્રમવાળી લિપિઓમાં ઘણા વધારે છે.

અરબી–ફારસી લિપિનો પ્રશ્ન આથી વધારે ચર્ચવાની જરૂર નથી, કારણ કે એ લિપિને આ દેશની કે જગતની એકમાત્ર લિપિ કરવાની ક્યાંયે સૂચના નથી. એટલે પ્રશ્ન સંસ્કૃત વર્ણમાળાવાળી વિવિધ લિપિઓ અને એ–બી–સીની વચ્ચે જ છે.

અક્ષરોની સંખ્યા અને અનુક્રમવ્યવસ્થાની દૃષ્ટિએ સંસ્કૃત કુળની લિપિઓની વિશેષતા ઉપર બતાવી. પણ આકૃતિઓની તથા સ્વરવ્યંજનના યોગોની તેમ જ યુક્તાક્ષરોની સરળતા અને તેથી શીખવા તથા લખવાના સહેલાપણાની દૃષ્ટિએ વિચાર કરીએ તો એ–બી–સીના ગુણ સંસ્કૃતકુળની કોઈ પણ લિપિ કરતાં વધી જાય છે. આ વાતનો ઇન્કાર કરવો મૂઢાગ્રહ છે. આકૃતિઓની સરળતા માટે બે કસોટીઓ બસ છે. એ–બી–સીના છવ્વીસ અક્ષરો અને તે ધ્વનિ ઉપજાવનારા કોઈ પણ સંસ્કૃત કુળની લિપિના છવ્વીસ અક્ષરો એક જ માપમાં (કહો કે એક ચોરસ ઇંચના ચોકઠામાં) લખો

અને પછી અંગ્રેજી અક્ષરોમાં એકંદર કેટલા ઇંચ લાંબી રેખાઓ કાઢવી પડે છે અને આપણી લિપિઓમાં કેટલી તે માપી જુઓ. માલૂમ પડશે કે અંગ્રેજી લિપિમાં વધારે કરકસર છે. આનું કારણ એ છે કે વિવિધ અક્ષરોમાં આપણી લિપિઓને મુકાબલે એ–બી–સીમાં ઓછા વાંકો–ગાંઠો વગેરે આવે છે.

બીજું પારખું, એક બાળક તથા એક નિરક્ષર પ્રૌઢને અડધો અડધો કલાક આપણી કોઈ પણ લિપિના મૂળાક્ષરો તથા અંગ્રેજી લિપિના મૂળાક્ષરોનો પરિચય કરાવવા માંડો, અને કઈ લિપિના અક્ષરોને એ વધારે ઝપાટાબંધ યાદ કરી શકે છે તે તપાસો. તે પછી તેને લખતાં શીખવો અને કયા અક્ષરોને એ જલદી લખતાં શીખી જાય છે તે જુઓ.

આપણો વર્ણાનુક્રમ તો સારો છે, પણ વર્ણના મરોડો – આકારો સહેલા નથી, અને તેને સ્વર સાથે મેળવવાની અને યુક્તાક્ષરોની પદ્ધતિ સગવડભરી નથી, અને તેને સ્વર સાથે મેળવવાની અને યુક્તાક્ષરોની પદ્ધતિ સગવડભરી નથી. આથી તેને શીખવા તથા લખવામાં વધારે શ્રમ પડે છે, અને ઝડપ ઓછી થાય છે.

છતાં, જો આપણે એટલા તીવ્ર દેશાભિમાની થઈ શકીએ કે સર્વેપ્રાન્તીય લિપિઓને સાવ છોડી દઈ દેવનાગરીમાં જ સર્વે પ્રાન્તીય ભાષાઓને લખવાનું સ્વીકારીએ, તો અંગ્રેજી લિપિનો પ્રશ્ન બાજુએ મૂકી દઈ શકાય અને ઉર્દૂ લિપિનો પ્રશ્ન પણ ઘણો ગૌણ થઈ જાય. દેવનાગરીને સુધારવી તો રહે જ, પણ જે પ્રજા પોતપોતાની પ્રાન્તીય લિપિઓ છોડા જેટલી ઊંચે ચડે, એને પછી દેવનાગરી સુધારવાની બાબતમાં સંમત થવું બહુ કઠણ નહીં પડે.

જો પ્રાન્તીય લિપિઓનો પ્રશ્ન આ રીતે સાવ નીકળી જઈ શકે તો ઉર્દૂ લિપિ લખવાવાળા પ્રાન્તોને તથા (હિંદુ–મુસલમાન જે હોય તે સૌ) જાતિઓને સમજાવી શકાય કે તમારે જોઈએ તેવી અરબી–ઉર્દૂ ઘડો, ઇચ્છો તેટલી તેને અરબી–ફારસીપ્રચુર કરો, પણ તે દેવનાગરીમાં જ લખો અને શીખો. એથી તમારી ભાષાનેયે ફાયદો છે, અને દેશની બીજી ભાષાઓને પણ ફાયદો જ થશે.

પણ જો આપણે પ્રાન્તીય અભિમાનો ન છોડી શકતા હોઈએ તો – માની લો કે કેવળ મુસલમાનો જ ઉર્દૂવાળા છે તોયે – તેઓ ઉર્દૂનો આગ્રહ ન છોડી શકે તો તેથી તેમને દોષ ન દઈ શકાય.

પણ પ્રાન્તીય લિપિઓનો આગ્રહ છૂટી શકે એ વાત આજે મુશ્કેલ જણાય છે.

તો પછી કેળવણી અને રાજતંત્રની દૃષ્ટિએ શો ઉકેલ લાવવો એ જોવાનું રહે છે. અને ત્યાં રોમન લિપિ પણ પોતાની ઉમેદવારી રજૂ કરે છે. લેખન, મુદ્રણ વગેરેની દૃષ્ટિએ એની સગવડ વિશે ઉપર કહી ચૂક્યો છું. કોઈ પણ બે લિપિ જાણનારાઓની લોકસંખ્યા લઈએ, તો બીજી લિપિ તરીકે રોમન લિપિ જાણનારા સૌથી વધારે નીકળશે. દેશની કેટલીક ભાષાઓ રોમનમાં લખાય પણ છે. બધી જ ભાષાઓમાં વ્યક્તિઓ તથા સ્થાનોનાં નામો માટે, તારટપાલને માટે રોમનનો જ ઉપયોગ થાય છે. દેશની બહાર જગતમાં એ લિપિ સૌથી મહત્ત્વની છે. એની ખામીઓ થોડાક ફેરફારથી દૂર કરી શકાય એમ છે.

આ બધી બાબતોનો વિચાર કરી હું નીચેના અભિપ્રાયો પર આવ્યો છું :

1. રોમન લિપિનું પ્રાન્તની વિવિધ ભાષાઓના ઉચ્ચારોને સંપૂર્ણપણે અને ચોક્કસપણે રજૂ કરી શકે એવું સ્વરૂપ નિશ્ચિત કરવું; એને ઠરાવેલી રોમન લિપિ કહો.
2. સૌ કોઈને બે લિપિઓનું જ્ઞાન આવશ્યક હોય : પ્રાન્તીય લિપિનું અને ઠરાવેલી રોમનનું.
3. કોઈ પણ સ્વરૂપમાં હિંદુસ્તાની ભાષાને માતૃભાષા તરીકે બોલનારા માટેની બે લિપિઓ તે દેવનાગરી અને ઉર્દૂ. એટલે તેને માતૃભાષા તરીકે શીખનારા માટે દેવનાગરી તથા રોમન, અથવા ઉર્દૂ તથા રોમન લિપિઓનું જ્ઞાન આવશ્યક હોય.
4. હિંદુસ્તાનીને રાષ્ટ્રભાષા તરીકે શીખનારા તેને પોતાની પ્રાન્તીય લિપિમાં તેમ જ રોમન લિપિમાં શીખે, અને તે બે પૈકી ગમે તેનો સગવડ પ્રમાણે ઉપયોગ કરે. પ્રાન્તીય સરકાર તે બન્નેને માન્ય રાખે. પ્રાન્તની ભાષા વિશે પણ એમ જ.
5. મધ્યસ્થ સરકારમાં હિંદુસ્તાની ભાષાના ઉપયોગમાં ઠરાવેલી રોમન, દેવનાગરી તથા ઉર્દૂ ગમે તે લિપિને ઉપયોગ પ્રજા કરે. પ્રજાની જાણ માટે પ્રસિદ્ધ થતાં લખાણો વગેરેમાં રોમન તથા જ્યાં પ્રસિદ્ધ થાય ત્યાંની પ્રાન્તીય લિપિ બન્નેનો ઉપયોગ હોય.

આ વ્યવસ્થાથી દેશની ભાષા અને ક્મમાં ક્મ એક સામાન્ય લિપિ – અને તે જગદ્વ્યાપી લિપ – પ્રાપ્ત થઈ શકશે; અને રોજના અંતર્ગત વ્યવહારોમાં તથા

સાહિત્યમાં પ્રાન્તીય લિપિઓ પણ રહી શકશે. કોઈ પણ ભાષા શીખવાનું સગવડભર્યું થઈ શકશે.

# ૪. ઇતિહાસનું જ્ઞાન

છેલ્લી અધી સદીથી વિદ્વાનોએ ઇતિહાસના જ્ઞાનનો ઘણો મહિમા વર્ણવ્યો છે, અને અનેક દિશામાં ઐતિહાસિક શોધખોળ કરવાનો તથા અનેક વિષયોનો ઇતિહાસ લખવાનો ઘણો પ્રયત્ન થયો છે. પોતાના દેશ, જગત તથા જીવનની અનેક બાબતોનો પાછલો ઇતિહાસ જાણવો એ મનુષ્યની સર્વાંગીણ અને સામાન્ય કેળવણીનું આવશ્યક અંગ મનાયું છે. અર્થશાસ્ત્રીઓમાં ઇતિહાસવાદીઓનો એક સંપ્રદાય જ છે. કૉમ્યુનિસ્ટો પોતાની વિચારસરણી ઐતિહાસિક સત્યો ઉપર જ રચાયેલી માને છે. અને તે ઉપરથી માનવજીવનનું ભવિષ્ય શું થવાનું છે તે વિશે નિશ્ચિત પ્રતિપાદનો કરે છે. ઇતિહાસના જ્ઞાનના મહિમામાંથી ઇતિહાસને 'જાળવી રાખવાનો'યે એક આગ્રહ બન્યો છે. અને તે એટલે સુધી કે આરણ્યક પછાત પ્રજાઓને – માનવના આદિયુગના નમૂના લુપ્ત ન થઈ જાય તે માટે – એમની આદિદશામાં રહેવા દેવી જોઈએ એવો વિચાર ધરાવનારાયે પુરાતત્ત્વવાદીઓ છે. અનેક રૂઢિઓ તથા સંસ્થાઓને આજના જીવનમાં તે અર્થહીન અને અગવડરૂપ થતી હોય તોયે ઇતિહાસ જાળવવા માટે સાચવનારો વર્ગ પણ છે.

ઇતિહાસનું આટલું બધું મહત્ત્વ મનાય છે, તે સ્થિતિમાં એમ કહેવું કે એ માન્યતા લગભગ વહેમની કોટિની છે, તે ધૃષ્ટતા જેવું લાગશે. પણ નમ્રતાપૂર્વક મારે કહેવું જોઈએ કે જેટલું ઇતિહાસના જ્ઞાનનું મહત્ત્વ માનવામાં આવે છે તેટલા મહત્ત્વને તે પાત્ર નથી. પિત્તળના ઘરેણાને સોનાનું ઘરેણું માની લેવા જેવી એમાં ભૂલ થાય છે.

સાચી વાત તો એ છે કે કોઈ પણ ઘટનાનો સોળે આના સાચો ઇતિહાસ આપણને ભાગ્યે જ મળી આવે છે. પોતે જ કરેલી અને બોલેલી વાતોનીયે માણસની સ્મૃતિ જેટલી ઝપાટાબંધ ઝાંખી પડી જાય છે કે થોડા વખત પછી એમાં સત્ય અને કલ્પનાનું મિશ્રણ

બની જાય છે : એક માનસશાસ્ત્રીએ એક પ્રયોગ નોંધ્યો છે. વિદ્વાનોની એક સભામાં એક નાટયપ્રયોગ કરવામાં આવ્યો. તેમાં એક અકસ્માતનો દેખાવ હતો. પ્રયોગોની જોડે જ એની ફિલ્મ પણ ઉતારી રાખવામાં આવી. પ્રયોગ થોડી મિનિટનો જ હતો. પ્રયોગ થયા પછી અડધા કલાક બાદ શ્રોતાઓને પોતે શું જોયું તેનું બરાબર વર્ણન લખવાનું જણાવવામાં આવ્યું. પરિણામ એ નીકળ્યું કે ત્રીસેક સાક્ષીઓમાંથી બેએક જણનો વૃત્તાન્ત ફિલ્મ સાથે નેવું ટકા જેટલોય મળતો આવ્યો. બાકી બધાંના વર્ણનો 40 થી 60 ટકા જેટલી ભૂલો નીકળી.

આમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. તટસ્થ અને દક્ષ સાક્ષીઓ પણ ઘટનાઓને આમ ઝપાટાબંધ ભૂલી જાય છે તો પછી જેમાં ઘટનાના નિપજાવનારા તથા લખી રાખનારા લોકોના કોઈ રાગદ્વેષ – પક્ષપાત વગેરે હોય તેમના વૃત્તાન્તોમાં સત્યાંશ ઓછો હોય અને જેમ જેમ સમય જતો જાય તેમ તેમ વધારે ને વધારે ઓછો થતો જાય છે તેમાં શી નવાઈ? વર્તમાન બનાવોની બાબતોમાંયે ખરેખર ઘટના શી રીતે થઈ તે ક્યારેયે નિશ્ચયપૂર્વક ન શોધી શકાય એવી એક જ દિવસમાં તે સંશયાસ્પદ થઈ જઈ શકે છે. કલકત્તાની ‘કાળી કોટડી'ની વાતને ગઈ કાલ સુધી સાચા કિસ્સા તરીકે બધા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માનતા હતા. તે હવે ગપ સાબિત થઈ છે. મહમ્મદ ગજનવીએ સોમનાથ લૂંટયાની વાત પણ સાચી નથી એમ પં. સુંદરલાલજીએ જણાવી આપણને હમણાં જ આશ્ચર્યચકિત કર્યા છે. ઑગસ્ટ 1946 પછી દેશભરમાં થયેલા હિંદુ–મુસલમાન અત્યાચારો અને રમખાણોની બાબતમાં સોળેસોળ આના સાચો ઇતિહાસ કદીયે મળી શકવાનો નથી. કૃષ્ણનું સાચેસાચું જીવનચરિત્ર કોણ જાણી શકે એમ છે? રામનો જ નહીં, ઈશુ ખ્રિસ્તનોયે કદી જન્મ થયો હતો કે કેમ એને તેને ક્રૉસ પર મારવામાં આવ્યો હતો કે કેમ તે વિશે શંકા કાઢવામાં આવી છે. શેક્સપિયરનાં નાટકો વિશે, પ્રેમાનંદનાં નાટકોના જેવો જ વાદ છે. કાલિદાસ કેટલા, એ વિશે વિદ્વાનો ચર્ચા કરે છે.

આમ જે ઇતિહાસના જ્ઞાનનો આપણે મહિમા ગાઈએ છીએ, તે ઇતિહાસને નામે અને સેક્રેટેરિયેટનાં દફતરો તથા પ્રત્યક્ષ ભાગ લેનારાઓની જુબાની પર લખાયો હોય તોયે નવલકથા કે સંભવનીય કલ્પના કરતાં વધારે કિંમતનો હોતો નથી. એનું વાચન અને પાછળની કડીઓ શોધવા અને જોડવાની બૌદ્ધિક કસરત મનોરંજક વિષય અવશ્ય છે. પણ શેક્સપિયર, કાલિદાસ, બર્નાર્ડ શૉનાં ઉત્તમ નાટક, કે પૌરાણિક વાર્તાઓ તથા

પરંપરાગત આવેલી દંતકથાઓ કરતાં એની વધારે કિંમત કે એના જ્ઞાનનો મોહ રાખવા જેવો નથી.

ઇતિહાસ વાંચીને આપણે ભૂતકાળ વિશે જે કલ્પનાઓ કરીએ છીએ તે યોગ્ય કરતાં ઘણી વધારેપડતી વ્યાપક રૂપમાં હોય છે; અને તે ઉપરથી વળી જે અહંતાઓ કે દ્વેષો પોષીએ છીએ તે તો અતિશય અઘટિત હોય છે. પ્રજાજીવનનાં વર્ણનોમાંથીયે પ્રજાના બહુ થોડા ભાગના જીવનની માહિતી જ નોંધાયેલી હોય છે. પણ આપણે તેને સમસ્ત પ્રજાવર્ગની સ્થિતિરૂપે સમજીએ છીએ. ભૂતકાળમાંયે સમૃદ્ધિ હતી, મોટાં મોટાં નગરો, નાલંદા જેવાં વિદ્યાપીઠો વગેરે હતાં; આ કાળમાંયે છે. પણ આપણને એમ લાગતું નથી કે આજની જેમ ત્યારેયે તે સમૃદ્ધિનો થોડા લોકો ઉપભોગ કરતા હશે, મોટો ભાગ દરિદ્ર જ હશે; ગુરુકુળોનો લાભ ગણ્યોગાંઠ્યો વર્ગ જ લેતો હશે; ગાર્ગી જેવી વિદુષી કાંઈ બ્રાહ્મણને ઘેર ઘેર નહીં હોય; અનેક બ્રાહ્મણીઓ તો આજના જેવી જ નિરક્ષર હશે, અને બીજા વર્ણોનાં સ્ત્રીપુરુષો પણ આજના જેવાં જ હશે. પણ આપણે એવું સમજીએ છીએ કે તે વખતે તો સૌ કોઈની સ્થિતિ સારી જ હતી; પાછળથી પલટાઈ. આવું બહુ મોટા પ્રજાસમૂહ માટે કેટલે અંશે કહી શકાય તે શંકા જ છે.

પછી શિવાજીએ તે કાળનાં મુસલમાન રાજ્યો સામે મોરચો માંડયો અને સ્વતંત્ર હિંદુ રાજ્યની સ્થાપના કરી, તે પરથી મરાઠામાત્રને લાગે છે કે મુસલમાનોનો દ્વેષ કરવો એનો કુળધર્મ છે; એ જ ન્યાયે શિવાજીએ સુરતને લૂંટયું હતું એ વાંચીને મારા એક બાળપણના સાથી, જેના પૂર્વજો સુરતમાં રહેતા હતા, તેને લાગતું હતું કે શિવાજી અને મરાઠા બધા લૂંટારું હતા અને મહારાષ્ટ્રી પ્રત્યે અણગમો ધરાવવો એને કુળાભિમાનનો પ્રશ્ન લાગતો હતો. દેશ–દેશ અને પ્રજા–પ્રજા વચ્ચેનાં કેટલાંયે વેરો ઇતિહાસ જેવી કશી વસ્તુ ન હોય, માણસને ભૂતકાળની કશી સ્મૃતિ જ ન રહેતી હોય તો પોષાય નહીં. ઇતિહાસ વાંચીને ધડો લીધો હોય અને શાણી બની હોય એવી કોઊ પ્રજા કે વ્યક્તિએ હજુ સુધી થઈ નથી.

ખરું પૂછતાં ઇતિહાસ સ્મૃતિ કે યાદદાસ્તનું જ બીજું નામ છે. યાદદાસ્ત કરતાં એની કિંમત ઓછી છે, કારણ કે ઘણુંખરું ઇતિહાસ લખવાની પ્રવૃત્તિ સ્મૃતિ તાજી હોય ત્યારે નહીં, પણ તે ઝાંખી પડી ગઈ હોય અને સાચી બીનાઓ જાણવાના સાધનો પણ લુપ્ત થવા લાગ્યાં હોય ત્યારે જ થાય છે. પણ તાજી અને સાચી સ્મૃતિયે મનુષ્યને મળેલી

બક્ષિસ જ નથી, શાપ પણ છે. બે ગાયો વચ્ચે સહાનુભૂતિ – પ્રેમ સદા રહે છે, એમની વચ્ચે થયેલો ઝઘડો ક્ષણિક રહે છે. કારણ કે એની સ્મૃતિની શક્તિ બહુ મંદ છે. અને જ્યારે ઝઘડો ન હોય, તેનું સ્મરણે ન હોય, ત્યારે સહાનુભૂતિ સ્વભાવસિદ્ધ જ હોય છે. પણ માણસો સ્મૃતિને તાજી રાખીને ઘણુંખરું દ્વેષ જ જીવતો રાખતા હોય છે; એટલે કે સહાનુભૂતિ – પ્રેમને ઝાંખો કરતા હોય છે. સ્વભાવસિદ્ધ સહાનુભૂતિ – પ્રેમ કાંઈ ખાસ કર્મ દ્વારા બતાવવામાં આવ્યો હોય તો તો યાદ રહે અને પોષાય; તેને અભાવે અથવા તેને ભુલાવી શકે એવો ઝઘડો એકાદ વાર પણ થયો હોય તો તે સ્મૃતિ દ્વારા લાંબો કાળ જીવતો રહે.

આ બધું જોતાં ઇતિહાસનું શિક્ષણ કાવ્ય–નાટક–પુરાણ–નવલકથા વગેરે સાહિત્યના શિક્ષણ કરતાં વધારે મહત્ત્વનું છે એમ મને જણાતું નથી. ઇતિહાસનું અજ્ઞાન એકાદ પ્રસિદ્ધ નાટક કે કાવ્યના અજ્ઞાન કરતાં વધારે મોટી ખામી નથી. મનોરંજક ભાષાસાહિત્યનો જ એ એક વિભાગ સમજવો જોઈએ.

ઇતિહાસનાં પરિણામો તે આજનું માનવજીવન છે. આજનું માનવજીવન કેવું છે તેનું બરાબર નિરીક્ષણ કરવું જોઈએ અને તેની સમસ્યાઓનો ઇતિહાસની કેદમાં પુરાયા વિના ઉકેલ શોધવો જોઈએ. ઇતિહાસ તૂટી જશે, એની પરંપરા જળવાશે નહીં, એવો ડર રાખવાનું કારણ જ નથી. કારણ કે એના સંસ્કારો તો આપણા જીવનમાં દૃઢ થઈ જ ગયા હોવાથી, ગમે તેટલું કરો એની કારણકાર્ય શૃંખલા તો તૂટી શકતી જ નથી. જે ઉપાયો વિચારશો તે ભૂતકાળના કોઈ સંસ્કારોમાંથી જ સૂઝશે, એટલે ન–ભણેલા ઇતિહાસમાંથી જ હશે. ભણેલો ઇતિહાસ ઊલટો એમાં વિઘ્નરૂપ થવા જ વધારે સંભવ રહે છે.

જો ઇતિહાસજ્ઞાન ન હોય તો ઝંડાના ચક્રને અશોકના ધર્મચક્ર જોડે કે કૃષ્ણના સુદર્શન જોડે સરખાવવાની ઇચ્છા ન થાત; અને ચંદ્રતારાના ઝંડાનેયે મહત્ત્વ ન મળત. ઇતિહાસજ્ઞાન ક્ષીણ થવાને લીધે મધ્યકાળમાં હિંદુસ્તાનમાં આવેલા શક, હૂણ, યવન, બર્બર, અસુર વગેરે લોકો તથા તેમના ધર્મો અને આર્યો વચ્ચે જેમ આજે કોઈ સ્વદેશી–પરદેશીનો ભેદ કરતું નથી, કે હિંદુની સાવરકરી વ્યાખ્યા ભણવા બેસતું નથી, તેમ મુસલમાન, ખ્રિસ્તી, પારસી વગેરે વિશે પણ હોત. પૌરાણિક ચતુઃસીમા પ્રમાણે અરબસ્તાન, તુર્કસ્તાન, મિસર, બર્મા વગેરે સર્વે દેશો ભરતખંડના જ દેશો ગણાતા

હોત. જેમ બધાં પુરાણો એક જ કાળે અને વ્યક્તિએ લખ્યાં હોય એમ ઇતિહાસના અજ્ઞાનથી માનીએ છીએ, તેમ બધા ધર્મો સનાતન ધર્મના જ ફાંટા મનાતા હોત. ઇતિહાસ વાંચવાને પરિણામે આપણે છૂટા પડતાં શીખ્યા છીએ.

કેળવણીમાં ઇતિહાસને ગૌણ સ્થાને મૂકવાની જરૂર છે. એની કિંમત ભૂતકાળ વિશેની કલ્પનાઓ અથવા દંતકથાઓ જેટલી જ સમજવી જોઈએ.

30-1-’48

# ૫. ઉપસંહાર

હવે આ લંબાયેલા વિવેચનને પૂરું કરવું ઘટે છે.


જગત આજે અતિશય અસ્વસ્થ છે, એ વિશે ક્યાંય મતભેદ નથી, વિજ્ઞાન અને ઉદ્યોગોમાં ઘણો ઘણો વિકાસ થયો અને દરરોજ વધતો જાય છે. માનવજાતના મંડાણથી ઈ.સ. ૧૮૦૦ સુધીનો બધો કાળ ભેગો કરીએ તોયે તે ન થયું હોય તેટલું અને અનંત પ્રકારનું ઉત્પાદન છેલ્લાં બસો વર્ષમાં થયું હશે. પુરાણો તથા યોગશાસ્ત્રમાં વર્ણવેલી સિદ્ધિઓ આપણે પ્રત્યક્ષ થતી જોઈએ છીએ, અને વિના–યોગ–સાધ્યે એનો ઉપભોગ કરી શકીએ છીએ. છતાં તંગીનો પાર નથી, દુઃખોનો અંત નથી, શાંતિ–સુલેહ–સંતોષનું નામ નથી. માણસ માણસને જોઈ રાજી થઈ શકતો નથી. વરુ અને સર્પ કરતાં વધારે ઘાતકી અને ઝેરી બન્યો છે. અમાનુષતામાં કોઈ દેશ કે કોઈ પ્રજા બીજી કરતાં ઊતરે એવું રહ્યું નથી. અજ્ઞાન, દરિદ્રતા કે જંગલી જીવન કરતાં વિદ્વત્તા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન કે સભ્યતા સાથે અમાનુષતા ઓછી ભળી શકે છે એમ કહી શકાય એમ નથી.

આ આપણું કઈ જગ્યાએ બગડયું છે? સુખનાં સાધનો આપણને દુઃખરૂપ – શાપ સમાં કેમ થઈ પડયાં છે? મને જે લાગે છે તે કહું છું.

બગીચાનો માળી લતાના મૂળમાં પાણી રેડે છે, ત્યાં ખરપડી ચલાવે છે, માટી ચડાવે છે, તેની નીરોગતા તપાસતો રહે છે. એના પર ફૂલોનો બહાર આવે છે, ત્યારે ક્ષણેક રાજી થાય છે, થોડાક ગુચ્છા કાઢી માલિકને આપી આવે છે. એને ફૂલો નિહાળતાં ઊભા રહેવાની બહુ ફુરસદ નથી. પણ બગીચાનો માલિક વાડીમાં ફરવા નીકળે છે, ત્યારે ફૂલો જોવામાં જ લીન થઈ જાય છે. ફૂલને ઉપજાવનાર લતાને અને તેનાં મૂળને જોવાનું તેને સૂઝતું જ નથી. દાતણ જેવાં નિસ્તેજ ફૂલપાન વિનાનાં મૂળમાં શું રસ પડે એવું હોય?


એનું ચિત્ત ફૂલોના રંગો અને ગંધોમાં જ રમે છે. આમ એ આખા બગીચામાં ફરી વળે છે, પણ એની નજર ઝાડોના બાહ્ય વૈભવ ઉપર જ ફર્યા કરે છે; નીચે નમીને તેનાં મૂળ જોવા વળતી નથી. એનામાં રસિકતા છે, પણ એ કાર્યને જ સમજી શકે છે, કારણની કદર કરી શકતો નથી.

અથવા એક બીજું દૃષ્ટાંત લઈએ. શંકુ આકારનું નીચેના જેવું અતિ લાંબું એક ભૂંગળું વિચારો. એના મધ્યમાં ઊભેલો મનુષ્ય જોઈ




પોતાનું મોઢું રાખીને ચાલે છે, તો તેનો બધો વિકાસ અને વિસ્તાર જ દેખાય છે. જેમ જેમ આગળ વધે છે તેમ તેમ પ્રદેશની અનંતતા જ માલૂમ પડે છે, ક્યાંયે તેની આદિ કે અંત કે પાયો દેખાતો નથી. બધું વધતું ને વધતું અને એકબીજાથી દૂર ને દૂર જતું જ દેખાય છે. કદી છેડો આવશે એમ લાગતું જ નથી. અનંતમાં ભટક્યા કરી પોતે જ ખોવાઈ ગયા જેવું થાય છે. પણ એ જ જો 'ક' – છેડા તરફ વળે તો જેમ જેમ આગળ વધે છે તેમ તેમ સંકડાશ અને સંકોચ વધતાં જાય છે. બધું નાનું નાનું અને ભીડમાં રહેતું જણાય છે. જો આગળ ચાલતો રહે તો કેવળ પોતાથી જ ભૂંગળું ભરાઈ જાય એટલો નાનો પ્રદેશ બની જાય છે. પોતાનેયે સંકડાશ લાગે. પોતા સિવાય કશું રહેતું જ નથી. ત્યાં વિવિધતા નથી, વિસ્તાર નથી, બહુપણું નથી. પણ એમાં પોતે ખોવાઈ ગયો છે, ભુલો પડી ગયો છે એમ લાગી શકતું નથી; ઊલટું પોતે જ સૌ કંઈ છે એમ સમજવા લાગે છે. બધાની સાથે પોતાનો જ સંબંધ દેખાય છે. પહેલી સ્થિતિમાં મનુષ્ય બીજું બધું જુએ છે પણ પોતાને જોતો નથી, બીજી સ્થિતિમાં એ પોતાને જુએ છે પણ બીજું બધું જોતો નથી. પહેલી દશામાં એ પોતે અનંતમાં ઊડનારી યત્કિંચિત્ રજ છે, જે અકસ્માત ઉત્પન્ન થઈ છે અને ધ્યેય વિના ભટકનારી છે એમ માને છે. બીજી દશામાં એ પોતે જ

વિશ્વનું આદિકરણ અને અર્ક છે એમ માને છે. એ એમ જાણતો નથી કે એની દૃષ્ટિ, બુદ્ધિ અને ગતિ એક શંકુ આકારના ભૂંગળામાં કામ કરે છે, જે એક તરફ પહોળું થતું જાય છે અને બીજી તરફ સાંકડું થતું જાય છે.




ઉપલા જ દૃષ્ટાંતને સહેજ ફેરવીએ. એક મનુષ્યને બદલે અનેક મનુષ્યોનો વિચાર કરીએ. કેટલાક 'ખ' તરફ જાય. કેટલાક 'ક' તરફ. જેઓ 'ખ' તરફ જાય છે તેઓ અનંત, અપાર, વિવિધ, સમૃદ્ધ અને સર્વવ્યાપક પ્રકૃતિ જ જુએ છે. પ્રકૃતિની જ સર્વ લીલા અને મહિમા દેખે છે. બધું ફેલાતું અને વિસ્તૃત થતું જ ભાળે છે. શરૂઆતમાં તેનો જ અંત શોધવાના પ્રયત્નમાં તેઓ આગળ ને આગળ ધસે છે. કોઈ થોડે જઈને થાકે છે, કોઈ દૂર જઈને થાકે છે. કોઈ જલદી એ નિર્ણય પર આવે છે કે આનો ક્યાંય અંત જ આવવાનો નથી; કોઈ બહુ ફરી ફરીને નિર્ણય પર આવે છે. જ્યારે થાકવા માંડે છે, ત્યારે નિરાશ થાય છે અને પાછા વળવા ઇચ્છે છે. 'પ'ની દિશામાં વળાંક લે છે. આમ કોઈક બહુ મોટું ચક્કર લગાવીને ફરે છે, કોઈ નાનું.

બીજી બાજુથી જે 'ક' તરફ વળેલા છે તે મનની જ સર્વ વિકૃતિ અને ભ્રમણા જુએ છે. બધું મનમાં જ સમાયેલું એને લાગે છે. મનની બહાર કશાનું અસ્તિત્વ છે કે કેમ એ વિશે શંકાશીલ રહે છે. માટે એ મનને જ પકડવા મથે છે. પણ તેયે ક્યારેક થાકવા માંડે છે. એમ મનને પકડીનેયે એને પૂર્ણપણે સંતોષ લાગતો નથી. એવું મન અને શક્તિહીન, વિભૂતિહીન, કર્તૃત્વહીન, સંકુચિત થતું લાગે છે. એમાં એને વિકાસ નથી લાગતો, વિલય લાગે છે. એટલે તેવો થાકેલો મનુષ્ય પણ તે જ દિશામાં ટકવા ઇચ્છતો નથી. એ પણ પાછો ઘ્ આગળથી વળતી દિશામાં વળતા ઇચ્છા કરે છે, અને શક્તિ, વિભૂતિ, કર્તૃત્વ, વિકાસને પ્રાપ્ત કરવા પ્રવૃત્ત થાય છે. આમાંયે કેટલાક જલદી થાકે છે, કેટલાક 'ક'ની

બહુ નિકટ સુધી જઈ થાકે છે. પણ થોડા છેવટ સુધી થાક્યા વિના એ જ તરફ વધ્યા કરે છે. આમ કેટલાક લોકોના મોં 'ખ' તરફ વળેલાં છે, કેટલાનાં 'ક' તરફ. કોઈ વાર બહુ મોટો સંઘ 'ખ' તરફ વળેલાં હોય છે, કોઈ વાર 'ક' તરફ. બધા જ 'ખ' તરફ જતા હોય કે બધા જ 'ક' તરફ વળતા હોય એવું બનતું નથી.

આજે માનવજાતિના બહુ મોટા ભાગની સ્થિતિ બગીચાના પેલા માલિક જેવી અથવા 'ખ' તરફ મોઢું ફેરવેલા માણસો જેવી છે. આપણે બધા ફૂલોનો બહાર જોવામાં, પ્રકૃતિની ખૂબીઓ અને વિવિધતા ખોળવામાં જ રંગાઈ ગયા છીએ. નીચા નમીને, પાછું વાળીને, કોનો આ વિસ્તાર, અને કોનો આ વિજય અને મહિમા તે જોવાની ઇચ્છા થતી નથી. જગત આપણને સ્વયંભૂ પ્રકૃતિની જ અટપટી રમત લાગે છે, એનું કોઈ મૂળ બીજ, કારણ, કે કર્તા છે કેમ, એ વિશે પણ શંકા લાગે છે. જેઓ આ બાબત વિચાર કરે છે કે તેઓ એમ વિચારે છે કે જીવસૃષ્ટિ – ચૈતન્ય પણ કાંઈક અચાનક જ નિર્માણ થઈ ગયેલી ઉત્પત્તિ છે. જેમ લતા પર ફૂલોનો બહાર આવે, તેમ પ્રકૃતિ પર જીવસૃષ્ટિનો બહાર આવેલો છે. ફૂલો ગમે તેવાં સુંદર અને સુગંધી હોય છતાં તે મૂળોનું કાર્ય છે, કારણ નથી કે તે અનાદિ પણ નથી; તેમ જીવસૃષ્ટિ પણ પ્રકૃતિનું કાર્ય છે, તે કારણ નથી કે અનાદિ પણ નથી. આથી, રસિક માણસને જેટલી ફૂલોની કિંમત હોય, તેથી વધારે આપણને જીવની કિંમત રહી નથી. એમાં રંગ અને ગંધ હોય ત્યાં સુધી એની કિંમત; પછી તે પગ તળે રગદોળાય. અને એની કિંમતનો અર્થ એ નહીં કે એને માટે કશો આદર હોય; પણ જેના પ્રત્યે આપણને આદર હોય, તેને માટે તેનું બલિદાન કરવા પૂરતી જ તેની કિંમત. આ રીતે સમગ્ર જીવસૃષ્ટિનું અને મનુષ્યોનું પણ આપણે જે કાંઈ બીજું મહત્ત્વનું સમજતાં હોઈએ તેને માટે બલિદાન કરી નાખવામાં, તેમને વીંધી, પરોવી, બાંધી રગદોળી નાખવામાં આપણને આંચકો લાગતો નથી. આપણી નજર લતાના મૂળ તરફ નહીં, પણ ઉપરનાં બહાર તરફ, ભૂંગળાનાં 'ક' છેડા તરફ નહીં, પણ 'ખ' છેડા તરફ વળેલી છે, તે જ આપણાં દુ:ખોનું મૂળ કારણ છે. દિવસના કેવળ આપણી પૃથ્વીનો જ વિસ્તાર સ્પષ્ટ દેખાય છે પણ રાત્રે તો સમગ્ર વિશ્વની સમૃદ્ધિ નજરે પડે છે, અને જેમ રાત અંધારી તેમ વધારે સારી દેખાય છે; તેથી જેમ કોઈ દિવસને અંધક અને રાત્રિને પ્રકાશક કહે, તેમ આપણે 'ખ'ની દિશામાં પ્રકાશ અને વિકાસ જોઈએ છીએ, અને 'ક'ની દિશામાં સંકોચ અને શૂન્યતા જોઈએ છીએ.

ભક્ત અને તત્ત્વજ્ઞાનીની ભાષામાં કહીએ તો આપણે માયાની સાધનામાં ભગવાનને ભૂલ્યા છીએ, પ્રકૃતિના ધ્યાનમાં આત્માને ખોઈ બેઠા છીએ. આધુનિક સાધારણ ભાષામાં કહીએ તો આપણે મહત્તાના અને વૈભવના મોહમાં માણસાઈને છોડતા આવ્યા છીએ. જેને માટે મહેલ બાંધવાનો તે પોતે મરવા પડયો છે, છતાં તેની શુશ્રૂષા કરવાની આપણને નવરાશ નથી. પહેલાં મહેલ બાંધી લેવા દો, તેમાં એક ઇસ્પિતાલનો ઓરડો પણ રાખશું, પછી તેમાં આપણે એનો ઇલાજ કરશું એવી આપણી ગણતરી છે. એ મરશે તો એના દીકરાનો ઇલાજ કરશું, અને એને દીકરો નહીં હોય તો કોઈ બીજા માંદાને લાવીને રાખશું એ આપણો ન્યાય છે. 'અંધેરી નગરીના ગંડુ રાજા'નો ન્યાય એથી વધારે દોષરૂપ નહોતો. ઊલટું, એણે શૂળી સમજીને શૂળી ઊભી કરી હતી, આપણે કદાચ મહેલ સમજીને કતલખાનું ઊભું કરીએ છીએ.

તાત્પર્ય કે જે મોટામાં મોટી ક્રાંતિ કરવાની છે તે આપણે જડ જાહોજલાલી કરતાં માણસાઈને સૌથી વધારે મહત્ત્વ અને જીવ માટે સૌથી વધારે આદર આપતાં શીખવાની છે. એને અભાવે કોઈ પણ પ્રકારનું રાજતંત્ર કે અર્થવાદ કે ધર્મ મનુષ્યને સુખશાંતિ આપશે નહીં.

આ લખતાં મારા મનમાં માનવજાતિ વિશે નિરાશા નથી એટલું હું કહી દઉં. હિંદુસ્તાન માટે તો તેથીયે વધારે આશાવાન છું. હજુ ભલે થોડો આમતેમ અથડાય, ગોથાં ખાય, નુકસાન ખમે, પણ પાછો માનવપ્રવાહ 'ક' ની દિશામાં વળવાનો જ છે, પાછો પ્રકૃતિની પૂજાને સ્થાને ભગવાનને સ્થાપવાનો જ છે, અને તે તેને વધારે શુદ્ધ સ્વરૂપમાં સમજતો થઈને કરશે, એમ મારું મન કહે છે. આ કેવળ નિરાધાર આશાવાદ નથી. છેલ્લાં પચાસ–સાઠ વર્ષમાં હિંદુસ્તાનમાં એક પછી એક ચડિયાતા નેતાઓની જે હારમાળા ઉત્પન્ન થઈ છે, તે પરથી હિંદુસ્તાનનું – અને સંભવત : તે દ્વારા માનવજાતિનું – વહાણ બરાબર દિશા તરફ રહેલું છે એમ મને જણાય છે. ગાંધીજી પછી પં. જવાહરલાલ તરફ આખું જગત આદર અને આશાની નજરે જુએ છે તે કાંઈ નિષ્કારણ નથી. એ ભગવાન શબ્દથી છેટા રહે એ કાંઈ મહત્ત્વનું નથી, પણ એમની દૃષ્ટિ સમગ્ર માનવકુળ પ્રત્યે આસ્થા અને સદ્ભાવથી ભરેલી છે અને તે જ એમની ઉચ્ચતમ આધ્યાત્મિકતા છે.

આપણે એવી ક્રાન્તિ કરીએ કે જેમાં પદે પદે, આપણી માનવતા દેખાય અને ખીલે,

અને સમગ્ર માનવજાતિને પંથે વાળે. એ જ સાચી ધાર્મિકતા છે અને એ જ સાચી સમાજરચના, અર્થરચના અને રાજ્યપ્રણાલિકા છે.

શત્રુમોટામાનવમાત્રનાસમાન
ગંદકી, રોગ, દારિદ્ર, અજ્ઞાન.
આળસ, દંભ અને અસત્ય,
મદ, મદન અને મદ્ય,
આસુર અભિલાષ, અદમ્ય વિકાર.
કામ–ક્રોધ–લોભ–ગર્વના અનાચાર,
એ સૌ અધર્મ–સર્ગનો આવિષ્કાર.
ઈશ્વરસત્તાવાદ ન સાચી આસ્તિકતા;
ઈશ્વરનાસ્તિવાદ ન સાચી નાસ્તિકતા.
પિતા–પુત્ર, ભાઈ–ભાઈ, ધણી–સેવક,
પતિ–પત્ની, શાસિત અને શાસક,
વેપારી–કારીગર અને ગ્રાહક,
કળા, સૌંદર્ય કે વિજ્ઞાનના ઉપાસક,
ધન–વિષયાર્થે જ માને સંબંધ,
ઇંદ્રિયાકર્ષણને જ માને આનંદ;
આવું બન્યું હોય જીવનનું લક્ષણ,
તે જ નાસ્તિકતાનું અસલ ચિહ્ન.
જ્યાં સુધી આસુર અભિલાષોમાં શ્રદ્ધા,
ત્યાં સુધી સુખ–શાંતિ વૃદ્ધિની અશક્યતા.
વધારવા–પ્રકટાવવા ઉચ્ચ ગુણો સદૈવ,
માનવતાના ઉત્કર્ષને માની જીવનનું ધ્યેય,
સદ્‌ભાવે, ધર્મભાવે, કરવી જીવોની સેવા,
માનવમાત્રને હૃદયથી અપનાવવા;
જીવમાત્રને પ્રેમામૃતે નવરાવવા;
ગંદકી, રોગ, દારિદ્ર, અજ્ઞાન હઠાવવાં;

સત્ય, શૌચ, ઉદ્યોગ આદિ સદ્ગુણો ફેલાવવા,
એમાં જ આત્મજ્ઞાન અને શાંતિ પામવાં.
આ રીતે યાવજ્જીવન કરે ઉપાસના,
રાખી ઈશ્વરનિષ્ઠા અને સ્વાર્થી નઃસ્પૃહા;
ન રાખે ચિંતા, મમતા કે ભાવિની ઝંખ,
આવતાં દેહનો અંત તે છોડે નઃશંક,
એનાં સમાધાન, શાંતિ ને મોક્ષ,
રોકડાં, અકલ્પિત અને અપરોક્ષ.
28-11-'47

* * * * *